शिवभक्ति कल्पलता

अथवा

रसलीला निपुण प्रियाणा..

पुष्टिभक्ति[illegible]धा व्यामोहविध्वंस.

छपावी प्रसिद्ध करनार.

शास्त्री जीवराम मयाराम.

शारदापीठ,—द्वारका

प्रत २०००. सन १९१४.

आवृत्ति १ ली.

कींमत. रु. १—०—०

॥ श्री शारदांबायै नमः ॥

श्री सदाशिवो विजयते तमाम्.

सदा शिवायास्तु सदा शिवोनः। शिवादन्यत सर्वमशिवं.

श्रीमच्छंकरभगवत्पादपूज्यजगद्गुरवो

विजयन्ते तराम् ॥

शिवभक्ति कल्पलता

अथवा

रसलीला निपुण प्रियाणाम्.

पुष्टिभक्तिसुधा व्यामोहाविध्वंस.

એટલે

શ્રી વલ્લભાબ્દ ૪૩૬ આષાડના પુષ્ટિભકિતસુધામાં શિવ દિક્ષાવાળા આગ્રહી ત્રિપુંડ્ર રૂદ્રાક્ષધારી તે અસ્પૃશ્ય છે, તેનાં મોઢાં જોવાય તો નહાવું પડે એવો લેખ પ્રકટ થયો છે.

તેનો પ્રતિ ઉત્તર.

છપાવી પ્રસિદ્ધ કરનાર

શાસ્ત્રી જીવરામ મયારામ.

શાહ પ્રેમચંદ નહાલચંદ તથા ડાહ્યાભાઇ શકરાભાઇ ગાંધીએ
શ્રી સત્યપ્રકાશ પ્રી. પ્રેસ–ખાડીઆ—અમદાવાદમાં છાપ્યું.

આવૃત્તિ ૧ લી   પ્રત ૨૦૦૦

સને ૧૯૧૪   સંવત ૧૯૭૦

કીંમત — —

प्राहुर्यस्यप्रादेशी· हुतवह रविसोमादिसेचिः प्रकीर्तिम्॥
ज्ञानश्चाचेतनात्म त्रिः वनानाबिड ध्वान्तमा ापहानम्॥
सत्यतत्तुच्छभान पग मपरिचिते नैत्रकम् वे· वाच-
स्तम्वन्दे सर्वभावेर लित करुणानीरधिं ब्रह्मसाम्बम्॥१॥

सर्षव्यापीयदि स्यात्तवहरिरिहरे दर्शयस्थंभ तस्त्वम्
नोचद्धन्मीति·न्त्ये वदति दिति सुते बांधमाने स्वभक्तम्
आर्त्तत्राणैक·क्षिः श्रिव्रजनमवितु न्तुमन्यं च सद्य-
स्तत्रैवप्रादुरासीत्सादिशतु कुशलम् श्रीनृसिंहः प्रसन्नः॥२॥

नमस्त्रैय्यन्त सन्दोह सरसीरुह भानवे ।
गुरवेपरपक्षौघ ध्वान्तध्वंसपटीयसे ॥ ३ ॥

इहखलु धर्मार्थकाममोक्षाख्येषु चतुर्विध पुरुषार्थेषु मोक्ष एव परम पुरुषार्थः स च " ऋतेज्ञानान्नमुक्तिः "

"तमेवविदित्वातिमृत्युमेतिनान्यःपन्थाविद्यतेयनाय"

॥" ज्ञात्वादेवम्‌च्यतेसर्वपाशैः "॥,

"यदाचर्मवदाकाशम् वेष्टयिष्यन्तिमानवाः ॥
तदाशिवमविज्ञाय दुःखस्यान्तो भविष्यति " ॥

मंत्र २०॥ अ. ६॥

"आत्मानञ्चेद्विजानीयादयमस्मीतिपूरुषः ॥
किमिच्छन्कस्यकामाय शरीर मनु संज्वरेत् ॥
"जाग्रत्स्वप्नसुषुप्त्यादिप्रपञ्चयत्प्रकाशते
तद्ब्रह्माहमिति ज्ञात्वा सर्व्वबन्धैः प्रमुच्यते" ॥
॥" तत्वमे वत्वमेव तत् " ॥ "ब्रह्मविदाप्नोति परम्"
" माया क्लृप्तौबन्धमोक्षौ नस्तस्वाऽऽत्मानिवस्तुतः॥२६॥
यथारज्जोनिष्क्रियायांसर्पाऽऽभासविनिर्गमौ ॥२७॥
अतस्तौमाययाक्लृप्तौबन्धमोक्षौ नचात्मनिः॥२९॥
ननिरोधो नचोत्पत्ति र्न बद्धो न च साधकः ॥
न मुमुक्षु र्नवैमुक्त इत्येषा परमार्थता ॥ ३१ ॥

अथर्वणीयआत्मोपनिषद्

"यथा सर्वगतम् सौक्ष्मा दाकाशन्नोपलिप्यते ॥
सर्वत्रावस्थितोदेहे तथात्मा नोपलिप्यते "॥
"क्षेत्रज्ञं चापि मां व्विद्धि सर्व क्षेत्रेषु भारत " ॥
'ततोमां तत्वतो ज्ञात्वा विशते तदनन्तरम् "
॥"नहि ज्ञानेन सदृशम् पवित्र मिह विद्यते "
"ज्ञानाग्निः सर्व कर्माणि भस्मसात्कुरुतेऽर्जुन " ॥
'ज्ञानाऽमृतेन तृप्तस्य कृत कृत्यस्य योगिनः ॥
नैवाऽस्ति किञ्चित्कर्त्तव्य मस्तिचेन्नसतत्ववित् ॥

"ज्ञानित्वात्मैवमेमतम्"

"ज्ञानं ज्ञेयं ज्ञान गम्यंहृदि सर्वस्य धिष्टितम्"

"ज्ञानादेव तु कैवल्यन्नान्यः पन्था विमुक्तये" ॥

आवृतञ्ज्ञान मेतेन ज्ञानिनोनित्यवैरिणः"

श्रद्धा भक्ति ज्ञानयोगादवैहि" ॥

इत्यादि श्रुति स्मृति सहस्रेभ्यो ब्रह्म ज्ञानादेव ॥ ब्रह्मविज्ञान च(तवाऽहम्प्रीतवानस्मि शृणुशाण्डिल्यमेप्रिय

भूयोऽपिमत्प्रसादेन कर्मलोके द्विजोत्तमः ॥

भूत्वावर्णाश्रमाचारं श्रौतं कृत्वायथाबलम् ॥

मद्भक्त्याऽतीवसंयुक्तो मदाराधनतत्परः ॥

साक्षाद्ब्रह्मैक्यविज्ञानम् ज्ञानँलब्ध्वाऽमृतोभव ॥)

" इत्यादिवासिष्ठलैङ्गाऽष्टमा ध्यायोक्त भगवद् वाक्यैः निष्काम वर्णाश्रम धर्माऽनुष्ठान सहकृतभक्त्यै-कसाध्यमिति, ॥

रसविहार वैदुष्याऽधराऽमृतपानाङ्गना परिरम्भण देव-तान्तर वैमनस्पादि दोषरहिता म जिनत्वाकामहतत्वा दिलक्षण लक्षिताम् निर्मोहदशोपस्थापिकाम् साक्षाद्-ब्रह्मैक्य विज्ञान जनकं शिवभक्ति दिदर्शनियिषुरल्य ग्रंथ मिदमारम्यते । प्रवृते श्चात्रानेक देशी-यविनेयजन संप्रार्थना परिप्रेरितात्मनाम् निजधर्मस-

ङ्गोपनाऽनुकूळ क्रियानिर्वर्तने ममताऽतिशयवतां तदु-
त्सादनोत्सर्पदुत्पादन स्वत्यश्चदुन्नावच चिन्ता सन्तान-
वतांसाधुचर्याऽऽचरण प्रचारणा मात्र स्वार्थैष्व किञ्च-
नमनोविलास वीचीविकसितात्मनामाज्ञैव गरीयसी,
नियामिकानतुनीरस दुराग्रह मत्सरपित्ताऽम्भः परिक्लेदि-
ताऽन्तः संभाराजातुचिदिति विदाङ्कुर्वन्तु निर्मत्सरा
इतीहोपरम्यते

નિવેદન.

આ ગ્રંથમાં જે જે પ્રમાણુ વાકયો સ્થલ-સહિત-દર્શાવ્યાં છે તે શ્રીમદ્ આચાર્યશ્રીએ દર્શાવેલા ગ્રંથના સ્થલમાંથી-અમે સ્વહસ્તે ઉતારી લીધાં છે અને જે ભાષાંતર છે તે અમે સ્વતંત્ર રીતે કર્યા છે તેમાં આચાર્યશ્રીનો બીલકુલ હાથ નથી. કેમકે તેઓ અનિર્વાર્ય કાર્યમાં રોકાયા રહે છે અમારા ભાષાંતરમાં કાંઇપણ શંમ-વિશમ હોય તે સાક્ષર વર્ગ સુધારીને વાંચશે એમ આશા રાખું છું. અને સુચના કરવાની મહેરબાની થશે તો પુનરાવૃતિમાં સુધારી લેવામાં આવશે-અને જે પ્રમાણુ વાકયો દર્શાવ્યાં છે તે તમામ આર્ષવાકય છે તેમાં હ્રસ્વ-દીર્ઘ-કાના માત્ર બીંદુ વિસર્ગ વિગેરે ન્યુનાધિક હોય તો તે લેખક ભ્રમ-દ્રષ્ટી--દોષ--કે મુદ્રણુ દોશ છે એમ સમજવાનું છે.

इति शिवम्, ॐ

શાસ્ત્રી-જીવરામ મયારામ.



પ્રસ્તાવના.

પુષ્ટિમાર્ગ સામે અમારે આ લેખ લખવો પડે છે. તેનું કારણ, જુલાઇ માસના પુષ્ટિ ભક્તિસુધાના. અંક–૪–પૃષ્ટ ૯૪ પરિગ્રાફ ત્રીજાપર આ પ્રમાણે લેખ છે.

(હવે અમે સાંપ્રદાયિક દ્રષ્ટિથી જોઈએ છીએ. શંકરાચાર્યને હાથમાં દંડ ધારણ કરી આવનાર એક રૂદ્રાક્ષ ધારીને, મંદિરમાં પ્રવેશ કરાવવો એ સંપ્રદાયાચારને સંમત છે કે નહિ, **सत्सिद्धान्त मार्तण्ड** માં સદગત, ભા. મા. વે. ભ. પંડિત ગટ્ટુલાલજી કહે છે કેઃ—

‘ त्रिपुण्ड्र रुद्राक्ष मात्र धारिषु शैवदीक्षा दुराग्रहिष्वेवास्पृश्यत्वप्रभृतयो दोषाः सिध्यन्ति ’

ત્રિપુંડ્ર અને રૂદ્રાક્ષ માત્રને ધારણ કરનારા શૈવદીક્ષાના દુરાગ્રહિયોમાં જ અસ્પૃશ્યત્વ વગેરે દોષ સિદ્ધ થાય છે, અર્થાત્ તેવાઓનો સ્પર્શ પણ કરવો નહિ અને તેવાઓને જોઈને પણ સ્નાન કરવું, પંડિત ગટ્ટુલાલજી પ્રતિષ્ટા અને લોકપ્રિયતાને વિવિશ થઇને જાહેરમાં કોઇ કોઈ વાર સત્ય પ્રગટ કરતાં અચકાતા, પરંતુ લખવામાં તો બે ત્રણ અપવાદ તજીને બહુજ ચોક્કસ લખતા એમાંતો કંઇ સંશય નથી. આશ્ચર્યની વાત છે કે હાલમાં તેમના શિષ્ય તરીકે ખપવાંની લાલસા રાખતા તેમના ઉપર થતા સત્ય આક્ષેપોથી પણ ફફડી ઉઠીને ગુરૂભક્તિની પરિસીમાને દેખાડવામાં જ સ્વકર્તવ્ય માનતા કેટલાક ભટ્ટો સર્વ વિપ્લવ કરવા તૈયાર થાય છે).

પુષ્ટિ ભકિતસુધાનો લેખક વિનયવિવેક શિષ્ટાચાર ને હદપારની શિક્ષા આપી પ્રજામાં સાર્વજનીક વૈમનસ્ય પ્રસરશે તેનો પણ વિચાર ન કરતાં આંખો મીંચી ભારત વર્ષનાને રાજા પ્રજા ચાતુરવર્ણ્ય સંભાવીત સર્વ શાસ્ત્ર નિપુણાત વિદ્વાન ને શ્રોત્રીય બ્રાહ્મણો વગેરે સમસ્ત શિવભક્ત ત્રીપુંડ્ર રૂદ્રાક્ષ ધારી પ્રજા અસ્પૃશ્ય છે એમ બેધડક લખ્યું છે. જરાય પણ કોઈની શરમ

શાખી નથી. એટલુંજ નહીં કોઇ પણ શ્રુતિસ્મૃતિ પુરાણનું પ્રમાણ એણે દર્શાવ્યું નથી. કેવળ પુષ્ટિમાર્ગના દુરાગ્રહી એક ધર્માંધ પ્રજ્ઞાચક્ષુનાં વાકય ટાંકયાં છે. તે માત્ર કાયદાના પંજામાં ફસાય નહીં એટલા માટે ઉંટ આડો કરી દ્વેષબુદ્ધિથી ઇરાદાપૂર્વક શિવજીને શિવ ભકતોની અવજ્ઞા કરવા માટે આ અપ્રસ્તુત લેખ લખેલો છે. હવે લેખક કોણ છે? તે અમે જાણતા નથી. પરંતુ પુષ્ટિભકિત સુધાનો તંત્રી વણીક છે. અને વણીકોમાં ઘણા ગ્રહસ્થો શિવભકતો રૂદ્રાક્ષ ત્રિપુંડ્ર ધારી છે. અને તેઓની સાથે પુષ્ટિમાર્ગીયોનો ખાન, પાન, કન્યા લેવડદેવડનો વ્યવહાર બીન સંકોચે ચાલે છે એટલે ત્રિપુંડ્ર રૂદ્રાક્ષ ધારી શિવભકતો અસ્પૃશ્ય છે તે તેનું લખવું વ્યવહાર વિરૂદ્ધ છે અને તે લેખથી ભારતવર્ષના સાતકરોડ ત્રિપુંડ્ર રૂદ્રાક્ષ ધારી શિવભકત પ્રજાની ધર્મની લાગણી અતિઘણી દુઃખાવી છે અને તે સ્વાસ્થ્યતાનો ભંગ થાય તેવા સ્વરૂપ સુધી પહોચ્યા છે કેમકે અમારી તરફ એવા ઘણા લાગણીભર્યા પત્રો આવેલા છે તેથી પુષ્ટિ ભકિતસુધાનો લેખક રાજ શાસનને પાત્ર થાય તે તરફ હું સરકારનું ધ્યાન ખેંચું છું છતાં પણ અમારો આ લેખ પુષ્ટિમાર્ગીયો અગર કોઇપણ વૈષ્ણવની લાગણી દુખાવાના હેતુથી નથી. કિંતુ બ્રાહ્મણ ક્ષત્ર્યાદિ ચાતુર્વર્ણ્ય સંભાવીત રાજા મહારાજા અસ્પૃશ્ય છે તે પ્રકારના જાહેર લેખથી તે શિવભકત ત્રિપુંડ રૂદ્રાક્ષ ધારી પ્રજાની જે અસહ્ય લાગણી દુખાણી છે તેમના ઉપશમાનાર્થે આ પુસ્તક લખવાની જરૂર પડી છે.

શાસ્ત્રી જીવનરામ મયારામ ઉદિચ્ય. ખરેડી—

સંપ્રદાયી.

उपोद्घात.

આ લઘુ ગ્રંથ લખવાનું કારણ પ્રસ્તાવનામાં દર્શાવેલું છે તેથી વાંચક વર્ગ જાણશે.

આ શિવાદિકની નીંદાનો પ્રકાર પુષ્ટીમાર્ગીઓનો નવીન નથી. પુષ્ટી માર્ગના પ્રવર્તક શ્રીમાન વલ્લભ દીક્ષિત અને શ્રીમાન વિઠ્ઠલ દીક્ષિતજીથી માંડી વર્તમાનકાલ પર્યંત સુધીના સમસ્ત ગોસ્વામીયો તથા તેઓના અનુયાયી વણીક ભાટીયા વિગેરે નિરંતર (સમસ્ત કલ્યાણ ગુણ વિગ્રહ જગદુત્પતિ સ્થિતિ લય નિયમન પ્રવેશની-ગ્રહાનુંગ્રહ ને બ્રહ્મા વિષ્ણું રૂદ્રાદિ જનક તેઓના નિયંતા ને પ્રશાસ્તા ઇત્યાદી અન્યત્ર અસંભવિત નિરતીશય ઐશ્વર્ય વિશીષ્ટ પરમ કાષ્ટાપન્ન) સદાશિવજી તથા તેમના ભક્ત આદિકોની નિંદા કરે છે.

કોટિ કોટિ કલ્પ પર્યંત પ્રાયાશ્ચિત કરે તો પણ સદાશિવાદિકની નિંદારૂપ પાપ નીવૃત્તિ ન થાય એવું પાપ પદ્મપુરાણને માથે મુકીને પુષ્ટિમાર્ગીયો કરે છે. કેમકે આ રસ લીલાપ્રિય પુષ્ટિ માર્ગીયો હરેક પ્રસંગે પદ્મપુરાણોક્ત તામસી માંયાવાદી સ્માર્ત પદ્મપુરાણોક્ત તામસી શિવના ભક્ત જે શિવનું નામ લેવા પણ પદ્મપુરાણમાં ના કહેલી છે, અને રૂદ્રાક્ષ ભસ્મ ધારણ કરનાર ચાંડાળ જેવા છે. જેનું મુખ જોવાઇ જાય તો વસ્ત્ર સહીત સ્નાન કરવાનું પદ્મપુરાણમાં લખેલ છે. વિગેરે દુષ્પ્રલાપ હરેક પ્રસંગે કર્યા કરે છે ને જે શિવનીંદા સાંભળવાવાળાને પ્રાણ ત્યાગરૂપ પ્રાયશ્ચિત પુષ્ટિ માર્ગિયોના પુજ્યતમ ગ્રંથમાં લખેલ છે. છતાં ઉપરોક્ત પાપ વાર્તા સંભળાવી શ્રોત્રજનોને અનીવાર્ય પાપીષ્ટ બનાવી નર્ક માર્ગ ખુલ્લો કરી આપે છે. એટલુંજ નહીં પણ એ રસ-

લીલા પ્રીયોના પુસ્તકોમાં પણ શિવાદિકની નીંદા વાચક બનાવટી વાકયો પદ્મપુરાણના નામથી લખેલ છે. તે જુલાઇ સને ૧૯૧૩ ના આષાઢ પુષ્ટિ ભક્તિસુધા અંક ૪ માં તો ભુલેશ્વર મહાદેવની ઘીની પુજા કરાવવા પુષ્ટિ માર્ગી ગૃહસ્થો પ્રત્યે તીરસ્કાર દર્શાવેલો છે. અને ભુલેશ્વર તથા બાબુલનાથ મહાદેવના ટ્રષ્ટી છતાં તે મંદીરનાં પગથીઆં પર પગ ન મુકનાર ચતુરભુજ મોરારજીની પ્રશંસા કરી છે. આજ પુરાવાથી ઉપર લખેલી વાત સાબીત થાય છે.

એ રસલીલા પ્રીય પુષ્ટિમાર્ગીયો ઉપર દર્શાવ્યા પ્રમાણે જે શિવાદિકની નીંદા કરે છે. તે પદ્મપુરાણમાં ખરેખરી લખેલી છે. એમ સમજી અબુદ્ધ પ્રજા એ રસલીલા પ્રીય રૂપ પારાધીની જાળમાં ફસે છે. અને ફસ્યા પછી શારીરીક અને વીત્તજ સેવા કરી ધન ધર્મ અને નીતિ ખુવે છે. માટે પદ્મપુરાણનું બાનું પુષ્ટિમાર્ગીઓને ખોટું છે. પદ્મપુરાણમાં તો શિવાદિકની સર્વોત્કૃષ્ટતા બતાવી છે. ને વિષ્ણુ આદિક સદાશિવના પુત્ર છે. શૈવ દીક્ષાધારી અને રૂદ્રાક્ષ ભસ્મ ધારણ કરનાર સદા શિવના અનન્ય ભક્ત છે. એમ સ્પષ્ટ લખ્યું છે. તે બાબત પદ્મપુરાણનાજ પ્રમાણથી ચાતુરવર્ણ્ય અધિકારી શિષ્ટ વર્ગ તથા સામાન્ય પ્રજાને દર્શાવી આપી. અને પુષ્ટિમાર્ગીઓનું કહેલું ખોટું છે તે સાબીત કરી આપવા અમારો આ પ્રયત્ન છે.

અમારા આ લઘુ ગ્રંથમાં પ્રતિપાદ્ય વિષય ને ઉદ્દેશો નીચે દર્શાવામાં આવશે તે વિષયો ચોકસ પ્રમાણથી સિદ્ધ કરવા એ અમારી પ્રતિજ્ઞા છે તે પ્રતિજ્ઞાર્થ સિદ્ધ કરવામાં જરૂર પડતાં પ્રમાણ વાકય દર્શાવવામાં આવશે અને વિસ્તૃત પૂર્વ પર સંબંધ આ અમારા લઘુ પુસ્તકમાં બતાવી શકાશે નહી. કેમ કે તેમ થવાથી ગ્રંથનો વિસ્તાર વધી જાય માટે જેઓને પૂર્વાપર સંબંધ આખું પ્રકરણ જોવાની ઇચ્છા હોય તેઓએ દર્શાવેલા ગ્રંથના તે તે સ્થળમાં જોઈ લેવું બહુધા પદ્મપુરાણનાંજ પ્રમાણ આપવામાં આવશે—

આ ગ્રંથ લખવાનો પ્રસંગ એમ બન્યો છે કે ગયા અષાઢ માસમાં પ્રસંગોપાત શ્રીમદ્દ આચાર્યશ્રીનાં દર્શન કરવા માટે શ્રી ધ્રાંગધ્રા મુકામે આવવું થયું તે સમય ઉપર દર્શાવેલા પુષ્ટિ ભક્તિસુધાના લેખ બાબત સ્માર્ત પ્રજા તરફથી ઘણાં વિજ્ઞપ્તિ પત્રો શ્રીમદ્દ શ્રી આચાર્ય તરફ આવેલાં હોવાથી તે બાબત ચર્ચા ચાલતી હતી ને પુષ્ટી ભક્તિ સુધાનો લેખ વાંચવાથી અમારૂં પણ મન ઉશ્કેરાણું ને તેનો પરિહાર લખવાની ઈચ્છા થઈ.

પરિહાર લખવા શ્રીમદ્દ શ્રી આચાર્યશ્રીને આજ્ઞા માટે અમે પ્રાર્થના કરી, ને શ્રીમદ્દ આચાર્યશ્રીએ અમારી પ્રાર્થના સ્વીકારી પોતાનો અભિપ્રાય જણાવ્યો શ્રીસદાશિવ તેજ ઉપાસ્ય કોટિમાં પરમ કાષ્ટાપન્ન સર્વોત્તમ છે ને સદાશિવની ભક્તિ તેજ સર્વ પુરૂષાર્થનું સાધન છે એમ સર્વ શાસ્ત્રનો પરમ સિદ્ધાંત છે.

પ્રાચીન કાલમાં પ્રજાને અન્યોઅન્ય ભ્રાતૃ ભાવના ઉત્પન્ન કરી દ્વૈધિ ભાવ રહિત પરસ્પર સહાયથી ઈહલોક પરલોકનું સર્વ ઐશ્વર્યનું સાધન એક શિવ ભક્તિજ હતી તેથી તે કાલમાં ભારત વર્ષ ઐશ્વર્યના શિખર ઉપર હતું આ બાબતનો પ્રત્યક્ષ દાખલો દુનીયામાં જેટલાં પ્રાચીન કાલનાં દેવસ્થાન હાલ કાયમછે અને જેટલાંની જીર્ણાવસ્થા થઇ ખંડેર સ્થિતિ દેખાય છે તેમજ ખોદ કામમાં જે દેવ અને દેવસ્થાનમાં જે આકૃતિઓ નિકળી આવે છે તે સર્વ શિવ શક્તિનાંજ છે અને તે બાબત શોધકોના અભિ-પ્રાય પણ છે ત્યાર પછીના મધ્ય કાલમાં હાલ નજરે જોવામાં આવે છે એવા આધુનિક ઉદરં ભરીઓ દ્વૈતી ભાવનાવાળા કલ્પિત પંથો ઉભા કરી પ્રજામાં અન્યોન્ય વૈમસ્ય ઉત્પન્ન કરી ભારત વર્ષના સમસ્ત ઐશ્વર્યને છીન્ન ભીન્ન કરી નાખી જીર્ણ દશાને પ્રાપ્ત કરી છે તે હાલ નજરે જોવાય છે.

શાસ્ત્રનો પરમસિદ્ધાંત અને અન્યોન્ય ઐક્ય ભાવનાનું અન-ન્ય સાધન દ્વૈતિભાવ રહિત અને નિર્દોષ શિવભક્તિ જ છે તે જેવા જોઇએ તેવા પ્રકારમાં હાલ પ્રચારમાં નથી. તેથી શિવદ્રોહી

કલ્પિત પંથવાળાના આવા ક્ષુદ્ર લેખથી ધર્મિષ્ટ પ્રજા ગભરાય છે માટે જગતના કલ્યાણકારક જેનું નામ જ પ્રજાને કલ્યાણકારક છે કેમકે શિવ જે પરમકલ્યાણ સ્વરૂપ તેને વિષે (ભકિત) સર્વથી અધિક પ્રીતિ એનું નામ શિવભકિત દેવતાંતરની નીંદા અને ઉપાસ્ય સ્વરૂપ વિષે જાર પુરૂષની ભાવના એ ભકિત નથી. એ તો મદન-વિકાર ઉત્પન્ન કરી અનીતિનો પ્રસાર કરનાર છે એ વાત સાર્વજનીક છે માટે શાસ્ત્ર સિદ્ધ-શિવજીની સર્વોત્તમતા અને અંગ કલાપ સહિત તેની ભકિત પ્રજામાં પ્રસાર થાય-એવો ગ્રંથ લખો અને તેમાં મર્યાદીતભાષાથી શિવ દ્વેશીયોએ પ્રસિદ્ધ કરેલાં દુર્વચનોનો પરિહાર લખો એવી શ્રીમદ્ આચાર્યશ્રીની આજ્ઞા થઇને ગ્રંથ લખવાનાં સાધન પ્રમાણ વાકયો પણ દર્શાવી આપ્યાં શ્રીમદ્ આચાર્યશ્રીએ પોતાના કીમતિ વખતનો ભોગ આપીને પણ વૈદીક ધર્મ દ્રોહીયોના દુર્વચનથી પોતાની વૈદીક ધર્માનુયાયી પ્રજામાં ફેલાતા અસંતોષ તરફ જરાય પણ દુર્લક્ષ ન કરતાં સમતાનુયાયી પ્રજાને ધર્મનો બોધ આપવા અને પરધર્મીયોના હુમલાથી વૈદીક ધર્મનું રક્ષણ કરવા તીક્ષ્ણ લાગણી ધરાવે છે અને પ્રસંગોપાત વખતોવખત પોતાની ઉદારતા બતાવતા આવ્યા છે તે તેઓશ્રીની પોતાની પ્રજા પ્રત્યેની લાગણી બતાવી આપે છે તથાસ્તુ ૐ.



ॐ

॥ अथ शिवभक्ति कल्पलत प्रारभ्भते ॥

॥तत्र॥ प्रतिपाद्य विषयाः ॥ (१)

१ शिवोत्कर्ष, २ शैवदीक्षा, ३ शिवभक्ति, ४ रुद्राक्ष, ५ भस्म, ६ शिवनैवेद्य, ७ शिवनींदा, ८ भगवद्भक्ति, ९ स्वामिस्वामिनी, १० प्रकीर्णक.

शिवोत्कर्ष प्रकरण. १

પદ્મપુરાણ પાતાલખંડ અધ્યાય ૧૦૮ શ્રીરામચંદ્રજીના ભસ્મોત્પત્તિને ભસ્મ મહાત્મ્ય વિષયક પ્રશ્ન અધ્યાયના પ્રથમ શ્લોકથી આરંભ કરી પ્રત્યુત્તર આપતાં

સદાશિવ એજ સર્વોત્કૃષ્ટ છે તે બાબતનું પ્રમાણ પ્રદર્શન પૂર્વક સ્થાપન.

शंभु रुवाच

यएकःशाश्वतोदेवो ब्रह्मवंद्यसदाशिवः
त्रीलोचनोगुणाधारो गुणातीतोक्षरोव्ययः ॥३॥
सिसृक्षातस्यसंजाता वीक्ष्यात्मस्थं गुणत्रयम्
वेदत्रयमिदं ज्ञेयं गुणत्रयमिदं हियत् ॥४॥
पृथक्कृत्वात्मनस्तात तत्रस्थानंविभज्यच
दक्षिणांगेसृजतपुत्रं ब्रह्माणं वामतो हरिं ॥५॥

पृष्ठदेशेमहेशानं त्रीन्पुत्रानसृजाद्विभुः
जातमात्रास्त्रयो वा ब्रह्माविष्णु महेश्वराः ॥६॥
इदमूचुर्वच. स्पष्टं कोभवान्केवयंत्विति
तानाह च शिवः पुत्रान् यूयं पुत्रा अहंपिता ॥७॥
इदंगुणत्रयंपुत्रा भजध्वंकर्महेतुकम्

पुत्रा उचुः

किंवागुणंकोभजताम् कियंतकालमिश्वर ॥८॥
कथंगुणनिवृतिश्च भवेदे तद्वदस्वनः

शिव उवाच

यावद् ज्ञानंहिभवतां यावदायुरथापिवा
धारणं तावदेवस्या देकैकस्यगुणस्यच ॥१०॥

બ્રાહ્મણોના પૂજય અને વેદ વેદ્ય અનાદિ સિદ્ધ સ્વયંપ્રકાશ ત્રણ જેનાં નેત્ર છે અને ગુણ ત્રયનો આધાર છતાં પણ ગુણ ત્રય સંબંધ કૃત વિકાર રહિત એક સદાશિવ હતા. તે સદાશિવજીને પોતાના આધારે ગુણ ત્રયને જોઇને સૃષ્ટિ ઉત્પન્ન કરવાની ઇચ્છા થઇ આજે ત્રણ ગુણ તે ત્રણ વેદ છે તેમ સમજવું અને તે ત્રણ વેદ તેજ ત્રીપુંડ્રની ત્રણ રેખા છે તેમ પાછલ ૧૦૫ અધ્યાયમાં (त्र्यायुष) એ મંત્રમાંના વ્યાખ્યાનમાં કહ્યું છે તે વિસ્તારના કારણથી અત્રે લખ્યું નથી જેને આવશ્યક હોય તેને દર્શાવેલા સ્થળે જોઈ લેવું તે ત્રણ ગુણ પોતાથી પૃથક કરીને પોતાના અંગમાં તેના સ્થાનનો વિભાગ કરી સદાશિવજીએ પોતાના દક્ષિણાંગવિષે બ્રહ્માને સૃજતા હવા. અને વામાંગથી વિષ્ણુને સૃજતા હવા. પૃષ્ટ ભાગમાંથી મહેશ્વરને સૃજતા હવા. ઉત્પન્ન થતાંની સાથે બ્રહ્મા વિષ્ણુ ને મહેશ એ ત્રણ દેવો તે આ વક્ષ્યમાણ વચન સ્પષ્ટ રીતે કહેતા હતા કે અમે કોણ છીએ?

ત્યારે સદાશિવજી એ ત્રણ મુર્તીયોની પ્રત્યે આજ્ઞા કરે છે કે તમે અમારા પુત્ર છો, અમે તમારા પિતા છીએ; આગલ ૧૮-૧૯ શ્લોકે કરીને પૃષ્ટ દેશમાંથી ઉત્પન્ન થએલા રુદ્રજીને વચન આપ્યું છે કે તમારી જે પુજા કરશે તે અમારીજ પુજા કરે છે. અને તમે છો તેજ હું છું, કર્મ હેતુક સત્વ, રજ, તમ, એ ત્રણ ગુણ તે એક એકને તમો ભજો ત્યારે પુત્રો કહે છે કે કયા કયા ગુણને કોણ સેવે અને કેટલા કાલ સુધી કયા પ્રકારે એ ગુણની નીવૃત્તિ થાય એ અમને કહો ત્યારે શિવજી કહે છે તમોને જ્યાં સુધી 'જ્ઞાન' ન થાય (સમૂલ અવિદ્યા નિવૃત્તિ-દ્વારા પરમાનંદ સ્વરૂપ સાક્ષાત્કાર) ત્યાં સુધી ને જ્યાં સુધી આયુષ્ય હોય (અધિકાર સમાપ્તી) ત્યાં સુધી એક એક ગુણને ધારણ કરવાના છે એમ આજ્ઞા કરી આગલ.

(रक्तगौराविमौ पुत्रौ ब्रह्मविष्णू ममैवतु)
बाहूमूलस्थरोमौ च ममा कारौ तथा नघौ. ॥२०॥

આ રકત વર્ણ ને ગૌર વર્ણના બ્રહ્માને વિષ્ણુ એ નામના પુત્રો ને મારા (बाहुमूलस्थ रोमौच) એટલે અમારી બગલનું એક એક રોમ જેટલો અંશ છે અને મારા આકારવાળાને અનઘ છે આ પ્રમાણે બ્રહ્મા વિષ્ણુંએ સદાશિવના બગલનું એક એક રોમ છે બ્રહ્મા વિષ્ણુંનો સદાશિવજીએ આવિર્ભાવ કર્યો છે અને તે વિષ્ણુ પ્રથમ સષ્ટયાદિ કાલના સદાશિવજીના અંગમાંહેથી પ્રગટ થએલા હોવાથી તે આદિ મુર્તી જલશાઇ વિષ્ણું ભગવાન એ એક કાલા કેશનો અવતાર છે.

વળી પદ્મપુરાણ પાતાલખંડ અધ્યાય ૫૯ના ૩૮ શ્લોકથી સદાશિવપુરિનું વર્ણન કરીને છેવટ ૫૬ શ્લોક સુધી કહે છે કે—

॥ ब्रह्म विष्णु महेंद्राद्या ॥ स्ततपूरद्वार पालकाः ॥
लक्ष्मि सरस्वस्तिदेव्यौ ॥ देहलयाद्दयर्चनेक्षितेः ॥५७
॥ नियुंक्ते देव देवस्य ॥ देवाश्च सुरयोशितः ॥

॥ दास्यो देवा समस्ताश्च ॥ दासायस्य महान्मनः ॥५८

બ્રહ્મા, વિષ્ણુ ઈન્દ્રાદિકો એ સદા શિવપૂરના દ્વારપાળોજ છે અને લક્ષ્મિ, સરસ્વસ્તિ એ બે દેવિઓ સદા શિવપૂરના બારણાની ભૂમિની પુજા કરનારીઓ છે એટલે રંગોળી વિગેરેથી પુજા કરનારીઓ છે સમસ્ત દેવ સ્ત્રિઓ અને સમસ્ત દેવો એ સદાશિવજીનાં દાસીઓ અને દાસો છે.

ઉપર આ દર્શાવેલા પદ્મપુરાણના પાતાલ ખંડના સંદર્ભથી સદાશિવજીએ ગુણત્રયના આધાર છતાં પણ ગુણ ત્રયકૃત સર્વ દોશથી રહિત અને બ્રહ્માવિષ્ણુ રૂદ્રાદિકના જનક છે અને બ્રહ્માવિષ્ણુ એ સદાશિવ પૂરના દ્વારપાળ છે અને લક્ષ્મિ સરસ્વતિએ બે દેવિઓ શ્રી સદાશિવજીના બાહારની પુંજા કરનારીઓ છે અર્થાત્ રંગોળીઓ પુરનારીઓ છે અને બીજી દેવ સ્ત્રિઓ અને દેવો સમસ્ત સદાશિવના દાસ કૃત્યમાં નિયોજેલા છે. એ પ્રકારનું કોઈ પણ દેવતાંતરમાં સંભવેજ નહીં તેના ઐશ્વર્યનું વર્ણન કરેલું છે ત્યારે પદ્મ પુરાણના નામની શિવ નિન્દા કરનાર કેવા પાપી છે તે વાંચનારજ વિચાર કરી લેશે.

ફરીથી પણ સદાશિવનું અચીંત્ય ઐશ્વર્ય પ્રતિપાદનદ્વારા વિષ્ણુ આદિક સદાશિવજીની ભક્તિના બલથીજ સૃષ્ટિઆદિ કાર્ય કરવામાં સમર્થ થયા છે. ઈત્યાદિક અર્થ પ્રતિપાદક પ્રમાણ દર્શાવીએ છીએ.

પદ્મપુરાણ પાતાલખંડ-અધ્યાય—૧૦૫—

दधिचिरुवाच

अथ विष्णुर्महातेजा चिंता मापसिमृक्षया ॥१८६॥
ध्यानयोगपरोभुत्वा न किंचित् पर्यपश्यत ॥
अथदुःखेनमहता रुरोदोच्चै पुनः पुनः ॥ १८७ ॥
तस्मिन्नंतरेदीप्तिः काचित् लोक विलक्षणा ॥
दृष्ट्वाचहरिणाभीत्या लोचनेच नीमीलिते ॥१८८॥

आगम्यमानेगोक्षीर समतेजा सगात्रवान् ॥
संग्रंथ्य, कोटि ब्रंह्माण्ड दाम युग्मं करद्वये ॥१८९॥
दधान मुरसाधाम कोटि ब्रह्माण्ड कल्पितम् ।
ब्रह्माण्ड, मेक निपत दुत्पतश्च करद्वये ॥ १९० ॥
सर्वाभरण संयुक्तं तथा भूतं तमव्ययम् ॥
विष्णुस्तुष्टाव चादृष्वा दर्शनायच तस्यैव ॥१९१॥

विष्णुरुवाच

नमस्ते देवदेवेश नमस्ते शाश्वताव्यय ।
नजानेहं भवन्तं प्रभो, त्वंच वेत्सि नमोनमः॥१९२॥
जानामि नचते भावम् दुर्नीरीक्ष्याच तेद्युतिः ॥
माणिकय कुंडलंहेम दामजाल विभुषितम् ॥१९३॥
रत्नांगुलीयं सुभगं बाहु कोष्टविभूषणम् ॥
तनुरक्तोत्तमाकीर्णं दीप्तायतविलोचनं ॥१९४॥
बाणलोचन संकाशं भाललोचन मव्ययम् ॥
कंदर्पकार्मुकभ्रान्ति जनकभ्रुवमिश्वरम् ॥ १९५ ॥
स्निग्धाधौन्नत चार्वंग नासमच्छ कपोलकम् ॥
मंदस्मितं प्रसन्नास्यं विभुं बालेन्दु शेखरम् ॥ १९६॥
विज्ञानरक्तवसनं वेदकाल्पित भुषणम् ।
शरणंत्वां प्रपन्नोऽस्मि चक्षुर्मे दीयतां विभो ॥१९७॥
दीनांधः कृपणा ज्ञान नष्टस्य शरणं भव ॥

अथदिव्यं ददौचक्षु स्वात्मदर्शन शक्तिमत ॥१९८॥
अथदृष्ट्वाहरिः शंभुं त्रिनेत्रंपुरतः स्थितम् ॥
कोभवान्नित्युवाचाथ नजानेत्वां महायशः ॥१९९॥
प्रणामंकेवलं कर्तुं शक्तोऽस्मि नहि वेदीतुम् ॥
इत्यादि,

શ્રીવિષ્ણુ ભગવાને સૃષ્ટિની ઇચ્છા થવાથી ચીંતા થઈ ત્યારે પોતે ધ્યાન–નીષ્ટ–થયા તોપણ કાંઇ વસ્તુ ધ્યાનમાં ન આવી ત્યારે સૃષ્ટિનો પ્રકાર નહી જણાવાથી માહાન દુઃખ થયું ને વારંવાર ઉંચા સ્વરથી રોદન કર્યું એટલામાં લોક વીલક્ષણ કાંઈ પ્રકાશ જોવામાં આવ્યો ત્યારે ભયભીતિથી વિષ્ણુ ભગવાન પોતાનાં નેત્ર વીંચી ગયા. ગાયના દૂધ સમાન છે તેજ જેનું એવા શરીરવાળા કોઇને આવતા જોયા કોટિ બ્રહ્માંડ જેમાં ગુથાએલાં છે એવી બે દોરી જેના બે હાથમાં છે કોટિ બ્રહ્માંડ જેમાં ગુથેલાં છે એવી દોરી હૃદયમાં જેણે ધારણ કરી છે અને એક બ્રહ્માડને બે હાથમાં ઉછાળતા ઉછાળતા અને સર્વ આભુષણથી યુક્ત આ પ્રકારના કોઈ એક મુતિમાન દેવ સામા આવતા જોઈને વિષ્ણુભગવાન તે મુતિનાં યથાર્થ દર્શન માટે સ્તુતિ કરતા હવા વિષ્ણુભગવાન કહે છે હે દેવના પણ દેવ હે શાશ્વત હે અવ્યય તમોને વારંવાર નમસ્કાર છે હે ભગવાન તમોને અમે ન જાણ્યા. તમેજ તમારા સ્વરૂપને જાણો છો માટે વારંવાર તમોને નમસ્કાર કરીએ છીએ આપનો શું અભીપ્રાય છે તે હું જાણુતો નથી. અને આપની કાંતિ અમારાથી જોઈ શકાતી નથી. એ પ્રકારે પ્રાર્થના કરીને વિષ્ણુ ભગવાનને સદાશિવ ભગવાનનાં જે પ્રકારે દર્શન થયાં તે પ્રકારે સ્તુતિ કરે છે સુવર્ણ દોરીમાં ગુથેલાં માણીકય મણીનાં કુંડલ જેનાં કર્ણભૂષણ છે રત્નની અંગુલી વડે શોભાયમાન અને બાહુ ભૂષણથી ભૂષિત અત્યંત સ્નિગ્ધને રાતાં ને લાંબા છે નેત્ર જેનાં તે બાણ સદ્રશ છે લલાટ નેત્ર જેનું કામદેવના ધનુષ્યની

ભ્રાંતિ ઉત્પન કરનાર છે ભૃકુટી જેની અને અતિ કોમલ ને અત્યંત દેદીપ્ય માન છે ગંડસ્થલ જેનાં મંદ મંદ હાસ્ય કરીને પ્રસન્ન છે મુખ જેનું ને બાલચંદ્રમા છે લલાટમાં જેના જ્ઞાન સ્વરૂપ છે વસ્ત્ર જેનાં વેદ રૂપીજ છે ભૂષણુ જેનાં ને વર્ણીત સ્વરૂપ એવા આપને શરણે હું આવ્યો છું ને આપનાં દર્શન યોગ્ય નેત્ર મને આપો દીનતા કૃપણુતા ને અજ્ઞાનતાથી નાશ પામતા એવા અમોને તમો શરણુમાં લ્યો આ પ્રકારની વિષ્ણુ ભગવાનની સ્તુતીથી પ્રસન્ન થઇ ભગવાન સદાશિવજીએ પોતાનાં દર્શન કરી શકે તેવી શક્તિવાળાં દીવ્ય ચક્ષુ આપતા હવા. ત્યારે દીવ્ય ચક્ષુ પ્રાપ્ત થયાં ત્યારે વિષ્ણુભગવાને પોતાના સન્મુખ બીરાજતા એવા સદાશિવનાં દર્શન થયાં ને હે ભગવત તમે કોણુ છો હું આપનો યશ જાણુવાને શક્તિમાન નથી. કેવલ નમસ્કાર કરવા માટેજ શક્તિવાન છું જાણુવાને શક્તિવાન નથી.

ઉપર દર્શાવેલા પદ્મપુરાણુના વાકય સમુહનો સારાંશ એ છે કે પાંચ વર્ષની વયના ને બે ભુજાવાળા ગોક્ષીર સમાન કાંતિ ને માણીકય કુંડલાદિ સર્વાભરણુભૂષિત સદાશિવ સ્વરૂપ વિષ્ણુ ભગવાનને પણુ અગમ્ય છે વિષ્ણુ ભગવાન પોતાના નેત્રથી તે સ્વરૂપનું દર્શન કરી શકયા નહી ત્યારે સદાશિવજી એ પ્રસન્ન થઇ દીવ્ય ચક્ષુ આપ્યાં ત્યારે વિષ્ણુ ભગવાનને સદાશિવ સ્વરૂપનાં દર્શન થયાં અને સદાશિવ ભગવાનના અનુગૃહથી જ વિષ્ણુ ભગવાનને સૃષ્ટિ સામર્થ્ય પ્રાપ્ત થયું

આ પ્રમાણે વિષ્ણુઆદિક ગુણાભિમાની આદિ મૂર્તિયો જેનાથી ઉત્પન્ન થઈ છે જેના અનુગ્રહથી સૃષ્ટયાદિ પોતપોતાનું કાર્ય કરવામાં ગુણુમૂર્તિયો સામર્થ્યવાન થઇ છે તેવા ઐશ્વર્ય પરમાત્મા અને પરમકાષ્ટાપન્ન સદાશિવજીના ભકત અસ્પૃશ્યછે તેમ કહેનાર તે વિષ્ણુ ભગવાનનેજ અસ્પૃશ્ય કહે છે કેમકે વિષ્ણુ ભગવાન એ શૈવદીક્ષાદીક્ષીત અને સદાશિવજીના સર્વોત્તમ ભકત છે એમ સપ્રમાણ દર્શાવી આપ્યું વળી આગળ પણુ દર્શાવશું

ત્યારે હવે શૈવ દીક્ષાદીક્ષીત રૂદ્રાક્ષત્રિપુંડ્ર ધારી અસ્પૃશ્ય છે તેમ કહેનાર વૈષ્ણુવ છે કે વિષ્ણુ દ્રોહી છે એનો ખુલાસો પુષ્ટિ ભક્તિ-સુધાના લેખકે કરવો જોઇએ.

ફરીથી સદાશિવજીનું સ્વરૂપ વિષ્ણુ આદિ દેવતાથી પણ અગમ્ય છે તે બાબતનું પ્રમાણ ઉપર દર્શાવ્યું છે હવે ત્રિમૂર્ત્તિ અંતરગત મહેશ્વરજીના અંશાવતાર એ કૈલાસ વાસી રૂદ્ર છે તે પણ વિષ્ણુઆદિક દેવથી ઉત્કૃષ્ટ થાય છે તે દર્શાવિએ છીએ પદ્મપુરાણ સૃષ્ટિખંડ અધ્યાય પાંચ દક્ષયજ્ઞ વિધ્વંસ પ્રકરણમાં સતિનું વચન.

तदयंजगतामीशः सर्वेषामुत्तमोत्तमः ॥
स्थानान्येतानिसर्वेषांदत्तान्नेतेनधिमता ॥ ५६ ॥
येगुणातस्य देवस्य वक्तुंजिह्वापिवेधसः ॥
नसतत्ख्यापनेतस्य देवस्य परमेष्टिनः ॥
प्रसादेनचरुद्रस्य प्राप्तःस्वर्गं पुरंदरः ॥

ઇત્યાદિ તસ્માત્ મહાદેવજી જગતના ઇશ્વર છે બ્રહ્માદિકથી પણ સર્વોત્કૃષ્ટ છે વિષ્ણુબ્રહ્માદિકોને સર્વજ્ઞ મહાદેવજી એ બ્રહ્મ-લોક વૈકુંઠાદિ સ્થાન આપેલાં છે તે દેવના જેટલા ગુણો છે તે કેહવાને બ્રહ્મા પણ સમર્થ નથી ને તે રૂદ્રના પ્રસાદથી ઇંદ્રને સ્વર્ગ પ્રાપ્ત થયું છે આ વાતનો ટેકો આપનાર વિશેશ પ્રમાણ શિવ-પુરાણમાં દર્શાવેલ છે શીવપુરાણમાં બ્રહ્મા સનકાદિ રૂષિઓ પ્રત્યે કહે છે.

योग्रेमांविदधे पूत्रंवेदांश्च प्रहिणोतिमे ॥
यत्प्रसादात्मयाप्राप्तं प्राजापत्य मिदंपदं ॥ १ ॥
ब्रह्माणं मुनयः पूर्वंस्रष्टवातस्मै महेश्वरः ॥
दत्तवानखिलान् वेदान् विप्राआत्मनिसं स्थितान्॥२॥

ઉપર દર્શાવેલા પ્રથમ શ્લોક (यो ब्रह्माणं विदधातिपूर्वं) એ મંત્રનું ઉપવૃંહણ છે તે બ્રહ્માજી કહે છે કે જે શિવજી સષ્ટિના પૂર્વકાળમાં મને પુત્રરૂપે ઉત્પન્ન કરતા હવા જે વેદોના મંત્રોનો મને કરીને પ્રવેશ કરાવ્યો તેજ મહાદેવજીની કૃપાથીજ અમને આ પ્રાજાપત્ય પદ પ્રાપ્ત થયું છે.

બીજો શ્લોક (विश्वाधिको रुद्रोमहर्षिः) એ મંત્રનુ ઉપવૃંહણ છે તે સુત પુરાણીનું વચન છે સુતપુરાણી સનકાદિક રુષિઓને કહે છે કે હે મહારુષિઓ સષ્ટિના પૂર્વકાળમાં માહેશ્વરજીએ બ્રહ્માદિને ઉત્પન્ન કરી પોતાનો રહેલો સર્વ વેદ તે બ્રહ્માદિને આપતા હવા અને વિષ્ણુ ભગવાનના વૈકુંઠાભીષેકની કથા કાશીખંડમાં સવિસ્તારથી પ્રતિપાદન કરેલી છે તે ગ્રંથમાં તે કથા ભાગ પ્રસિદ્ધ છે માટે ત્યાંથીજ જાણી લેવું વળી પદ્મપુરાણ શ્રષ્ટિખંડ અધ્યાય ૧૧ ભિષ્મ પુરસ્થિત સવાદમાં માહેશ્વર ક્ષેત્ર ને માહેશ્વરના લિંગ મહિમાનું વર્ણન ઉપક્રમ કરીને

भद्रेश्वरंविष्णुपदंनर्मदातिरमेवच ॥
गयापिंडप्रदानेनसमान्याहुर्म हर्षयः ॥ १८ ॥
महारुद्रं महालिगं दशार्णाच महानदी ॥
शतंरुद्राशताः ह्वा च तथा पितृपदं पूरं ॥ २८ ॥
तीर्थंत्र्यंबकंनामसर्वतीर्थनमस्कृतं ॥
यत्रास्ते भगवानभीमः स्वयमेवत्रिलोचनः ॥३७॥
तीर्थंपाशुपतंदेव नदीपर्पटिका तथा ॥
श्राधमेतेषुसर्वेषुदत्तं कोटीशत्तोत्तरं ॥ ४५ ॥
तथैव पंचतिर्थंच यत्रगोदावरी नदी ॥
युतालिंग सहस्त्रेण सव्येतर जलावहा ॥ ४७ ॥
तथा सहस्त्रंलिंगंच राघवेश्वर मुत्तमम् ॥

ઈત્યાદિ ભદ્રેશ્વર નામનું નર્મદાતિર ક્ષેત્રમાં ગયાજીના વિષ્ણુપદમાં પીંડદાન કરે તે બન્નેનુ ફળ સરખુંજ છે એમ મહારૂષિઓ કહે છે મહારૂદ્ર એ નામનું ક્ષેત્ર પ્રસાદ એ નામની મહાનદી અને શતરૂદ્રા ક્ષેત્ર અને સતાહુવા નામનું પીત્ર તિર્થ અને સર્વતિર્થ માત્ર જેને નમસ્કાર કરે છે એવા ત્રંબકેશ્વર નામનું ક્ષેત્ર જયાં સાક્ષાત્ ભિમેશ્વર નામનું લિંગ બિરાજમાન છે ને પાશુપત નામનું તિર્થ ને પર્પટિકા નામની મહા નદી એ બધા સ્થાનોમાં જો શ્રાદ્ધ કરે તો તેનુ ફળ કોટી કોટી ગણું થાય તેમજ ગોદાવરી નદીનું પંચતીર્થ સમજવું એ ગોદાવરી નદી ઉભય તટ પાવની હજારો લિંગથી યુકત છે અને તે નદીના તટમાં સહસ્ત્રલિંગ નામનું એક ક્ષેત્ર છે અને તેજ નદીના તટમાં રાઘવેશ્વર એ નામનું રામચંદ્રનું સ્થાપીત લિંગ છે આ પ્રકારે અનેક પ્રમાણોથી શિવલિંગોને ને શિવક્ષેત્રનો અસાધારણ મહીમા પદ્મપુરાણમાં વર્ણન કરેલ છે (कृष्णं च वर्ण तपसा जनात्यये) એ વાકયોકત તમોગુણ પ્રધાન કૃષ્ણ વર્ણ દેવના ભકતો સીવાય સમસ્ત ચાતુવર્ણ્ય પ્રજા–રાજા–રંક ને શેઠ શાહુકાર સન્યાસી બ્રહ્મચારી વિગેરે સમસ્ત વર્ણાશ્રમીઓ ઉપરોકત ક્ષેત્રોની યાત્રા કરે છે પુજા અર્ચા નમસ્કાર પણ કરે છે એમ છતાં શિવ મંદીરની પાવડી (પગથીયાં) પર પગ ન મુકે તે ઉત્તમ વૈષ્ણવ ગણાય એમ હશે તો તે પાપનુંજ ફલ છે તે પણ ઉત્તરખંડના અધ્યાય ૧૭ માં પુષ્કર મહાત્મ્યમા બ્રહ્માજીના યજ્ઞમાં ઉન્મત્ત વેષ ધારણ કરીને પ્રવેશ કરેલા પરમેશ્વરને જોઇને બ્રાહ્મણોએ નીંદા કરી ત્યારે દેવેશ્વરે તે બ્રહ્મણોને–(यूयं वेद विवर्जिताः क्रतुभ्रष्टाः परदारोपसेविनः भवथ इतिसमाः) તમો નીંદા કરનાર વેદથી રહિત થાવ. યજ્ઞયાગાદી કર્મથી ભ્રષ્ટ થાવ અને પરસ્ત્રી ગમન કરનારા થાવ. એ શાપથી વેદ વર્જીત અને યજ્ઞયાગાદીકથી ભ્રષ્ટ થઈ પર સ્ત્રી ગમન કરનારા જે બ્રાહ્મણો થઈ ગયા છે તેઓ શાપના બલથી નિરંતર શિવનો દ્રોહ કર્યા કરે છે પરંતુ તેજ અધ્યાયમાં

५३४२

(ततश्चखिन्नहृदया ब्राह्मणा)

स्नात्वाजेष्ठसरोविप्रा जेपुस्तेशतरुद्रियम् ॥
जाप्यावसाने देवस्ता न्नशरीरगीरा ब्रवीत् ॥ ७७ ॥
शांता दांता द्विजाएतु भक्तिमंतो मयिस्थिराः ॥
नतेषांछिद्यतेवं-ो न-ंनंनापि संततिः ॥ ७८ ॥
इत्याद्यर्थबोध कान्युप लभ्यन्ते वचनानि;

એ પ્રકારે શાપ થવાથી ખીન્ન થયાં છે હૃદય જેનાં એવા બ્રાહ્મણો જેષ્ટ પુષ્કરમાં સ્નાન કરીને શત રૂદ્રાધ્યાયનો સંખ્યા સંકલ્પપૂર્વક જપ કરતા હવા તે જપના અવસાનમાં મહેશ્વરજી અશરીર વાણીથી તે બ્રાહ્મણો પ્રત્યે કહેતા હતા જે બાહ્યેન્દ્રિય આભ્યંતરેંન્દ્રિયના નિગ્રહવાળા અમારા વિષે જેની ભક્તિ સ્થિર છે તેવા બ્રાહ્મણોનો વિછેદ ન થાય અને ધનને સંપત્તિ પણ નાશ ન થાય ઈત્યાદિક અર્થનો બોધ કરનાર વચનો દર્શીત સ્થલમાં મળી આવે છે.

આ પ્રકરણમાં બાહ્યાભ્યંતર ઇંદ્રિયનો નીગ્રહ કરનારને પરમેશ્વર વિષે જેની સ્થીર ભકિત હોય તેઓનેજ શાપથી મુકત કર્યા છે અને જે ઇંદ્રિય લોલુપ અને પરમેશ્વર દ્રોહી હોય તેઓને વેદવર્જ્ય થાવ અને યજ્ઞ યાગાદિ કર્મથી ભ્રષ્ટ થાવ. પરસ્ત્રી ગમન કરવાવાળા થાવ એવો જે શાપ થએલ છે તે કાયમ છે તેની આ વાસના હોય તો તેમાં કોઇનો અપરાધ નથી વળી સષ્ટિ ખંડ અધ્યાય ૧૮ શિવજીની સર્વોત્કૃષ્ટતા વર્ણવેલ છે તે દર્શાવીએ છીએ.

नान्यंदेवादहंमन्ये रुद्रात्परतरं महत् ॥
चराचरस्य जगतो गतिस्त्वमसि शूलधृक् ॥ १४३॥
त्वयासृष्ट मिदंसर्वं वदन्तीह मनीषीणः ॥

त्वामेवसर्वं विशति पुनरेव युगक्षये ॥ १४४ ॥
वैरपिन शक्यस्त्वं परिज्ञातुं मयाकुतः ॥
त्वयीसर्वेच दृश्यंते सुराब्रह्मादयोऽपिये ॥ १४५ ॥
इत्यादि वचनैर्जगत्जननपाल नाहरणादिकमैश्वर्यं मनन्य साधारणं शिवगामीति प्रतिपादितम्,

તમો ગતીરૂપ છો અને અખીલ બ્રહ્માંડ તમારૂં સરજેલું છે તે મહર્ષિયો કહે છે ને ફરીને પ્રલયકાલમાં અનંતકોટિ બ્રહ્માંડ તમારા વિષેજ લય થાય છે દેવતાઓ પણ આપને જાણવા શકિતવાન નથી ત્યારે હું તો કયાંથી જાણી શકું બ્રહ્માદિક દેવો બધા તમારી વિષેજ દેખાય છે. અર્થાત તમારી વિભુતિ છે ઈત્યાદી વચનો જગત ઉત્પતિ સ્થિતિ લયાદીક મહદ ઐશ્વર્ય કેવલ એક શિવજીને વિષે જ છે એમ પ્રતિપાદન કરે છે આ ઉપરના વિષયને ટેકા આપનાર શ્રુતિસ્મૃતિ પણ છે.

यस्यांङ्गा ज्जायन्ते हरि रुद्रमुरयास्सोहं न जानंन्ति सुरेन्द्रमुख्याः ॥ ममापि विष्णो जनकं देवमीठ्यं योन्त काले सर्व लोलान्सजहे ॥ १ ॥ नित्यस्सत्य स्सर्वसाक्षी महेशो नित्यानन्दो निर्गुणो निर्विकल्पः । आनन्दरुपो भगवान्गरीशः स्वाविद्यया मोहित मातनोति ॥२॥

स्मृतेश्च

एवंमानेनवर्षाणां ब्रह्मक्षयउदाहृतः ।
ब्रह्मक्षय शतेनापि विष्णोरेकमह र्भवेत् ॥
एवंविधास मासेन प्रयाते रुद्र शते द्विजा ।
रुद्रास्यात्मानिलीयन्ते भुत भौतिक सृष्टयः ॥

चत्वारिंश त्सहस्राब्दै विंधेरेकाक्षरः क्रमः ।
चतुर्युग सहस्रन्तु ब्रह्मणो दिन मुच्यते ॥
पितामह सहस्रन्तु विष्णो स्सा घटिकामता ।
विष्णौ द्वादश लक्षन्तु कलार्धं रौद्र मुच्यते ॥

પીપ્પલા દોપનિષદ્‌માં બ્રહ્માજી કહે છે કે જેના અંગથી વિષ્ણુ રૂદ્રાદિક ઉત્પન્ન થાય છે તેને હું અથવા ઇંદ્રાદિ દેવો પણ જાણુતા નથી. અને અમારા પીતાના તથા વિષ્ણુ ભગવાનના તે ઉત્પન્ન કરનાર છે અને સર્વ જગતમાં સ્તુત્ય છે જે મહાકલ્પમાં જગતનો સંહાર કરે છે તે મહેશ્વર નિત્ય છે એટલે ભૂત ભવિષ્ય વર્તમાન કાલમાં એક રૂપે છે વળી તે સત્ય છે એટલે અસત્ જડ દુઃખોના સંબંધથી રહિત સચ્ચિદાનંદ એક રસ છે અને તે સર્વના સાક્ષીભૂત છે ને નિત્યાનંદરૂપ છે એટલે ભાૈતીક વિષયેંદ્રિય સુખથી ઉત્પન્ન આનંદરૂપ નથી પણ નિર્ગુણ છે ગુણ ત્રય સંબંધ કૃત સર્વ દોષ રહિત છે નિર્વીકલ્પ છે એટલે સૌવરૂપ એવા આનંદરૂપ છે. ભગવાન ગીરીશ વેદ વાણીના અધીષ્ટાતા. તે પોતે પોતાની અવીદ્યાથી સર્વ જગતને મોહ. પમાડે છે એ શ્રુતિ મંત્રોનો અર્થ છે.

એ પ્રમાણનાં સો વર્ષ થાય ત્યારે એક બ્રહ્માનો અધિકાર પુરો થાય એ પ્રકારનાં સો વર્ષ પુરાં થાય. ત્યારે એક બ્રહ્માનો ક્ષય થાય અને સો બ્રહ્માના ક્ષય જેટલો કાલ વ્યતીત થાય ત્યારે વિષ્ણુનો એક દીવસ થાય એ દીવસો પ્રમાણે વિષ્ણુનાં સો વર્ષ વિત્યા પછી આ ભૂત ભાૈતિક સૃષ્ટિ સ્વરૂપમાં ત્રિલય થાય છે. ચાલીશ હજાર વર્ષો થાય ત્યારે બ્રહ્માનો એક એવો અક્ષય કાલ થાય ચાર યુગની એક હજાર ચોકડીયો વીતે ત્યારે બ્રહ્માનો એક દીવસ થાય તેટલા જ વખતની રાત્રી કહેવાય છે એક હજાર બ્રહ્માનો લય થાય ત્યારે વિષ્ણુ ભગવાનની એક ઘડી થાય એવા બારલાખ વિષ્ણુ વ્યતીત થાય ત્યારે રૂદ્રની અર્ધકલા થાય. એ

વાત પાતાલ ખંડના ૧૦૮ માં અધ્યાયનાં વાકયો ઉપર દર્શાવ્યાં છે કે (यावद् ज्ञातं हि भवतां यावदायुरथापिवा)એટલે જ્યાં સુધી. તમોને જ્ઞાન ન થાય અને જ્યાં સુધી. તમારી આયુષ હોય. તેટલા કાલ સુધી તમારે આ એક એક ગુણને ધારણ કરવાનો છે આ વાકય પણ ઉપર દર્શાવેલા વાકયને ટેકો આપે છે કેમકે યાવદાયુ એ શબ્દથી શ્રી વિષ્ણુઆદિકના આયુષનો પણ નીયમ છે તેવો અર્થ નીકળે છે એવાં અનેક પ્રમાણોથી વિષ્ણુ બ્રહ્માદિકનું આયુષ તેમના અધિકાર પુરતું દર્શાવી. અંતમાં સર્વનો આત્યંતીક રૂદ્રના વિષેજ લય થાય છે તેમ બોધ કરે છે માટે ચતુર્વીધ પુરૂષાર્થની ઇચ્છાવાળા અધિકારી પુરૂષોએ સદાશિવનીજ ઉપાશના કરવી. અને સદાશિવજીની ઉપાસના અંગભૂત ઈતર દેવતાની ઉપાસના કરવી તે પણ અનેક પ્રકારનાં બાહ્ય ચીન્હોથી જુદા જુદા ઓળખાવનાર અને અનેક વીધ કુત્સીતાચાર રૂપ દુર્ગંધથી ગંધાએલા હોય એવા આધુનીક મનુષ્ય કલ્પીત કુમત પ્રવેશ રહિત થઇને સદા શિવની ઉપાસના તથા તેના અંગભૂત વિષ્ણુ ભગવાનની ઉપાસના કરવી. કોઈ પણ કલ્પીત પંથનું અવલંબન કરી કલ્પીત પંથવાળાએ કલ્પેલા અસંસ્કૃત દેવોની ઉપસના કરવાની નથી એમ શાસ્ત્રનો અભીપ્રાય છે અને અમારી પણ માન્યતા તેમજ છે.

આ સ્થલમાં વૈષ્ણવો એવો તકરાર લાવશે કે પદ્મપુરાણના પ્રમાણથી શિવજીની સર્વોત્તમતા જે દર્શાવીતે યદ્યપિ ખરી છે કેમકે પદ્મપુરાણ એ અમારો માનનીય ગ્રંથ છે તથાપી સર્વ પુરાણ મુર્ધન્ય સાક્ષાત્ વેદ સ્વરૂપ શ્રીમદ્ભાગવતમાં શ્રી વિષ્ણુ ભગવાનના નાભી કમલથી બ્રહ્મા ઉત્પન્ન થયા તે બ્રહ્માજીના લલાટમાંથી શિવજી ઉત્પન્ન થયા એ રીતે શિવજી શ્રીવિષ્ણુ ભગવાનના પૌત્ર થાય છે એ વાતનું સપ્રમાણ પરિહાર જ્યાં સુધી થશે નહી. ત્યાંસુધી શિવજીની સર્વોત્તમતા અમે કબુલ કરી શકીશું નહિ અને સર્વ માન્યતા પણ થશે નહી.

જો કે આ શંકા આ સ્થલમાં ઉપસ્થિતજ ન કરી શકાય કારણ કે ઉપાસ્ય પરમ તત્વ મૂલ પ્રકૃતીની સામ્ય અવસ્થારૂપ અપ્રાકૃત ગુણત્રય વિશીષ્ટ સદાશિવ સ્વરૂપ છે.

ઉદ્દ્ભૂત એકેક ગુણ વિશીષ્ટ એ ઉપાસ્ય પરમ તત્વ નથી. એમ વૈદીક પરમ સિદ્ધાન્ત છે અને ત્રૈવીધ્ય વૃદ્ધો પણ તેજ સિદ્ધાન્ત માન્ય રાખે છે તેજ પંચવર્ષીય વયસ્થ દ્વિભુજ પરમ પુરૂષ સદાશિવ મુર્તિ ઉપર દર્શાવેલ છે તેજ શુદ્ધ વૈદીક મતાનુયાથી સમસ્ત સ્માર્તીં પ્રજાનો ઉપાસ્ય દેવ છે, તેજ સદાશિવજીને જગત સૃજનાદિકની ઈચ્છા થઇ ત્યારે પોતાના આશ્રીત સામ્ય અવસ્થામાં સ્થિત અપ્રાકૃત ગુણત્રય ને પૃથક કરી અર્થાત્ત સામ્ય અવસ્થાથી ચલીત કરી તે ઉદ્દ્ભૂત સત્વાદિ ગુણોને પોતાના અંગમાં સ્થાનની કલ્પના કરી તેમાંથી ગુણ મુતિયોને ઉત્પન્ન કરી છે એ ઉપર દર્શાવેલા ઇંદ્રપુરાણ સંદર્ભનો નીષ્ક્રષ્ટ સિદ્ધાંત છે તેથી તે પ્રકરણ વેદના રહસ્યનું અર્થ પ્રદર્શક છે.

કલ્પીત પંથ વાળાએ યથોપદર્શીત વેદ રહસ્ય ઉપાસ્ય પરમ તત્વ જાણતા નથી. ગુણ મુર્તિયો તેજ ઉપાસ્ય પરમ તત્વ છે એમ જાણે છે તેથીજ તેઓ ગુણમુતિયો પૈકી એકને પોતાના ઉપાસ્યતત્વ માની તેની ઉપાસના કરે છે બીજા બેને પોતાના માનેલા ઉપાસ્ય તત્વથી અપકૃષ્ટ ઠરાવે છે.

જો મુર્તિ ત્રયાતીત અને મુર્તિ ત્રય કારણ ગુણ ત્રય સામ્ય અવસ્થા રૂપ મૂલપ્રકૃતિ વિશિષ્ટ મૂલ કારણ પરમ પુરૂષ

(मायांतु प्रकृतिंविद्यात् मायीनंतु महेश्वरम् तमीश्वराणां परमं महेश्वरम्—पुरुषोवैरुद्रस्तन्न महोनमोनमः—महान् प्रभुवै पुरुषं सत्वस्येषप्रवर्तकः) (पुरुषो नाम संपूर्णः शिवसत्यादि लक्षणः सांबमूर्तिधरोनान्यः)

ઇત્યાદિ શ્રુતિસ્મૃતિ પ્રતિપાદ્ય ઉપાસ્ય પરમ તત્વને કલ્પીત પંથધાળા જાણતા હત તો ગુણમુર્તિયોને એક બીજાથી નાના

મોટા ઠરાવાના જઘડામાં તેઓ પડત નહિ ને તેમ પડવા કારણ પણ નથી. પરંતુ વસ્તુ સ્થિતી તેથી ઉલટી જણાય છે કેમકે વૈષ્ણવ માત્રના મોટામાં મોટા ભાષ્યાદિ ગ્રંથો ગુણમુર્તિયો તથા અવતાર મુર્તિયો પૈકી પોતાના અભીમત મુર્તિનો ઉત્કર્ષ અને બીજાનો અપકર્ષ દર્શાવામાંજ રોકાયા છે એજ તેમના પરત્વની અજ્ઞાનતા દર્શાવે છે અમે તો ગુણ મુર્તિયોના ઉત્કર્ષ અપકર્ષ વાદમાં પ્રવૃતજ થયા નથી. તેથી અમારા પ્રત્યે ગુણ મુર્તિયોનો અંશાવતાર રૂદ્રોત્પત્તિ બાબતની શંકાજ ન લાવી શકાય કેમકે આજ ગુણ મુર્તિયો અનેક પ્રસંગે જગત વ્યાપાર નીર્વાહાર્થે અંશાવતાર લે છે અને અનેક પ્રકારનાં ઉચાવચ ચરિત્ર કરે છે તેથી અમારે કાંઇ હાની નથી ને વૃદ્ધિ નથી કેમકે મૂલ ગુણ મુર્તિયો તેજ સદાશિવથી ઉત્પન્ન થએલી છે તેથી કાર્ય છે ને તે કાર્યરૂપ ગુરૂ મુર્તિયોના આંશાવતાર રામકૃષ્ણાદિક અથવા નીલ લોહીત શૂલ પાણી આદિ રૂદ્ર મુર્તિયો ના ગમે તે ગુણ હોય હોય ત્યાં યથો પદર્શીત પરમ તત્વ સદાશિવના ઉપાસકોને કાંઇ હાની થવાની નથી. પણ પુરાણાદિકમાં કવચીત સ્થથે રૂદ્રની અપકર્ષતા પ્રતિપાદન કરેલ છે તે આદિ ગુણ મુર્તિ અંશાવતારરૂપ રૂદ્રને લાગુ છે. તે કાર્ય કારણના અભેદ દ્રષ્ટીથી છે તેમ સમજવું.

આજ કારણથી કેટલાંક કારણની મહત્તા દર્શાવવા માટે અત્ર સગ્રહ કરેલ છે. કેમકે કાર્યની મહત્તા એ કારણની મહત્તાને આધીન છે સ્વતંત્ર નથી. આ પ્રકારનો જયારે શાસ્ત્રનો સિદ્ધાંત છે ત્યારે ગુણ મુર્તિયોમાં ન્યુનાધીક વિષયની શંકા અમારી સામે લાવી શકાયજ નહી.

તથાપિ (तुष्यतु) એ ન્યાયથી ઉપસ્થિત થએલી શંકાનો પરિહાર કરીએ છીએ, એ શંકાનો પરિહાર કરવાનાં બીજાં પણ કારણ છે તે એ છે કે ઉપાસ્ય સદાશિવ તત્ત્વ વિષ્ણુ આદિકને પણ અગમ્ય છે તે સપ્રમાણ ઉપર દર્શાવેલ છે એવો

અતિ રહસ્ય તત્વ જાણવાને અશક્ત મંદાધિકારીયો ગુણ મુર્તિ અંતર ગત મહેશ મુર્તિ તેજ ઉપાસ્ય તત્વ છે એમ સમજે છે, ને તે સમજણ પ્રમાણે ઉપાસના કરે છે ત્યારે વૈષ્ણવો ગુણ મુર્તિ માંહેલા શ્રીવિષ્ણુભગવાનને સર્વોત્તમ ઠેરાવી ગુણ મુર્તિ શિવજીને વિષ્ણુજીના ભક્ત ઠેરાવે છે અને કેટલાક તો એટલેથી પણ ન અટકતાં અંશાવતાર મુર્તિ રામકૃષ્ણાદિકના ભક્ત શિવજીને ઠેરાવે છે તેથી શિવભકતોનાં હૃદય દુઃખાય છે અને કેટલાક તો વૈષ્ણવોનું કથન ખરૂ માને છે તેથી શિવ ઉપાસના પ્રત્યે અપ્રીતી દર્શાવે છે માટે શિવ ભકનોને ઉત્તેજન અને પ્રોત્સાહને માટે વૈષ્ણવોના કુતર્ક દુર્વાદનો પરિહાર કરવામાં આવે છે.

ત્યાં પ્રથમ પ્રકૃત વૈષ્ણવો ભાગવતને વેદ માને છે ને વેદનો વક્તા તેજ ભાગવતનો વક્તા છે તેથી ભાગવત વેદ રૂપજ છે એમ બતાવી ભાગવતના પ્રમાણથી શિવજીની અપકર્ષતાની શંકા ઉપસ્થિત કરેલી છે તો હવે એ ભાગવતનું સ્વરૂપ શું છે તેનું નીરૂપણ કરીએ છીએ.

ભાગવત એ નારજીના ઉપદેશથી વ્યાસે રચેલ છે એમ પ્રકૃત વૈષ્ણવો માને છે પણ વ્યાસ વેદના વક્તા નથી વેદ તો અપૌરૂષેય છે. વેદનોને ભાગવતનો એક વક્તા છે એ અસત્ય હેતુ છે અને વ્યાસજી એ ભાગવત સુત શૌનકાદિકનાસંવાદરૂપ કથા ગ્રંથરૂપે રચ્યું છે જુઓ श्रीमद्भागवत प्रथमस्कंध अ० २

व्यासउवाच.

इतिसं प्रष्नसंहृष्टो विप्राणां रौमहर्षणिः ।
प्रतिपूज्य वचस्तेषां प्रवक्तुमुपचक्रमे ॥ १ ॥

રોમ હર્ષનો પુત્ર સુત પુરાણિ જે તે શૌનકાદિ ગણની પ્રશંસા કરી પ્રત્યુત્તર આપવાનો ઉપક્રમ કરતા હવા આ વાકય-થી સુત પુરાણિને શૌનકાદિક રૂષિયોના સંવાદરૂપ ભગવત કથા થઇ રહ્યા પછી વ્યાસ ભગવાને તે કથાની ગ્રંથ રૂપે રચના

કરેલી છે જેમ યુદ્ધ પ્રસંગમાં શ્રીકૃષ્ણ અર્જુનના સંવાદ રૂપે ગીતાને પાછળથી શ્લોકરૂપે રચના કરી છે અને (प्रवक्तुमु पचक्रमे) આ વાકયથી અહીંથીજ ભાગવતનો આરંભ થવાનું જણાય છે અને એ ભાગવત કથા કહેવાનો ઉપક્રમ કરનાર સુત પુરાણિને ઉદ્દેશીને પ્રથમસ્કંધ અધ્યાય ૪ માં.

तत्सर्वं नः समाचक्ष्व प्रष्टो यदिह किंचन ।
मन्येत्वां विषयेवाचां स्नात मन्यत्र छांदसात् ॥१३॥

અર્થાત્ સુતપુરાણિ વેદવીનાં સર્વ વિદ્યામાં પારાંગત છે એટલે સુતપુરાણિને વેદનો અધિકાર નથી. તેમ સિદ્ધ થાય છે ત્યારે શ્રીમદ્ ભાગવત પાંચમો વેદ છે અગર વેદ સમાન તે વાત ભાગવતનાજ પ્રમાણથી રદ જાય છે અને વેદનો જેને અધિકાર નથી તેને વેદાર્થ જ્ઞાન હોયજ નહિ એટલે તે વેદનું ઉપવૃંહણ પણ કહેવાય નહિ સુતપુરાણિને વેદનો અધિકાર નથી એ વાત પદ્મપુરાણ સૃષ્ટિખંડ અધ્યાય ૧ માં લખ્યું છે.

नहिवेदेष्वधीकारः कश्चित् सुतस्य दृश्यते ।
पुराणेष्वधिकारोमे विहीतो ब्राह्मणैरिह ॥ २९॥

સુતપુરાણી નીજ મુખથી કહે છે કે સુતને વેદનો અધિકાર નથી. બ્રાહ્મણોએ પુરાણકથા કહેવા મને અધિકાર આપેલો છે આ વાકયથી પણ ભાગવત પાંચમા વેદ સમાન નથી. કેમકે સર્વ પુરાણ જેમ સુતે કહેલાં છે તેમ ભાગવત પણ સુતેજ કહેલું છે એટલે સર્વ પુરાણો કરતાં ભાગવતમાં કાંઈ અધિકતા નથી આતો ભાગવતને પુરાણ માનીને તેના પ્રમાણથી રદીયો આપ્યો છે પરંતુ કેટલાક તો ભાગવત બોપદેવનું કરેલ બનાવટી છે તેમ માને છે અને કેટલાકતો વેદ બાહ્ય સાત્વત તંત્ર છે એમ માને છે ગમે તેમ હો અમારે કાંઈ ભાગવત સાથે રાગદ્વેષ નથી પણ આ ભાગવત સંબંધે ઘણા સાધકબાધક લેખો

લખાએલ છે તેથી તે શંકીત છે એમ તો માનવુંજ પડશે. બીજું શ્રી દેવિ ભાગવત વૈષ્ણવ ભાગવતનું પ્રતિભટ્ટ થઈ સામું ઉભું છે તે પણ વૈષ્ણવ ભાગવતને માટે એક મોટી નડતર કેમકે તે બેમાં ખરૂં કયું એ પ્રષ્ન સદાકાલ માટે કાયમ રહેવાનો તેના નીષ્પક્ષપાત ખુલાસા થઇ શકે તેમ નથી. પરંતુ શ્રી ભગવતી ભાગવત માટે પુષ્ટિમાર્ગના પ્રખ્યાત શ્રીમાન જીવણાચાર્યજીએ લખાવેલા અન્યાય નિહાર ભાસ્કર નામના પુસ્તકના પુંઠા ઉપર કલમ ૯) (શાક્તરાજાના આશ્રયથી કાશીનાથ ભટ્ટે કાશીમાં ૧૬ મા સઇકામાં દેવિ ભાગવત કર્યું છે જેના અસલખરડા તેમના વંશજોના ઘરમાં હાલ મોજુદ છે) વિગેરે લખ્યું છે તે વાંચીને અમે તો ચકીતજ થઇ ગયા. ને મોટો વિચાર ઉત્પન થયો કે કલ્પીત પંથવાળાનાં તમામ પુસ્તકો આવી રીતથી અસત્યથી જ ભરેલાં હોવાં જોઇએ દેવિ ભાગવત બાબત ઉપર દર્શાવેલ લેખ તદ્દન ખોટો છે તેમ નીચે સાબીત થશે એ રીતે અસત્ય બોલવા તથા લખવા પ્રકૃત વૈષ્ણવો જરાય શરમાતા નથી. ને પ્રજાનો કે રાજાનો બીલકુલ ડર તે લોકો રાખતા નથી એમ તેમના દર્શાવેલા લેખથી જણાય છે.

આવા વર્તનનું શું કારણ હશે તેનો સુક્ષ્મ રીતે વિચાર કરતાં એમ જણાય છે કે પ્રકૃત રસલીલા અને રાશલીલામાં નિપુણ હોય છે એમ (પ્રવલકિંવદન્તિ) ચાલે છે તેઓનાં પુસ્તકો પણ તે વાતને ટેકો આપે છે અને રાજકીય મહાનુશાસન પણ થએલ છે એટલે હવે જે થવાનું હતું તે થઈ ગયું છે તો પછી હવે શરમાવાનું કશુ કારણ નથી.

શાસ્ત્રીય બાબત તેઓ જાણતા જ નથી. તો વિદ્વાનોમાં હાસ્ય થશે એવી પણ શંકા તેમને આવે નહી. તેમના સેવકો દારાગાર પુત્ર વિત્તાદિક પોતાના આત્મા સાથે અર્પણ કરે છે એટલે તે મને શેવકોનો ડર રાખવાનું કારણ નથી. અર્પણ તો ભગવાનને થાય છે તેમ કહે તો તે અમારે કબુલ છે પરંતુ

પ્રકૃત વૈષ્ણવો મુક્તિને તુછ માને છે અને સાધના વસ્થાને જ મુખ્ય માને છે મનુષ્ય શરીરથી ભગવત સ્વરૂપની નિરંતર સેવા કરવી ને તે સેવારૂપી આનંદમાં મગ્ન રહેવું તેનું નામ સાધનાવસ્થા કહેવાય છે હવે (कृष्णाधरामृतास्वाद सिद्धिरत्रनसंशयः) શ્રીકૃષ્ણ ભગવાનના અધરામૃતનું આસ્વાદન કરવું એજ એ મતમાં મોટામાંમોટી સિદ્ધિ છે તે મહત્ફલ પ્રાપ્ત કરવા માટે સાધના વસ્થામાં શ્રીકૃષ્ણ ભગવાનની સંનિધી રહેવું જોઈએ તો હાલ સાધના વસ્થાવાલાને ઉક્ત ફલ આપનાર શ્રીકૃષ્ણ ભગવાન કોણ છે ને કયાં છે.

તે પ્રજાને જાણ ખાતર પ્રકૃત વૈષ્ણવો ખુલાસા કરશે એમ અમે આશા રાખીએ છીએ.

શ્રીમાન્ જીવણાચાર્યજીએ દેવિ ભાગવત માટે જે લખાવ્યું છે તે ઉપરથી તેઓ સત્ય બોલવા લખવા લખાવા પ્રતિજ્ઞા લીધી હોય તેમ અનુમાન થાય છે ને આવી રીતનું ખોટું પુસ્તક બનાવી પ્રજામાં પ્રસાર કરી પ્રજાને છેતરવી તેનુંજ નામ કલ્પીત પંથ અમે કહીએ છીએ એવા કલ્પિત પંથવાળાની કપટજાલમાં ભારતવર્ષની અબુદ્ધ પ્રજા ફસાય છે કોઈએ આંખ ઉઘાડી જોતા નથી. એજ દેશને અધોગતીએ પહોચાડનાર છે ને એ કેળવાએલા સાક્ષર વર્ગો પણ દુરાગ્રહથી જાણ્યા છતાં પણ પુંછડુ છોડી શકતા નથી- હા. હંત હંત હંત.

શ્રીદેવિ ભાગવતના પદ્મપુરાણ પાતાલખંડ અધ્યાય ૧૦૪ માં શ્રી દેવી ભાગભતની પરિગણના કરેલી છે, જો કાશીનાથભટ્ટે સોળમા સૈકામાં દેવી ભાગવત બનાવેલ હોય તો પદ્મપુરાણમાં દેવી ભાગવતનું નામ શી રીતે આવે ?

પદ્મપુરાણ પાતાલખંડ ૧૦૪ અધ્યાયમાં સગુણ યોગ્ય પુરાણની ગણત્રી કરતાં.

ब्राह्मंपाद्मं वैष्णवंच मार्तंडं नारदेरितं मार्कंडेय मथा श्रेयं कौर्मं वामनमेवच ॥ ५१ ॥

गारुडं लैंग माख्यातं स्कादं मात्स्यं नृसिंहकम्
तथैवगदितंराम पुराणं कपिलं तथा ॥ ५२ ॥
वाराहं ब्रह्मवैवर्तं शकुनेषु प्रशस्यते ।
शैवं भागवतंदौर्गं भविष्योत्तरमेवच ॥ ५३ ॥

[1]ब्रह्म; [2]पद्मं, [3]वैष्णव, [4]आदीत्य, [5]नारदिय. [6]मार्कंडेय, [7]आग्नेय, [8]कौर्म, [9]वामन, [10]गरुड, [11]लैंग [12]स्कान्द, [13]मात्स्य, [14]नृसिंह, [15]कपिल, [16]वराह, [17]ब्रह्मवैवर्त, [18]शिव, [19]भगवती, भागवत, [20]भविष्योत्तर.

આટલાં પુરાણો શકુન પરિક્ષામાં ઉત્તમ છે એમ શ્રીરામચંદ્ર પ્રત્યે શંભુજીનું વચન છે, તેમાં (दौर्गंभागवतम) એટલે દેવિ ભાગવત તેમજ ભવિષ્ય પુરાણુ પ્રકરણુ ત્રીજું અધ્યાય ૨

(देवि भागवतेशास्त्रे प्रासिद्धेयं कथाद्विज)

એ વાકયમાં દેવી ભાગવત શાસ્ત્રમાં એ કથા પ્રસિદ્ધ છે એમ સુત પુરાણિનું કહેવું છે એટલે પદ્મપુરાણુ અને ભવિષ્ય પુરાણુની પેહેલાં દેવિ ભાગવત હતું. એમ સ્પષ્ટ સિદ્ધ થાય છે અને એ બંન્ને પુરાણુ વ્યાસ કૃત મહા પુરાણુ છે એમાં કોઈનો વીવાદ નથી આ પ્રમાણે એ મહા પુરાણોના વિવાદથી એ બન્ને મહા પુરાણોના પેહેલાં એ દેવિ ભાગવત હસ્ત ધરાવે છે તો સોળમા સૈકામાં તે બનાવેલ છે તેમ લખવું એ કેવો ભયંકર ગુન્હો છે તેનો વિચાર લખનારે તથા લખાવનારે કર્યો હોય એમ જણાતું નથી આ પ્રકારે ખોટા પુરાવા ઊભા કરી પોતાનો મત ખરો છે એમ બતાવનારા પ્રતારકો શાસનને પાત્ર થાય કે નહીં તે નિષ્પક્ષપાતિ સાક્ષર વર્ગ સમજી લેશે.

આ સ્થળમાં પ્રકૃત વૈષ્ણુવો એમ કહેશે કે જેમ ભગવતિ ભાગવતનું નામ પદ્મપુરાણુમાં છે તેમ અમારા ભાગવતનું પણુ નામ ને માહાત્મ્ય પદ્મપુરાણુમાં છે જુવો પદ્મપુરાણુ ઉતર ખંડ અધ્યાય (૨૩૬)

वैष्णवंनारदीयंच तथा भागवतं शुभं ॥

गगरुडंच तथा पाद्मं वाराहं शुभदर्शने ॥ १९ ॥

આ વાકયમાં શ્રી ભાગવતનું પણુ નામ આવે છે તે ખરૂં છે કે પદ્મપુરાણુમાં દેવી ભાગવત શિવાય બીજું પણુ એક ભાગવતનું નામ આવે છે અને તેનું માહાત્મ્ય પણુ આવે છે તેથી વૈષ્ણુવોને કાંઇ લાભ થવાનો નથી ઉલટો વિરોધ થશે કેમકે શ્રી ભાગવતમાં

" इतिहास पुराणानाम् पितामेरोमहर्षण: "

" इति भारत माख्यानाम् कृपया मुनिनाकृतं "

" सर्वात्मनापि यदानतुष्णत ध्दृतयं ततः "

ઇત્યાદિ વાકયોથી સમસ્ત ઇતિહાસપુરાણુ ભારત વિગેરેની રચના કર્યા છતાં પણુ વ્યાસજીનું મન સંતુષ્ટ ન થયું ત્યારે નારદજીના ઊપદેશથી આ પ્રકૃત ભાગવત રચાએલ છે એમ સિદ્ધ થાય છે ત્યારે ભાગવતના જન્મ પેહેલાંના પદ્મપુરાણુમાં ભાગવતનુ નામને માહાત્મ્ય શી રીતે આવે; વળી

" अष्टादशपुराणानि कृत्वासत्यवतिसुतः

भारताख्यान मखिलं चक्रे तदुप ब्रंहणं "

અઢાર પુરાણુ કર્યા પછી તે પુરાણુના ઊપવૃહનરૂપ ભારતની રચના થઇ છે એ આ મત્સ્ય પુરાણુના વાકયમાં અતિ સ્પષ્ટ બતાવે છે અને ભારતની રચના થયા પછી શ્રીમદ્ભાગવત થયું છે તેતો ભાગવતનાજ પ્રમાણુથી સિદ્ધ કરી બતાવ્યું છે એટલે અઢાર પુરાણુ અને ભારતની રચના થયા પછી ભાગવત થયું છે

એમ માનવુંજ પડશે. એટલે ભાગવતની પેહેલાં પદ્મપુરાણમાં ભાગવતનું નામ કે માહાત્મ્ય આવી શકે નહી એ સ્પષ્ટજ છે ત્યારે પદ્મપુરાણ ઊત્તર ખંડનાં વાકયો ક્ષેપક છે એમ બળાત્કારે કબુલ ઠરવુંજ પડશે.

પદ્મપુરાણ ઉતરખંડ બનાવટી છે એમ કાશ્યાદિક્ષેત્રના સર્વ શાસ્ત્ર પારાંગત વિદ્વાનોનો અભિપ્રાય છે અમારા મતે ઉત્તરખંડ બધો બનાવટી નથી પરંતુ ઉત્તરખંડ વૈષ્ણવોની માલમસાલા ભરવાની પેટી છે જે જે નવા નવા વૈષ્ણવો થતા જાય તેઓ પોતપોતાના માલમસાલો ઉત્તરખંડમાં ઘુસાતા ગયા છે એમ ઉત્તરખંડ વાંચતાં જણાઇ આવશે અને ભરાયેલો કચરો કાઢી નાંખી સ્વચ્છ કરવું હોય તો તે થઇ શકે એમ છે કેમકે ક્ષેપક વાકયોનો આશય જુદો પડે છે અને પૂર્વોતર વિરોધ અને અસંબદ્ધ પ્રતાપ માલૂમ પડી આવે છે અને જુદા જુદા મત ઘુસેડયા છે એટલે પુર્વાપર વિરોધ થાય તેમાં નવાઇ જેવું નથી.

પૂર્વોતર વિરોધ દર્શાવિએ છીએ પદ્મપુરાણ પાતાલખંડ અ૦ ૧૧૪ માં, પુરાણ શ્રવણનું અનુક્રમ બતાવેલ છે ત્યાં

गौतमउवाच.

" सर्वं रुचि पुराणंमे वक्तव्यं किं हितं वद "॥४८९॥
" श्रुतेयस्मिन् भिदानैव जायते तुहरिशयोः "

पौराणिकउवाच.

कर्मोक्तं यत्पुराणं तद्देवयो रभिदाभिधम् ॥ ४८० ॥
श्रुणातियस्तत् प्रथमं तस्य पापंविनष्यति ॥ ४९१ ॥

પૌરાણિક પુરાણ શ્રવણ કરનાર ગૌતમ નામના બ્રાહ્મણને પુછયું કે તમારે કયાં પુરાણ સાંભળવાની ઇચ્છા છે ત્યારે ગૌતમ કહે છે કે બધાં પુરાણો અમને પ્રિય છે પણ જે પુરાણ સાંભ-

ળવાથી શિવને વિષ્ણુમાં ભેદ વૃદ્ધિ ન થાય એ પુરાણ અમને સંભળાવો ત્યારે પૌરાણિક કહે છે કે કુર્મ ભગવાને કહેલું જે પુરાણ તે શિવ વિષ્ણુનો અભેદ બોધ કરે છે માટે તે કુર્મ પુરાણ પ્રથમ જે શ્રવણ કરે તેનાં પાપ માત્ર નાશ થાય આ પ્રકારે પુરાણ શ્રવણનો ઉપક્રમ કરી પાતાલખંડના ૧૧૫ મા અધ્યાયમાં પુરાણ પ્રારંભ કરીને કહે છે.

कौर्मं पुराणं प्रथमं श्रुतवा नितिनः श्रुतं ॥
दत्तवान सोर्ण मधिकं वस्त्राणिच शुंभानिच" ॥५५॥
" अथलैंगंच सुश्राव वैषणवं वामनं तथा ॥
पाद्मंच गारुडं चैवसौरं ब्राह्ममथैवच " ५७ ॥
" एवं मष्टस, शुश्रावपुराणानी सगौतमः ॥
अथरामायणं चैवकौर्ममेव पुनश्चसः " ॥ ५८ ॥

પુરાણ શ્રોતા ગૌતમે પ્રથમ કુર્મપુરાણ શ્રવણ કર્યું એમ સાંભળ્યું છે અને કુર્મ પુરાણની સમાપ્તીમાં પુરાણિકને પુશ્કલ ધન અલે કીમતી વસ્ત્ર આપ્યાં ત્યારપછી લૈંગ પુરાણનું શ્રવણ કર્યું પછી વૈષ્ણને વામન પુરાણનું શ્રવણ કર્યું ત્યારપછી પદ્મ[1] પુરાણ, ગુરૂડ[2] પુરાણ, સૂર્ય[3] પુરાણ, ને બ્રહ્મપુરાણ એ પ્રકારે આઠ પુરાણ તે ગૌતમ નામના બ્રાહ્મણે શ્રવણ કર્યાં ત્યારપછી રામાયણનું શ્રવણ કર્યું અને ફરીથી કુર્મપુરાણનું શ્રવણ કર્યું.

આ સ્થળમાં કુર્મ પુરાણ એ વૈકુંઠેશ્વર કૈલાશેશ્વર એ બેનું અભેદ બોધક છે તેથી કુર્મ પુરાણને સર્વ પુરાણથી શ્રેષ્ટતા આપી આદ્યન્તમાં બેવાર શ્રવણ કર્યું તેથી કુર્મ પુરાણનું માહાત્મ્ય સર્વ પુરાણથી અધિક છે એમ દર્શાવ્યું. તેમજ લૈંગ પુરાણ એ પણ પુરાણ શ્રવણમાં મુખ્ય છે એમ સ્પષ્ટ જણાવેલું છે ઉપર દર્શાવેલા શકુન પરિક્ષામાં પણ લૈંગ કૌર્મ અને સ્કંદ વિગેરે પુરાણોનું માહાત્મ્ય દર્શાવ્યું છે એટલે શકુન પરિક્ષામાં

દર્શાવેલા ૨૦ પુરાણ તેમ પુરાણ શ્રવણ પ્રકરણમાં દર્શાવેલાં ૮ મળી ૨૮ પુરાણમાં શ્રી ભાગવતનું નામ નથી અને ઉત્તરખંડ શીવાય પદ્મપુરાણના છ ખંડમાં કોઇ સ્થળે ભાગવતનું નામ હું ભુલતો ન હોઉં તો જણાતું નથી મતલબ એટલીં જ છે કે લૈંગ; કૌર્મ, સ્કાંદ, વિગેરે પુરાણો સર્વોત્તમ છે તેને શ્રોતાઓએ વિધિવત શ્રવણ કરવુંજ જોઈએ એમ પાતાલખંડમાં બે ચાર સ્થળે દર્શાવેલ છે ને બે સ્થળ ઉપર દર્શાવ્યાં છે ત્યારે પદ્મપુરાણ ઉત્તરખંડના અધ્યાય. (૨૩૬)

" मात्स्यंकूर्मं तथालैंगं शैवंस्काधं तथैवच ॥
आग्नेयंच षडेतानिताम सानिंनिबोधने " १८ ॥
" तथैवतामसादे विनिरेप्राप्ति हेतवः ॥
यस्यश्रवण मात्रेण पातित्यं ज्ञानिनामपि " ॥

મત્સ્ય, કૌર્મ, લૈંગ, શૈવ, સ્કંદ અને અગ્નિય, એ છો પુરાણ તામસ છે અને તામસ પુરાણનું શ્રવણ નર્ક પ્રાપ્તિનો હેતુ છે જેના શ્રવણ માત્રથી જ્ઞાની હોય તે પણ પતિત થાય વિગેરે વાકયો ઊત્તર ખંડમાં દર્શાવેલા સ્થલમાં દેખાય છે અને પાતાલ ખંડમાં તેજ પુરાણોને મોક્ષ પ્રગત્વ પરમ સાત્વિ કત્વ દર્શાવ્યાં છે તેમ મોક્ષાભિલશી ગૌતમ બ્રાહ્મણે કૌર્માદિ પુરાણનુ મોક્ષાર્થે શ્રવણ કર્યાનુ પ્રકરણ સહિત ઉપર બતાવ્યું છે એટલે ઊત્તર ખંડમાં દર્શાવેલાં વાકય પાતાલ ખંડમાં પ્રકરણ સહિત દેખાડેલાં વાકયોથી વિરૂદ્ધાર્થ કહે છે તેથી એ પ્રકરણ કોઈ અબુધ્ધે આગળ પાછળનો સંબંધ તપાસ્યા વિના શિવ માહાત્મ્ય સહન ન થવાથી શિવ મહાત્મ્ય પ્રતિપાદક પુરાણોને નરક પ્રાપ્તી કરનાર છે તામસ છે જેનું શ્રવણ કરવાથી જ્ઞાનિઓ પણ પતિત થાય વિગેરે અસંબધ પ્રલાપ કર્યો તેથી તે ક્ષેપક છે એમ માન્યાવિના બીજી રીતે તેનો બચાવ થઈ શકે એમ નથી.

વળી અન્યાય નિહાર ભાસ્કરમાં પદ્મપુરાણના ઉત્તર ખંડમાં ૩૦ માં અધ્યાયના નામથી શિવ નિન્દા વાચક કેટલાંક વાકયો લખ્યાં છે પણ ઉત્તરખંડના ૩૦ માં આધ્યાયમાં તપાસ કરતાં તે વાકયો જડતાં નથી તો પછી તેનો કાંઇ પણ પરિહાર કરવાનું કારણ રેતુ નથી એતો જેમ દેવિ ભાગવત કાશીનાથ ભટ્ટે બનાવ્યાનું ગપ ઠોકી પાડયું તેમજ શિવોત્કર્ષ સહન ન થવાથી અને શિવ દ્વેશાગ્નિના ધુમથી વિવેક વિજ્ઞાન આચ્છાદન થઇ જવાથી પ્રકૃત વૈષ્ણવના પૂર્વજો પોતાના કેટલાંક પુસ્તકકોમાં પદ્મપુરાણુના નામથી પ્રજાને છેતરવા સારૂ બનાવટી વાકયો લખ્યાં હશે અને તેખરાં માનીને તેના અનુયાયિઓ ઉત્તરોત્તર તેના ઊતારા લેતા આવતા હશે પણ હાલમાં પદ્મરાણ છપાયાં છે તેનો લક્ષ નહી રહ્યા હોય એમ જણાય છે અસ્તુ

પ્રકૃત વૈષ્ણવોએ પ્રવર્તાવેલા ભિન્ન ભિન્ન વૈષ્ણવ મતના આચાર ઉપાસના વિધી, મંત્ર, ઉપાસ્ય દેવ, પંચ સંસ્કાર, પ્રસાદ ભક્ષણ, મહિમા તુળશી, માળા, નો મહીમા વિગેરે વૈષ્ણવાચાર્યોની ખાણ એ પદ્મપુરાણનો ઉત્તર ખંડ છે પ્રકૃત વૈષ્ણવને પણ કંઠી, તીલક, મુદ્રા, અન્યય ભક્તિ, પ્રસાદ ભક્ષણ, એ વિગેરે કેટલાક સ્વમતના આચાર ઉત્તર ખંડમાંજ છે અર્થાત વૈષ્ણવ માત્રના પ્રાણ સંચારની નાડી રૂપ એ ઉત્તર ખંડ છે બલકે આખું પદ્મપુરાણ એ વૈષ્ણવોનું પ્રાણ નાડી રૂપ છે અને પદ્મપુરાણને કોઇ પ્રકારે આંચ આવે તો વૈષ્ણુ સંપ્રદાય માત્રની ઉદક ક્રિયા થૈ જાય એવા વૈષ્ણવ સંપ્રદાયના આધાર ભૂત પદ્મપુરાણનો પંચમ પુરૂષાર્થવાદી રસલીલા પ્રયોગ સૂતક કાઢી બેઠા કેમકે દેવિ ભાગવત સોળમા સૈકામાં કાશીનાથ ભટ્ટે બનાવેલું છે તેના અસલ ખરડા તેમના વંશજોમાં મોજુદ છે એમ નિઃસંદેહ લખ્યું છે અને સોળમા સૈકામાં થએલું દેવિ ભાગવત પદ્મપુરાણમાં છે એટલે પદ્મપુરાણ સોળમા સૈકા પછે થયું છે એમ કબુલ કર્યા વિના જીવન આચાર્યજીને છુટકો નથી એટલે વૈષ્ણવ સંપ્રદાય

રૂપિ મહા મોટી હવેલી કરરરરભુઃ એમ ભુમી હોસ્ત થંઇ ગઇ હરહર શિવશિવ.

આ પ્રકારે પ્રસક્તાનું પ્રસકત વિષયની સમાપ્તિ કરી પ્રકૃત રૂદ્રની ઊત્પત્તી સંબંધીનો વિચાર કરીએ છીએ.

રૂદ્રનિ ઊંત્પત્તી જેમ મનુષ્ય વિર્યનો પ્રવેશ ગર્ભવાસાદિ દ્વારા રામ કૃષ્ણાદિકની ઊત્પતી છે, તે પ્રકારની નથી, કીંતુ બ્રહ્માજીએ અવિમૂકતોપાસના સ્થાનભૂત પોતાના બ્રહ્મરંધ્રમાં પોતાના પરમ ઊપાસ્ય શિવ પર બ્રહ્મની નિરંતર ઊપાસના કરી એ પ્રકારની ઊપાસના પરિપાક જનિત ઊપાસ્ય સક્ષાત્કાર દશામાં ગુણ મૂર્ત્તિ શિવજી પોતે આપેલા વરદાન પરિપાલન કરવા પોતાના અંશ રૂપે બ્રહ્માજીના લલાટમાંથી પ્રાદુર્ભાવ થયા છે તે પણ ભ્રગુઆદિકના શાપ રૂપ કર્મ વશથી વિષ્ણુ ભગવાનને જેમ મનુષ્ય અવતાર લેવો પડયો તેવો કર્મ પરવશતાથી શિવજીનો પ્રાદુર્ભાવ નથી તેમજ બ્રહ્માજીની નાસિકામાંથી વારાહ અવતાર થયો છે તેવો પણ નથી તેમજ વિષ્ણુ ભગવાનના ગર્ભાશય સ્થાન નાભિ કમલમાંથી બ્રહ્માજીની ઊત્પત્તિ છે એમ પણ શિવજીનો પ્રાદુર્ભાવ નથી શિવજીનો પ્રાદુર્ભાવ તો સર્વથી ઊત્તમ અને પવિત્ર બ્રહ્મ રંધ્ર સ્થાનમાંથી બ્રહ્મોપાસનાનું ફળ ઊપાસ્ય દેવનું સાક્ષાતકાર રૂપ દર્શન આપવા સારૂ અને પૂર્વમાં આપેલા વરદાનનું પણ પાલન કરવા સારૂં છે.

સ્ત્રીજાતી માત્રનો ગર્ભાશય નાભી કમલ છે તેથી વિષ્ણુભગવાનનુ નાભિકમળનું ગર્ભાશય વિશેશણ આપેલું છે અને વિષ્ણુભગવાન શિવજીનાં પત્નિરૂપ છે તે વાત પદ્મપુરાણના પ્રમાણથી ઉપર દર્શાવેલ છે બ્રહ્માજી એ શિવજીનો પુત્ર છે તે શિવપુરાણ અને શ્વેતા શ્વતર ઉપનિષદના પ્રમાણથી ઉપર દર્શાવ્યું છે માટે અત્ર પુનરૂક્તિ કરવાની જરૂર નથી.

શિવજીએ બ્રહ્માજીને વરદાન આપ્યું છે એ વાતનું પ્રમાણ આ પ્રમાણે છે.

" अनादिनिधनोदेव श्चैतन्यादि समन्वितः
ज्ञानानिच वशे यस्य तारका ‧ न्य शेषतः
आणिमा ‧ गुणोपेत मैश्वर्यं नचकृत्रिमं
सृष्ट्यर्थं ब्रह्मणः पुत्रो ललाटादुत्थितः प्रभुः
सहिपूर्वार्धके राजँ स्तोषित स्तपसाविधेः
ललाटादनियो ज्योऽपि पुत्रत्वेन प्रकल्पितः
अहश्च भवतो वक्रात् कल्पांते घोररुप घृक्
शूलपाणि र्भविष्यामि क्रोधजस्तव पुत्रकः
निर्दिष्टः परमेशेन महेशो नील लोहितः
पुत्रोभुत्वाऽनुगृह्णाति ब्रह्माणं ब्रह्मणोऽनुजः
तस्यहृत्कमलस्थस्य नियोगादंश जोविभुः
ललाटं तस्यानिर्भिद्य प्रादुरासीन्महेश्वरः "

આદઅંત જેનો નથી ચીદાનંદાદિ ગુણે કરીને યુક્ત જ્ઞાનાદિક અષ્ટ પ્રકારનું ઐશ્વર્ય જેને વશ છે અને અણીમાદી અષ્ટ મહાસિધીએ કરીને યુક્ત અને જેનું ઐશ્વર્ય કત્રીમ નથી. એવા દેવ જે તે સૃષ્ટિને અર્થે બ્રહ્માના પુત્રરૂપે પૂર્વે દર્શાવેલા બ્રહ્મરંધ્ર લલાટમાંથી પ્રગટ થયા તે દેવ જે તે બ્રહ્માના પૂર્વ પરાર્ધ કાલમાં બ્રહ્માના તપથી પ્રસન્ન થવાથી પોતે અનીયોજ્ય છે એટલે કોઇની આજ્ઞાને વશવર્તી નહી છતાં પણ ભક્ત વાત્સલ્યથી બ્રહ્માના લલાટથી પુત્ર રૂપે પ્રગટ થયા તેમ થવા માટે બ્રહ્માને સૃષ્ટિ કરવાની આજ્ઞા આપી ત્યારે વરદાન આપ્યું છે કે હું પણ સૃષ્ટયાદિ કાલમાં તમારા લલાટમાંથી શુલ પાણી ઘોરરૂપે તમારા ક્રોધથી પુત્રરૂપે પ્રાદુર્ભાવ થઈશ એ વરદાન સફલ કરવા માટે પરમેશ જે આદિગુણમુર્તિ નીલ લોહીત નામ રૂદ્ર

બ્રહ્માના પુત્રરૂપે લલાટમાંથી પ્રાદુર્ભાવ થવા આજ્ઞા આપી એ કારણથી બ્રહ્મના પુત્રરૂપે થઇને બ્રહ્માનો અનુગ્રહ કરે છે તે બ્રહ્માના હૃદયકમલમાં બીરાજેલા સદાશિવ ભક્તિની પ્રેરણાથી ગુણમુર્તિના અંશરૂદ્ર જે તે બ્રહ્માના લલાટને ભેદીને પ્રાદુર્ભાવ થયા છે ઈત્યાદિ વાક્યોથી સ્વેછાથીજ બ્રહ્માના લલાટ દેશથી પ્રાદુર્ભાવ છે પણ ઉપર દર્શાવ્યા પ્રમાણે કર્મ પર વશથી નથી.

આ ઉપર દર્શાવેલાં વાક્યો મહાભારતને કુર્મ પુરાણના નામથી પૂજ્યપાદ બ્રહ્માભૂત પૂર્વાચાર્યે શ્રીદંડીમત ભેદીનીમાં લખેલ છે ત્યાંથી લીધાં છે.

હવે ઉપર દર્શાવ્યા પ્રમાણેનો પ્રાદુર્ભાવનો જનનરૂપ દોષ વૈષ્ણવો ઉદ્ઘાટન કરશે તો તે દોષ વિષ્ણુભગવાનનોજ ઉદ્ઘાટન કરે છે તેમ સમજવું એટલુંજ નહીં પણ રામકૃષ્ણાદિ અવતારમાં ભય શોક મોહ અને કપટથી શત્રુવધ અને મનુષ્ય વીર્યાનું પ્રવેશ અને યોનિદ્વારા પ્રાગટ્ય અવતાર પ્રકરણમાં વર્ણવેલ છે તે બીજા પાસે ઉદ્ઘાટન વૈષ્ણવો કરાવે છે.

इतिशिवम्   इत्यलमतिप्रसंगेन ।

ઇતિશ્રી શિવભકિત કલ્પલતાયામ્ શિવોત્કર્ષ વર્ણનં નામ પ્રથમ પ્રકરણં સમાપ્તં

शैवदीक्षा प्रक ण. (२)

પદ્મપુરાણ પાતાલખંડ ૧૦૫.

આ પાંચમા અધ્યાયમાં દધીચી ૠષિએ દેવતાઓની પ્રત્યે ભસ્મનું અચીંત્ય મહાત્મ્ય વર્ણવેલું છે તે પ્રસંગમાં વિષ્ણુભગવાનને સદાશિવજીએ શૈવ દીક્ષા આપેલી છે તે અત્ર દર્શાવીએ છીએ.

विष्णु भगवान शैव दीक्षा दिक्षात बाबतनुं प्रमाण प्रदर्शन.

सदाशिवउवाच.

तवज्ञानं प्रदास्यामि कुरुस्नानं च वारुणम्
भ॰॰स्नानं ततः पश्चात् ततोज्ञानं ददामिते॥२००॥

વિષ્ણુભગવાને સૃષ્ટિ કરવાની ઈચ્છા કરી પરંતુ સૃષ્ટિ કરવા શક્તિવાન ન થયા ત્યારે ઉંચે સ્વરે રૂદન કર્યું એટલે ભગવાન સદાશિવજી વિષ્ણુભગવાનની સન્મુખ પ્રાદુર્ભાવ થયો તો પણ વિષ્ણુભગવાન સદાશિવજીનું સ્વરૂપ જાણી શકયા નહી. ત્યારે સદાશિવજીએ પોતાનું સ્વરૂપ જ્ઞાન વિષ્ણુભગવાનને કરાવવા સારૂ શૈવ દીક્ષા આપવા આજ્ઞા કરી તે પ્રસંગનો ઉપર દર્શાવેલો (૨૦૦) શ્લોક છે–સદાશિવે વિષ્ણુભગવાનને આજ્ઞા કરી કે મારૂં સ્વરૂપ જાણવા માટે તમોને (વિષ્ણુભગવાનને) જ્ઞાન એટલે શૈવ દીક્ષા આપશું માટે તમે પ્રથમ જલવડે સ્નાન કરી પછી ભસ્મ સ્નાન કરો ત્યાર પછી તમોને જ્ઞાન આપશું (જ્ઞાન આપવું) તેનું નામ દીક્ષા આપશું તેમ થાય છે કેમકે.

दीयते ज्ञान मत्यन्तं क्षीयते पा॰ संचयम् ।
तस्मात् दीक्षेति संप्रोक्ता मुनि भिस्तत्वदर्शिभिः ॥

અર્થાત્ અત્યુતમ જ્ઞાન આપે અને પાપ માત્રનો ક્ષય કરાવે તેનું નામ દીક્ષા છે આ પ્રકારનું દીક્ષાનીર્વચન છે.

એ પ્રકારે સદાશિવજીની આજ્ઞા શ્રવણ કરીને શ્રીભગવાને સ્નાનવીધી કરી ત્યાર પછી દીક્ષા આપવામાં ભુત શુદ્ધિનું પ્રકરણ

છે ત્યાં ગુરૂનું કર્તવ્ય છે તે દર્શાવે છે.

अथदेवः शिवो विष्णुं भालाक्षेण व्यलोकयत् ॥२०३॥
विलीनसूक्ष्मा वयवं वामाक्षेण व्यलोकयत् ।
ततः सूक्ष्म तनुं विष्णुः शीतदेहश्च शंभुना ।

સદાશિવજી વિષ્ણુભગવાન પ્રત્યે લલાટમાંના ત્રીજા અગ્નિ નેત્રવડે કરીને અવલોકન કર્યું તેથી વિષ્ણુભગવાનના સર્વાંગ સ્થૂલ અવયવ લય થઇ અતિ સૂક્ષ્મ વિગ્રહ થયો ત્યારે ચંદ્રસ્વરૂપ ડાબા નેત્રથી વિષ્ણુભગવાન સામે અવલોકન કર્યું ત્યારે અતિ સૂક્ષ્મ વિષ્ણુનું શરીર શીત થયું ભાવાર્થ એવો છે કે ભુત શુદ્ધિ પ્રકરણમાં ગુરૂએ શિષ્યનો સ્થુલ દેહ અગ્નિ તત્વમાં લય થયો છે એમ ભાવના કરી પછી અમૃતમય જલતત્વથી એ શિષ્યના શરીરની સંજીવન વીધી કર્યા પછી ફરીથી કેટલીક વીધી કરી પછીથી દીક્ષા આપવાની છે તે શ્લોક-૨૦૪-થી-૨૭૦ સુધીમાં લખેલી છે ત્યાર પછીની વીધી.

स्ववक्ष स्थितभस्मैकं नखे नादाय शंकरः
प्रणवेनाभि मंत्र्याथ गायत्र्या ब्रह्म भूतया ॥२१८॥
अंगुलीभ्यामु पादाय शिव पंचाक्षरेणवै ।
हरि मस्तक गात्रेषु सर्वेष्वपि समाक्षिपत् ॥२१९॥
शांत द्रष्ट्या निरीक्ष्याथ जीवेत्याह हरिंहरः ।
ध्यायस्वकिंतें हृदये सचध्यान परोऽभवत् ॥२२०॥
अपश्यत् धृतये दीपं दीर्घा कार मति प्रभम् ।
हरिराह शिवं साक्षात् दीपो द्रष्टोमयेति च ॥२२१॥

સદાશિવજીએ પોતાના વક્ષ સ્થલમાં સ્થીત ભસ્મ એક નખથી લઇ પ્રણુવને બ્રહ્મ ગાયત્રી મંત્રથી અભિમંત્રણુ કરી અને

એ અંગુલીમાં લઇ શ્રીવિષ્ણુભગવાનના મસ્તક ઉપર અને ગાત્રોમાં પંચાક્ષરવડે પ્રક્ષેપણ કરી શાંત કૃપાદ્રષ્ટીથી ભગવાનને જોઇને શ્રી સદાશિવજી કહે છે કે જીવતા રહો આશીરવાદ આપી આજ્ઞા કરી કે હૃદયમાં ધ્યાન કરો ત્યારે વિષ્ણુભગવાન ધ્યાનનીષ્ટ થયા. પોતાના હૃદયમાં દીર્ઘાકાર અતિ તેજસ્વી દિપનો ભાસ થયો. વિષ્ણુભગવાન કહે છે કે મને સાક્ષાતકાર તેજોમય દીપનું દર્શન થયું.

એટલું થતાં પણ સદાશિવનું તેજોમંડલનું દર્શન થયાં પરંતુ સ્વરૂપ દર્શન થયાં નહિ ત્યારે સદાશિવજીએ આજ્ઞા કરી કે (शिवप्राह नतेज्ञानं परिपक्वत्वमथोहरेः भस्म भक्षयते ज्ञानं समग्रं संभविष्यति) હે હરે હજુ પણ તમારૂં જ્ઞાન પરિપકવ થયું નથી. માટે ભસ્મનું તમો ભક્ષણ કરો ત્યારેજ તમોને સંપૂર્ણ જ્ઞાન થશે એ પ્રકારે આજ્ઞા થવાથી વિષ્ણુભગવાને પ્રથમ ભસ્મનું સ્નાન કરી ભસ્મનું ભક્ષણ કર્યું ત્યારે અતીવ આશ્ચર્યકારક પકવ બીંબ ફલ સમાન પોતાની કાંતિ બદલાઈ જઈ ને મુક્તા ફલ સમાન વર્ણ થઇ જતો હવો વગેરે કથા શ્લોક ૨૨૦–થી ૨૨૫–પર્યંત છે.

વિષ્ણુભગવાન આ પ્રકારે ભસ્મ ભક્ષણ વીધી કરીને (पुर्नध्यानपरो भूत्वादीपम ध्येच्च पूरुषं) ૨૨૫.

शुद्धस्फटिक संकाशं त्रिनेत्रं द्विभुजं शिवं ।
वरदं दक्षिणे हस्ते वामेचा भयदं विभुम् ॥२२६॥
पंचवर्षीय वपुषं शरश्च द्रायुत द्युर्तीम् ।
माणिक्य कुंडलेहेम दामजाल विभुषितम् ॥२२७॥
इत्यादि.

વિષ્ણુભગવાન ફરીથી ધ્યાન નીષ્ટ થયા ત્યારે પૂર્વે દીઠેલા દીપનીશીખા મધ્યમાં શુદ્ધ સ્ફટીક સમાન વર્ણ ત્રીનેત્ર બે ભુજાવાલા ને દક્ષિણ હાથે વર આપનાર અને વામ હસ્તથી અભય આપનાર શરદ ચંદની સમાન કાંતિવાલા પાંચ વર્ષનું છે સ્વરૂપ

જેનું એવા અને માણીકય મણિના કુંડલાદિક આભુષણથી ભુશીત એવા પરમપુરૂષ સદાશિવનાં દર્શન થયાં અમે આગલ ૨૩૩-શ્લોક સાથે સંબંધ એવા પરમપુરૂષ સદાશિવજીનાં દર્શન થયાં ત્યારે

हरिउवाच.

नशक्तिं भस्मनो जाने प्रभावं वाकुतस्तव ।
नमस्तेस्तु नमस्तेस्तु त्वामहं शरणं गतः ॥

ઈત્યાદિ સંક્ષેપઃ

શ્રીવિષ્ણુ કહે છે કે ભસ્મની શક્તિ તો હું જાણતો નથી અને તમારો પ્રભાવ તો કયાંથીજ જાણું માટે હે ભગવાન તમને વારંવાર નમસ્કાર છે ને તમારોજ હું શરણ છું.

દર્શાવેલા પદ્મપુરાણના શૈવદીક્ષા પ્રકરણમાં વિષ્ણુ ભગવાનને વારંવાર ભસ્મ સ્નાન કરાવ્યા છતાં પણ પરમ પુરૂષ સદાશિવના તેજોબીંબનાંજ દર્શન થયાં પણ ૨૨૯ શ્લોકથી વર્ણવેલા પરમ પુરૂષ સદાશિવજીના સ્વરૂપનાં દર્શન થયાં નહિ ત્યારે વિષ્ણુ ભગવાનને ભસ્મનું ભક્ષણ કરાવ્યું ત્યારેજ પરીપૂર્ણ જ્ઞાન થઇ ભગવાન સદાશિવનાં દર્શન થયાં એમ વિસ્પષ્ટ ને વિપર્યાસ રહિત દર્શાવેલ છે.

તો હવે શૈવ દીક્ષાવાલા રૂદ્રાક્ષ ત્રિપુંડધારીમાંજ અસ્પૃશ્યત્વ છે તેમ લખનાર ભટ્ટજી તથા તે વાકયને આધારે ભારત વર્ષની સમસ્ત સ્માર્તિ પ્રજા અસ્પૃશ્ય હોવાનું જાહેર વર્તમાનદ્વારા પ્રજામાં પ્રસિદ્ધ કરનાર પુષ્ટિ ભક્તિ સુધાનો લેખક ને તંત્રી અને તેને અનુમોદન આપનાર પુષ્ટિ માર્ગીયો ? એ કયા પ્રકારના જીવો છે તે બાબત વિચાર કરતાં એ ઇશ્વર સૃષ્ટિના જીવો છે એમતો કહેવું સંભવતું નથી. કેમકે ઈશ્વર સૃષ્ટિમાં પ્રથમ બ્રહ્મા વિષ્ણુ રૂદ્રની ઉત્પત્તિ છે તે વાત ઉપર દર્શાવી છે અને તે શૈવદીક્ષા ભસ્મ ત્રિપુંડધારી છે તે પણ દર્શાવેલ છે અને બીજી ભુત ભૌતિક સૃષ્ટિ એ ગુણ મુર્તિયોથી થએલી છે ત્યારે

એ પણ જીવો શૈવ સૃષ્ટિના ઠરે છે તો તેમનાથી તો રૂદ્રાક્ષ ત્રિપુંડ-ધારી અસ્પૃશ્ય છે તેમ કહેવાય નહિ અને પુષ્ટિમાર્ગીયો વલ્લભ સૃષ્ટિના છે તેમ તકરારી પુષ્ટિ ભક્તિ સુધામાં કબુલ કરેલ છે તો પછી વલ્લભ સૃષ્ટિના જીવો હોય તેને ગમે તે પ્રકારે બોલવાની છુટ છે કેમકે શ્રીવલ્લભસૃષ્ટિ ઈશ્વરસૃષ્ટિથી વીલક્ષણ છે અને તે દારાદિક સમર્પણ કરનાર છે તે બાબત લાયબલ કેસમાં સ્પષ્ટતા થએલી છે માટે તેવા જીવોને બોલવાનો કોઇ પ્રકારે પ્રતિબંધ નથી. કેમકે શાસ્રોક્ત વિધી નીષેધ ઈશ્વર સૃષ્ટિનાજ જીવોને લાગુ પડે છે.

જગતની સૃષ્ટિ પરિપાલન અને સંહાર રૂપ ક્રીયા માટે પરમ પુરૂષ ભગવાન સદાશિવએ બ્રહ્મા વિષ્ણુ રૂદ્ર એ નામના ત્રણ પુત્રો પોતાના અંશથી પ્રગટ કરી જગત્ ઉત્પત્યાદિ વ્યવહાર માટે નીયત કર્યા તે માંહેલા સત્વગુણા ભીમાની વિષ્ણુ ભગવાનને નીવાસ સ્થાન ક્ષીરસાગર નીયત કર્યું તેથી નારાયણ એવું નામ પડયું તે જલ શાઇ નારાયણ સર્વ અવતારના મૂલ કારણભૂત અવતારી છે તે પરમ શૈવ છે તે દર્શાવ્યું.

હવે પુષ્ટિમાર્ગીના પરમ સેવ્ય અવતાર સ્વરૂપ કૃષ્ણ ભગવાન પરમ શૈવ છે તે દર્શાવીએ છીએ.

પદ્મપુરાણ સ્વર્ગ ખંડ અધ્યાય ૩૭ વારાણસીમાં મધ્યમેશ્વર મહાત્મ્ય એ પ્રકરણમાં નારદજી કહેછે કે.

रमते भगवान्नित्यं रुद्रैश्च परिपालितः ।
तत्रपूर्वं हृषिकेशो विश्वात्मादेवकी सुतः ॥२॥
उवासवत्सरं कृष्णः सदापाशु पतैर्युतः ।
भस्मोध्धुलीत सर्वांगो रुद्राध्ययन तत्परः ॥३॥
आराधयन् हरिः शंभुम् कृत्वा पाशु पतंव्रतम् ।
तस्यते बहवः शिष्याः ब्रह्मचर्य परायणाः ॥४॥

तस्यदेवो महादेवः प्रत्यक्षं नील लोहितः ।
ददौ कृष्णस्य भगवान् वरदो वर मुत्तमम् ॥५॥

તે મધ્યમેશ્વરના સ્થાનમાં ભગવાન પરમેશ્વર રૂદ્રગણો સહ‑વર્તમાન નિત્ય રમણ કરે છે તે મધ્યમેશ્વર ક્ષેત્રમાં પૂર્વે દેવકીના પુત્ર સર્વ જગત અંતર્યામિ ઇદ્રિયોના ઈશ કૃષ્ણ ભગવાન તે પોતે પાશુપત ભકતો સહવર્તમાન એક વર્ષ સુધી નીવાસ કર્યો હતો અને શ્રીકૃષ્ણ ભગવાન ભસ્મવડે કરીને ઉધ્ધુલીત છે શરીર જેનું એવા શત રૂદ્રાધ્યાયનો નીરંતર જપ કરતા સતા. પાશુપત વૃત ધારણ કરીને શિવજીનું આરાધન કરતા મધ્યમેશ્વર ક્ષેત્રમાં વસતા હતા અને શ્રીકૃષ્ણ ભગવાનને પ્રત્યક્ષ દર્શન આપી ભગ‑વાન સદાશિવે ઉત્તમ વર આપ્યો. ઇત્યાદિ વિષયો લખેલા છે જે.

વિશેષ જોવું હોય તેમણે તે સ્થળમાં જોઇ લેવું આ ઉપર દર્શાવેલા પદ્મપુરાણના પ્રમાણથી પુષ્ટિમાર્ગના સેવ્ય ભગવાન એ પણ ભસ્મનું સર્વ અંગમાં ઉધ્ધુલન કરી ત્રિપુંડ ધારણ પૂર્વક શિવજીની ઉપાસના કરનાર છે તે નીર્વીવાદ સિદ્ધ થાય છે.

રામચંદ્રજીને પણ શિવ દીક્ષા થએલી છે ને શિવજીના પ્રતાપથી રામચંદ્રને શ્રીજાનકી પ્રાપ્ત થએલ છે ને લંકાગમન રાવણાદિવધ વગેરે સવિસ્તર કથા પદ્મપુરાણ પાતાલ ખંડમાં ૧૧૯ મા અધ્યાયમાં છે.

ઇતિશ્રી શિવ ભકિત કલ્પલતા વિષે વિષ્ણુ ભગવાન તથા કૃષ્ણ ભગવાનને દિક્ષા વીધી નીરૂપણ નામ દ્વિતીય પ્રકરણમ સમાપ્ત.

शिवभक्ति प्रकरण. ३

પ્રથમારંભમાં દર્શાવેલા સાત વિષય એ શિવ સંબંધી છે, તેમાં આ શિવભક્તિ ત્રીજો વિષય છે તે લખીએ તો પુરેપુરા પાર આવે નહિ, માટે સંક્ષેપથી બ્રહ્મા વિષ્ણુ રૂદ્ર જે પ્રથમ વિષયમાં દર્શાવેલા ગુણ ત્રયાભિમાની આદિ મૂર્તિઓ તેઓના અંશાવતાર

અને સમસ્ત દેવ ઋષિ વિગેરે સર્વ શિવભક્ત છે તે વાત ટુંકામાં અત્રે દર્શાવીએ છીએ.

પદ્મપુરાણ પાતાલ ખંડ અધ્યાય ૧૦૫.

सदाशिवउवच.

विष्णु ब्रह्मादिक समस्त देव ऋषि मुनि देव दैत्य मनुष्य तिर्यगादि समस्त शिव भक्त छे तेनु प्रमाण प्रदर्शन.

वरं वृणु महाभाग
मनसा यं त्वमिछसि ।
शिववाचमथाकर्ण्य
हरिर्वव्रे वरोत्तमम् ॥ २३५ ॥

हरिरुवाच.

त्वत्पाद युगलेशंभो भक्तिरस्तु सदा मम ।
अथदत्वा वरंशंभु रिदमाह वचो हरिम् ॥२३६॥
भस्मधारणसंपन्नो मम भक्तोभविष्यति ॥२३७॥

સદાશિવજીએ શ્રીવિષ્ણુ ભગવાનને આજ્ઞા કરે છે કે તમે તમારા મનની જે ઇચ્છા હોય તે વરદાન માગો. એ પ્રકારની સદાશિવની આજ્ઞા શ્રવણ કરીને ભગવાને ઉત્તમ વરદાન માગ્યું. હે શંભો આપના ચરણકમલમાં સદાકાલ મારી અવિચળ ભક્તિ રહો. આ પ્રકારે માગેલ વરદાન વિષ્ણુ ભગવાનને આપીને સદાશિવજી વિષ્ણુ પ્રત્યે આ વચન કહે છે તમો ભસ્મ ધારણ કરનારા થઇને અમારા ભક્ત થશો. એ પ્રકારે સદાશિવજીથી ઉત્પન્ન થએલા આદિ મુર્તિ ભગવાન વિષ્ણુએ સર્વની પહેલાં સદાશિવના ચરણકમલમાં અખંડ ભક્તિ રહો એવું વરદાન માગ્યું છે. ત્યારે આદિ મુર્તિ ભગવાન પણ સદાશિવની ભક્તિનીજ યાચના કરે છે. ત્યારે તેમના અનુયાયી અને સર્વ પ્રજાએ શિવભક્તિ કરવી જ જોઇએ, એમાં કાંઇ શંકા નથી. વળી પદ્મપુરાણ પાતાલખંડ અધ્યાય ૧૧૪,

अथ विष्णुर्महेशानमिदं वचनमुक्तवान् ॥१८४॥
मया वर्ष सहस्त्रं तु सहस्त्राब्दं तथान्वहम् ॥१८९॥
भक्त्या संपूजितोऽपीश पादोनो दर्शितोस्त्वया ॥१९०॥
लोकेवादो हि सुमहान् शंभु र्नारायण प्रियः ।
हरिः प्रियस्तथाशंभु र्नताद्दग्भाग्यमस्तिमे ॥

सदाशिवउवाच.

नत्वया सद्दशोमह्मं प्रियोस्ति भगवान् हरे ।
पार्वती वा त्वयातुल्या नचान्यो विद्यते मम ॥१९१॥

ઇત્યાદિ કથા સંબંધ એવો છે કે શિવજી ત્ર્યંબકેશ્વર ગૌતમઋષિના આશ્રમમાં ક્રીડા પ્રસંગમાં હનુમાનજીના સ્કંધ ઉપર ચરણારવિંદ રાખીને બીરાજ્યા હતા. તે જોઇને વિષ્ણું ભગવાન કહે છે કે, શ્રુતિને દેવાદિકને પણ અગમ્ય એવા શ્રીમન શિવ છરણારવિંદ વાનર પોતાના અંગમાં ધારણ કરે છે પણ મેં હજારો હજાર વર્ષ નિરંતર ભકિતસહિત પુજન કર્યું તો પણ તમે ચરણારવિંદનાં દર્શન ન કરાવ્યાં. લોકમાં એવી મોટી વાત ચાલે છે કે શિવજી નારાયણ ભગવાનના અત્યંત પ્રિય છે. પરંતુ એક ચપળ વાનર હનુમાનજીનું ભાગ્ય છે તેટલું અમારૂં ભાગ્ય નથી. એ પ્રકારનાં વિષ્ણુ ભગવાનનાં દીન વચન શ્રવણ કરીને સદાશિવજી આજ્ઞા કરે છે કે હે ભગવાન, હે વિષ્ણો, તમારી સમાન પ્રિય મને બીજો કોઇ નથી. એક પાર્વતી તમારી તુલ્ય છે. એ શિવાય અન્ય તમારા શિવાય અમારો ભક્ત કોઇ નથી. આ ૧૧૪ મા અધ્યાયનું પ્રકરણ એ પણ શ્રીમન નારાયણ સ્વરૂપ વિષ્ણુ ભગવાન શિવજીના અનન્ય ભક્ત છે એમ ડંકા વગાડીને કહે છે તો હવે શિવભકિતની અવજ્ઞા કરનાર પુષ્ટિમાર્ગીયો વૈષ્ણવ કહેવરાવે છે તે કેવલ પ્રતારણા છે. વાસ્તવ રીતે તે

પરમ શૈવ છે. કેમકે તેમના સેવ્ય વિષ્ણું ભગવાન એ શિવના અનન્ય ભક્ત છે તેમ ઉપર દર્શાવેલા પ્રમાણુથી સિદ્ધ થાય છે. ત્યારે શિવભક્તના ભક્તો પણ શૈવજ હોવા જોઇએ. એમ નહિ તો પછી તે વૈષ્ણવ નથી તેમજ જાહેર કરી દે એટલે તકરારનો અંત આવે.

વળી પદ્મપુરાણુ સ્વર્ગખંડના અધ્યાય ૩૭ માં,

तत्र लिंगं पुराणीयं स्थातुं ब्रह्मा यथा गतः ।
तदानीं स्थापयामास विष्णुस्तालिंगमैश्वरम् ॥१०॥
तत्र स्नात्वा समागम्य ब्रह्माप्रो वाच तं हरिम् ।
मयानीतमिदं लिंगं कस्मात्स्थापित वानसि ॥११॥
तमाह विष्णुस्त्वत्तोपि रुद्रे भक्तिर्दृढा मम ।
तस्मात्प्रतिष्टितं लिंगं नाम्ना तव भविष्यति ॥१२॥

શ્રી કાશીપુરીમાં પોતાના નામ સ્થાપન કરવા માટે અતિ પ્રાચીન લિંગ બ્રહ્મા લાવ્યા હતા, અને તે લિંગ મુકીને બ્રહ્માજી ગંગામાં સ્નાન કરવા માટે ગયા, એટલામાં ભગવાન વિષ્ણુએ તે મહેશ્વરનું લિંગ પોતે સ્થાપન કરી દીધું: ત્યારે બ્રહ્માએ ભગવાન પ્રત્યે કહ્યું કે અમારૂં લાવેલ લિંગ તમોએ શા માટે સ્થાપન કર્યું ! ત્યારે ભગવાને બ્રહ્માજીને આજ્ઞા કરી કે તમારા કરતાં રૂદ્ર વિષે ભક્તિ અમારી દૃઢ છે માટે તમારૂં લાવેલ લિંગ મેં સ્થાપન કર્યું, પણ એ લિંગ તમારા નામથી પ્રસિદ્ધ થશે. અદ્યાપિ કાશીપુરીમાં એ લિંગ હિરણ્યગર્ભેશ્વર એ નામથી પ્રસિદ્ધ છે. આ સ્વર્ગખંડના વાક્યથી પણ અવતારી વિષ્ણુએ પરમ માહેશ્વર છે એમ દૃઢીકરણ થાય છે. વળી પદ્મપુરાણુ પાતાળખંડ અધ્યાય ૧૧૦ માં વિશ્વેશ્વર લિંગાર્ચન મહાત્મ્ય પ્રસ્તાવમાં,

पुष्पा भावेहरिर्नैत्रं फलाभावेऽगुलं रविः ।
लिंगविस्रंसने कंचं जमदग्निऋषिस्तथा ॥३५॥

लिंगपीठ बिभेदे च गात्रं निर्भिद्यदत्तवान् ।
अन्यैर्माहेश्वरै रन्यत् साहसं परमं कृतम् ॥३६॥

આ વિષયમાં પુરાણાંતરની આખ્યાઇકા એવી છે કે વિષ્ણુ ભગવાને શ્રી સદાશિવજીનાં સહસ્ત્ર નામથી હજાર કમળ ચઢાવવાનો સંકલ્પ કરી કમલાર્ચન કરતા હતા, એટલામાં વિષ્ણુ ભગવાનની ભકિતની પરિક્ષા કરવા માટે શિવજીએ અંતરધ્યાનથી એક કમલનું હરણ કર્યું, એટલે કમલાર્ચનમાં એક નામ અવશેષ રહ્યું, અને કમલ એક ખુટયું ત્યારે વિષ્ણુ ભગવાને પોતાનું નેત્રકમળ ચઢાવીને સંખ્યા પુરી કરી. એ પ્રકારે વિષ્ણુ ભગવાનની ભકિત જોઇને સદાશિવજી પ્રત્યક્ષ થઇને વિષ્ણુ ભગવાનને વરદાન આપ્યું કે આજથી તમારાં નેત્ર કમળ સમાન થશે, ને કમળ નયન પુંડરીકાક્ષ ઇત્યાદિક નામથી પ્રસિદ્ધ થશો. તે પ્રસંગ અહીં ઉદ્દેશ માત્રથી જણાવે છે કે (पुष्पाभावे हरि नेत्रं) પુષ્પને બદલે વિષ્ણુ ભગવાને નેત્ર અર્પણ કર્યું અને ફલના અભાવમાં રવિ સૂર્ય ભગવાને અંગુલી અર્પણ કરી અને લિંગના સ્થાનમાં જમદગ્નિ રૂષિએ શિર અર્પણ કર્યું. આ પ્રકારે બીજા પણ મહેશ્વરોએ મહાન સાહસ કર્યું છે. આ સ્થળમાં વિષ્ણુ ભગવાન પરમ માહેશ્વર છે, જેણે પોતાનું નેત્ર કમળ અર્પણ કરી કમળનયન થયા છે તેમ સ્પષ્ટ જણાવે છે. એ વિષ્ણુના કમલાર્ચનની કથા કાર્તિક મહાત્મ્યમાં છે. વળી પદ્મપુરાણ ઉત્તર ખંડ અધ્યાય ૧૭૬ માં,

इदमायतनं पश्य पुरोवनगतं महत् ।
अत्रत्र्यंबक लिंगंहि, द्रुहिणेन प्रतिष्टितम् ॥ ४३ ॥

બ્રહ્માએ ત્ર્યંબક નામના લિંગનું સ્થાપન કર્યું છે એમ આ શ્લોકમાં દર્શાવેલ છે, એ શિવાય ઉત્તર ખંડમાં ઘણાંજ લિંગની પ્રતિષ્ટા કરનારનાં નામ સાથે સ્થાનોનું વર્ણન છે. અર્થાત્ વિષ્ણુ પાખંડીઓ પોતાનો મત કોઇ પણ શ્રુતિ સ્મૃતિ

પુરાણાદિકમાં ઉપલબ્ધ ન થવાથી બીજારોપણ કરવા સારૂ પદ્મ-પુરાણના ઉત્તર ખંડમાં શિવ અને સ્મતિ પુરાણને મહર્ષિ આદિકની નિંદા વાચક વાકયો પ્રક્ષેપણ કરેલ છે તે ખોટાં છે તેમ દર્શાવવા સારૂ એક આ દાખલો લીધો છે. વિશેષ દાખલા પ્રકીર્ણ વિષયમાં આવશે. પદ્મપુરાણ ભૂમિખંડ અધ્યાય ૬૭ યયાતિમાતલી સંવાદમાં મહા પાતક પરિગણન પ્રકરણમાં શિવભક્તિની નિંદા વિગેરે મહા પાપમાં ગણેલ છે તે આ પ્રમાણે છે.

यस्त्यजंति शिवाचारं वैष्णवं भोगदायकम् ।
निंदान्ति ब्राह्मणं धर्मं विज्ञेयाः पाप वर्धना ॥१३८॥
येत्यजन्ति शिवाचारं शिवभक्तान् द्विंतिच ।
हरिंनिंदं तिये पापा ब्रह्मद्वेष कराः सदा ॥१३६॥
अप्रियं शिव भक्ताना मभक्ष्याणां च भक्षणम् ।
वनेनिरपराधानां प्राणी नांच्र प्रमारणम् ॥ १६० ॥

વૈષ્ણવ લોકના ભોગને આપનાર જે શિવાચાર અર્થાત શિવાગમમાં કહેલા આચાર બ્રાહ્મણ ધર્મની (વેદની) જે નિંદા કરે તે પાપની વૃદ્ધિ કરનાર છે તેમ જાણવું. અર્થાત મહાપાતક પરિગણના પ્રકરમા હોવાથી તે મહાપાતકી છે તેમ સમજવું. વળી જે શિવના આચાર એટલે શિવપુજા ઈત્યાદિ ત્યાગ કરે અને શિવભક્તિનો દ્વેષ કરે અને જે પાપી હરિ ભગવાનની નિંદા કરે અને સર્વ કાલ બ્રાહ્મણ (વા) વેદનો દ્વેષ કરે તે પણ મહા પાતકી જાણવો અને જે શિવભકતનું અપ્રિય કરે અને અભક્ષનું ભક્ષણ કરે ને વનમાંના નિરપરાધી જીવોની હિંસા કરે એ પણ મહા પાતકી છે તેમ સમજવું. ઉપર દર્શાવેલા વાકયો પ્રમાણે શિવભકતોનો દ્વેષ અને શિવભકતોનું અપ્રિય કરે તે મહા પાતકી કહેવાય છે એમ જાણવું.

તેમ ઉપરનાં વાકયોનો પ્રસંગોપયોગી નિષ્કાર્થ છે. પુષ્ટિમા-

ર્ગીયો શિવ અને શિવભકતોની નિંદા કરે છે તે વાત ઉઘાડી છે ત્યારે શિવભકતની નિંદા કરનાર મહા પાતકી છે તેમ પણ પદ્મ પુરાણ કહે છે, અને મહાપાતકીઓને સ્પર્શ કરવો, તેની સાથે સંભાષણ કરવું નહિ વિગેરે નવ પ્રકારે સંસર્ગ કરવો નહિ, તે વાત ધર્મશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. તો હવે અસ્પૃશ્ય કોણ છે ? શિવભક્ત કે શિવભક્તનો નિંદક છે, તે વાંચનારને સહેજ સમજાશે.

ફરીથી પણ શિવભકિતનું અચિન્ત્ય મહાત્મ્ય દર્શાવીએ છીએ, પદ્મપુરાણ પાતાલખંડ અધ્યાય ૭૩.

यत्रभूतेश्वरो देवो मोक्षदः पापिनामपि ॥ १४९ ॥
भूतेश्वरं योननमेन्नपूजयै न्नवास्मरे दुश्चरितोमनुष्यः ।
नैनांसपश्येन्मथुरांमदीयां स्वयंप्रकाशांपरदेवख्याम् १५०
मन्मायामोहित धियः प्रायस्ते मानवा धमाः
भूतेश्वरं न नमंति नस्मरंतिस्तुवंतिये ॥ १५२ ॥

જે મથુરાં વિષે અધિષ્ઠાત્રી, ક્ષેત્રદેવ, ભૂતેશ્વર નામનું લિંગ છે તે ભૂતેશ્વર પાપીઓને પણ મોક્ષ આપનારૂં છે જે દુરાચારી મનુષ્ય અમારા અત્યંત પ્રિય ભૂતેશ્વરને નમે નહિ, ને પુજે નહિ, ને સ્મરણ કરે નહિ તે મારા નિવાસસ્થાન, સ્વયંપ્રકાશ પરદેવતા જેનું નામ છે તેવી આ મથુરાંપુરીને તે પાપીષ્ટ ન દેખે. મારી માયાવડે જેઓની બુદ્ધિ મોહીત થઈ છે એવા અધમ મનુષ્યો બહુધા ભૂતેશ્વરને નમતા નથી, સ્તુતિ કરતા નથી, તે મનુષ્ય દુરાચારી છે તેમ જાણવું. એ પુષ્ટિમાર્ગીયોના સ્વયંપ્રાગટ શ્રી કૃષ્ણ ભગવાનનાં વાકયો છે તે કૃષ્ણ ભગવાન શ્રીમુખથી આજ્ઞા કરે છે કે શ્રી પરદેવતા સ્વરૂપ મથુરાંપુરીના અધિષ્ઠાત્રી દેવતા ભૂતેશ્વરને જે નમસ્કાર ન કરે તેને મથુરાંનું દર્શન ન થાય. ને તે પાપીઓમાં પણ અધમ પાપી છે. તેમ આજ્ઞા કરેલી છે ત્યારે હવે શિવમંદીરની પગથીયાંમાં પગ

ન મુકે તે પુષ્ટ, પુષ્ટ, અર્થાત ડબ્બલ પુષ્ટિમાર્ગી છે, તેમ પુષ્ટિભક્તિસુધા જણાવે છે. તો પુષ્ટિમાર્ગના સેવ્ય ભગવત વચનથી પાપીયોમાં પણ અધમ ઠરે છે. તેમાં ભગવત વચન ખરૂં માનવું, કે પુષ્ટિભક્તિસુધાના વચન ખરૂં માનવું ? તે વાંચક વર્ગની મુનસફી ઉપર છે.

વળી શિવભકિતનું નિરતિશય મહાત્મ્ય દર્શાવીએ છીએ. પદ્મપુરાણ પાતાલખંડ અધ્યાય ૧૦૪.

श्रीरामउवाच.

लिंगार्चन प्रकारंच लिंगमहात्म्य मेवच ।
महेश नाम महात्म्य पूजा महात्म्य मेवच, ॥२३॥
नमस्कारस्य महात्म्यं द्रष्टिमहात्म्य मेवच ।
जलदानस्य महात्म्यँ धूपदानस्य सत्तम ॥२४॥
दिपगंधादि दानस्य पुष्प महात्म्य मेवच ।
ननाख्यानेति हासानाम् कथां पाप प्रणशिनिम् ॥२५॥
धर्मार्थ काममोक्षांश्च तदु पायांश्च सुव्रत ।
ततसर्व श्रोतु मिच्छामि त्वतोमुनि वरोत्तम् ॥२६॥

શ્રીરામચંદ્રજીએ શંભુ ૠષિની પ્રત્યે લિંગાર્ચનનો પ્રકાર અને લિંગનું મહાત્મ્ય અને મહેશ્વરનું નામ મહાત્મ્ય, પુજા મહાત્મ્ય, નમસ્કાર મહાત્મ્ય, દર્શન મહાત્મ્ય, જલદાન (અભિષેક) મહાત્મ્ય; ધુપ દાન મહાત્મ્ય, દીપ ગંધાદિ દાનનું મહાત્મ્ય, પુષ્પ સમર્પણ મહાત્મ્ય, એ બધું નાના પ્રકારના ઇતિહાસની આખ્યાઇકા પૂર્વક પાપનો નાશ કરનાર કથા શ્રવણ કરવા હું ઇચ્છું છું. આ પ્રમાણે રામચંદ્રજીએ લિંગાર્ચન વિધી મહાત્મ્ય, નામ મહાત્મ્ય, પુજા મહાત્મ્ય, નમસ્કાર મહાત્મ્ય, દર્શન મહાત્મ્ય, ગંધ, પુષ્પ, ધુપ, દીપ, અભિષેકાદિક પ્રત્યેકનું મહાત્મ્ય ઇતિ-

હાસ સહિત શ્રવણ કરવાની ઇચ્છા દર્શાવી છે, ને તે પ્રમાણે પ્રત્યેકનું મહાત્મ્ય ને ફળ સહિત કથા સવિસ્તર વર્ણવેલી છે તે ગ્રંથ વિસ્તારના ભયથી અત્ર લીધેલ નથી. જીજ્ઞાસુએ દર્શિત સ્થળે જોઈ લેવું. ઉપર દર્શાવેલા રામચંદ્રજીના પ્રશ્નને સવિસ્તર આખ્યાઈકા સાથે પ્રત્યુત્તર આપતાં તેજ પાતાલખંડના ૧૧૧ અધ્યાયમાં નામ મહાત્મ્ય કહેવાનો ઉપક્રમ કરીને—

शंकरुवाच

एकैक नाम महात्म्यं विस्ताराान्नहि शक्यते ।
संक्षेपेण चतेवच्मि मृणु राघव सादरम् ॥ ३ ॥
पुरात्रेतायुगे राजा विधृतो नाम वीर्यवान् ।
मृते पितरी बालोऽसौ भूमिराज्ये भिषेचितः ॥४॥
इत्यादिना इति हास मुपक्रम्य,
नाभेरधस्तु क्षीणासुः कथंचिद्वाक्य मुक्तवान् ।
त्वंसर्वकाले दैत्येन्द्र प्रहर प्राहराहर ॥ २६ ॥
वीरभद्रोऽपि ततसर्वं शंकरायामि तात्मने ।
नानामुनि गणैदेवै ब्रह्म विष्णु पुरः सरैः ॥ ३६ ॥
सेव्यमानाय देवाय पार्वती सहिताय च ।
प्रणिपत्यनिवेद्याथ शूलस्थं मृत्युमेवच ॥ ३७ ॥
मन्त्रेतसामन्यधियांचनाम हीनाक्षरं बाधिक वर्णयुक्तं ।
ममैवलोकं प्रददामिसत्यं—
ह्यनेननाम प्रहरेतिभाषितम् ॥ ४२ ॥
प्रशब्दमात्रं त्वधिकंहरेति—

पद प्रदंवै पद मीरयन्ति ।
आरादमूस्त्वं जपतो न मस्व-
मदीय वाक्यं च यमं वदस्व ॥
नातियजीं कीर्तिमुपास्तिमाश्रिता-
दास्यं च कैकर्यमथ श्रुतिवदाः ।
पंचाक्षरोक्तिंशतरुद्रियोक्तिं-
शिवस्य कुर्वन्ति नतेविचार्याः ॥ ४४ ॥
मन्नामरुद्राक्ष विभुति धारिणो-
ममग्रतोयस्तु पुराणवक्तता ।
सर्वे पापेष्वपितेषुसत्सु-
प्रशास्म्यहं नैवयमाधिकारः ॥ ४५ ॥

શંભુરૂષિ મહેશનામ મહાત્મ્ય કહેવા ઉપક્રમ કરીને કહે છે કે મહેશજીના એક એક નામનું મહાત્મ્ય વિસ્તારથી કહેવા શકય નથી. માટે સંક્ષેપથી કહું છું તે હે રાઘવ આદરપૂર્વક શ્રવણ કરો. પૂર્વે ત્રેતાયુગમાં વીધૃત એ નામે એક રાજા હતો. તે પોતાને પીતા મર્યા પછી તે પોતાના પીતાના રાજ્યમાં રાજ્યાસને આરૂઢ થયો ત્યારપછી તે રાજ્ય કારભારમાં પોતાના સમાન વયના મીત્રમંડળને દાખલ કરી અને વિદ્વાન વૃધ બધાને કાઢી મુકયા. અને રાજ્યમાં ઘણીજ લુંટફાટ અનીતીથી સર્વ સ્રીયોને બળાત્કારાદિ નીચ ક્રુર કૃત્યથી પ્રજા પીડનથી એક હજાર વર્ષ સુધી રાજ્ય ચલાવ્યું છેવટ એ પાપી જ્યારે મરવા પડયા છતાં પણ તેના પ્રાણ જાય નહી ત્યારે તેનો સુરાપ નામનો મુખ્ય મંત્રી હતો તેણે પુછયું કે હે રાજન તમારો પ્રાણ શા કારણથી જતો નથી ! જે કોઈ તમારા મનમાં હોય તે કહો ત્યારે તે મરવા

પડેલા રાજાએ મંત્રીને ભલામણ કરી કે તમે સર્વ કાલ અમારા ચાલતા વહીવટ પ્રમાણે (प्रहर) માર પીટ કરજો. (प्राहर) ને પ્રજાની મીલકત લુંટી લેજો (हर) વટેમાર્ગુની પણ મીલકત હરણ કરજો આ પ્રમાણે ભલામણ કરતાં કરતાં તેનો પ્રાણ ગયો ત્યારે તે મહાન પાપીષ્ટ હતા તેથી તેને યમદૂતો યમલોકમાં લઇ જતા હતા. તેટલામાં શિવદૂતો આવી તે રાજાને વિમાનમાં બેસાડી કૈલાસમાં લઈ ગયા. અને યમદૂતોને કેદ કરી મૃત્યુને શુલમાં પરોવી કૈલાસમાં લઇ ગયા. તે બધી હકીકત નાના પ્રકારના મુનીગણ અને બ્રહ્મા વિષ્ણુ આદિ સમસ્ત દેવો તથા પાર્વતી ઇત્યાદિક વડે સેવ્યમાન શિવજીને નીવેદન કરી મૃત્યુ શુલમાં પરોવ્યું છે તે પણ નીવેદન કર્યું ત્યારે શિવજી મૃત્યુને યમદૂતાદિકને છોડાવી મૃત્યુની પ્રત્યે આજ્ઞા કરે છે કે જે મારા નામમાં હીંનાક્ષર હોય અગર અધીકવર્ણ યુક્ત હોય. મારી ધ્યાનપૂર્વક અગર ગમે તેનું ધ્યાન કરતાં મારા નામનું જે ઉચ્ચારણ કરે છે તેને અમારો શિવલોકજ આપું છું અને આ રાજાએ મરતી વખત પ્રહર એ પ્રકારનું મારા નામનું ઉચ્ચારણ કર્યું છે. પ્રહર એ નામમાં પ્રશબ્દ અધિક છે હરહર એ અમારૂં શદ્ધ પરમપદને આપનાર નામ છે માટે હર એ પ્રકારનું અમારૂં નામ જપ કરનારને તમે દૂરથી નમસ્કાર કરજો નજીક પણ જશો નહી અને અમારૂં આ વચન યમરાજાને જણાવી દેજો શિવનામ ઉચ્ચારનાર જપનારની સામે પણ તમારે જોવું નહિ તે અમારો સંદેશો તમે કહેજો કે મને જે નમસ્કાર કરે છે અને અમારૂં યજન કરે છે (यज्ञयागादि) અને અમારા ગુણાનુવાદ કરનાર અને અમારી ઉપાસના અમારા દાસ્યપણાનો આશ્રય કરનાર અમારી પરિચર્યા કરનાર અને વેદ પાઠ કરનાર પંચાક્ષરનો જે જપ કરે છે અને શતરૂદ્રિયોનો જે જપ કરે છે તેઓને તમારે વિચારવું નહિ અર્થાત તમારે તેના પાપ પુણ્યનો વિચાર કરવો નહિ.

અને તે અધિકાર યમને નથી. અમારા નામને જપનાર રૂદ્રાક્ષ વિભુતિ ધારણ કરનાર અમારી સમીપમાં પુરાણકથા કહેનાર તેઓમાં સર્વ પાપ હોય તોપણ અમે તેને યોગ્ય સ્થાન આપીએ છીએ અમારા ભકતોને શાસન કરવા તમારા જમરાજ ને અધિકાર નથી માટે અમારા નમસ્કારાદિ કરનાર ભક્તને તમે નમસ્કાર કરીને દૂર રહેજો એવી અમારી આજ્ઞા છે.

ઉપર દર્શાવ્યા પ્રમાણે શિવના નામનું મહાત્મ્ય પદ્મપુરાણ પાતાલખંડ ૧૧૧) અધ્યાયથી બે અધ્યાય સુધી વર્ણન કરેલ છે ત્યારે પુષ્ટિમાર્ગીયો શિવ એવું નામ કહેવાય જાય તે બીકથી કપડાં શિવી આપ તેમ કહેતા નથી પણ કપડાં બનાવી આપ તેમ કહે છે. એવા શિવદ્વેશી પુષ્ટિમાર્ગીયો કઈ ગતીને પામશે.

હવે સદાશિવના અર્ચનનો પ્રકાર શ્રી રામચંદ્રજીના પ્રથમ પ્રશ્નનો ઉતર पद्मपुराण पाताल्खंड અધ્યાય ૧૧૪ માં આપેલ છે તે દર્શાવીએ છીએ.

श्री रामउवाच

कएष द्रष्यते व्योम्नि सर्वाभरण भूषितः ।
विमानस्थो महादीप्त मध्यान्हार्कइ वापरः ॥ १ ॥
दुःष्प्रेक्षः सर्वमर्त्याणां तस्यांके चारुहासिनी ।
अपरा श्रीरिव ब्रह्मं स्तथा पंचषु योषितः ॥ २ ॥

इत्यादिना दीविस्थानां पुण्यवतां स्वरुप वर्ण मुपक्रम्य, विंशति श्लोक पर्यंत गौतमाश्रमस्थ शिव पुजाग्रहं वर्णयित्वा पुजाक्रम वक्तुं मुपचक्रमते ।

तौर्य्यत्रिक कृतोनार्य श्चतुर्दिक्षुतथोर्ध्वतः ।
सुवर्णादिक पात्रेषु वटका भस्मनः शुभाः ॥ २१ ॥

वासितः सर्व गंधैश्च सुधूपै रपिधूपिताः ।
कुशग्रथितसंधाश्च अक्षमालाश्च कोटिशः ॥ २२ ॥
कृष्णाजिन सहस्राणि बहिः प्रांतेस्थितानिच ।
एतादृशे गृहवरे देववंद्यो मुनीश्वरः ॥ २३ ॥
कर्पुरादीश्च संस्थाप्य चतुर्दिक्षु मुनीश्वरः ।
पाटीरपीठे कर्पुर सिंहासनमकलपयत् ॥ २४ ॥
सुक्ष्मंश्वेतचसुस्निग्ध मावृत्तं घनसारकैः ।
सुगंधवासितजलैः स्नाप्यक्षीरेण शंकरम् ॥ २५ ॥
अन्यैश्च वैदिकैर्मंत्रैः स्नापयित्वा सदाशिवम् ।
दारुचंद्रोप पीठेतु वस्त्रपीठं निधायच ॥
पात्रिकामग्रतः स्थाप्य स्थापयित्वादलेष्वमूत् ॥२६॥
एकास्मिन्नक्षताः पात्रे अन्यस्मिन्सतिलाक्षताः ।
पंचगंधकमेकस्मिन्न न्यस्मिन्नष्ठ गंधकम् ॥ २७ ॥
काश्मीरं मृगनाभिंन्तु कर्पूर चंदनं तथा ।
पात्रेष्वन्येषु विन्यस्य पूजास्थाने प्रकल्प्यच ॥२८॥
नानावरण माग्रेण पूजा तत्र विधीयते ।
लिंगमध्येस्थितो देवः पंचवक्र सदाशिवः ॥ २९ ॥
तस्यप्रावरणं लिंगं शक्तितस्य विधीयते ।
शक्ते रावरणं विष्णु र्विष्णो रावरणं विधिः ॥३०॥
ब्रह्मप्रावरणं चंद्र स्तस्य सूर्यस्ततः श्रुतिः ।

दिग्देवता सुतद्गुप्ति स्तासामावरणं दिशः ॥३१॥
दिशामावरणं शंभु स्तस्य चावरणंगुणाः ।
दशप्रावरणं ह्येत च्छिवलिंगार्चनं शुभम् ॥ ३२ ॥
केषांचिन्मतमेतस्या दथप्रावरणां तरम् ।
विद्या वरणमाख्यातं तदमावरणं स्मृतम् ॥ ३३ ॥
विष्णुरावणं तस्या विष्णोश्चावरणं विधिः
ब्रह्मप्रावरणं चंद्र स्तस्य भानुरथावृत्तिः ॥ ३४ ॥
भानोशवणं चेश इतिषोढा वृतिः स्मृताः ।
विधिंविना समाख्यातं पंचावरण मुत्तमम् ॥ ३५ ॥
शशांकविष्णुशक्तिना मेतदावरणं त्रयम् ।
ॐबिका वरणंप्रोक्त मेकावरणं मुत्तमम् ॥ ३६ ॥
अथवालोकपालाःस्यु रावृतिः सोमपूजने ।
अनावरण मथवा पूजनं शस्यते शिवे ॥ ३७ ॥
पत्रिकाष्टदलेष्वेव स्थितद्रव्यैर्यजेच्छिवम् ।
पत्रिकालक्षणं वक्ष्ये सर्वकर्मोप योगितम् ॥ ३८ ॥

હે બ્રહ્મન આકાશમાં સર્વા ભરણથી ભુષિત અને મધ્યાન્હકાલના સૂર્ય જેવા દેદીપ્યમાન અને મનુષ્ય માત્રથી જેની સામું જોઈ સકાય નહિ અને તેના ખોલામાં સાક્ષાત બીજી લક્ષ્મી હોય તેવી રૂપવતી સ્ત્રી બેઠેલી છે તેવી આ કોણ દેખાય છે ઈત્યાદિ વાકયે કરીને સ્વર્ગમાં રહેલા શિવભક્તિથી પ્રાપ્ત ઐશ્વર્યવાળાનો સ્વરૂપ વર્ણન ઉપક્રમ કરીને ૨૦) શ્લોક સુધી ગૌતમમહર્ષિની શિવ-પૂજા મંદીરનું વર્ણન કરી પૂજાનો ક્રમ કહેવા આરંભ કરે છે.

ચારે દીશા અને ઉર્ધ્વદેશમાં વાદ્ય નૃત્ય કરનારી સ્ત્રીયો અને સુવર્ણ રત્નાદિક રજીત પાત્રો વિષે નાના પ્રકારના સુગંધી કરેલો અને નાના પ્રકારના રૂપે કરીને પણ સુગંધીત એવી ભસ્મની (વટીકા) ગોળી અને કુશગ્રંથીનો ને રૂદ્રાક્ષની માલાઓ મંદીરના બહાર પ્રદેશમાં હજારો મૃગચર્મ બીછાવેલાં છે એ પ્રકારનાં સર્વોતમ દેવગૃહને વિષે દેવતાઓથી વંદ્ય એવા ગૌતમરૂષિ તે કર્પુર આદીક પૂજાની સામગ્રી ચારે દીશામાં યથાસ્થાનમાં સ્થાપન કરી પાહીરપીઠમાં કર્પુરનું સિંહાસન નીર્માણકરતા હુવા. અને સહેત ઘન રાસાદીક સુગંધી દ્રવ્યથી સુવાસીત જલે કરીને સ્નાન કરાવીને પછી ક્ષીરવડેક રીને રૂદ્રાધ્યાય અને બીજા પણ વૈદીક મંત્રોવડે સદાશિવજીને સ્નાન કરાવી ચંદનાદિ સુગંધી કાષ્ટના ઉપપીઠમાં વસ્ત્રની પીઠ સ્થાપન કરી. (અષ્ટદલ) પંચવટા વિગેરે પાત્ર સન્મુખ સ્થાપન કરી તે પાત્રના (દલ) જુદા જુદા ખાનામાં એકમાં અક્ષત બીજામાં તીલાક્ષત અને ત્રીજામાં પાંચ પ્રકારના ગંધ ચોથામાં અષ્ટગંધ બીજા ખાનાઓમાં કેશર, કસ્તુરી કર્પુર અને ચંદન એ બધાં દ્રવ્ય બીજા પાત્રોમાં સારી રીતે રાખીને પુજા સ્થાનમાં ઉપર દર્શાવેલા તમામ પુજા દ્રવ્યનું યથાસ્થાને સ્થાપનકરીને પછી નાના પ્રકારના આવર્ણ પદ્ધતિથી પુજા વીધી કરવી.

હવે પુજા વીધીમાં નીચેના શ્લોકથી આવર્ણ દર્શાવે છે. લિંગના મધ્યભાગમાં પંચવક્ત્ર સદાશિવ બીરાજેલ છે તે સદાશિવનું પ્રથમ આવર્ણ લિંગ છે અને તે લિંગનું આવર્ણ શકિત છે અને શકિતનું આવર્ણ વિષ્ણુ છે વિષ્ણુનું આવર્ણ બ્રહ્મા છે બ્રહ્માનું આવર્ણ ચંદ્ર અને ચંદ્રનું આવર્ણ સૂર્ય અને સૂર્યનું આવર્ણ વેદ મુર્તિમાન વેદ દેવતાનું આવર્ણ દીગપાલ, ને દીગપાલનું આવર્ણ દીશા, દીશાનું આવર્ણ શંભુનામ ગણ વિશેષ અને તે ગણ વિશેષનું આવર્ણ ત્રણ ગુણ છે. આ પ્રકારે દશ આવર્ણ સાથે શિવલિંગનું અર્ચન ઉતમ છે અને કેટલાકનો મત

એમ છે, હવે પક્ષાંતરમાં બીજા પ્રકારનું આવર્ણ દર્શાવે છે. સદા-શિવનું આવર્ણ લિંગ તે કાયમ અને લિંગનું આવર્ણ ચતુર્દશ વિદ્યા તેજ ઉમાનું આવર્ણ, ઉમાનું આવર્ણ વીષ્ણુ, વિષ્ણુનું આવર્ણ બ્રહ્મા, બ્રહ્માનું આવર્ણ ચંદ્ર, ચંદ્રનું આવર્ણ સૂર્ય, અને સૂર્યનું આવર્ણ ઇશાન એ પ્રમાણે છ પ્રકારનું આવર્ણ તે પક્ષાંતર છે. હવે એ પક્ષમાં બ્રહ્માનું આવર્ણ ત્યાગ કરે એટલે પાંચ આવર્ણ રહે છે એ પણ ઉતમ પક્ષ છે ચંદ્ર વિષ્ણુને શક્તિ એ ત્રણે આવર્ણ મળીને એક અંબીકા વર્ણ કહેવાય છે તે પક્ષમાં એક આવર્ણ પૂજા છે અથવા ચંદ્રનું આવર્ણ ઇંદ્રાદિ લોકપાલો લેવા એ પણ એક પક્ષ છે અથવા પક્ષાંતરમાં આવર્ણ રહિત પણ શિવપુજા પ્રશસ્ત છે અષ્ટદલ પંચદલાદિક પાત્રો માંહેલા દ્રવ્યોથીજ શિવપુજન કરવું અને સર્વ કર્મમાં ઉપયોગી અષ્ટદલાદિ પાત્રાનું લક્ષણ કહું છું અને એથી આગલ શિવ પુજાના દ્રવ્યો રાખવાનાં પાત્રનું વજન આદી લખેલ છે તે વિસ્તા-રના કારણુથી અહી લીધેલું નથી. જીજ્ઞાસુએ દર્શિતસ્થલે જોઇ લેવું.

ભાવાર્થ—આ ઉપર દર્શાવેલ આવર્ણ પૂજામાં શ્રી વિષ્ણુ ભગવાન ઉમાભગવતીનું આવર્ણ છે તે પ્રથમ બતાવ્યું આગલ ૩૫ મા શ્લોકમાં ચંદ્રનું આવર્ણ વિષ્ણુ ભગવાનનું આવર્ણ અને ઉમા ભગવતીનું આવર્ણ મળીને એકજ આવર્ણ કહ્યું અર્થાત તે ત્રણેને અભેદ દર્શાવ્યા એટલે શ્રી વિષ્ણુ ભગવાન ઉમા ભગવતીથી અભીન્ન હોવાથી વિષ્ણુ શિવજીનાં પત્ની ઉમારૂપ છે એ વિષય રૂદ્રાહૃદયઉપનિષદ્માં સ્પષ્ટ છે પરંતુ વૈષ્ણવો પદ્મ-પુરાણુનો ઉંટ આડું કરી શિવભસ્મ રૂદ્રાક્ષાદિકની નીંદા કરે છે અને તે પ્રત્યક્ષ શિવના દ્રોહી છે માટે પદ્મપુરાણુથી જ તેમનું મોઢું બંધ કરવું એ હેતુથી પદ્મપુરાણુના પ્રમાણુથીજ વિષ્ણુ ભગવાન શિવનાં પત્નીરૂપ છે તે દર્શાવીએ છીએ.

पद्मपुराण पातालखंड अध्याय. ११२

(૧૧૨ સોમવારવ્રત પ્રસ્તાવ.)

अतस्तुतो मुनिवरै र्नारींकृत्वाहरिं ततः।
अथसापार्वती तुष्टा वेदंप्राह पीनाकिनः ॥१३६॥

पार्वत्युवाच

किमीत्ये तादृशंभाव मास्थायत्व मिहागतः।
नारींकृत्वा तथा विष्णुं किंप्रकृत्या नचागतः ॥३७॥

ઉમા ભગવતીએ સોમવારવૃત કરેલું છે ત્યાં શિવજીએ ભગવતીની પરિક્ષા માટે ભગવાન વિષ્ણુજીને પત્ની બનાવી પોતાના પડખામાં લઈ ખભા ઉપર હાથ રાખી શ્રી ભગવતી આગલ આવીને નાના પ્રકારનાં આનંદ તાંડવ કરવા લાગ્યા એવા ભગવત સ્વરૂપને જોઈને મુનીવરોએ સ્તુતિ કરી એવા સદાશિવ વિષ્ણુ ભગવાનને પોતાની પત્ની બનાવીને ભગવતી આગલ પ્રાદુર્ભાવ થયા. એની મતલબ એ હતી કે શિવજી પાસે બીજી પત્ની જોઇ ભગવતી કોપાયમાન થાય. તો વૃતનો ભંગ થાય એટલે ભગવતીના વૃત્તનો ભંગ કરવા માટે વિષ્ણુ ભગવાનને પત્ની કરી ભગવતી આગળ ગયા. એ પ્રકારે પૂર્વાપર કથાનો સંબંધ છે પરંતુ ભગવતી શિવજીની સાથે બીજી પત્ની જોઈ તોપણ કોપાયમાન થતાં પ્રસન્ન થઈને પીનાકી પ્રત્યે ભગવતી કહે છે હે ભગવન વિષ્ણુ ભગવાનને પત્ની બનાવી આવો વેષ ધારણ કરી તમો કેમ પધાર્યા તમો પોતાના સ્વરૂપથી શા માટે ન પધાર્યા આ પ્રસંગમાં ભગવતીનું વૃત ભંગ કરવા માટે છળવા માટે શિવજીએ વિષ્ણુ ભગવાનને પોતાની પત્ની બનાવી આનંદ તાંડવ કરતા કરતા આવેલ છે એવી કથા છે એક કથાની મૂલ શ્રુતિ રૂદ્રોપનિષદમાં લખેલ છે એટલે રૂદ્રોપ-

નિષદમાં લખેલી શ્રુતિનું આ ઉપવૃંઘણુ છે અર્થાત વિષ્ણુ ભગવાન ઉમા સ્વરૂપ છે એ બાબતમાં એકલાં પુરાણુ વાકય પ્રમાણુ નથી પણુ શ્રુતિ વાકય પણુ પ્રમાણુ છે અને તે વિષ્ણુ ભગવાન પુષ્ટીમાર્ગના પરમ સેવ્ય છે તે વિષ્ણુ ભગવાનનું સ્વરૂપ પદ્મપુરાણુમાં ઉપર પ્રમાણે દર્શાવેલ છે તો પછી પદ્મપુરાણુના બાનાથી શિવ દ્રોહ કરનારની શી ગતી થશે તે ચીંત્ય છે.

વળી પદ્મપુરાણુમાં શું શું કથા છે તેનું પરિગણુન કરતાં પાતાલખંડ અધ્યાય ૧૧૩ માં,

सर्वं ज्ञानप्रदंदेवं तत्वाविज्ञान संभवम् ।
शिवभक्तिप्रदं हृद्यं विष्णुभक्ति प्रदं शुभम् ॥ १९ ॥

इत्युपक्रम्य.

व्रतप्रतिष्ठा दानादि भस्मपूजा विधिप्रदं ।
पुराणंपाद्ममुदितं ब्रह्मपद्मोपनि र्वृतम् ॥ २२ ॥

ઇત્યાદિ સર્વ પ્રકારનું જ્ઞાન આપનાર અને તત્વજ્ઞાનને ઉત્પન્ન કરનાર શિવભક્તિ ને આપનાર અને વિષ્ણુ ભક્તિને આપનાર એ પદ્મપુરાણુ છે એ પ્રકારે પદ્મપુરાણુનું મહાત્મ્ય ઉપક્રમ કરીને પદ્મપુરાણુની કથાનો ઉદ્દેશ દેખાડે છે. નાના પ્રકારનાં વૃતો અને દેવપ્રતિષ્ઠા, ગોદાન, તુલાદાનાદિક દાન અને ભસ્મ ધારણુ અને નાના પ્રકારની દેવપુજા વિગેરેનો વિધિ જેમાં કહેલ હોય તેનું નામ પદ્મપુરાણુ કહેવાય છે. આ પ્રકારે પદ્મપુરાણુનું લક્ષણુ વિસ્તારથી લખેલ છે. આ સ્થલમાં મુદ્દા એટલાજ જોવાના છે કે શિવભકિતનું મહાત્મ્ય અને ભસ્મ ધારણુનું મહાત્મ્ય જેમાં હોય તેનુંજ નામ પદ્મપુરાણુ તેમ ઉપર દર્શાવેલા વાકયથી સ્પષ્ટ થાય છે, તો એ પદ્મપુરાણુમાં શિવની કે ભસ્મ રૂદ્રાક્ષાદિની નિંદા સંભવેજ નહિ. ને હોવાનો સંભવ પણુ નહિ. અને કદાપિ હોય તો તે પદ્મપુરાણુજ કહેવાય નહિ, તેમ ઉપર

દર્શાવેલા લક્ષણ વાકયથી સિદ્ધ થાય છે. તો પુષ્ટિમાર્ગી વિગેરે વૈષ્ણવો શિવભકિત, ભસ્મ રૂદ્રાક્ષ, ત્રિપુંડાદિકનો નિષેધ પદ્મપુરાણમાં લખેલ છે. તેમ પ્રજાને જણાવી અને પદ્મપુરાણના નામથી જે વાકયો તેમની પોથીમાં લખે છે તે બધાં તેમનાં કપોલકલ્પિત ગપ્પાપુરાણ છે તેમ વાંચનાર સાક્ષર વર્ગને ખાત્રી થશે એટલે અમારો આ પ્રયાસ સફલ થયો એમ માનીશું.

વળી પદ્મપુરાણ પાતાલ ખંડ અધ્યાય ૧૧૪ માં હનુમાન વાકય,—

शिवलिंगार्चनं कार्यं भस्मोधुलीतदेहिना ॥ २८६

આ ૨૮૬ શ્લોકથી બત્રીસ ઉપચાર પુજાનો ઉપક્રમ કરી પૂજાંગભૂત સ્નાન, વસ્ત્ર પરિધાન, ભસ્મ ધારણ, સંધ્યોપાસન, ગાયત્રી જપાદિ, નિત્યકર્મ કરી દેવસ્થાનમાં જઇ વિચીત્ર રંગથી રંગવલ્યાદિ વડે મંદીરનો અલંકાર કરી દેવની સ્તુતિ કરી યથાવિધિ આસન વિધિ કરી પદ્માસન ઉપર બેશીને ભૂત શુદ્ધિ કરી હૃદય ગુફામાં રહેલા સદાશિવજીનો બહાર લિંગમાં આવિર્ભાવ થયો છે એવું ધ્યાન કરી મંત્ર શુદ્ધથી સુગંધિત કરેલા જલાદિક પુજા દ્રવ્યો યથા સ્થાનમાં સ્થાપિત કરી સંકલ્પ વિધિથી મલાપકર્ષ સ્નાન કર્યા પછી મંત્રાભિષેક પ્રારંભ કરીને કહે છે,

नमस्तेत्यादि मंत्रेण शतरुद्रिय विधानतः ।
अ वच्छिनातुयाधारा मुक्तिधारेति किर्तिता ॥३२४॥
तयायः स्नापयेन्मासं जपंरुद्रमुपांशुवा ।
एकवारं त्रिवारंच पंचसप्त नवापिवा ॥ ३२५ ॥
एकादशमथोवार मथेकादश चान्वितम् ।
मुक्तिस्नानमिदं ज्ञेयं मासं मोक्ष प्रदायकम् ॥३२६॥
शैवगाविद्ययास्नानं केवलं प्रणवेनच ।
मृण्मयैर्नालीकेरस्य शकलैश्चोर्मिभिस्तथा ॥ ३२७॥

इत्यादिना अभिषेक पात्रान्य भिधाय ।
पातयेदथ चान्येन वामेनैव करेणवा ॥
मुक्तिधाराकृतातेन पवित्रं पाप नाशनम् ॥३३४॥
एवं संस्नाप्यदेवेशं पंचगव्यैस्तथैवच ।
पंचामृतैरथस्नाप्य मधुरः त्रितयेनच ॥ ३३५ ॥
विभूष्य भूषकैर्देवं पुनः स्नाप्य महेश्वरम् ।
शीतोपचारं कृत्वाथ तत आचमनादिकम् ॥ ३३६ ॥
वस्त्रंतथोप वीत्तंच पंचगंधक मेवच ।
कुर्पुर मगरुंचापि पाटीर मथवा भवेत् ॥ ३३७ ॥
कृत्स्नापिंढं गंधपूर्णं यद्वापि भव सारतः ।
तृष्णिमथोप चारंवा कालियं पुष्प मर्पयेत् ॥३३८॥
श्रीपद्मरुचित्याजं यथाशक्त्या खिलं यथा ।
अनेकद्रव्य धूपंच गुगुलं केवलं तथा ॥ ३३९ ॥
कपिलाघृत संयुक्तं सर्वधूपाप्रशस्यते ।
धूपंदत्वा यथाशक्ति कपिलाघृत दीपकान् ॥३४०॥
अथवान्त्वाज्य मात्रेण दिपांदत्वोपहारकम् ।
यथाशक्तु पपन्नंच, दत्वापुष्प समन्वितं ॥३४१॥
मुखशुद्धिन्ततोदत्वा दत्वा तांबूल मादरात् ।
प्रदक्षिण नमस्कारौ पूजैवंहि समाप्यते ॥ ३४२ ॥
गीतांगं पंचकं पश्चात् तानिविज्ञापयामिते ।
गीतंवाद्युं पुराणंच नृत्यंहासोक्तिरेवच ॥ ३४३ ॥

दिरांजदंच पुष्पाणा मंजलीश्चा खिलार्पणं ।
क्षमाच्चोद्वासंनचैव किर्तितं चोप चारकं ॥ ३४४ ॥
भूषणंच तथा छत्रं चामरं व्यजनं तथा ।
शिवोपवित्तंकैंकर्य शडीशानोपचारकं ॥ ३४५ ॥
द्वात्रिंशदुपचारै स्तुयसमाराधयेच्छिवं ।
एकेनान्हा समस्तानां पापानां नाशनं ध्रुवं ॥३४६॥
द्वात्रिंशदुपचारंस्यात् पूजनं तूत्तमोत्तमम् ॥ ३४७ ॥

નમસ્તે ઇત્યાદિ રૂદ્રાધ્યાય મંત્રથી જે અવિચ્છીન ધારાથી અભિષેક કરવો તેને મુક્તિ ધારા શાસ્ત્રમાં કહેલ છે તે અવિચ્છીન ધારાથી એક માસ પર્યંત જે સ્નાન કરાવવું, રૂદ્રાધ્યાયની એક, ત્રણ, પાંચ, સાત, નવ, અગીયાર, એ પ્રકારે એકથી અગીયાર આવૃત્તિ સુધી ભણીને શિવલિંગ ઉપર એક માસ સુધી નિરંતર અંભિષેક સ્નાન કરે તેનું નામ મુક્તિ, સ્નાન તે મોક્ષને આપનાર છે. બીજા જેટલા શિવ મંત્રો હોય તેથી અગર કેવળ પ્રણવથી પણ શિવને અભિષેક કરે તેનું નામ પણ મુક્તિ સ્નાન છે. સ્નાનનું અભિષેક પાત્ર મૃતિકાનું નાળિયેરની કાચલી તથા કાંસા ઇત્યાદિક અભિષેક પાત્ર દર્શાવી તેનાં છિદ્રદ્વારા ડાબા હાથમાં પાત્ર લઈને શિવલિંગ ઉપર ધારા પાડવી. જેણે એ પ્રમાણે અભિષેક કર્યો તેણે મુકિત ધારા કરી એમ ગણાય. એ પ્રકારે શિવજીને અભિષેકે સ્નાન કરાવી પછી પંચગવ્યથી સ્નાન કરાવવું, પછી પંચામૃતથી સ્નાન કરાવવું, પછી ત્રીમધુરથી એટલે ઘી, મધ ને સાકર મીશ્રીત— એનું નામ ત્રીમધુર છે તેનાથી સ્નાન કરાવવું, ત્યાર પછી નાના પ્રકારના અલંકારપૂર્વક પુજા સમાપ્ત કરીને ફરીથી શુધ્ધોદકે સ્નાન કરાવીને વસ્ત્રથી ભગવાનનું અંગ પરિમાર્જન કરીને, આચમનાદિ

કરાવી વસ્ત્ર ઉપવીત, પંચગંધ, કર્પુર, અગર, પાટીર, આ બધાં મિશ્ર કરીને શિવ લિંગને ગંધ લેપ કરવો અને જલધારી પણ સમગ્ર ગંધથી ઉપલેપન કરવું, અથવા શકિત અનુસાર કરવું તે પછી રૂતુકાલોદભવ, જે કાલમાં જે પુષ્પો મળે તેનું અર્પણ કરવું અને બીલ પત્ર, જુઇ વિગેરેનાં પુષ્પો અર્પણ કરવાં, અનેક દ્રવ્યનો અગર એકલા ગુગલનો કાળી ગાયના ધૃત મીશ્રીત ધુપ કરવો. આ પ્રકારે યથાશક્તિ ધુપ કરીને પછી કપીલા ગાયના ધૃતનો દીપ કરવો ને કપીલા ગાયના અભાવે ગમે તે ગાયના ઘીનો દીવો કરવો, ત્યાર પછી યથા શકિત મહા નૈવેદ્ય અર્પણ કરવું, ત્યાર પછી મુખ શુદ્ધિ માટે તાંબુલાદિકનું અર્પણ કરવું, પછી પ્રદક્ષિણા નમસ્કાર કરી પુજાની સમાપ્તી કર્યા બાદ પાંચ અંગ સહિત શિવજીને ગાન શ્રવણ કરાવવું. ગાન, વાદ્ય, પુરાણ નૃત્ય અને પરિહાસોકિત એ પાંચ ગાનનાં અંગ છે, ને પછી આરતી કરી પુષ્પાંજલી કર્યા બાદ પુજાનું અર્પણ કરવું ને પછી ક્ષમાપન ને ઉદ્વાસન કરી આભૂષણ, છત્ર, ચામર, વ્યજન (વીંજણો), સુવર્ણોપવિત, સ્તુતિપાઠાદિક એ છ ઉપચાર કરવા. આ પ્રકારે બત્રીશ ઉપચારો વડે એ શિવલિંગની જે પુજા, એક દિવસ પણ કરે તો સર્વ પાપનો નાશ થાય. આ બત્રીશ ઉપચાર પુજા ઉત્તમોત્તમ કહેવાય છે.

ઉપર દર્શાવ્યા પ્રમાણે પાતાલ ખંડના ૧૧૪ મા અધ્યાયમાં શિવજીની આવર્ણ પુજા દર્શાવી ત્યાર પછી પ્રકારાંતરથી બત્રીશ ઉપચાર પુજા લખી છે તે દર્શાવી એ ૧૧૪ મા અધ્યાયમાં ૪૯૪ શ્લોક છે એ બધા શ્લોકો જુદા જુદા પ્રકારથી શિવપુજાનું વર્ણન કરનારા છે એટલુંજ નહિ પણ એ પાતાલ ખંડમાં ૧૭૦ અધ્યાય છે તે અરધા ભાગથી વધારે શિવપુજા વિધિ ભસ્મ મહાત્મ્ય વિગેરેનું પ્રતિપાદન કરનારા છે અને સૃષ્ટિ ખંડમાં પણ રૂદ્રાક્ષ મહાત્મ્યના ૧૦૦ શ્લોકથી રૂદ્રાક્ષ, રૂદ્રાક્ષનું રૂપ, જાતિ ને વર્ણન કરેલું છે, અને પાતાલ ખંડમાં આશરે પાંચ અધ્યાય સુધી ભસ્મની ઉત્પત્તિ, ભસ્મનું મહાત્મ્ય

ને ભસ્મ ધારણનો વિધિ બતાવેલ છે. એમ છતાં વિષ્ણુ પાખંડીઓ પદ્મપુરાણમાં રૂદ્રાક્ષ ભસ્મનો નિષેધ લખ્યો છે અને શિવજી તમોગુણી છે અને વિષ્ણુ ભક્ત છે વિગેરે બતાવી લોકોને છેતરે છે એ પાપનો ભાગી કોણ તે નીચે દર્શાવીએ છીએ.

પદ્મપુરાણ ક્રીયા ખંડ અધ્યાય, [૧]

यस्योपदेशतःपुण्ये पापं वा कुर्वते जनाः ।
सतद्भागी भवेत्मर्त्य इति शास्त्रविनिश्चितम् ॥१६

જેના ઉપદેશથી મનુષ્યો પાપ વા પુણ્ય કરે છે તે ઉપદેશ કરનાર તે પાપ પુણ્યનો ભાગી થાય છે તેમ પુષ્ટીમાર્ગીયોનું માનનીય પદ્મપુરાણજ કહે છે ત્યારે જે પુષ્ટીમાર્ગના પ્રવર્તક અને તે માર્ગના નીયંતા હાલ સુધીના ગોસ્વામીયો તે પાપના ભાંગી થાય છે એમ પદ્મપુરાણના વાકયથી સિદ્ધ થાય છે ને તે ખોટું નથી કેમકે પુષ્ટિમાર્ગીયોનાં પુસ્તકો શિવજી ભસ્મ રૂદ્રાક્ષ રૂષિમુની અને રૂષિમુનિ, પ્રણીત શાસ્ત્રો સ્મૃતિ પુરાણાદિકની નીંદાથી ભરેલાં છે તે વાંચીને પુષ્ટિમાર્ગના અનુયાયી તે ખરૂં માની ઉછ્રૃંખલ પણાથી આવાં વર્તન કરી પુષ્ટિમાર્ગનું પોકળ ઉઘાડું પાડે છે અને ઇતર વૈદીક મતાનુયાયી પ્રજાની લાગણી દુખાવે છે એ બધાનું પાપ તેમના દૈત્યાવવેશી ધર્મગુરૂને શિરે છે તેમ પદ્મપુરાણ કહે છે અમે કાંઈ કહેતા નથી. અને તે ગુરૂઓની યોગ્યતા પણ તેવી જ છે કેમકે તેમણે કોઇ શાસ્ત્રની સુગંધી લીધી નથી જુલાઈ માસના પુષ્ટિ ભક્તિસુધામાં સ્વામીની પ્રાર્થનાષ્ટકના શ્લોકના ભાવાર્થમાં (પૂર્વોક્ત અલૌકીક પ્રમેય સિદ્ધાન્ત શ્રી ભાગવત રાસપંચાધ્યાદિકના શ્રી સુબોધીનીજીમાં શ્રીમદ્ આચાર્યે સુનીપુણતાથી પ્રતિપાદીત છે પૂર્વોક્ત પ્રમેયની અધીકારીણી પુષ્ટિમાર્ગીય વલ્લભીય સૃષ્ટિજ છે તેના માટેજ આ પ્રમેયનું ઉદ્ઘાટન છે તે વીસ્મરણ થવું ન જોઇએ? એ ઉલ્લેખ પ્રમાણે પુષ્ટિમાર્ગી વિલાસનીયો સાથે રાસલીલી રસલીલા વિગેરેના કામમાં મગ્ન છે અને તેમના

ચેલાઓ અંધપંગુ ન્યાયથી ગુરૂને ખંભામાં લઈને ફરે છે સદાશિવ સદાશિવના ભકતો ભસ્મ રૂદ્રાક્ષાદિકની નીંદા કરવી તે એક ધંધો થઈ પડયો છે. અમે પરમેશ્વરને અંતઃકરણપૂર્વક પ્રાથના કરીએ છીએ કે તે ઘણા કાલ જીવો અને સદાશિવાદિકની નીંદા કર્યાજ કરો તેનું ફલ શિવનીંદા પ્રકરણમાં દર્શાવીશું.

હવે તકરારી પુષ્ટિ ભક્તિસુધાનો તંત્રી શિવ મંદીરના પગથીયાંપર પગ ન મુકનારની પ્રશંસા કરે છે અને શ્રાવણ માસમાં ઘતપુજા કરાવનાર પુષ્ટિમાર્ગીને ધીક્કારે છે માટે તેને તથા પુષ્ટિમાર્ગીયોને સદ્બોધ થવા માટે તેમનાજ માનનીય ગ્રંથમાંથી શિવભક્તિ ને શિવભક્તિનું મહાત્મ્ય વિગેરે આ ત્રતીય પ્રકરણમાં દર્શાવેલ છે તે પ્રકરણમાં એક પાતાલખંડના વાકયોનોજ સંગ્રહ કરેલો છે ત્યારે કોઇને એવી શંકા થાય કે પદ્મપુરાણ પતાલખંડમાં જ તે વાત છે ત શંકા નીવારણ માટે.

પદ્મપુરાણ સૃષ્ટિખંડ અધ્યાય ૫૯

देवानां शंभुलिंगाना मर्चां कृत्वाविधानतः ॥८४॥
अनुक्रमेणस्वर्गादौ लोकानां सपति र्भवेत् ।
लोकानां च हितार्थाय देवास्तिष्टंति सन्मुखाः ॥८५॥
सकृत् प्रदक्षिणं कृत्वा शंभुंलिंगेषु पंडितः
दिव्यं वर्षशतं पूर्णं स्वर्गमेति नरोत्तमः ॥

દેવતાઓમાં શિવલંગની વિધીપુર્વક અર્ચા કરવાથી (પુજા) અનુક્રમે કરીને સ્વર્ગાદિક લોકોના અધિપતિ થાય. અને લોકના હીતને માટે દેવતા સદા સન્મુખ રહે અને શિવજીના લિંગ વિષે એક પ્રદક્ષણા જે કોઈ વિદ્વાન કરે તો પૂર્ણ સો દીવ્ય વર્ષ સુધી સ્વર્ગમાં વાસ કરે વળી તેજ સૃષ્ટિખંડ અધ્યાય ૫૯ માં

शिवलिंगे तु प्रासादं कारयेत्वास्वशक्तितः ।
युदुक्तं विष्णु लिंगे तु तज्ज्ञेयं शिववर्त्मनि ॥ ४८

हरस्यप्रतिमांयश्च कृत्वादेवग्रहे नरः ।
सुलिंगां वासुरुपां वा कल्पकोटेवसेद्दिवि ॥ ५१

स्वर्गातभ्रष्टो भवेद्राजा धनिपुज्यतमोऽपिवा । ५२

શિવલિંગ ઉપર શિખર બંધ મંદીર પોતાની શક્તિ પ્રમાણે જે કોઇ કરાવે તેનું ફલ વિષ્ણુ મંદિર કરાવ્યાથી જે છે તે ફલ પ્રાપ્ત થાય છે જે કોઇ પુણ્યાત્મા મનુષ્ય, દેવાલયમાં મહાદેવજીની શોભાયમાન મુર્તિ પધરાવે તો કોટીકલ્પ સુધી સ્વર્ગમાં રહે ત્યારપછી મૃત્યુલોકમાં સર્વ પૂન્ય રાજા થાય. અગર જગત માન્ય ધનવાન થાય ઉપર પ્રમાણે શિવમંદીર બનાવાનું તથા પ્રતિમા સ્થાપન કરનારના પૂણ્યનું મહાત્મ્ય કહેલુ છે જો શિવજીનાં દર્શનજ ન થાય અને વ્રત પુજાદિક ન કરવાનું હત તો પદ્મપુરાણમાં આવું પુણ્ય વર્ણન કરત નહી પુષ્ટિમાર્ગીયોએ તો શિવને માટે જે કહ્યુ છે તેમ કરતા હોય તો તે કેવલ શિવદ્વેશરૂપી અગ્નિના ધુમથી બુદ્ધિ અછાદન થઇ ગઇ છે. તેમજ મનાય. કેમકે આ પુરાણના કોઇ પણ પ્રકરણમાં શૈવ વૈષ્ણવનો ભેદ પાડીને કાંઇ ધર્મ ઉપદેશ નથી. પરંતુ તે સર્વ સામાન્ય ધર્મ બોધ કરે છે તેજ પ્રમાણે આ ગ્રંથમાં દર્શાવેલા સમગ્ર પ્રકરણમાં કોઇ પણ સ્થલે શૈવ વૈષ્ણવનો ભેદ દર્શાવ્યો નથી તે બાબત પ્રમાણ નીચે દર્શાવીએ છીએ.

પદ્મપુરાણ સૃષ્ટિખંડ અધ્યાય ૫૯

विष्णवादि सवदेवाना मर्चनं यत्पृथक्पृथक् ।
प्रत्येकं संप्रवक्षामि, नराणां हितहतवे ॥ ६४

घृतप्रदीपं योदद्यात्मासमेकमहार्निशम् ।
दिव्यं वर्षायुतंस्वर्गे पूजितोदेवसत्तमैः । ६५
घृतस्नानं तथालिंगे यःकुर्याद्भुवि मानवः ।
कल्पकोटिसहस्राणि मासैके लभते नरः ॥ ६६
तिलतैलप्रदीपस्य तथान्यस्यार्धकं फलम् ।
मासेकं जलदानस्य फलेनेश्वरतां व्रजेत् । ६७
धूपदानेनगंधर्वं चंदनेद्विगुणंभवेत्
मृगमदागरुसत्वस्य दानेबहुफलंभवेत् ॥ ६८
मालापुष्पप्रदानेन नरःस्यात्रिदशेश्वरः ।
शीतेतूलपटींदत्वा सर्वदुःखात्प्रमुच्यते ॥ ६९
जन्मजन्मसु लभ्येत उष्णे च शीतलांपटीम् ।
दत्वाचनैवसीदेत शक्त्या वस्त्रं ददाति यः ॥ ७०
चतुर्हस्तप्रमाणं च वर्ष्मवेष्टंसुशोभनम् ।
पिधानं चरणानां च दत्वास्वर्गान्नहीयते ॥ ७१
शक्त्यास्वर्णप्रदानेन स्वर्गेपूज्योभवेन्नरः ।
दशयोजनविस्तीर्णे मंडपेरूपभागभवेत् ॥ ७२
सुवर्णरत्नसंयुक्तं दत्वादशगुणंलमेत् ।
वज्रवैदूर्यगारुत्म माणिक्यादीननर्घतः ॥ ७३
दत्वालिंगेविधानाच्च ब्राह्मणेवायशस्विनि ।
शतयोजनविस्तीर्णे मंडलेधेपतिंभवेत् ॥ ७४

तथैव भुविजातोपि सर्वलोक प्ररंजनः ।
सुरभिद्रव्यदानेन वावदूकश्चसुंदरः ॥ ७५
रक्तामृतसुकंठश्च पूगदानान्नरोभवेत् ।
वरदासीप्रदानेन नरःकल्पंवसेदिवि ॥ ७६
वरदासीप्रदानेन उर्व्यांजातोधनेश्वरः ।
तथैव भृत्यदानेन बहुभृत्योभवोद्दिवि ॥ ७७
धरायामक्षयाऋद्धि र्जन्मजन्म[illegible]जायते ।
सर्वतूर्यप्रदानेन गुणवा[illegible]लोकसंमतः ७८
नृत्यगीतादिशास्त्रेण गंधर्वाणांपतिर्भवेत् ।
दासीदासयुतःस्वर्गे धनैः स्त्रीभिर्वरैर्युतः ॥ ७९
तथैवगोप्रदानेन तावत्कालंवसेद्दिवि ।
लिं[illegible]प्रदानाच्च नरःकल्पंवसेद्दिवि ॥ ८०
दध्नास्नानेन द्विगुणं घृतेनतुशताधिकम् ।
अन्नंषड्रससंयुक्तं दत्वाक्षितिपतिर्भवेत् ॥ ८१
तथैवपायसंदत्वा मुनीनां प्रवशेभुवि ।
हविष्यान्नं[illegible]दादत्वा वेदशास्त्रार्थपारगः ॥ ८२
एवमेवक्रमेणैव नमस्कारैःस्वयंभुवः ।
लोकवंद्यो [illegible] तस्मान्नित्यंसमाचरेत् ॥ ८७

શ્રી વ્યાસ ભગવાન કહે છે કે:—

મનુષ્યો માત્રના કલ્યાણને માટે વિષ્ણુ આદિ દેવતાઓનું અર્ચન પૃથકપૃથક જગતના હિત માટે હું કહીશ.

અહર્નિશ એક માસ પર્યંત ઘીનો દીવો શિવ મંદીરમાં જે કરે છે તે દશ હજાર દિવ્ય વર્ષ સુધી સ્વર્ગમાં વાસ કરે છે

તેમજ મૃત્યુ લોકમાં કોઈ પણ મનુષ્ય સદાશિવ ભગવાનને ઘૃત-સ્નાન એક માસ સુધી કરાવે તો તે પુરૂષ કોટિકોટિ કલ્પ સુધી સ્વર્ગમાં વાસ કરે છે અને તેલના દીપથી અથવા બીજા કોઇ દ્રવ્યના દીપથી પુજન કરે તેને તેથી અરધું ફલ પ્રાપ્ત થાય છે વળી એક માસ સુધી જલાભિષેક કરાવે અથવા અભીષેક માટે પાણી ભરી આપે તે મનુષ્ય લોકપાલના પદને પામેછે.

સદાશિવને ધૂપ અર્પણ કરે તેને ગંધર્વ લોકની પ્રાપ્તી થાય છે ચંદન અર્પણ કરવાથી તેથી દ્વિગુણ ફલ પ્રાપ્ત થાય છે કસ્તુરી મીશ્રીત અગરૂ ચંદન અર્પણ કરે તો તે કરતાં બહુ ફલ પ્રાપ્ત થાય છે અને પુષ્પની માલા અર્પણ કરવાથી ત્રણ લોકનું રાજ્ય પ્રાપ્ત થાય છે અને શિતરૂતુમાં રૂનાં વસ્ત્ર અર્પણ કરવાથી સર્વ દુઃખથી મુક્ત થાય છે અને ઊષ્ણ રૂતુમાં શિતલ વસ્ત્રનું અર્પણ કરવાથી જન્મ જન્માંતર સુધી સુખી થાય છે યથાશક્તિ વસ્ત્ર અર્પણ કરે તે પણ સદા સુખી રહે છે ચાર હાથ સમચોરસ સુશોભીત વસ્ત્રથી પુજન કરવાથી નિરંતર સ્વર્ગમાં વાસ કરે છે ને તે મનુષ્ય સ્વર્ગથી પાછો ફરતો નથી. સદાશિવને સુવર્ણ દાન કરવાથી સ્વર્ગમાં પૂજ્ય થઇને દશ યોજન વીસ્તીર્ણ વિમાનનો અધિપતી થાય છે રત્ન જડીત સુવર્ણ આ ભુષણ અર્પણ કરવાથી તેથી દશગણું ફલ પ્રાપ્ત થાય છે હીરા પોખરાજ, માણેક વૈડર્ય ઇત્યાદિક રત્નોલિંગ વિષે અર્પણ કરવાથી સો યોજનવિસ્તીર્ણ વિમાનના અધિપતી થાય ને તે પછી મૃત્યુ લોકમાં આવે તો સર્વ લોકમાં પૂજ્ય થાય શિવલિંગને સુરભિ દ્રવ્ય અર્પણ કરવાથી મોટા પંડિત થાય (પુંગીફલ) સોપારીનું અર્પણ કરવાથી રક્ત વર્ણને સુંદર કંઠવાન થવાય. સુંદર રૂપવતી દાસીયોનું અર્પણ કરનાર અસંખ્ય ભૃત્યો (ચાકરો) સહિત સ્વર્ગમાં વસે અને પુનઃમૃત્યુલોકમાં જન્મ લેવાથી અક્ષય ધનવાન થાય અને શિવલિંગ આગળ સર્વ પ્રકારનાં વાદ્ય વગાડવાથી લોકમાન્ય થાય. અને શિવલિંગ આગળ નૃત્ય ગાન ને પુરાણાદિકની કથા કરે તો

ગંધર્વ લોકનો અધિપતી થાય તેમજ ગાયોનું દાન કરનાર ગાયનાં જેટલાં રોમ તેટલા વર્ષ સ્વર્ગમાં વાસ કરે શિવલિંગ ઉપર દૂધનો અભીષેક કરાવે તે એક કલ્પપર્યંત સ્વર્ગમાં વાસ કરે અને દહીંનું સ્નાન કરાવનાર બે કલ્પ સુધી સ્વર્ગમાં વસે ઘીની પુજા કરાવનાર સો કલ્પ સુધી સ્વર્ગમાં નિવાસ કરે (ષટ) છ રસયુક્ત ભગવાન શિવજીને નૈવેદ્ય, કરાવનાર પૃથ્વીનો અધિપતી થાય. દૂધપાક વગેરેનું શિવજીને નૈવેદ્ય કરવાથી મહા તપસ્વી થાય. હવિષ્યાન્નનું નૈવેદ્ય કરાવનાર વેદ શાસ્ત્રમાં પારંગત થાય. એ પ્રકારે ક્રમે કરીને વિધીપુરઃસર ભગવાન સદાશિવને નમસ્કાર કરે તે લોકમાં પુજ્ય થઇ સ્વર્ગ પ્રત્યે જાય માટે નીરંતર શિવ-પુજન નમસ્કારાદિ ભકિતવડે કરવાં.

આ પ્રમાણે સૃષ્ટિખંડમાં પણ શિવભકિત મહાત્મ્ય પુજા મહાત્મ્ય પ્રત્યેક દ્રવ્ય અર્પણ મહાત્મ્ય નમસ્કાર મહાત્મ્ય વિગેરે દર્શાવેલ છે એથી પદ્મપુરાણના આનાથી જે સદાશિવ સદાશિવના ભકતો અને સદાશિવ પુજાનો અવજ્ઞા બતાવનાર વિષ્ણુ પાખંડીયોના મોઢાર્મા ચપેટા લગાવ્યો છે કેમકે પુરાણાદિકમાં શિવોત્કર્ષ આવે તે શૈવને માટે છે તેમ વિષ્ણુ પાખંડીયો બતાવે છે પણ અહીતો—

विष्णवादि सर्व देवाना मर्चनं यत्पृथक् पृथक्

એ વાકયથી મનુષ્ય માત્રના હિતને માટે સર્વ દેવના પૂજા પ્રકરણનો ઉપક્રમ છે માટે જે મનુષ્ય હોય તેને તો શિવપુજા વિહીત છે પણ જે ઈશ્વર સૃષ્ટિના મનુષ્ય ન હોય કોઇ એક વ્યક્તિના અંગ સૃષ્ટિના જીવો શિવપૂજા નમસ્કાર દર્શનાદિ ન કરે તેને કાંઇ શાસ્ત્ર ફરજ પાડી શકે નહી કારણ કે શાસ્ત્ર વર્ણાશ્રમિ અધિકારી જીવોને ધર્મ અધર્મનો ઉપદેશ કરનાર છે પણ ઈશ્વર સૃષ્ટિના જીવો જે ન હોય તે શાસ્ત્રના અધિકારી જ નથી. માટે તેને તો ચારે દિશા મોકળી છે તેવા વીતંડા વાદી ગમે તે બોલે અથવા ગમે તે લખે તે તે તેને છુટ છે કેમકે તે ઉચ્છાસ્ત્ર વૃત્તિ કહેવાય.

જો પુષ્ટિમાર્ગીયોના આચાર્યોએ કલ્પેલા વૈષ્ણુવ મત પ્રમાણે શિવાદિ સમસ્ત દેવતાંતરનાં દર્શન નમસ્કાર ન કરવાં પુજા નૈવેદ્ય વિગેરે કરવું કરાવવું નહી અને એકજ ભગવત સ્વરૂપનાં નાંમને આકૃતિ ભીન્ન હોયતો ! જેમ મોરલીધરને બાલકૃષ્ણ એ બન્નેના ભકતો એક બીજાનાં દર્શન નમસ્કાર કરે નહિ અને ભોગ સામગ્રી પણ આપે નહી ને જો આપે તો અનન્ય ભકત ગણાય નહિ એ પ્રકારની અનન્ય ભક્તિ પ્રાચીન કાલથી ચાલતી આવતી હતતો શિવશક્તિ ગણેશાદિ દેવતાઓની ઉપાસનાનો સાધનભૂત કરોડો રૂપૈયાનાં કીમતી મંદીરાદિક અને તે તે દેવતાનાં નંદાદીપ નૈવેદ્ય પુજા અર્ચા દીપારાધન વિગેરે અવછીન ચલાવવા રાજા, મહારાજા શેઠ સાવકારો વિગેરેએ તે તે દેવના નામથી તામ્રપત્રાદિ લેખદ્વારા, લાખો રૂપૈયાનાં જમીન જાગીર વર્ષાસન વિગેરે અર્પણ કરેલાં તે અદ્યાપિ સુધી ચાલતાં જોવામાં આવે છે તે નજ હોવો. જોઈએ તે અદ્યાવધી સમસ્ત મનુષ્યોને દ્રષ્ટી ગોચર થાય છે તે કોઈ અનન્ય ભકિત વાલાથી દેવતાંતરની ઉપાસના બંધ કરી શકી નહી ને કરી શકાશે પણ નહી.

વસ્તુસ્થિતી તેમ છતાં પણ (पश्यंतोऽपिनपश्यति मूढा:) આ વાકય પ્રમાણે હાલીક તૈલીક ગોપાલીક અને અજાવીક અને તદસાદ્રશ વ્રાત્ય ધનાઢયો અને વીદ્વાનો પણ આધુનીક ઉદરંભરી નીરક્ષર ભટ્ટાચાર્યોના પ્રતારણારૂપ જાલમાં ફસીને દેવતાન્તરની અવજ્ઞા કરવી એજ અનન્ય ભક્તિ સમજી શિવશકત્યાદિ દેવતાઓને અતીકુત્સીત ભાષાથી અવજ્ઞા કરે છે તો એથી વધારે ઘોરતમ પાપનુ ફલ શું બીજુ હોઇ શકે.

એ દેવતાંતરના નીંદક રસલીલા રાસલીલા અધરામૃત પાન પ્રસાદ ગોષ્ટી તેજ પરમપુરૂષાર્થ સમજી કરોડો રૂપૈયા તે કામમાં ખર્ચે છે. અંગ સૃષ્ટીના વિલાસીનીઓના વિલાસમાં પડી નિશ્રેયસથી ચ્યુત થાય છે તેજ દેવતાંતરની નીંદાનું ફલ છે એમ અમારી માન્યતા છે અસ્તુ જેવાં કામ કરે તેવાં ફલ ભોગવે તેમાં અમને કાંઇ હરકત નથી.

કેમકે શ્રી વિષ્ણુ ભગવાન હિરણ્યગર્ભ સનક, ઇંદ્ર, કપીલ, ગૌતમ, વસિષ્ટ કશ્યપ, ભૃગુ, પારાશર, જમદગ્નિ, વ્યાસ, શુક, દ્રોણ, અશ્વત્થામા, ઉપમન્યુ, શુક્ર, ઇત્યાદિ બ્રહ્મરુષિયો તેમજ ઈક્ષ્વાકુ, દશરથ, સહસ્ત્રબાહુ, યયાતિ, પૃથુરઘુ, શ્રીરામચંદ્ર, શ્રી-કૃષ્ણચંદ્ર, જનક, ભગીરથ–સગર, ભીષ્મ, પાંડવ, વિક્રમ, ભોજ, છેવટ કર્ણ ઘેલા પર્યંત રાજરૂષિયો પરમપરાથી.

ભાગીરથી, જમુનાં, સરસ્વતિ, નર્મદા, ગૌતમી, આદી મહાન-દીયોના વિશાલ તટમાં–હિમાલય–વિંધ્યાચલ, કુર્માચલ, અરૂણા-ચલ, શ્રી શૈલ, શેશાદ્રી, અર્બુદાચલ અને રવૈતાચલ આદી અચ-લોમાં અને અનેક નામરૂપ ભેદથી ભીન્ન ભીન્ન પર્વત ગુફા-ઓમાં માનસ, બીંદુ, નારાયણ ને પંપા આદી પ્રખ્યાત મહાત્મ્ય યુકત મહાસરોવરના સમીપમાં તથા શ્રીકાશી, કાંચી, અયોધ્યા, મથુરા, માયા, અવંતીકા ને શ્રી દ્વારવતી, વૃંદારણ્ય, કોંડારણ્ય, દંડકારણ્ય, નૈમીષારણ્ય આદિ મહાઅરણ્યોમાં સિદ્ધાશ્રમ, બદ્રીકા-શ્રમ, વ્યાસાશ્રમ, અને વસિષ્ટાશ્રમ આદિ પ્રખ્યાત આશ્રમોમાં પોતપોતાના નામથી પ્રતિષ્ઠિત સદાશિવ પરબ્રહ્મનાં લિંગો નારા-યણેશ્વર, હિરણ્યગર્ભેશ્વર, સનકેશ્વર, ઇંદ્રેશ્વર, કપીલેશ્વર, ગૌતમે-શ્વર વસિષ્ટેશ્વર ભાર્ગવેશ્વર, પરાશરેશ્વર, જમદગ્નિશ્વર, કશ્ય-પેશ્વર, ઉપમન્યુઇશ્વર, વ્યાસેશ્વર, શુકેશ્વર, દ્રોણેશ્વર અશ્વત્થામે-શ્વર, માર્કંડેશ્વર, અત્રીશ્વર ઈક્ષ્વાકેશ્વર, રામેશ્વર, કૃષ્ણેશ્વર, જનકેશ્વર હરિશ્ચંદ્રેશ્વર, સગરેશ્વર સોમેશ્વર, માર્તંડેશ્વર, ભીષ્મેશ્વર, પાંડવેશ્વર, ભીમેશ્વર વીક્રમેશ્વર, કર્ણ, મુકતેશ્વર, ઇત્યાદિ નામથી પ્રખ્યાત લિંગો તેનાં સ્થાનને મહાત્મ્ય સહીત પદ્મપુરાણના છ ખંડમાં તે સર્વેનાં મહાત્મ્ય છે ને વીક્રમેશ્વરાદિ લિંગોનાં આધુનીક ઇતિ-હાસોમાં વર્ણન છે ઉપર દર્શાવેલાં સમસ્ત લીંગો સ્થાપન થયાં ત્યારથી અદ્યાપિ પર્યંત બ્રાહ્મણ ક્ષત્ર્યાદિ ચાતુરવર્ણ સંભાવીત રાજા મહારાજા સામંતભૂપાલ આદિ બધા ચતુરાશ્રમીઓ યથા-ધીકાર આરાધન કરે છે તેમજ શક્તિની જાલંધર પીઠ જેનું સવિસ્તર વર્ણન પદ્મપુરાણ ઉત્તરખંડમાં છે તેમજ કામાક્ષી પીઠ

જ્વાલામુખી મુકામ્બીકા અને મધુર મેનાક્ષી કોલાપીઠ–કોલાપુર –મહાલક્ષ્મી કાલીકા (કલકત્તા) વિગેરે અતિ પ્રાચીમ પુરાણ પ્રસિદ્ધ દેવી દેવાલયો અંબાજી બહુચરાજી, તુલજાભવાની વજ્રેશ્વરી લોક પ્રસિદ્ધ દેવીયોની અત્યુગ્રપ્રખ્યાત પીઠો તેમાં રાજ વૈભવથી પુજા અર્ચા ચાલે છે ને કરોડો યાત્રીકો તે સ્થાનમાં યાત્રા માટે જાય છે લાખો રૂપૈયાની સેવા થાય છે. ભક્તોને વાંછીતાર્થ ફલ મળે છે તે વાત સુપ્રસિદ્ધ છે તેમજ ગણેશાદિ કોનાં ક્ષેત્ર પણ સુપ્રસિદ્ધ છે જો પુષ્ટિમાર્ગી આદિકોએ ઉટંકીત–વૈષ્ણવ માર્ગ અનાદિકાલથી ચાલતો આવ્યો હોતતો ઉપર દર્શાવેલાં શિવશક્તિ ગણેશાદિકનાં દેવાલય તથા તે દેવોની પુજા અર્ચા વિગેરે વ્યવહાર આ જગતમાં પ્રચલીત હોત નહી. કદાપિ પ્રવર્ત્યા હોય તોપણ અનન્ય ભક્તિ પુષ્ટિમાર્ગી આદીકો કલ્પેલા જેવાજ હોય તો સમસ્ત શિવશકત્યાદિક દેવોની દેવાલય પુજા અર્ચા વિગેરે નષ્ટ ભ્રષ્ટ થઈ નામ માત્ર પણ અવશેષ રહ્યાં ન હોત. અને સમસ્ત પ્રજા ઉચ્છાઆચાર સમુદ્રમાં ડુબી જઇ ધર્મને મોક્ષરૂપ–પુરૂષાર્થ ભાવના રહિત થઇ અનર્થના પ્રવાહમાં તણાયા કરત પરંતુ એમ થયું નથી અને સમસ્ત દેવોની પૂજા અર્ચા ઉપાસના અને જમીન જાગીર વર્ષાસન અનાદીથી જેમ ચાલે છે તેમ છે તેને અનન્ય ભક્તિ કાંઈ પણ હાની કરી શકી નથી (માટે શિવશકત્યાદિની ઉપાસના વિમુખ રસલીલા રાસલીલા અધરામૃત પાનાદિ ચેષ્ટાનો કરનાર કોઇપણ ધર્મ પ્રાચીનકાલમાં ન હતા એવી અમારી માન્યતા છે પરંતુ તે પંથના કહેવાતા ધર્મગુરૂઓ અનન્ય ભક્તિ નામના પડદામાં રહી અત્યંત તુચ્છ સર્વ શાસ્ત્રનીંદીત રસલીલા રાસલીલા અધરામૃત પાનાદી ભૌતીક વિષયેન્દ્રિય સંયોગજનીત ક્ષણીક સુખની લાલસામાં પડી પ્રજાના ધનધર્મને નીતિનુ હરણ કરે છે તે કૃત્ય પ્રજાની પ્રગતીને અત્યંત અવરોધ કરનાર છે અને પ્રજાને અધોગતીએ પહોંચાડનાર છે તેવા અપકૃત્યથી પ્રજાને બચાવવા સારૂ શુદ્ધ સત્વગુણયુકત વિષ્ણુ આદિ વડે સેવીત પુરૂષાર્થ ચતુષ્ટ-

યનું સર્વોત્તમ સાધન વેદપુરાણુ પ્રતિપાદીત શિવભક્તિનો સંક્ષેપ સારાંશ દર્શાવી આ પ્રકરણુ અહીજ સમાપ્તી કરીએ છીએ વિશેષ જીજ્ઞાસુએ દર્શીત સ્થલે જોઇ લેવું.

इति श्री शिवभक्ति कल्पलतायाम् शिवभक्ति निरुपणं

नाम त्रतियं प्रकरणम् ॥

समाप्तम् ।

॥ ॐ ॥

रुद्राक्ष महात्म्य प्रकरण ४.

—:०:—

તૃતિય પ્રકરણુમાં સંક્ષેપથી શિવ ભક્તિનું નીરૂપણુ કર્યું આ ચતુર્થ પ્રકરણુમાં શિવભક્તિ અંગભુત રૂદ્રાક્ષ મહાત્મનું નીરૂપણુ કરીએ છીએ.

चातुर्वर्णने चार आश्रम ऋषि मुनि विद्वानने मुर्ख विगेरे सर्व जातना मनुष्योने सर्वोत्तम पुण्य रुद्राक्ष धारण छे अने विष्णु आदि सर्व देवताना मंत्रो रुद्राक्ष मालाथी ज जपाय तेनुं प्रमाण प्रदर्शन.

पद्मपुराण सृष्टि खंड अध्याय १६०

द्विजा उचुः

समान्येकः परः पुण्यो
मर्त्य लोके द्विजे त्तम ।
सुलभो मर्त्य पूज्यस्तु
मुनिनां च तपस्विनाम् ॥

चा्‌र्वर्ण्यो श्रम णां च पाप पुण्यवतां नृणाम् ।
[illegible]णागुणवतां चैव वर्णावर्ण वतां तथा ॥

व्यास उवाच

सर्वेषामेव भूतानां रुद्राक्षेण युतो वरः ॥
दर्शनाद्यस्य लोकानां पाप राशिः प्रलीयते ॥ ११२
स्पर्शनाद्दिव मश्नाति धाराणा द्रौद्रतां व्रजेत् ।
शिरस्यु रसि बाहौ च रुद्राक्षं धारयेत्तुयः ॥ १३
सचे शान समो लोके मखे सर्वत्र गोचरः ।
यत्र तिष्ठ्यत्य सा विप्रस्स देशः पुण्यवान्भवेत् ॥१४
तं दृष्ट्वाप्य थवा स्पृष्ट्वा नरः पूयेत कल्मषात् ।
यज्जप्यं तर्पणं द्दानं स्नान म र्चा प्रदक्षिणम् ॥ १५
यत्किंचि त्कुरुते पुण्यं निखिलं तदनं तकम् ।
तीर्थानां च महत्तीर्थं रुद्राक्षस्य फलं द्विजाः ॥ १६
अस्यै व धारणा देही पापात्पूतोऽति पुण्य भाक् ।
ग्रहीत्वा चा क्षमालां च ब्रह्मग्रंथि युतां शिवाम् ॥ १७
यज्जप्तं च कृतं दानं स्तोत्रं मंत्रं सुरार्चनं ।
सर्वं चा क्षय ता मेति पापं च क्षयमा व्रजेत् ॥ १८
मालाया लक्षणं ब्रूमःश्रूयतां द्विज सत्तमाः ।
तस्यास्तु लक्षणं ज्ञात्वा शैव मार्गं प्रलप्स्यथ ॥ १९
निर्यो निकीट विद्धं च भग्न लिंगं यथा क्रमम् ।
अन्योन्यं बीज लग्नं च मालायां परिवर्जयेत् ॥ १२०

स्वयं च ग्रथिताया[illegible] श्लथान्योन्य ग[illegible]जाला ।
शूद्रादि ग्रथिताऽशुद्धा दूरात्तां परिवर्जयेत् ॥ २१
मध्यमा लम्भकं षीजं जपतं च यथाक्रमम् ।
हस्तसं भ्रमणे नैव मेर्वा मर्शं पुनः पुनः ॥ २२
संख्यातं यज्जपेन्मंत्र मसंख्यातं च निष्फलम् ।
सर्वेषा मेव देवानां जपेन्मंत्र स्वमालया ॥ २३
प्रयतः सकले तीर्थे कोटि कोटि गुणं भवेत् ।
शुद्धाया मेव भूम्यां तु मेध्य के वृक्ष मूल के ॥ २४
गोष्टे चतुष्पथा गारे विष्णो र्मंत्रं शिवस्य च ।
गणपते श्च सूर्यस्य लिंगे नंत फलं लभेत् ॥ २५
शून्यागारे शव स्याग्रे श्मशाने च चतुष्पथे ।
देवी मंत्रं जपे द्यस्तु सद्यस्सिध्यति साधकः ॥ २६
यावच्च वैदिकं मंत्रं पौराणं चा गमोद्भवम् ।
सर्वं रुद्राक्ष माला भिरीप्सिते ष्टार्थ दायकम् ॥ २७
रुद्राक्ष स्रवजं शुद्धं जलं शिरसि धारयेत् ।
सर्वस्मात्कल्मषापूतः पुण्यं भवति चाक्षयम् ॥ २८
रुद्राक्षस्य च प्रत्येकं बीजं प्रत्येक निर्जरं ।
धारयेद्य स्तनौ मर्त्यः सुराणां सत्तमो भवेत् ॥ २९

॥ द्विजा उचुः ॥

रुद्राक्षस्तु कुतो जातः कुतो वामे ध्यतां गतः ।
किमर्थं स्थावरा भूमौ के नै वच प्रचारितः ॥ १३०

॥ व्यास उवाच ॥

पुराकृत युगे विप्रास्त्रि पुरो नाम दानवः ।
सुराणां च वधं कृत्वा अंतरिक्ष पुरेहिसः ॥ ३१
प्रणाशे सर्व लोकानां स्थिरो ब्रह्म वरेण च ।
शुश्रावशंकरो भीमं देवै रीशोनि वोदितः ॥ ३२
ततोऽजग वमासज्य बाण मंतक सन्निभंम् ।
धृत्वा तं च जघानाथ दृष्टं दिव्येन चक्षुषा ॥ ३३
सपपात मही पृष्टे म ुल्के व च्युतोदिवः ।
घट न व्याकुला द्रुद्रात्पतिताः स्वेदबिंदवः ३४
तत्राश्रु बिंदु तो जातो महा रुद्राक्ष कः क्षितौ ।
अस्यै व च फलं जीवानजानं त्यति गुह्यतः ॥ ३५
ततः कैलास शिखरे देव देवं महेश्वरम् ।
प्रणम्य शिरसा भूमौ स्कंदो वचन मब्रवीत् ॥ ३६
रुद्राक्षस्य फलं नाथ ज्ञातु मिच्छामि तत्त्वतः ।
जण्ये थधारणे चैव दर्शने स्पर्शने पिवा ॥ ३७

॥ ईश्वर उवाच ॥

लक्षं तु दर्शनात्पुण्यं कोटि वैं स्पर्शन ने च ।
दश कोटि फलं पुण्यं धारणा ल्लभते नरः ॥ ३८
लक्ष कोटि सहस्राणि लक्ष कोटि शतानि च ।
जप्त्वास्य लभते पुण्यं नात्र कार्या विचारणा ॥ ३९

उच्छिष्टो वा विकर्मस्थो युक्तो वा सर्व पातकैः ।
मुच्यते सर्व पापेभ्यो रुद्राक्ष धारणे न वै ॥ १४०
कंठे रुद्राक्ष मादाय श्व पदो म्रियते यदि ।
सोपि रुद्रत्व माप्नोति किं पुन र्मानुषादयः ॥ ४१
ध्यान धारण हीनोपि रुद्राक्षं यदि धारयेत् ।
सर्व पाप विनिर्मुक्तः स याति परमां गतिम् ॥ ४२

॥ कार्तिकेय उवाच ॥

एक वक्रं द्वि त्रि चतुः पंच षड्वक्रमे व च ।
सप्ताष्टन व वक्त्रं च दशैका दशवक्रकम् ॥ ४३
रुद्राक्षं द्वादशास्यं च त्रयोदश मुखं तथा ।
चतुर्दश्यास्य संयुक्तं स्वय मुक्तं च शंकर ॥ ४४
तेषां च तन्मुखानां च देवताः काश्चत द्वद ।
गुणो वा की दृश स्तेषां दोषो वा जगदीश्वर ॥ ४५
यदि मेनु ग्रहो वास्ति कथय स्व यथार्थतः ।

॥ ईश्वर उवाच ॥

एक वक्त्रः शिवः साक्षाब्रह्म हत्यां व्यपो हति॥ ४६
तस्मात्तु धारये देहे सर्व पापक्ष यायच ।
शिवलोकं सगच्छन्न शिवेन सह मोदते ॥ ४७
महता पुण्य योगेन हरानुग्रह कारणात् ।
एक वक्त्रं लभेन्मत्यो कैलासंच षडानन ॥ ४८

देव ेवोद्धि वक्त्रंच यस्तु धारयतेनरः
सर्व पापंक्षयं यातियद्रुक्तं गोवधा ेकम् ॥ ४९
स्वर्गं चाक्षय मान्योति वक्र धारणात्ततः ॥
त्रिवक्त्र मनलस्साक्षा द्यस्य देहे प्रतिष्ठति ॥ ५०
तस्य जन्मार्जितं पापंदहत्यग्नि रिवेंधनम् ।
स्त्रीहत्या ब्रह्महत्या भ्यांबहूनाचैंवहत्यया ॥ ५१
यत्वापंलभतेमर्त्यः सर्वं नश्यतितत् क्षणात् ।
यत्फलं वन्हि पूजायामग्नि कार्यें घृताऊतो ॥ ५२
तत्फलं लभतेधीरः स्वर्गं चानंत मस्तुते ।
त्रिवक्त्रं धारयेद्यस्तु सच ब्रह्मसमोभुवि ॥ ५३
निचितं दुष्कृतं सर्वंदहे ज्जन्मनि जन्मनि ।
नचोदरे भवेद्रोगो नचैवा पटुतां व्रजेत् ॥ ५४
पराजयं नलभते नाग्नि नादह्यते गृहम् ।
तान्यन्या दिसर्वाणि वज्रा श्च निवारणम् ॥ ५५
नाशुभंवि द्यते किंचित्त्रि वक्त्र स्यतुधारणात् ।
चर्तुवक्त्रः स्वयं ब्रह्मायस्य देहेप्रतिष्ठति ॥ ५६
सभवे त्सर्वं शास्त्र ज्ञोद्धिजोवनविदांवरः ।
सर्व धर्मार्थ तत्वज्ञः स्मार्तः पौराणिको भवेत् ॥ ५७
यत्पापंनर हत्यायां बहुसत्वेषु वेस्मसु ।
तत्सर्वंदहतशींघ्रं चतुर्व क्रस्यधारणात् ॥ ५८

महेशरूष्य ते नित्यंभूताना मधिपो भवेत् ।
सद्यो जातस्तथे शानस्तत्पुरुषोऽघोरएवच ॥ ५९
वामदेव मे देवावक्रैः पंचभिराश्रिताः ॥
अतःसर्वत्र भूयिष्टाः पंचवक्रोधरातले ॥ १६०
रुद्रस्यात्म जरूपोयंतस्मातं धारयेद्‌बुधः ।
कल्प गोटि सहस्राणि कल्पकोटि शतानिच ॥ ६१
तावत्कालंशिवस्याग्रे पूजनीयः सुरासुरैः ।
सार्वभौमो भवेद्‌भूमौ शर्वतेजाः शिवालये ॥ ६२
तस्मात्सर्व प्रयत्नेन पंच वक्त्र तुधारयेत् ।
षड् वक्त्रं कार्तिके यस्तुधार यन् दक्षिण भुजे ॥ ६३
ब्रह्म हत्यादिभिः पापैर्मुच्यते नात्र संशयः ।
स्कंद स्य सदृशःशूरः कल्पांते समुपस्थिते ॥ ६४
नात्र पराजयं याति गुणानामाकरो भुवि ।
कुमारत्व मवान्प्नोति यथागौरीश नंदनः ॥ ६५
ब्राह्मणो भूप पुज्यश्च क्षत्रियो लभ्यते जयम् ।
वैश्य शुद्रादयो वर्णाः सदैश्वर्य प्रपूरिताः ॥
तस्यैव वर गोरी माते वृसुलभा भवेत् ॥ ६६
ततो भुज बलादेव विश्वते जाभवेन्नरः ।
वाग्मीधीरश्च जायेत नृपवेश्म निसंसदि ॥ ६७
नच कातरता मेतिनैव भंगो भवेद् ध्रुवम् ॥ ६८

एतान्यन्या दिसर्वाणि ष वक्त्र स्यैव धारणात् ।
सप्त वक्त्रो महासेनरत्त्व नंतो [illegible] ॥ ६९
अस्य प्रत्येक वक्त्रे प्रतिदाया व्यवास्थिता ।
अनंतः कर्कट श्चैव पुंडरीकोथ तक्षकः ॥ १७०
विषोल्बणश्च कारीषः शंख चूडश्चसत्वमः ।
एतेनागामहा वीर्याः सप्त वक्त्रे व्यवस्थिताः ॥ ७१
अस्य धारण मात्रे विषं नक्रम तेतनौ ।
हरश्च परमप्रीतो भवेन्नागेश्वरे यथा ॥ ७२
प्रीत्यास्य सर्व पापानिक्षयं यांति दिने दिने ।
ब्रह्महत्या सुरा पानंस्ते यादि गुरुतल्प जम् ॥ ७३
यत्पा पंलभते मर्त्यः सर्वं नश्यतितत्क्षणात् ।
देवस्यसदृशं भोग्यं त्रैलोक्ये निश्चितं लभेत् ॥ ७४
अष्टवक्त्रो महासेन साक्षाद्देवो विनायकः ।
अस्यैव धारणादेव यत्पुण्यं तच्छृणु ष्वमे ॥ ७५
जन्म जन्मन मूर्ख स्यान्ना तुरोनच नष्टधीः ।
अविघ्नः सर्वकार्येषु तस्यैव सततं भवेत् ॥ ७६
नैपुण्यं लिपिकार्येषु महा कार्ये कौशलम् ।
सर्वा रंभादिकार्ये क्षमंतस्य दिने दिने ॥ ७७
अर्धकूट तुलाकूटं सर्वकूटं तथैवच ।
शिश्नोदर करेणैव संस्पृशेद्धा गुरु स्त्रियः ॥ ७८

ग्वमादीनि सर्वाणिहंति पापानि सर्वथा।
अक्षयं त्रिदिवं मुक्त्वा मुक्तायाति परां गतिम् ॥ ७९
गुणान्येता निसर्वाणि अष्ट वक्त्रस्य धारणात् ।
नवास्यं भैरवं प्रोक्तंधार येद्यस्तु बाहुतः ॥ १८०
कपिलं मुक्तिदं धृत्वा ममतस्य बलोभवेत् ।
लक्ष कोटि सहस्राणि ब्रह्महत्याः करोति यः ॥ ८१
ताः सर्वा दहते शीघ्रं नव वक्त्रस्य धारणात् ।
सुरलोके सदा देवैः पूजितो मघवान्यथा ॥ ८२
हरवद्धर वेश्मस्थो गणेशोनात्र संशयः
पन्नगाश्च विनश्यंति दशे वक्त्रस्य धारणात् ॥ ८३
वक्त्रे चैकादशे वत्स रुद्रा श्चैकादश स्मृताः ।
शिखायां धारये न्नित्यं तस्य पुण्य फलं श्रृणु ॥ ८४
अश्व मेघ सहस्राणि यज्ञ कोटि शतानिच ।
गवां शत सहस्रस्य सम्यग् दत्तस्य यत्फलं ॥ ८५
तत फलं शिघ्र माप्नोति वक्त्रैकादश धारणात्
हरस्य सदृशो लोके पुर्न जन्म न विद्यते ॥ ८६
रुद्राक्षं द्वादशास्यं यः कंठ देशे तु धारयेत् ।
आदित्य स्तुष्यते नित्यं द्वादशास्ये व्यवस्थितः॥८७
गोमेधं न रमेधं च कृत्वायत्फल मश्नुते ।
तत्फलं शिघ्र माप्नोति वज्रादेश्च निवारणम् ॥ ८८

नैव वह्ने भंयं चै व न च व्याधिः प्र तंते ।
अर्थ लाभं सुखं भुंक्त ईश्वरो न दरिद्रता ॥ ८९
हस्त्यश्व नर मार्जार मूषकाञ्छ शकां स्तथा ।
व्याल दंष्ट्रि सृगाला दीन् हत्वा वाघा तयत्यापि॥१९०
मुच्य ते नात्र संदेहो वक्रद्वादश धारणात् ।
वक्रत्रयोदशो रुद्रो रुद्राक्षः प्राप्यते यदि ॥ ९१
संतमः सतु विज्ञेयः सर्व काम फल प्रदः ।
सुधारसायनं चैव धातु वादश्च पादुका ॥ ९२
सिध्यंति तस्य वै सर्वे भाग्य युक्तस्य षण्मुख ।
मातृ पितृ स्वसृ भ्रातृ गुरुन्वाथनि हत्यपच ॥ ९३
मुच्यते सर्व पापेभ्यो त्रयोदशास्य धारणात् ।
अक्षयं लभते स्वर्गं यथा देवो महेश्वरः ॥ ९४
चतुर्दश मुखंवत्स रुद्राक्षं यदि धारयेत् ।
सततं मूर्ध्नि बाहौ वा शक्ति पिंडं शिवस्य च ॥ ९५
किं पुन र्बहुनो क्तेन वर्णि तेन पुनः पुनः ।
पूज्यते सततं देवैः प्राप्यते पुण्य गौरवात् ॥ ९६

॥ कार्तिकेय उवाच ॥

भगवन् श्रोतु मिच्छामि वक्त्रे वक्त्रे यथा विधि ।
न्यसनं केन्न मंत्रेण धारणं वा कथं वद ॥ ९७

॥ ईश्वर उवाच ॥

श्रृणु षण्मुख तत्वेन वक्त्रे वक्त्रे यथा विधि ॥
अमंत्रोच्चारणा देव गुणाह्येते प्रकीर्तिताः ॥ १८
यः पुन मंत्र संयुत्क धारयेद्रु विमानवः ।
गुणास्तस्य महत्त्वं च कथि तुं नैव शक्यते ॥ १९

इदानीं मंत्राऽऽदिश्यंते ॐ रुद्र एक वक्रस्य॥ ॐ खंद्धि वक्त्रस्य॥ ॐ ब्रू त्रिवक्त्रस्य॥ॐ ह्रीं चतुर्वक्त्रस्य॥ ॐ ह्रां पंच वक्त्रस्य ॥ ॐ ह्र षड्वक्रस्य ॥ ॐ ह्रः सप्त वक्त्रस्य॥ ॐ कंअष्टवक्त्रस्य ॥ ॐ जूंनव वक्त्रस्य ॥ ॐ क्षंदश वक्त्रस्य ॥ ॐ श्री एकादश वक्त्रस्य ॥ ॐ ह्रीं द्वादश वक्त्रस्य॥ ॐ क्षौंत्रयो दश वक्त्रस्य॥ ॐ व्रां चतुर्दश वक्त्रस्य ॥ एवं मंत्रायथाक्रमन्य स्तव्याः ॥ शिरस्यु रसिमालां च ग्रहीत्वा यो व्रजेन्न ः ॥ पदे पदे श्व मेधस्य फल माप्नोति नान्यथा ॥ २०० ॥

सर्वेषा मपि वक्राणां धारणे मत्समो भवेत् ः
तस्मात्स्व प्रयत्नन रुद्राक्षं पुत्र धारय ॥ १
धारयित्वा तु रुद्राक्षं म्रियते यः क्षितौ नरः ।
सयाति मत्पुरं रम्यं सर्व देवैः प्रपूजितः ॥ २
मरु देशे त्वरावत्मवाणि ज्यायाकिल स्थले ।
गच्छन्वणिक् सुत स्तात तरौ प्रेता प्रपीडितः ॥ ३

नरी नर्ति ततः प्रेताद्विजेन पर मैक्षिच ।
का त्वं नृत्य सिदिना सिसं वृता जीर्ण वाससा ॥४
अथसा चद्विजं प्राह देवदूतान्मयाश्रुतम् ।
अस्य चारु नरस्यैव वज्रपाते नसांप्रतम् ॥ ५
निश्चितं निधनं विप्र मद्भर्त्तातु भविष्यति ।
एतस्मिन्नंतरेना का द्वज्रं तस्य शिरोपरि ॥ ६
अपतत्स पपातोर्व्यां रुद्राक्षस्यार्ध खंडके ।
ततो मम पुरात्पुत्र विमानं चा पतद्रुतम् ॥ ७
समारुह्य ततः श्रीमां स्तत्र तिष्टति सा।चिरम् ।
ममांश कंसमासाद्य ईश्वरः कौधनी भवेत् ॥ ८
एवं रुद्राक्ष खंड च मृतस्य सुगातिः सुत ।
ज्ञानेन धारिणः पुंसः फलं वक्तुं न शक्नुमः ॥ ९
सशैवो वा भवेछाक्तो गाण पत्योथ सौरकः
यो दधाति मृतो माला मेकं रुद्क्षकं तुवा ॥ २१०
यः पठेत्पाठेद्वा।पि श्रावयेच्छृणु तेपि वा
सर्व पापात्प्र:त्कात्मा सुखस्वर्ग लभे क्रमात् ॥ २११

इतिश्री पद्मपुराणे प्रथमे सृष्टि खंडे रुद्राक्ष माहात्म्यं नामेकोन षष्टितमोऽध्यायः

મહર્ષિઓ વ્યાસ ભગવાનને પૂછે છે કે આ મૃત્યુલોકમાં ચાર વર્ણ ને ચાર આશ્રમ મુનિજનો તપસ્વિજનો અને પાપ પુણ્યવાળા મનુષ્યો ગુણવાન ને મૂર્ખ અને વર્ણ ને વર્ણસંકર

આ બધાને સુલભ અને મનુષ્યોમાં પૂજ્ય ગણાય એવું સાધારણ મહા પુણ્ય શું છે! આ પ્રશ્નનો ઉત્તર વ્યાસજી આપે છે.

ઉપરના શ્લોકમાં જણાવેલા સર્વ સામાન્ય મનુષ્યો માત્રમાં રુદ્રાક્ષ ધારી જે હોય તે સર્વથી શ્રેષ્ટ છે ને રુદ્રાક્ષ ધારણ કરનારાનાં દર્શનથી જ લોકોનાં સર્વ પાપનો નાશ થાય છે અને રુદ્રાક્ષના સ્પર્શ માત્રથી સ્વર્ગ ભોગવે ને જો ધારણ કરે તો સાક્ષાત્ રૂદ્રરૂપ થાય; શિરમાં, છાતીમાં, બે બાહુમાં, રુદ્રાક્ષનું ધારણ કરે તે, લોકમાં, સાક્ષાત શિવ સમાન ગણાય અને સર્વ પ્રકારના યજ્ઞમાં તેજ અધિકારી છે. રુદ્રાક્ષ ધારિ બ્રાહ્મણ જે સ્થળમાં રહે તે દેશ પુણ્યવાન ગણાય. અને તે રુદ્રાક્ષ ધારિનાં દર્શન તથા સ્પર્શ કરવાથી મનુષ્ય પાપ માત્રથી મુક્ત થાય જે કોઈ મંત્રનો જપ દેવપિતૃઆદિનું તર્પણ અને ગોપ્રદાનાદિક દાન અને તિર્થાદિકમાં સ્નાન દેવતાઓનુ અર્ચન દેવ મંદીરની પ્રદક્ષિણા વિગેરે યતકિંચિત પણ પુણ્ય રૂદ્રાક્ષ ધારણ સહિત કરે તો તે સર્વનું અનંત ગણું ફળ થાય.

હે બ્રાહ્મણો રુદ્રાક્ષનું ફળ સર્વ તિર્થોમાં મહાન્ તિર્થ છે અને આ રુદ્રાક્ષનુંજ ધારણ કરવાથી મનુષ્ય પાપ માત્રથી મુક્ત થઈને અતિ પુણ્યવાળો થાય છે. બ્રહ્મગ્રંથિ યુક્ત રૂદ્રાક્ષ માળા ધારણ કરીને જે જપ કે દાન કરે, સ્તોત્ર પાઠ કરે, મંત્ર જપ કરે, દેવતાનું પુજન કરે, એ બધું અક્ષય ફળ વાળું થાય અને પાપ માત્રનો ક્ષય થાય. હવે માળાનું લક્ષણ કહિએ છીએ હે દ્વિજો તમો સાંભળો અને તે માળાનું લક્ષણ જાણીને તમો શિવભક્તિને પ્રાપ્ત થશો. યોનિ વિનાનો કીડા ખાધેલો અને જે ભાગેલો હોય અને અન્યોઅન્ય બે જોડાઇ ગએલા હોય એવા મણીકા માળામાં વર્જ્ય કરવા અને પોતાના હાથની ગુંથેલી માળાના મણીકાનું અન્યોઅન્ય મૂખથી મૂખ જોડાએલું હોય એવી માળા કરવી અને શુદ્રાદિઓની ગુંથેલી માળા અપવિત્ર છે તે પરિત્યાગ કરવી. રૂદ્રાક્ષ મણિકા એક બીજાને અડકે નહીં તે

પ્રમાણે માળાની વચમાં ગાંઠ નાખવી અને માળા અનામિકા આંગળીથી ફેરવવી; ફેરવતાં ફેરવતાં મેરૂ આવે ત્યાંસુધી ફેરવવું. મેરૂનું ઉલંઘન ન કરવું એવી રીતે વારંવાર માળાને ફેરવવી સંખ્યા સહિત મંત્રનો જપ કરવો. સંખ્યા વિનાનો જપેલો મંત્ર નિષ્ફળ થાય છે, સર્વ દેવતાઓના મંત્ર રુદ્રાક્ષની માળાથીજ જપવા, તમામ સમસ્ત તિર્થોમાં સ્નાન કર્યા કરતાં કોટીકોટી પુણ્ય રૂદ્રાક્ષ માળાએ મંત્ર જપવાથી થાય છે. મંત્ર જપ શુદ્ધ અને પવિત્ર ભૂમિમાં પવિત્ર વૃક્ષના નિચે, ગોશાળામાં ચાર રસ્તા વચેના ઘરમાં વિષ્ણુનો મંત્ર, શિવનો મંત્ર અને ગણપતિ સૂર્ય વિગેરે સર્વ દેવનો મંત્ર શિવ લિંગ સમિપમાં જો જપ કરે તો અનંત ગણું ફળ પ્રાપ્ત થાય. સુના ઘરમાં અને મડદાંની પાસે સ્મશાનમાં વગડામાં ચાર રસ્તા હોય ત્યાં એવા સ્થળમાં શકિતનો મંત્ર જો જપે તો સાધકંને તત્કાળ સિદ્ધ થાય. જેટલા વૈદિક મંત્રો જેટલા પૌરાણિ અને જેટલા આગમોકત મંત્રો હોય તે રૂદ્રાક્ષ માલા વડે જપ કરવાથી વાંચ્છિતાર્થ પ્રાપ્ત થાય છે અને રૂદ્રાક્ષ મણિકામાંથી ઝરતું પવિત્ર જળ શીર ઉપર જે ધારણ કરે તે પવિત્ર થઈને નાશ રહિત પુણ્યને પામે. રૂદ્રાક્ષનું એકે બીજ તે પ્રત્યેક દેવ છે, જે કોઈ મનુષ્ય પોતાના શરીરમાં ધારણ કરે તે દેવતાઓમાં સર્વોત્તમ સનમાન પામે.

બ્રાહ્મણો વ્યાસ ભગવાનને પૂછે છે કે રૂદ્રાક્ષ એ કયાંથી ઉત્પન્ન થઈ અને તેની આવિ પવિત્રતા કયાંથી થઇ તે પૃથિવમાં સ્થાવર વૃક્ષ રૂપે શી રીતે થઇ અને એ રૂદ્રાક્ષનો પ્રચાર કોણે કર્યો!

વ્યાસ ભગવાન કહે છે

હે બ્રાહ્મણો પૂર્વે કૃતયુગમાં ત્રિપુર એ નામનો દૈત્ય તે દેવતાઓનો વધ કરી અંતરીક્ષ પુરિમાં વસતો હતો અને સર્વ લોકોનો નાશ કરતો હતો. બ્રહ્માના વરથી એને કોઈથી મારી શકાતું નહોતું એ ભયંકર કૃત્યો દેવતાએ નિવેદન કરવાથી શિવજી એ સાંભળ્યું ત્યારે પોતાનું અજગવ નામનું ધનુષ ચડાવી અને

સાક્ષાત અંતક સરખું બાણુ લઇ તે ત્રીપુરને દિવ્ય દ્રષ્ટિથી જોઇને હણુતા હવા તે ત્રીપુર દૈત્ય જેમ આકાશમાંથી મોટા ઊલ્કા જેમ પડે છે તેમ પૃથ્વિ ઊપર પડયો એ દૈત્યને મારવાના પરિશ્રમથી રૂદ્રના અંગમાંથી પસિનાના શ્વેત ટિપું પડયું તેમાં આંખમાંથી બીંદુ પડયું તેમાંથી રૂદ્રાક્ષનુ વૃક્ષ ઉત્પન્ન થયું અતિ ગુપ્ત તે વૃક્ષનુ ફળ હોવાથી કોઈ જાણુતું હતું નહીં ત્યારે કૈલાશ શિખરમાં દેવતાના પણુ દેવ એવા માહેશ્વરજીને માથુ નમાવી કાર્તિક સ્વામી પુછે છે.

હે ભગવન્ રૂદ્રાક્ષના જપ ધારણુ, દર્શણુ, સ્પર્શ, એ બધાનું ફળ હું જાણુવા ઇચ્છું છું.

શીવજી કહે છે કે

રૂદ્રાક્ષના મણિકાના દર્શનથી લાખ ગણું પુણ્ય થાય ત્થા તેનો સ્પર્શ કરવાથી કોટી ગણુ પુણ્ય થાય ત્થા રૂદ્રાક્ષ ધારણુ કરવાથી દશકોટી ગણું ફલ પ્રાપ્ત થાય લાખો કોટી ગણુ પુણ્ય તે રૂદ્રાક્ષ માળાના જપ કરવાથી મળે છે તેમાં કાંઇ શંકા કરવા જેવું નથી ઊચ્છીષ્ટ હોય કર્મ ભ્રષ્ટ હોય અને સર્વ પાપથી યુક્ત હોય તો પણુ રૂદ્રાક્ષ ધારણુ કરવાથી મુક્ત થઇ જાય. ગળામાં રૂદ્રાક્ષના મણિકા સાથે પશ્વાદિ કો પણુ મરે તો તેપણુ રુદ્ર રૂપ થાય તો મનુષ્યાદિકને તો શું જ કહેવું. ધ્યાન ધારણુાથી રહિત હોય પણુ જો રૂદ્રાક્ષ ધારણુ કરે તો સર્વ પાપથી મુક્ત થઈ પરમ ગતિને પ્રાપ્ત થાય કાર્તિકસ્વામી પ્રશ્ન કરે છે એક મૂખથી ચૌદ મુખ સુધિની રૂદ્રાક્ષ છે એમ આપે પોતે કહેલ છે તે તે મુખવાળા રૂદ્રાક્ષના કયા કયા દેવતા છે તે કહો અને તે તે મુખોના ગુણુ દોષ જો મારા ઉપર પ્રીતિ હોય તો કહો. શિવજી કહે છે.

એક મુખના રૂદ્રાક્ષ સાક્ષાત્ શિવ છે તે બ્રહ્મ હત્યાદિ પાપનો નાશ કરે છે માટે એક મુખ રૂદ્રાક્ષ સર્વ પાપ ક્ષયને માટે ધારણુ કરવો. એકમુખ રૂદ્રાક્ષ ધારણુ કરનાર શિવ લોકમાં

જઇને શિવજી સાથે ક્રિડાકરે હે શડાનન મહાન પુણ્યના યોગથી હમારો પરમ અનુગ્રહ જ્યારે થાય ત્યારે જ એક મુખ રૂદ્રાક્ષ ને કૈલાશ મળે.

બે મુખવાળો રૂદ્રાક્ષ તે દેવનો દેવ છે તે જે ધારણ કરે તેના સર્વ ગોવધાદિક ગુહ્ય પાપનો નાશ થાય અને બે મોડાનો રૂદ્રાક્ષ ધારણ કરનાર અક્ષય સ્વર્ગને પ્રાપ્ત થાય અને ત્રણ મુખનો રૂદ્રાક્ષ તો સાક્ષાત અગ્નિ છે તે ત્રણ મુખનો રૂદ્રાક્ષ જેના અંગ ઉપર રહે છે તેના આખા જન્મનું સર્વ પાપ અગ્નિ કાષ્ટને જેમ બાળે છે તેમ નાશ થાય છે સ્ત્રી હત્યા બ્રહ્મહત્યાદિ અસંખ્ય પાપનો ક્ષણ માત્રમાં નાશ થાય અને ઘૃતાદિકની આહુતિથી અગ્નિની પુંજા કરવાથી જે ફળ થાય તે ફળ ત્રણ મુખ રૂદ્રાક્ષ ધારણ કરનારને થાય ને અનંત કાળ સુધી સ્વર્ગમાં વાસ કરે. ત્રણ મુખનો રૂદ્રાક્ષ ધારણ કરનાર મૃત્યુ લોકમાં બ્રહ્માસમાન પુંજાય અને જન્મ જન્મના સંચય કરેલાં પાપનો નાશ થાય. ત્રણ મુખના રૂદ્રાક્ષ ધારણ કરનારને ઉદર રોગ ન થાય સર્વ કામમાં કુશળતા પ્રાપ્ત થાય અને કોઈ પણ કામમાં પરાજય ન થાય. જેના ઘરમાં ત્રણ મુખવાળા રૂદ્રાક્ષ હોય તેને અગ્નિ બાળે નહીં એટલા પુણ્યવાન્ થાય ત્રણ મુખ રૂદ્રાક્ષ ધારણ કરનારને વજ્રઆદિક પણ નિવારણ થાય, ત્રણ મુખ, રૂદ્રાક્ષ ધારણ કરનારને કદાપિ કંઈપણ અશુભ થાય નહીં ચાર મુખના રૂદ્રાક્ષનો દેવતા બ્રહ્મા છે તે જેના અંગમાં હોય તે સર્વ શાસ્ત્રનો વેત્તા થાય વેદ વિદ્યાદિકમાં કુશળ થાય અને સર્વ ધર્મનું તત્વ જાણનારો સ્માર્ત થઇ પૌરાણિક થાય, જે મનુષ્યનાં હત્યાદિક પાપ હોય તે ચાર મુખનો રૂદ્રાક્ષ ધારણ કરવાથી તતકાળ નાશ થાય અને ચાર મુખના રૂદ્રાક્ષ ધારણ કરનારા પ્રત્યે શિવજી સદા પ્રસન્ન રહે ને તે બહુ મનુષ્યોનો અધિપતી થાય સદ્યોજાત, ઇશાન, તત્પુરૂષ, અઘોર, વામદેવ, એ પાંચ પંચમુખ રૂદ્રાક્ષના દેવ છે માટે ભૂમંડલમાં પાંચ મુખના રૂદ્રાક્ષ

સર્વોત્તમ ગણાય છે ને તેની પ્રાપ્તી પણ સુલભ છે એ પાંચ મુખના રૂદ્રાક્ષ સાક્ષાત્ રૂદ્રના પુત્ર રૂપ છે. માટે પાંચ મુખના રૂદ્રાક્ષ ધારણ કરનાર કોટી કોટી કલ્પ સુધી શિવજીની સમિપમાં દેવતાને અસુરોથી પુજનિય થાય પછી મૃત્યુલોકમાં જન્મ લેતો સાર્વ ભૌમ રાજા થાય માટે સર્વ પ્રયત્નવડે પાંચ મુખના રૂદ્રાક્ષ બધાએ ધારણ કરવા. છો મુખના રૂદ્રાક્ષનો દેવતા કાર્ત્તિક સ્વામી છે તે જમણા હાથમાં ધારણ કરવાથી બ્રહ્મ હત્યાદિ પાપથી મુકત થાય, કાર્તિકસ્વામિ સમાન બળવાન ને પરાક્રમિ થાય કોઇ સ્થળે તેનો યુદ્ધમાં પરાજય ન થાય ને ગુણ માત્રનો ભંડાર થાય ને પરલોકમાં કાર્ત્તિકસ્વામીના પદને પ્રાપ્ત થાય. છ મુખનો રૂદ્રાક્ષ જો બ્રાહ્મણ ધારણ કરે તો તે રાજાનો પુજ્ય થાયને જો ક્ષત્રિય ધારણ કરે તો સર્વત્ર સંગ્રામમાં વિજય મળે વૈશ્ય શુદ્રાદિક ધારણ કરે તો ધન ધાન્યાદિ ઐશ્વર્ય પરિપૂર્ણ પ્રાપ્ત થાય તે છ મુખ રૂદ્રાક્ષ ધારણ કરનારને ગૌરિ વરદાન આપવામાં પોતાની માતા જેવાં સુલભ થાય ને પોતાના બાહુબળથી જગતમાં તેજસ્વી થાય. પરાક્રમી ગણાય વિદ્વાનોની સભામાં, રાજસભામાં, બહુ વકતા થાય. કોઇ જ-ગ્યાએ તેને કાયરપણું ન થાય અને બીજાએ પણ અનંત ફળ છ મુખના રૂદ્રાક્ષ ધારણ કરનારને પ્રાપ્ત થાય. સાત મુખના રૂદ્રાક્ષ નો સાક્ષાત શેષ નાગ દેવતા છે. તે સાત મુખના રૂદ્રા-ક્ષના પ્રત્યેક મુખનો વળી અનંત, કર્કટ, પુંડરીક, તક્ષક, વિ-શોલ્વણ, કારિશ ને શંખચુડ, એ નામના સાત જુદા જુદા નાગ દેવતા છે. એ નાગ દેવતાઓ મહા તેજસ્વી સાત મુખના રૂદ્રા-ક્ષમાં સદા વાસ કરે છે અને તે સાત મુખના રૂદ્રાક્ષ ધારણ કર-નારના શરીરમાં વિષ પ્રવેશ કરે નહિ અને મહાદેવજી પણ શેષ નાગની પ્રત્યે જેમ પ્રસન્ન રહે છે તેમ પ્રસન્ન રહે. શિવ-જીની પ્રસન્નતા વડે એ સપ્તમુખ રૂદ્રાક્ષ ધારણ કરનારનાં બ્રહ્મ-હત્યા સુરાપાન, સુવર્ણસ્તેય, ગુરૂતલ્પ ઇત્યાદિ સર્વ પાપનો ક્ષણ માત્રમાં નાશ થાય ને મહાદેવજી સદૃશ વૈભવને પ્રાપ્ત થાય.

હે મહાસેન આ અષ્ટ મુખ રૂદ્રાક્ષ નો સાક્ષાત વિનાયક દેવતા છે. આઠ મુખ રૂદ્રાક્ષ ધારણ કરવાથી જે જે પુણ્ય થાય તે હું કહું છું તે સાંભળ. તેના જન્મોજન્મમાં તે મુર્ખ ન થાય, રોગી ન થાય, બુદ્ધિહીન ન થાય, કોઇ પણ કાર્યમાં એને વિઘ્ન ન થાય, લખવાના કામમાં અતિ નિપુણતા થાય, મોટા મોટાં કામો કરવામાં કુશળ થાય, તેને સર્વ કામ કરવાનું સામર્થ્ય દિવસે દિવસે વધે, હાથ વિગેરેથી ગુરૂપત્નિઓનો કદાપિ સ્પર્શ થાય, ઈત્યાદિ સર્વ પાપનો નાશ થાય ને અનંત કાળ પર્યંત સ્વર્ગ ભોગવીને પછી જીવન મુક્ત થઈ પરમ ગતિને પ્રાપ્ત થાય. આ ગણાવેલા સર્વ ગુણ આઠમુખ રૂદ્રાક્ષ ધારણ કરનારને થાય છે. ને નવમુખના રૂદ્રાક્ષનો દેવતા ભૈરવ છે તે જો જમણા હાથમાં ધારણ કરે તો અમારા સરખા બળવાન થાય તેમ શિવજી કહે છે ને કોટિ કોટિ બ્રહ્મહત્યાદિક પાતકનો શિઘ્ર નાશ થાય. દેવ લોકમાં સર્વ દેવતાઓથી ઇન્દ્ર સમાન પુજાય. દશમુખ રૂદ્રાક્ષનો દેવતા સાક્ષાત હર છે ને તેને ધારણ કરનાર શિવલોકમાં ગણનો અધિપતિ થાય ને સર્પાદિક પણ તેને ડંશે નહિ. અગીયારમુખ રૂદ્રાક્ષનો દેવતા એકાદશ રૂદ્ર છે તે શીખામાં ધારણ કરવાથી જે પુણ્ય થાય છે તે હું કહું છું તે સાંભળો. હજારો અશ્વમેધ ને કોટિ કોટિ બીજાઓ યજ્ઞો કર્યાનું જે ફળ થાય ને લાખો ગાયોનું દાન કર્યાનું જે ફળ થાય તેટલું પુણ્ય અગીયારમુખ રૂદ્રાક્ષ શીખામાં ધારણ કરવાથી થાય છે અને તે હર સમાન લોકમાં પુજ્ય છે ને તેનો પુનર્જન્મ થતો નથી. અર્થાત મોક્ષ થાય છે. બાર મુખના રૂદ્રાક્ષનો દેવતા દ્વાદશ આદિત્ય છે, ને તેને કંઠમાં જે ધારણ કરે તેના પ્રત્યે સુર્ય સદા પ્રસન્ન રહે છે. ગોમેધ, નરમેધ યજ્ઞ કર્યાનું ફળ તેને ક્ષણ માત્રમાં પ્રાપ્ત થાય છે ને વજ્રાદિકનું પણ નિવારણ થાય છે. બાર મુખના રૂદ્રાક્ષ ધારણ કરનારને અગ્નિનો પણ ભય નહિ અને વ્યાધિ પણ ન થાય અને સર્વ અર્થનો લાભ થાય ને મહા ધનવાન થાય ને કદી દરિદ્રી ન

થાય, હાથી, ઘોડા, અને મનુષ્ય, બિલાડી, ઉંદર, સસલો, સર્પ મૃંગાલ આદિકને મારવાથી અથવા મરાવવાથી જે પાપ થતું હોય તે પાપથી દ્વાદશમુખ રૂદ્રાક્ષ ધારણ કરવાથી મુક્ત થાય છે, તેર મુખના રૂદ્રાક્ષનો દેવતા રૂદ્ર છે. જો ભાગ્યના બળથી તેર મુખનો રૂદ્રાક્ષ પ્રાપ્ત થાય તો મૃત્યુ લોકને વિશે મહા કલ્યાણવાન પુરૂપ છે એમ જાણવું. તેને રસાયન ક્રીયા અને ધાતુ આદિની ક્રિયા ને જળ અગ્નિ આદિક ઉપર ચાલવાની પાદુકાની ક્રિયાની સિદ્ધિ થાય છે. જેની પાસે તેર મુખી રૂદ્રાક્ષ હોય તેને સિદ્ધિ પ્રાપ્ત થાય છે અને ત્રયોદશ મુખ રૂદ્રાક્ષ ધારણ કરવાથી માતૃ પિતૃ આદિકના હત્યારૂપ પાપથી પણ મુક્ત થાય અને સાક્ષાત માહેશ્વર સમાન કૈલાસમાં પુજાય છે. હે પુત્ર ચૌદ મુખનો રૂદ્રાક્ષ નિરંતર મસ્તકમાં કે બાહુમાં જો ધારણ કરે તો સાક્ષાત શિવની શકિતનેજ તે ધારણ કરે છે હવે વારંવાર રૂદ્રાક્ષનો મહિમા બહુ વાર કહેવાની કાંઇ જરૂર નથી. ચૌદ મુખના રૂદ્રાક્ષ ધારણ કરનાર પુણ્યના ગૌરવથી સ્વર્ગમાં દેવતાઓથી સદા સર્વદા પુજાય છે. કાર્તિક સ્વામી પ્રશ્ન કરે છે કે,—

હે ભગવન પ્રત્યેક મુખમાં કયા કયા મંત્રનો ન્યાસ કરવો અને કયા વિધિથી ધારણ કરવું તે સાંભળવા ઇચ્છું છું.

ઇશ્વર કહે છે,

હે ષડાનન ! પ્રત્યેક મુખમાં ન્યાસનો જે વિધિ છે તે સાંભળો અને હજુ સુધી જે રૂદ્રાક્ષના ગુણનું વર્ણન કર્યું તે તો મંત્રોચ્ચાર વિનાના ધારણનું ફળ કહ્યું. હવે જો મંત્ર સહિત રૂદ્રાક્ષને ધારણ કરે તો તેનું મહત્વ અને ગુણ અમારાથી કહી શકાશે નહિ.

હવે મંત્રનો ઉપદેશ કરે છે,

ૐ रुद्राय नमः એ એક મુખ રૂદ્રાક્ષ ધારણ કરવાનો મંત્ર છે. **ૐ खंनमः** એ બે મુખના રૂદ્રાક્ષ ધારણ કરવાનો મંત્ર છે ૐ **श्रुं नमः** એ ત્રણ મુખના રૂદ્રાક્ષ ધારણ કરવાનો મંત્ર છે.

ॐ ह्रीं नमः એ ચાર મુખના રૂદ્રાક્ષ ધારણ કરવાનો મંત્ર છે.

ॐ ह्रां नमः એ પાંચ મુખના રૂદ્રાક્ષ ધારણ કરવાનો મંત્ર છે.

ॐ ह्रूं नमः એ છો મુખના રૂદ્રાક્ષ ધારણ કરવાનો મંત્ર છે.

ॐ हः स्वाहा એ સાત મુખના રૂદ્રાક્ષ ધારણ કરવાનો મંત્ર છે.

ॐ कं नमः એ આઠ મુખના રૂદ્રાક્ષ ધારણ કરવાનો મંત્ર છે.

ॐ जूं नमः એ નવ મુખના રૂદ્રાક્ષ ધારણ કરવાનો મંત્ર છે.

ॐ क्षं नमः એ દશ મુખના રૂદ્રાક્ષ ધારણ કરવાનો મંત્ર છે.

ॐ श्रीं नमः એ અગિયાર મુખના રૂદ્રાક્ષ ધારણ કરવાનો મંત્ર છે,

ॐ ह्रीं नमः એ બાર મુખના રૂદ્રાક્ષ ધારણ કરવાનો મંત્ર છે.

ॐ क्षौं नमः એ તેર મુખના રૂદ્રાક્ષ ધારણ કરવાનો મંત્ર છે.

ॐ ह्रां नमः એ ચૌદ મુખના રૂદ્રાક્ષ ધારણ કરવાનો મંત્ર છે.

શિરમાં ને હૃદયમાં રૂદ્રાક્ષ માળા ધારણ કરીને જે મનુષ્ય ચાલે તેના પગલે પગલે અશ્વમેધ યજ્ઞનું ફલ થાય છે ને ચૌદે મુખના રૂદ્રાક્ષ જે ધારણ કરે તે મારા સરખો થાય એમ શિવજી આજ્ઞા કરે છે માટે હે પુત્ર સર્વ પ્રકારના પ્રયત્નથી રૂદ્રાક્ષ સદા ધારણ કરજો જે કોઈ મનુષ્ય રૂદ્રાક્ષ ધારણ કરીને મરશે તે સર્વ દેવતાથી પુજાતાં છતાં મારા કૈલાશ પ્રત્યે આવશે (રૂદ્રાક્ષનો કહેલો મહિમાં દૃઢ કરવા માટે ઇતિહાસ કહે છે) પૂર્વ કાળમાં મારવાડ દેશમાં એક વાણીઆનો પુત્ર વ્યાપાર માટે જતો હતો તે વખતે એક વૃક્ષમાં એક પ્રેતઃ પીડાથી નાચતો હતો તેને તે વણીઃકના પુત્રે જોયો ત્યારે વણિક સૂત પુછે છે કે તું નાચનારી ઘણી દીન મલિન વસ્ત્ર પેહેરેલી કોણ છે ત્યારે પ્રેત સ્ત્રિ વણિક પૂત્ર પ્રત્યે કહે છે દેવના દુતોથી અમે સાંભળ્યું છે કે આ સુંદર મનુષ્યને તત્કાળ વજ્રપાત થશે તેથી તે નિશ્ચય મરણ પામશે એટલામાંજ સ્વર્ગમાંથી વજ્ર તેના ઊપર પડયું ને તે પૃથ્વિમાં પડયો પણ જે ઠેકાણે તે પડયો ત્યાં રૂદ્રાક્ષનો અડધો કટકો હતો એટલામાં કૈલાશપુરિથી વિમાન તેને લેવા તતકાળ ત્યાં જઈ પોંચ્યું અને તે વિમાનમાં બેસીને એ મુએલો દ્વિજ કૈલાશ પુરીમાં ગયો ત્યાં ચિરકાળથી વાસ કરે છે ને હવે એ અમારા અંશને પ્રાપ્ત થઇને તે મૃત્યુ લોકમાં માહા ધનવાન થશે એ પ્રકારે રૂદ્રાક્ષના

કટકા ઉપર મરનારનો મોક્ષ થયો છે હવે .એ જ્ઞાન પુર્વક ભકિત થી રૂદ્રાક્ષ જે ધારણ કરે તેનું શું ફળ થાય તે હું કહી શકું નહીં.

જો શૈવ હોય અથવા શાકત હોય ગાણ પત્ય હોય અથવા સૌર હોય કે વૈષ્ણવ હોય તે મરતી વખત રૂદ્રાક્ષની માળા ધારણ કરે અથવા એક મણિકા પણ રૂદ્રાક્ષ ધારણ કરે તેનું શું પુણ્ય ફળ ભોગવે તે કહી શકાય તેમ નથી. આ રૂદ્રાક્ષ માહાત્મ્યનો અધ્યાય જે ભણે વા ભણાવે અથવા સાંભળે ને સંભળાવે તે સર્વ પાપથી મુકત થઈ યથાક્રમ સ્વર્ગનું સુખ ભોગવે છે.

હવે એ રૂદ્રાક્ષ બાબત પદ્મપુરાણનો ટેકો આપનાર બીજું પ્રમાણ દર્શાવીએ છીએ—

(अथर्वणभस्म जांबालोपनिषद्मां) (त्रिशूलगां काशीमधिश्रितः) એ મંત્ર વાકયથી કાશીવાસ ઉપક્રમ કરીને (सत्यात्तत्र कदाचिन्नप्रमदितव्यम् । तत्रोद्धूलन त्रिपुंण्ड्राभ्यां तथा रुद्राक्ष धारणा त्तथा मदर्चनाच्च । प्रमादे नापि नांतर्देव सदने पुरीषंकुर्यात् । इत्यादिना काश्यां निवसता असाधारण नियमानुपादिश्य " लिंगरूपिणं मां संपूज्य चिन्तयन्ति योगिनः " सिद्धाः सिद्धिमुगताः " यजन्तियज्वानः " " मामेवस्तु वंतिवेदाः सांगा स्सोपनिषद स्सेतिहासा नमत्तो न्यदहमेवसर्वं मयिसर्वं प्रतिष्ठित म् ततः काश्यां प्रयंत रेवाहमन्वहम् पूज्यः " तत्र गणा रौद्राऽऽनना रौद्रमुखा नानाशस्त्र धारीणो. नानारूपधरा नानाचिन्हिता। तेसर्वे भस्म दिग्गारुद्राक्षमालाऽऽभरणा कृताञ्जलयो नित्यमभिध्यायन्ति" तत्रपूर्वस्यांदिशि ब्रह्मा कृतांजली रहर्निशंमांमुपास्ते। दक्षिणस्यांदिशि विष्णुकृत्वैव मूर्धांजलीमामुपास्ते । प्रतिच्यामिन्द्र स्सब्रतांग उपास्ते । उदीच्यांमाग्निकायः ममानुरक्तहेमाङ्ग विभुषण हेमवस्त्रा मामुपास्ते मामेव वेदाश्चतु र्मूर्तिधराः । दक्षिणस्यांदिशि मुक्तिस्थानं तन्मुक्ति मंडप संज्ञितम् । तत्र अनेकगणा पालकास्सायुधाः पापघातकाः। तत्र ऋषयश्शां-

भवाः पाशुपता महाशैवा वेदाव्रतंसं शैवंपंचाक्षरंजपंत : तारकं सप्रणवं मोदमानातिष्ठन्ति ॥ इत्यादि ॥

સદા શિવના ત્રિશુલમાં સ્થિત મોક્ષપુરી કાશીમાં વાસ કરનારનો અસાધારણ-નિયમ ઉપદેશ કરવાને ઉપક્રમ કરીને ભગવતી-શ્રુતિ આજ્ઞા કરે છે કે. કાશી પુરીમાં સત્ય બોલવામાં કદાપિ પ્રમાદ ન કરવો અર્થાત્ કદાપિ અસત્ય બોલવું નહી. તેમજ તે મુકિત પુરીમાં ભસ્મનું સર્વાંગ ઉધ્ધુલન. ત્રિપુંડ તથા રૂદ્રાક્ષ ધારણપણ કદાપિ વીસરવું નહી. તેમજ વિશ્વેશ્વરના અર્ચનમાં કદાપિ પ્રમાદ કરવો નહી. કાશીપુરીમાં અંતર વેદી એ નામનો ભાગ છે ત્યાં ભુલથી કદાપી મલોત્સર્ગ ન કરવું આ પ્રકારે મુકિતપુરી કાશીમાં વાસ કરનારને અસાધારણ નિયમોનો ઉપદેશ કરી શ્રુતિ કહે છે કે કાશીપુરીમાં લિંગ રૂપી મારી પુજા કરી અમારૂં ધ્યાન કરનાર મોટા મોટા યોગિયોને સિધો મોક્ષગતીને પામે છે યાજ્ઞિકો મને ઉદ્દેશીને યજ્ઞો કરે છે અને ચાર વેદ છ અંગ. સમસ્ત ઉપનિષદ ભારતઆદિ ઇતિહાસ પુરાણ એ સર્વે મુર્તિરૂપ ધારણ કરી. મારી સ્તુતિ કરે છે મારાથી બીજા કોઈ પૂજ્ય, કે સ્તુત્ય નથી. હુંજ સર્વરૂપ છું સર્વનામ રૂપાત્મક વસ્તુ અમારે આધારેજ રહેલી છે માટે કાશીમાં સર્વ પ્રકારે પ્રમાદ રહિત. અને પવિત્ર થઇનેજ અમારી પુજા કરવી. તે મોક્ષ પુરીવિષે અમારા ગણો (રૌદ્રાનન) નાના પ્રકારના મુખવાળા નાના પ્રકારનાં શસ્ત્ર ધારણ કરનાર, નાનાપ્રકારનાં રૂપને ચિન્હ ધારણ કરનાર મારા ગણો વસે છે તે સર્વે ભસ્મથી લેપાયમાન અંગવાળા રૂદ્રાક્ષમાલા ધારી કૃતાંજલી વડે અહર્નીશ મારી ઉપાસના કરે છે તે મુક્તિ પુરીમાં બ્રહ્મા કૃતાંજલી સહિત. મારી ઉપાસના કરે છે દક્ષિણ દિશામાં વિષ્ણુ મસ્તક ઉપર બે હાથ જોડીને અમારી ઉપાસના કરે છે પશ્ચિમ દીશામાં ઇંદ્ર મસ્તક નમાવી અમારી ઉપાસના કરે છે અને ઉત્તર દીશામાં સુવર્ણના આભુશણથી ભુશીત છે સર્વાંગ જેનું એવાને સુવર્ણ વસ્ત્ર જેણે

પરિધાન કર્યાં છે એવા અગ્નિકાય અમારી ઉપાસના કરે છે તુર્તિ ધારણ કરી દેછે પણ અમારી ઉપાસના કરે છે એ મુક્તી પુરીમાં દક્ષિણ દીશામાં મુક્તિમંડપ નામનું મોક્ષ સ્થાન છે ત્યાં અનેકવિધ-ગણો આયુધો સહ વર્તમાન પાપનો નાશ કરનાર વસે છે એ મોક્ષ સ્થાનમાં સમસ્ત રૂષિયો સમસ્ત શાંભવો સમસ્ત પાશુપતને સમસ્ત મહાશૈવ માત્રના ભુષણ રૂપ શિવદૈ-વત્ય પંચાક્ષર મહામંત્ર તારક પ્રણુવ સહિત, જપકરતા, પરમ, આનંદીત થઇને નીવાસ કરે છે પદ્મપુરાણને બીજા પુરાન વચન પણ ટેકો આપે છે કે-सुतसहिता, અ૦ ૨૯.

पुरा नारायणः श्रीमान् कीरीटि गरुडध्वजः ।
श्रीमत्कैलासपर्यंते तताप परमं तपः ॥ २
भस्मोध्धूलीतसर्वांग स्त्रि पुंड्रांकित मस्तकः
रुद्राक्ष मालाभरणो जटावक्कल संयुतः ॥ ३

ઉપર બતાવેલા જાંબાલોપનિષત્ શ્રુતિમાં સાક્ષાત વિષ્ણુ ભગવાન ભસ્મ ત્રિપુંડને રૂદ્રાક્ષ ધારણ કરી બે હાથ માથાપર મુંકી કાશીપુરીમાં મુક્તિ મંડન દક્ષિણદ્વારમાં ઉભા રહિને શિવ-જીની ઉપાસના કરે છે એમ બતાવ્યું છે અને સુતસંહિતામાં ઉપર બતાવેલા શ્લોકમાં પૂર્વકાલમાં ગરૂડધ્વજ શ્રીમાન નારા-યણ ભગવાન કૈલાસ પર્વતપર મહાન તપ કરતા હતા. ભસ્મ વડે કરીને ઉધ્ધુલીત છે સર્વાંગ જેનાં ને ત્રિપુંડના હિન્હ વડે કરીને ચિન્હિત છે મસ્તક જેનું ને રૂદ્રાક્ષ માલા જટા વલ્કલ જેણે ધારણ કર્યા છે.

આ સ્કંદ પુરાણ વાકયોથી પણ સાક્ષાત વિષ્ણુ ભગવાને સર્વાંગમાં ભસ્મનું ઉધ્ધુલન કરેલ છે ને લલાટમાં ત્રિપુંડુ કંઠમાં રૂદ્રાક્ષમાળા ધારણ કરેલ છે એમ નિર્વિવાદ સિદ્ધ થાય છે ત્યારે ત્રિપુંડ રૂદ્રાક્ષ ધારણ કરનાર સદાશિવનો ઉછીષ્ટ પ્રસાદ ભક્ષણ

કરનાર વિષ્ણુ ભગવાનના ભકતો પુષ્ટિ માર્ગીયો અસ્પશ્ય છે કે નહીં તેનો જવાબ પુષ્ટિ ભક્તિ સુધાનો લેખક આપશે એવી આશા છે—

ઉપર બતાવેલા રૂદ્રાક્ષ મહાત્મ્ય ના અધ્યાયમાં (सामान्येकः परः पुण्यः) ઇત્યાદી વાકયથી, સર્વ આશ્રમી. વિદ્વાન મુર્ખ. પાપી. પુણ્યવાન વર્ણી અવર્ણી સર્વ જાતનાં મનુષ્યોને અલ્પ પ્રયાસે સર્વોત્તમ પુણ્ય શું છે એવો થર્હર્ષિયોનો પ્રશ્ન ઉપાસ્થિત થયો તે પ્રશ્નનો ઉતર આપતાં શ્રી વ્યાસભગવાન સર્વ પુણ્ય થકી રૂદ્રાક્ષ ધારણ રૂપ પુણ્ય ઉત્તમ છે અને સર્વ જાતનાં મનુષ્યોમાં રૂદ્રાક્ષ ધારી મનુષ્ય શ્રેષ્ટ છે, એમ. ઉત્તર આપેલ છે તે ઉપરથી. એવો નિર્ણય થાય છે કે ઇશ્વર સૃષ્ટિના સર્વ પ્રકારના મનુષ્ય માત્રને અલ્પ પ્રયાસે સર્વોત્તમ પુણ્ય સંપાદન કરવામાં સાધન એક રૂદ્રાક્ષ છે એમ છતાં અંગસૃષ્ટિના અમાનુષ. વ્યવહાર વાળાં જીવોને તે અરૂચીકર થાય તો તે તેમના કર્મ વીપાકજ સમજવાં કેમકે

(कोटिजन्मार्जितैः पुण्यै श्शिवेभक्तिः प्रजायते ।
ईश्वरा नुग्रहादेव पुसाँ मद्वैत वासना) ॥

કોટી જન્મમાં ઉપાર્જીત. પુણ્ય પુંજફલ આપવાં. સન્મુખ થાય ત્યારે સદાશિવ ભગવાન વિષે ભક્તિ થાય છે આધુનીક સૃષ્ટિના ઉત્પત્તિના જીવોને કોટી જન્મ. લેવા જેટલો સમય. વ્યતિત થયો નથી. ત્યારે એટલા બધો પુણ્યનો સંચય કયાંથી હોય જેથી તેમને શિવ વિષે ભક્તિ થાય.

આધુનીક સૃષ્ટિ બાબત. સંવત ૧૯૬૯ ના અષાઢ માસના તકરારી પુષ્ટિ ભક્તિ સુધાનાં. પૃષ્ટ ૯૨ (પૂર્વોક્ત પ્રમેયની અધિકારીણી પુષ્ટિમાર્ગીય. શ્રી વલ્લભીય. સૃષ્ટિજ છે) એવો ઉલ્લેખ છે એ વાકયથી. શ્રીવલ્લભ સૃષ્ટિના જીવ. ઇશ્વર સૃષ્ટિના જીવથી જુદાજ છે એમ સિદ્ધ થાય છે નહીતો એ પ્રમેયની અધિકારીણી ઇશ્વર સૃષ્ટિના. જીવ પણ થઈ જાય. તે તેમને ઈષ્ટ

નથી. ને શ્રીમાન વલ્લભ દીક્ષીતજીને તો ૪૩૬ વર્ષ થયાંનું તે પુષ્ટિભક્તિસુધાપરથી જણાય છે ને ઇશ્વર સૃષ્ટિતો અનાદિ છે વળી શ્રીમાન જીવણાચાર્યજીએ લખાવેલ અન્યાય નિહાર ભાસ્કર નામના પુસ્તકમાં ૧) હજાર (परिवत्सर परिमित.) વ્યતિત કાલથી પુષ્ટિ જીવોને શ્રી કૃષ્ણ ભગવાનનો વિયોગ થયોછે એમ લખ્યું છે એ હીસાબે ગણીએ તોપણ કોટી જન્મ લેવા જેટલો સમય પુરતો નથી કેમકે(संवत्सर प्ररिवत्सर,इडावत्सर,) ઇત્યાદિ પાંચ પ્રકારના વત્સર છે તેનો કાલ નિયમ જોતિષ શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે તો તે કાલ કોટી જન્મ પુરતો નથી. ને કોટી જન્મના પુણ્ય સંચય સિવાય શિવ વિષે ભકિત થાય નહિ તો આધુનીક પુષ્ટિ જીવોને તેનો સંભવજ નથી ત્યારે તેઓ શિવ ભકિત રૂદ્રાક્ષ ભસ્મ વિગેરેને નીંદીત માને તેમાં તેમનો અપરાધ શું પૂર્વ સંસ્કારથી ઉતરોત્તર સંસ્કાર બંધાય છે. જયાં સંસ્કાર જ વિલક્ષણ સૃષ્ટિના છે ત્યાં તેઓનો અપરાધ માનવો તે ભુલ ગણાય. જીવણાચાર્યજીએ (विस्फुलिंग श्रुतिना) દાખલા લખાવ્યા છે તે શ્રુતિ તો અનાદિ સૃષ્ટિ બોધક છે ભાૈત સૃષ્ટિબોધક નથી પરંતુ લખનારનું નામ જીવનાચાર્યજી છે તો યથા નામ તથા ગુણ: એ ન્યાયસિદ્ધજ છે.

રૂદ્રાક્ષ મહાત્મ્ય અધ્યાયમાં ઉપર દર્શાવ્યા પ્રમાણે સર્વ જાતનાં મનુષ્યોને ઉત્તમોત્તમ પુણ્યનું સાધન રૂદ્રાક્ષ ધારણ છે એમ નિર્ણય કર્યો છે ત્યાર પછી રૂદ્રાક્ષની ઉત્પત્તિ મુખ સંખ્યા ક્રમથી દેવતા ફલ-મંત્ર વિગેરે જાણવાની ઇચ્છાથી સેનાનીએ પ્રશ્ન પુછયો ને તે પ્રશ્નના ઉત્તર રૂપે શ્રીમહેશ્વર વચનાર્વિંદથી નીકળેલા રૂદ્રાક્ષ મહાત્મ્ય વિષયક સો શ્લોક તે અધ્યાયમાં દેખાય છે.

તે વાકયો ઉપક્રમ ઉપસંહારાદિ છ પ્રકારના તાત્પર્ય નિર્ણય કરનાર લિંગો સહિત અસંદીગ્ધ અને અબાધીત એવો અર્થ રૂદ્રાક્ષ ધારણનું અતિવીશદ માહાત્મ્ય બોધ કરતો શિવ દ્વેશિ વાય સો

ના અમાંગલ્ય કર્ણદુષક આરવનો ધીકાર કરતાં ત્રણ લોકના પ્રકાશક સૂર્ય જેવો પદ્મપુરાણમાં બીરાજે છે.

ઉપર દર્શાવ્યા પ્રમાણે રૂદ્રાક્ષનો મહીમા પદ્મપુરાણમાં વર્ણવ્યા છતાં અષ્ટાક્ષર વિવર્ણના કર્તા રૂદ્રાક્ષ જેના અંગમાં હોય તે ચાંડાલ જેવા છે તેનાં મુખ અજાણમાં જોવા જાય તો લુગડાં સહિત નાવું એમ પદ્મપુરાણમાં લખ્યું છે એમ પોતાના અષ્ટાક્ષરવીવર્ણ નામના પુસ્તકમાં લખ્યું છે. તો ખોટાં બનાવટી વાકય પદ્મપુરાણના નામથી લખી તેના આધારે હજારો નીરપરાધી પ્રજાને સહેલાઇથી મહત પૂણ્ય આપનાર રૂદ્રાક્ષ ત્યાગ કરાવી શિવ રૂદ્રાક્ષ ભસ્મની નીંદા કરાવી. નરકની ભરતી કરાવનાર અષ્ટાક્ષર વીવર્ણના કર્તા ચાંડાલ છે કે યથોપવર્ણીત પૂજ્યાદિ પૂજ્ય અગણિત પુણ્ય આપનાર રૂદ્રાક્ષ ધારણ કરનાર ચાંડાલ છે? આ પ્રશ્નના ખુલાસા કરવાનો ભાર અષ્ટાક્ષરવીવર્ણમાં લખ્યા પ્રમાણે વર્તબાવાળાના શીરે મુકી આ પ્રકરણની સમાપ્તી કરૂં છું.

ઇતિ શિવમ્.

इतिश्री शिवभक्ति कल्पलतायां रुद्राक्ष महात्म्यं नाम चतुर्थ प्रकरणम् समाप्तम्.

भस्म महात्म्य, प्रकरण ५.

अथ क्रम प्राप्तं भस्म महात्म्यमुप क्रमते.

शैव वैष्णव अथवा गमे ते धर्मना मनुष्य होय ते सर्वने भस्म त्रिपुंड्र धारण करवुं. विष्णु ब्रह्मादि समस्त देवथी आरंभीने मनुष्यपर्यंत भस्म त्रिपुंड्रधारी छे ते बाबतनुं प्रमाण प्रदर्शन.

રૂદ્રાક્ષ માહાત્મ્ય પ્રતિપાદનાનંતર અનુક્રમથી પ્રાપ્ત થએલ ભસ્મનું મહાત્મ્ય અને વિધીનો ઉપક્રમ કરીએ છીએ. આ ભસ્મ મહાત્મ્ય લખવાનું સાહસ જોઈ શૈવ શાસ્ત્ર વિશારદ ઉપહાસ્યથી આક્ષેપ કરે છે કે (दश शैव पुराणानि सात्विकाने निबोधने) એ સ્કંદ પુરાણાન્તરગર શકંરસંહિતા વિશે

સેનાની પ્રત્યે શિવજીનું વચન છે, એ વાકયનો અર્થ અષ્ટાદશ મહાપુરાણમાં દશ શૈવપુરાણ એ સાત્વીક છે ને તે પુરાણોમાં ભસ્મ મહાત્મ્ય પ્રતિપાદક સેંકડો અધ્યાય છે તેમજ કેટલાંક ઉપપુરાણ ભારત અને શિવધર્મોત્તરાદિ શૈવ ગ્રંથમાં જાંબાલ, બૃહત જાંબાલ, ભસ્મ જાંબાલ, કાલાગ્નિરૂદ્ર વાસુદેવ આદિ એકવીસ ઉપનિષદોમાં (किं बहुना) સમસ્ત વેદવૈદીક પ્રસ્તાનમાં વિસ્તારથી ભસ્મની અચિંત્ય શક્તિને અતિવીશદ મહાત્મ્ય પ્રતિપાદન કરેલ છે તો તમારા આ લઘુ ગ્રંથમાં ભસ્મમહાત્મ્ય શી રીતે પ્રતિપાદન કરી શકાશે અને જરૂર શું કેમકે વૈદીક ધર્માધિકારી ત્ર્યૈવર્ણીકોને તો ભસ્મ વિના ચાલેજ નહીં. કારણ શ્રૌત સ્માર્ત યાવત-કર્મ કલાપ અગ્નિ સાધ્ય છે અગ્નિ વીના કાંઈ પણ વૈદીક કર્મ થઇ શકે નહી. અને સકલ શ્રૌત સ્માર્ત કર્મના અંગે આગ્નેય દ્રવ્ય ધારણ વીહીત છે અને તેજ પ્રમાણે ચાલુ વહીવટ પણ છે તો તમારો ભસ્મમહાત્મ્ય લખવાનો પ્રયાસ એ સિદ્ધ સાધન છે.

આ આક્ષેપ યદ્યપિ સત્ય છે પરંતુ તે એકલું ભસ્મ મહાત્મ્યનેજ લાગુ નથી. શિવોત્કર્ષ શિવભકત્યાદિ સમસ્ત પ્રકરણને લાગુ છે કારણ કે સમસ્ત વેદ વૈદીક પ્રસ્તાનમાં શિવોત્કર્ષને શિવભક્તિ વિગેરે સવિસ્તરથી પ્રતિપાદીત છે તેજ અમે પણ પ્રત્યેક પ્રકરણમાં દર્શાવ્યું છે.

તેજ પ્રમાણે સર્વશાસ્ત્ર પ્રસિદ્ધ ભસ્મમહાત્મ્ય-યથાશકિત પ્રદર્શિત કરવાનો પ્રયાસ-સિદ્ધ સાધન દોષરહિત છે અને તે અમારો પ્રયાસ સફલ છે.

આ શાસ્ત્રોક્ત ભસ્મમહાત્મ્ય ને તેની વિધી અત્રે સંગ્રહ કરવામાં વિશેષ કારણ એ છે કે પ્રકૃત વૈષ્ણવના કહેવાતા શ્રીમાન જીવણાચાર્યજીએ અન્યાય નિહાર ભાસ્કર નામના પુસ્તકમાં ભસ્મ અગ્નિની વીષ્ટા છે તો તેની પવિત્રતા પણ તે પ્રમાણે સમજવી એમ લખાવ્યું છે અને તે પુસ્તક છપાવી જાહેર વેચાય છે તેથી

સમસ્ત વૈદીક પ્રજાની લાગણી અતિ ઘણી દુખાવી છે તેના પરિહાર માટે અમારો આ પ્રયત્ન છે.

આ વાત સાંભળી આક્ષેપતા પ્રશ્ન પુછે છેઃ—?

પ્રશ્ન.

શું પુષ્ટિમાર્ગી ગોસ્વામીયો અને બ્રાહ્મણો અગ્નિ હોત્રાદિ શ્રોત સ્માર્ત ધર્માનુષ્ઠાન કરે ત્યારે અગ્નિની વીષ્ટા ભસ્મને ફેંદતા હશે.

ઉત્તર.

પુષ્ટિમાર્ગીયો વૈદિક કર્મ કરતાજ નથી.

પ્રશ્ન.

ત્યારે શું તે વેદ બાહ્ય છે.

ઉત્તર

પુષ્ટિ માર્ગીયો વેદ બાહ્ય છે એમ શ્રીમાન જીવણાચાર્યે લેખી કબુલાત આપી છે. જુઓ નિહારભાસ્કર પૃષ્ટ ૨૫૮ પંક્તિ ૩

(આવો ભક્તિમાર્ગ વેદ તથા તંત્રોએ બતાવેલો નથી પણ તેઓની પ્રશંસા કરેલી છે તો તેઓ માર્ગ બતાવાનું માન પુષ્ટિ માર્ગ લખે છે વિગેરે.) આ વાકયમાં તેઓની ભકિતની વેદે પ્રશંસા કરેલી છે તે વાકયનો મતલબ પુષ્ટિમાર્ગ તો વેદ કરતાં પણ અધિક છે એ વિનાં વેદ તેની પ્રશંસા કરી શકે નહિ આવા ગપા એકલા પુષ્ટિમાર્ગીયોજ હાંકે છે તેમ નથી પણ કબીરપંથી, ખીજડાપંથી, દાદુપંથી, નાનકપંથી, કુબેરપંથી, વિગેરે કાલ્પનીક પંથવાળા બધા એમજ કહે છે કે અમારા પંથ વેદથી પર છે તે વેદ ને અગમ્ય છે તેમ પુષ્ટિમાર્ગીયોનું પણ કહેવું છે પરંતુ આ તકરારના પ્રસંગમાં આવી લેખી કબુલાત આપવી તે ઘણી જ શરમની વાત છે આ પ્રમાણે પોતાના પ્રતિપક્ષીયોને અવૈદીકત્વના આક્ષેપમાં લેખી કબુલ કર્યા કરતાં મૌન રહેવું સારૂં.

પ્રશ્ન.

ત્યારે પુષ્ટિમાર્ગીયો દેવ પુજા કરે છે તે શું વેદ વીધી વીના કરે છે.

ઉત્તર.

પુષ્ટિમાર્ગીયો દેવ પુજા કરતાજ નથી તે તો અસંસ્કૃત ધાતુ મુર્તિયોની શેવા કરે છે.

પ્રશ્ન.

ત્યારે શું તેમની શેવા મુર્તિની વેદ વિધીથી પ્રતિષ્ઠા નથી કરતા.

ઉત્તર,

તેમની સેવા મુર્તિની વેદ વિધીની પ્રતિષ્ટા થતી નથી.

પ્રશ્ન.

ત્યારે શું બાહ્યોના ચૈત્યની પેઠે તેમના દેવ અવંદનીય છે.

ઉત્તર.

શાસ્ત્ર પ્રમાણે વેદ વિધીથી અપ્રતિષ્ઠિત–મુર્તિનાં દર્શન વંદન ન થાય.

પ્રશ્ન.

ત્યારે હજારો લોક તેમના મંદીરમાં દર્શન કરવા જાય છે તે શી રીતે.

ઉત્તર.

તેમના મંદીરોમાં વેદીકોનો પ્રવેશજ થતો નથી વૈષ્ણવ વિના આવવું નહિ તેવું પાટીયું મારેલું હોય છે.

પ્રશ્ન.

ત્યારે શું મંદીરમાં જાનારા તમામ વૈષ્ણવો અવૈદીક છે.

ઉત્તર.

પુષ્ટિમાર્ગ વેદ પ્રમાણે નથી. એમ નામદાર હાયકોર્ટે ઠરાવ કર્યો છે એટલે એ પ્રશ્નનો ઉત્તર આપવાનું કારણ રહેતું નથી.

પ્રશ્ન.

ભસ્મ અગ્નિની વિષ્ટા છે તો પુષ્ટિમાર્ગીયો અગ્નિથી પાક કરે છે કે કોઇ બીજી રીતે,

ઉત્તર.

પાક તો અગ્નિથીજ થાય બીજી શી રીતે થાય.

પ્રશ્ન.

ભસ્મ હલકામાં હલકું દ્રવ્ય છે તો ચુલો ફુંકતી વખત લાકડાં ખંખેરતી વખત ભસ્મની સૂક્ષ્મ–રજ ઉડી પાકમાં પડશે કે નહીં. ?

ઉત્તર.

ચુલાની ભસ્મની અતિ સૂક્ષ્મ રજ અગ્નિની જવાલાથી અને પ્રશ્નમાં દર્શાવ્યા પ્રમાણે ઉડી પાકમાં પડયા વિનાં રહેશે નહી એમ અમારો મત છે.

પ્રશ્ન.

ત્યારે શું ભસ્મની રજ મીશ્રીત ભોગ સામગ્રી તેમના ઠાકોરજી આરોગે છે.

ઉત્તર,

એ તો પાક કરાવનાર ને ભોગ ધરાવનાર જાણે.

પ્રશ્ન.

ભસ્મ અગ્નિની વીષ્ટા હોય તો ચુલી એ અગ્નિનું સંડાસ ઠેરે તે શું ઇષ્ટ છે.

ઉત્તર

સાર્વજનીક રીતે તે ઇષ્ટ નથી પણ પુષ્ટિમાર્ગીયોને ઇષ્ટ કે અનિષ્ટ તે તો તે જાણે.

પ્રશ્ન.

આવો અતિ પ્રસંગ ગ્રસ્ત લેખ લખનાર અને લખાવનાર અને તે ખરૂં માની તે પ્રમાણે વર્ત્તનાર અજાત્રીક જેવા ન કહેવાય.

ઉત્તર.

એવા નહોય તો એમ લખે લખાવે નહીં. અને તે લેખ ખરો માની અનુમોદન આપે નહીં.

પ્રશ્ન.

ત્યારે આવા તમારા લેખથી તેમને શું અસર થવાની.

ઉત્તર—

તેઓ માટે અમારો પ્રયાસ નથી વૈદીકમતાનુયાયી પ્રજાને માટે અમારો પ્રયાસ છે.

પ્રશ્ન—

શૈવ ગ્રંથોને આધારે તમો ભસ્મમહાત્મ્ય લખવાના ને વૈષ્ણુવો શૈવ ગ્રંથોને તામસ માને છે એમ તમેજ ઉપર દર્શાવ્યું છે તો તમારો લેખ તામસ ઠેરાવી વૈષ્ણુવો ખંડન કરશે ત્યારે તમારો પ્રયાસ વ્યર્થ જવાનો.

ઉત્તર—

અમે તો વૈષ્ણુવોના પરમ પૂજ્ય માનનીય સાત્વીક પદ્મપુરાણના આધારેજ વિષયો સિદ્ધ કર્યા છે અને બાકીના વિષયો પણ પદ્મપુરાણુનાજ આધારે સિદ્ધ કરવાના છે એટલે અમારા ગ્રંથનું વૈષ્ણુવો ખંડન કરી શકે નહી છતાં દુરાગ્રહથી દેવિભાગવતને કાશીનાથ ભટ્ટે બનાવેલ છે તેમ કહી દેવિભાગવતનું ખંડન થયું એમ વૈષ્ણુવો માને છે તે પ્રકારે અમારા ગ્રંથનું ખંડન કરવાની ચેષ્ટા કરશે તો તે પદ્મપુરાણુની નીંદા કરી છે તેમ સમજાય એમ થાય તો વૈષ્ણુવના કહેવાતા ચાર સંપ્રદાયરૂપી ચાર પચરંગી મહેલ ક-ર-ર-ર-ર-ર-ર-ભુ થઇને ભુમી દોસ્ત થઈ જશે કારણ કે વૈષ્ણુવના ચાર સંપ્રદાયરૂપી મહેલનો પાયો પદ્મપુરાણુ છે તે ઉખેડી નાખે તો વૈષ્ણુવ સંપ્રદાયમાત્રનું સ્વતઃ ખંડન થશે. પદ્મપુરાણુનો અમુક ભાગ પ્રમાણુ ને અમુક ભાગ અપ્રમાણુ એમાં કાંઇ નીયામક નથી ઉલટું (अर्ध वैष न्याय) ગળે પડશે. માટે અમારો

ગ્રંથ આચંદ્ર તારક પૃથિવની સ્થિતિ પર્યંત નીર્ભય રહેવાનો. માટે અમારો પ્રયાસ સંપુર્ણ સફલ છે.

આક્ષેપતા—

અ હુ-હુ-હુ-હુ મહાન હર્ષની વાત હવે સંભળાવી. અને આપની વાત સાંભળીને અમો પરમાનંદના તરંગમાં નીમગ્ન થયા છીએ આપનો ગ્રંથ જેમ બને તેમ જલદી પ્રજામાં પ્રસાર થાય એમ અમારી પ્રાર્થના છે.

આ પ્રમાણે આક્ષેપતાના આક્ષેપનું સમાધાન કરી ભસ્મનું મહાત્મ્ય ને ધારણવિધી પદ્મપુરાણના પ્રમાણોથી સિદ્ધ કરીએ છીએ.

भस्मोध्धुलन, तिर्यक त्रिपुंड्र धारणस्य, पुज्याति पूज्य महिमा जीज्ञासया श्री परम माहेश्वर रामचंद्र प्रश्ने, तन्न माहात्म्यादि निरुपीका, परमेश्वर वदनार्विंद निर्याता खल्वनुशासनवाचः पद्मपुराण पातालखंड पंचाधिक शततमा ध्याय उपलभ्यन्ते ॥ तथाहि

પદ્મપુરાણ પાતાલ ખંડ અધ્યાય ૧૦૫.

श्री राम उवाच. ॥

चित्र गुप्तेन लीखिता ललाटे या लिपि र्द्दढा ।
तयातु लीप्या नियतं नरकं कथमन्यथा ॥
करोति पूजनं शंभो पापं नाशयते कथम्

शंभु रुवाच.

पापं नाशयति कृष्न मपि जन्म शतार्जीतं ॥ १३८
भर्त्सनात् सर्व पापानाम् स्मरणाच्च महेशित्तुः ।
भस्मेति पदमाख्यातं तस्य धारण मुत्तमम् ॥ १३९

यथा विधि ललाटे वै वह्निवीर्य प्रधारणात् ।
नाशयेल्लिखितां यामीम् पटस्थामिवहव्यभुक्॥१४०
कर्णो परि कृतं पापं नष्टं स्यात्मुख धारणे ।
कंठे च धारणात् कंठ भोगादिकृत पातकं ॥ १४१
बाह्वौ बाहु कृतं पापं वक्षसि मनसाकृतम् ।
नाभ्यां शिश्न कृतं पापं पृष्टे गुद कृतं तथा ॥ १४२
पार्श्वयो र्धारणाद्राम परस्त्र्यालिंगनादिजं ।
तद्भस्म धारणं शस्तं सर्वत्रैव त्रिपुण्ड्रकम् ॥ १४३
ब्रह्मविष्णु महेशानाम् च्यैय्यग्नीनां च धारणम् ।
गुप्त्यै लोक त्रयाणां च, धारणं तेन वै कृतम्॥ १४४
धृतं पंच दश स्थाने शुद्धं भस्माभि मंत्रितम् ।
कोष्टयुग्मे बाहुयुग्मे कोष्टो परियुगे तथा ॥ १४५
धारणं सर्व देवानाम् पूजायै धर्म संमतम् ।
भस्माशना भस्म शैय्या भस्मोध्धुलित विग्रहाः॥ १४६
भस्म स्नान्ना सदा पापै मुच्यते नात्र संशयः ।
आदौ ब्राह्मण दीक्षायां त्र्यायुष मिति स्मृतं ॥ १४७
प्रसवे च मनुष्याणाम् भूता वेशेऽपि रक्षकम् ।
सर्पादि विषहान्यर्थं सर्वेषां साधनम् त्विदम् ॥ १४८
अपिवा वैष्णवो मर्त्यः अथवा पीतरो जनाः ।
भस्मस्नायी भस्मयुक्तः कर्म स्वधि करोति वै॥१४९

श्री राम उवाच.

भस्ममाहात्म्य मादौ मे भस्मायुष्यं हि कस्य वै ।
कथं हि रक्षते ह्येतत् सर्व मेतत् वदस्व मे ॥ १५०

शंभुरुवाच.

आयुष्य वर्धन हेतुः त्रिविध स्यापि देहिनः ।
पापघ्नं शीत मुष्णं च स्पर्शाच्छिव पद प्रदम् ॥ १५१
अत्रते कीर्त यिष्यामि चेतिहासं पुरातनम् ।
आसीत् वासिष्ठ वंश्यस्तु धनंजय इति द्विजः ॥१५२

શ્રી રામચંદ્રજી શંભુજી પ્રત્યે પ્રશ્ન કરે છે કે ચિત્ર ગુપ્તે લલાટમાં લખેલી લીપી અતિદ્રઢ છે તે લીપીવડે નિશ્ચય થએલ નર્ક એ અન્યથા કેમ થાય. શિવનું પૂજન પાપનો નાશ શી રીતે કરે છે.

ત્યારે શિવજી ઉત્તર આપે છે કે સો જન્મનું ઉપાર્જીત થએલ પાપને પણ શિવપૂજન નાશ કરે છે. ભર્ત્સન કરનાર અને મહેશનું સ્મરણ કરાવનાર જે હોય એનું નામ ભસ્મ છે અર્થાત ભસ્મ એ પદમાં રહેલ ભ નો અર્થ ભર્ત્સના અને સ્મનો અર્થ સ્મરણ એટલે સર્વ પાપ નાશ કરનાર અને મહેશ્વરનું સ્મરણ કરાવનાર એમ ભસ્મ શબ્દનું નીર્વચન થાય છે અને તે ભસ્મનું ધારણ સર્વોતમ છે શાસ્ત્રોકત વિધીથી લલાટ વિષે (વાહ્નિર્વીર્ય) ભસ્મનું ધારણ કરવાથી ચિત્ર ગુપ્તનો લખેલ લલાટનો લેખ નાશ કરે છે જેમ વસ્રમાં રહેલ અિગ્ન વસ્ત્ર જેમ નાશ કરે છે, કાન ઉપર ભસ્મ ધારણ કરવાથી મુખનું થએલ પાપ નાશ પામે છે, કંઠમાં ધારણ કરવાથી કંઠ ભોગાદી કૃત પાપ નાશ પામે છે, બાહુમાં ધારણ કરવાથી બાહુથી કરેલ પાપનો નાશ થાય છે, છાતીમાં ભસ્મ ધારણ કરવાથી મને કરીને કરેલાં પાપ નાશ પામે છે ને નાભિપર ભસ્મ ધારણ કરવાથી ગુપ્તેંદ્રિયનાં કરેલાં પાપ નાશ

પામે છે, કટી પ્રષ્ટમાં ભસ્મ ધારણ કરે તો પાયુ ઇંદ્રિથી કરેલાં પાપ નાશ પામે છે, બન્ને બાજુના પડખા પર ધારણ કરવાથી પરસ્ત્રી આલીંગન જનીત પાપ નાશ પામે છે તે હેતુ માટે ભસ્મ ધારણ અતિ પ્રશસ્ત છે.

અને ઉપર બતાવેલા સર્વ સ્થલમાં ત્રિપુંડ્રજ કરવું ત્રિપુંડ્રની રેખા અનુક્રમે બ્રહ્મા વિષ્ણુને રૂદ્ર અને આહવનીય-ગાર્હપત્ય ને દક્ષિણાગ્નિ એ છ ત્રિપુંડ્રની રેખાના દેવતા છે માટે ત્રિપુંડ્ર ધારણ કરવાથી ત્રણ મુર્તિ અને ત્રણ અગ્નિનું ધારણ થાય છે લોકત્રયનું રક્ષણ કરવા માટે બ્રહ્મા વિષ્ણુ આદિકોએ ભસ્મ ત્રિપુંડ્રનું ધારણ કરેલું છે તે શૈવદીક્ષા પ્રકરણમાં દર્શાવ્યું છે મંત્રથી અભિમંત્રીત શુદ્ધ ભસ્મ પંદર સ્થાનમાં ધારણ કરવાથી સર્વ પાપનો નાશ થાય છે તે પંદર સ્થાન ગણાવે છે, બે કોણી (કોષ્ટ) બે બાહુમાં ને ખભાની નીચેના ભાગમાં અને ઉપર દર્શાવેલા લલાટાદિક મળી પંદર સ્થાનમાં ભસ્મ ધારણ સર્વ દેવતાની પુજા માટે અવશ્ય કરવી જોઇએ. ભસ્મનું ભક્ષણકરનાર ભસ્મની પથારી કરનાને આખા શરીરમાં ભસ્મ ચોળનાર સદા સર્વ પાપથી મુક્ત થાય છે તેમાં સંશય નથી, પ્રથમ બ્રાહ્મણ દીક્ષા એટલે ગાયત્રી દીક્ષામાં ભસ્મ ધારણનો (त्र्यायुष) એ મંત્રથી વ્યવહાર કરાય છે. (ततस्त्र्यायुषणिकरोति) ગાયત્રી દીક્ષા વખત સમીદાધાન થયા પછી સમીધ હોમની ભસ્મ લઇલ લાટાદિ ચાર સ્થાનમાં ભસ્મ ધારણ કરવી તેનું નામ (त्र्यायष) કરણ એમ વૈદીકોમાં પ્રસિદ્ધ છે તેનું સુત્ર કૌંસમાં બતાવ્યું છે. અને એ ભસ્મ પ્રસવમાં અને ભૂતાવેશમાં મનુષ્યોનું રક્ષણ છે. સર્પાદિક વિષનો પણ એ ભસ્મ નાશ કરે છે અને સર્વ દુઃખના નાશનું આ ભસ્મ સાધન છે જો વૈષ્ણવ હોય અગર ઇતર મનુષ્ય હોય તે સર્વ ભસ્મ સ્નાન અને ભસ્મ ત્રિપુંડ્ર યક્ત હોય તોજ વર્ણાશ્રમ ધર્મના અનુષ્ઠાનનો અધિકારી થાય શ્રીરામચંદ્રજી કહે છે. ભસ્મનું માહાત્મ્ય અને ભસ્મા યુષ્ય એ પ્રથમ અમને કહો અને ભસ્મ મનુષ્યોને સર્વ દુઃખથી કેવી રીતે રક્ષણ કરે છે તે કહો

શંભુરૂપિ કહે છે દેવઋષિને, મનુષ્ય, એ ત્રણ પ્રકારના દેહધારીઓ ને ભસ્મ એ આયુષ્ય વર્ધનનો હેતુ છે અને સર્વ પાપનો નાશ કરનાર છે સ્પર્શ માત્રથી શિવ પદને આપનાર છે આ સ્થળમાં એક પ્રાચિન ઇતિહાસ તમને કહું છું તે સાંભળો એમ કહીને પૂર્વકાળમાં વાશિષ્ટ વંશમાં ધનંજય નામે એક બ્રાહ્મણ હતો તે બ્રાહ્મણને સ્વરૂપ સૌંદર્ય લાવણ્ય યુક્ત ૧૦૦ ભાર્યા હતી આ પ્રકારે ઇતિહાસ ઉપક્રમ કરીને અધ્યાય સમાપ્તિ પર્યંત ભસ્મ મહાત્મનું વર્ણન કરેલું છે તે વિસ્તારના ભયથી અત્રે લીધેલું નથી જીજ્ઞાસુઓએ તે સ્થળમાં જોઇ લેવું.

इतिश्री पद्मपुराणे पाताळखंडे शिव राघव संवादे भस्म महात्म्ये पंचोत्तर शततमोऽध्यायः ॥ १०५

ઉપર પ્રમાણે ભસ્મનું મૃત સંજીવન આદિમહાત્મ્ય (त्रायुषजमदग्नेः) એ મંત્ર પદનું ઉપબૃંહન પાંચમા અધ્યાયમાં વિસ્તારથી કર્યું તે સાંભળી અધ્યાય ૧૦૬ ના આરંભમાં.

शुचिस्मितो वाच.

आयुष्य वर्धनं भस्माशनं दृष्टं महामुने पर लोक गतिं दातुं शक्त मेतं वदस्व मे ॥१॥

શુચિ સ્મિતા કહે છે ભસ્મનું ભક્ષણ તે આયુષ્યની વૃદ્ધિ કરનાર છે એ અમે નજરે જોયું હવે ભસ્મ પરલોકની ગતી શી રીતે આપી શકે એ અમને કહો.

दधिच उवाच.

अत्र ते कथयिष्यामि इतिहासं पूरातनं ।
चित्र गुप्त यमा भ्याम् च यद् विख्यातं बभूवह ॥

એ અધ્યાય. ૧૦૬ ના બીજા શ્લોકથી ભસ્મની પરલોક આપવાની શક્તિ દર્શાવનાર ઇતિહાસનો આરંભ કરીને શિવ દ્રવ્યનો અપહારથી શ્વાન યોનિને પ્રાપ્ત થયેલા તે શ્વાન અંતકા-

ળમાં ભસ્મમાં પડીને મરી ગયો એટલાજ કારણથી એ શ્વાન શિવ પદને પ્રાપ્ત થયો એમ.

अथ मुख्य गणा दिष्टो विरभद्र शिवेरितः आनया मासतं श्वानं दिव्यरुप धरं तदा ॥११०॥

આ વાકયથી અભિમંત્રીત ભસ્મમાં પડી મુવેલા કુતરાને કૈલાશમાં લઇ જવાનું જણાવી દધિચિરુષિ સુચિસ્મિતા પ્રત્યે કહે છે કે.

अतुलं भस्म महात्म्यं मयोक्तं ते शुचि स्मिते ॥१११

इतः परं हि किं भूयः श्रोतु मिच्छसि सुव्रते ॥११२

ભસ્મનુ અતુલ મહાત્મ્ય મેં તને કહ્યું હવે તમો બીજું શું સાંભળવાને ઇચ્છો છો તે કહો એ અધ્યાયમાં શ્લોક ૧૧૨ થી ભસ્મની પરલોક આપવાની શક્તિ સવિસ્તર વર્ણન કરેલી છે જીજ્ઞાસુઓએ તે અધ્યાયમાં અથ ઇતિ પર્યંત વાંચી જોવું.

इतिश्री पद्मपुराणे पाताल्रखंडे शिव राघव संवादे विभूति महात्म्ये षड उत्तर शततमो ध्यायः ॥ १०६ ॥

शुचिस्मितो वाच.

कश्य पंश्चजमदग्नि देवानां च पु.। कथं ररक्ष भस्म तद् ब्रह्मन् समाचक्ष्व मुने मम ॥ १ ॥

શુચિ સ્મિતા કહે છે પૂર્વ કાળમાં કશ્યપ જમદગ્નિ અને દેવતાઓનું ભસ્મે શિરિતે રક્ષણ કર્યું એ મને કહો.

त्र्यायुष जमदग्नेः कश्यपस्य त्र्यायुषं

जद्देवे‿ त्र्यायुषं तन्नोऽस्तु त्र्यायुषं

આ શુકલ યજુર્વેદ સંહિતામાં ભસ્મ ધારણમાં વિનિયુક્ત મંત્રમાં જમદગ્નિનુ ત્રણ પ્રકારનું આયુષ્ય. ને કશ્યપનું ત્રણ પ્રકા-

રનું આયુષ્ય દેવતાઓનું ત્રણ પ્રકારનું આયુશ્ય એ અર્થ વાળા મંત્રપદના વ્યાખ્યાન દર્શાવતાં.

दधिच उवाच.

कश्य पादि युता देवा पुर्व मभ्या गमत् गिरिम् ।
शौकटं नाम विख्यातं गिरि मध्ये सुशोभनं ॥

ઇત્યાદિ વાકયથી મંત્રાર્થના ઉપબૃંહણુનો આરંભ કરી અધ્યાયની સમાપ્તિ કરતાં.

दधिच उवाच.

अथैवं विदधे विरो मुनि देवास्तथा गताः
एतत्ते त्रियायुषं पोक्तं भस्म महात्म्य मुत्तमम् ॥९३॥

આ વાકયથી ઉપક્રમ કરેલા ત્र्यायुषं મંત્રનું વ્યાખ્યાન સમાપ્તિ કરી એ અધ્યાયનું શ્રવણુ મહાત્મ્ય. શ્લોક ૯૪ માં વર્ણુન કરી અધ્યાય ૧૦૭ ની સ્માપ્તિ થાય છે.

વળી પાતાલખંડ અધ્યાય ॥ ૧૦૮

श्री राम उवाच.

भस्मोत्तपत्ति महाभाग भस्म महात्म्य मेवच
भस्म संधारणे पुण्यं भस्म दाने च तद्वद ॥१॥

શ્રી રામચંદ્રજી કહે છે કે ભસ્મની ઉત્પત્તિ ભસ્મનું મહાત્મ્ય અને ભસ્મ ધારણુનું પુણ્ય મને કહો એ પ્રકારે શ્રીરામચંદ્રજીનાં વચન સાંભળી

शंभु रुवाच.

भस्मोत् पत्ति प्रवक्षामि सर्व पाप प्रणाशिनि स्म-
रणात् किर्त्तना द्रामतां श्रृणुष्व नराधिप ॥२॥

હેરામ સ્મરણુ કરવાથી તથા જેના નામ ઉચ્ચારણથી સર્વ પાપનો નાશ થાય એવી ભસ્મની ઉત્પત્તિ હું કહું છું હે નરાધિપ તમો સાંભળો એ પ્રકારેનીભસ્મ ઉત્પત્તિ ધારણ મહાત્મ્યનો ઉપક્રમ કરીને

गुण त्रयामिदं धेनु र्विद्यास्या द्गोमयं शुभं ।
मूत्रं चोपनिषत्प्रोक्तं कुर्यात् भस्म ततः परम् ॥२८॥
वत्सास्तु स्मृत्तयो यस्या स्तत् संभूतं तु गोमयं
आगाव इति मंत्रेण धेनुं तत्राभि मंत्रयेत् ॥२९॥
गावो गावो गाव इति प्राशयेत्तु त्रणं जलं
उपोष्य च चतुर्दश्यां शुक्ले कृष्णेऽथवा व्रती ॥३०॥
परेद्युः प्रातरुत्थाय शुचि र्भूत्वा समाहितः
कृतस्नानो धौत वस्त्रो गोमयार्थं वृजेत्तु गाम् ॥३१॥
उत्थाप्यतां प्रयत्नेन गायत्र्या मुत्रमाहरेत् ।
सौवर्णे राजते पात्रे धारयेन्मृण्मये घटे ॥३२॥
आदधी तार्हि गोमूत्रं गंध द्वारेति गोमयं ॥३३॥
गोमयं शोधयेद्विद्वा न्क्ष्रीमें भजतु मंत्रतः ॥३४॥
इत्यादि.

આ ગુણ ત્રય તેજ ગાય છે અને વિદ્યા એ ગોમય છે (છાણુ) અને ગાયનું મૂત્રએ ઉપનિષદ છે એટલે બ્રહ્મવિદ્યારૂપ ગોમય ઉપનિષદરૂપ ગોમૂત્ર એ બેના મીશ્રણુ વડે ભસ્મ બનાવવી ગુણત્રયરૂપ ગાયનાં વત્સ તે સ્મૃતિયો છે તેથી ઉત્પન્ન ગોમય છે પહેલે દીવસે ગાયને (आगाव) એ મંત્રે કરીને અભિમંત્રણ કરવું (गावो गावो गावइति)એ મંત્રવડે કરીને અભિમંત્રીત ઘાસને જલ ખવરાવવં ને પાવું શુકલ પક્ષની વા કૃષ્ણ

પક્ષની ચતુર્દશીનો અપવાસ કરવો અને બીજે દીવસે અમાવાસ્યા કે પૂર્ણીમાને રોજ સવારે ઉઠીને પ્રાતઃકર્મથી પવિત્ર થઈ સ્નાન કરી ધોયેલાં વસ્ત્ર પહેરી તે અભિમંત્ર કરેલ ગાય પાસે જવું તે ગાયને દુઃખ ન થાય તે પ્રકારે ઉઠાડી સોનાના ચાંદીના અથવા માટીના પાત્રમાં ગાયત્રી મંત્ર વડે કરીને गंधद्वारां તેનાથી ગોમૂત્રનું ગ્રહણ કરવું ગોમય અધરથી ગ્રહણ કરવું (   ) એ આખા મંત્રથી ગોમયને શુદ્ધ કરવું (अलक्ष्मीर्मयि) એ મંત્રથી ગોમયને મસલવું (संत्वासिंचामि) એ મંત્રે કરીને છાણમાં ગોમૂત્ર મેળવવું એ પ્રકારે ભસ્મ બનાવવાનું ગોમય શુદ્ધ કરી ગોળા કરી સુકાવી પછી તેની તે પ્રકરણનાં લખ્યા પ્રમાણે ભસ્મ કરવી (अग्नभस्मे) એ મંત્રે કરીને તે ભસ્મ ગૃહણ કરવી. (अग्निरास्मि) એ મંત્રે કરીને તે ભસ્મનો ગોળો મસળીને ભૂકો કરવો તેમાં કપુર કાચલી કુંકુમ અને સુગંધીવાળું ચંદન એ જાતનું અગરૂ ચંદન એ બધાં ચુર્ણ કરી ભસ્મમાં નાંખી ગંગાજળને કપીલા ગાયના દુધથી ફરીથી એ ભસ્મનો ગોળો કરવો આ પ્રકારે ભસ્મની ઉત્પાદન કરવાની વિસ્તારથી વિધિ વર્ણન કરી અને ભસ્મ ધારણની વિધી પણ વર્ણન કરી.

एतत्संक्षेपतः प्रोक्तं विधानं भस्मनोऽनघ.

એ વાકયથી પ્રકરણનો ઉપસંહાર કરીને અધ્યાય શ્રવણ મહાત્મ્ય કહી અધ્યાયની સમાપ્તી કરી છે.

इतिश्री पद्मपुराणे पातालखंडे शिव राघव संवादे भस्मोत्पत्ति विधानं नामाष्टोत्तर शततमो ध्याय ॥ १०८ ॥

વળી પાતાળ ખંડના નવમા અધ્યાયમાં એક મહાપાપી બ્રાહ્મણ પ્રત્યે તેનાં સર્વ પાપ નાશક ઉપાય ઉપદેશ કરતાં યમ રાજા કહે છે કે,

सागमध्यापनं विप्र भोजनं भस्म धारणं ॥१७॥

સાંગવેદ બ્રાહ્મણ ભણાવવો અથવા બ્રહ્મ ભોજન કરવું કે

ભસ્મ ધારણ કરે કે ઉત્તમ પતિ, વિશ્વેશ્વર દેવને ભજે તે દેવની પ્રસનતા માત્રથી તમો ફરીથી અમારા યમ લોક પ્રત્યે આવશો નહીં ઇત્યાદિ વાકયે કરીને મધ્યમાં ભસ્મ ધારણ પુણ્યનું પરામર્શ કરી.

शिवलिंगार्चनं नाम ब्रह्मादिभिरनुष्ठितं
समस्त पापशमनं सर्वोपद्रव नाशनं ॥७२॥
मुक्ति मुक्ति प्रदं तस्माच्छिव पुजां समाचर
नाति क्रमेद्यदि मुने शिव लिंगार्चनं शुभं ॥७३॥
यःशंभु पुजा विच्छिद्यात् तेन च्छिन्नं हिमे शिरः
वरं शुल विनिःक्षेपो वरं शामालि कर्षणं ॥७४॥
वरं प्राण परित्यागो नैव पुजा व्यति क्रमः
वरं वह्निः प्रपतनं परश्चाधः शिरःकृतम् ॥७५॥
वरं स्वमल भुक्ति र्वानेश पुजा व्यातिक्रमः
अपूजयि चेशानं योहिं भुक्ते नराधमः ॥७६॥
पापानां मन्न रुपाणां तस्य भोजन मुच्यते
अनुच्चार्य पदं शंभो भूक्ते यदि चखादति ॥७७॥
शिवेति मंगलं नाम यस्य वाचि प्रर्वत्तते
भस्मि भवति तस्याशु महापातक कोटयः ॥७८॥

જાંબાલી રૂષિ પાતકી બ્રાહ્મણ પ્રત્યે કહે છે શિવલિંગનું અર્ચન બ્રહ્માદિક દેવતાએ અનુષ્ટિત સમસ્ત પાપ નાશક અને સર્વ ઉપદ્રવ નાશક ને મોટા મોક્ષને આપનાર છે માટે તમે શિવ પુજા કરો અને શિવપુજાનો અતિક્રમ કદાપી ન કરવો અર્થાત શિવલિંગાર્ચન નિત્ય છે જે કોઇ શિવ પુજાનો વિચ્છેદ કરે

તે મારૂં માથું કાપવા જેવું છે જીવતાં શૂલ ઉપર પરોવવું અને જીવતાં સેંભળના કાંટા તણાવવા (આડા અવળા ખેંચવા) આવા કષ્ટથી પ્રાંણુનો ત્યાગ કરવો એજ શ્રેષ્ટ છે પણ શિવપુજાનો અતિક્રમ કદાપી ન કરવો અગ્નિમાં પડીને મરવું અગર કે પોતાનું માથું ધડથી નીચે પાડી નાંખવું પણ શિવપુજાનો વિ-ચ્છેદ ન કરવો પોતાની વિષ્ટા કોઇ બળાતકારથી ખવડાવે તે ખાવું પણ શિવ પુજાનો ત્યાગ ન કરવો.

શિવલિંગાર્ચન વિના જે કોઇ મનુષ્ય અધમ અન્ન ખાય છે તે પાપ રૂપ અન્નનું ભોજન કરે છે મહાદેવજીનું નામ શિવ એ પદ ઊચ્ચાર કરીને એકેક શ્વાસ લેવો અને બીજા શ્વાસો પણ શિવ એ પદ ઉચ્ચારીને લેવા એમ પ્રત્યેક શ્વાસમાં શિવપદનું ઉચ્ચા-રણ કરવું એ પ્રમાણે શિવપદ ઉચ્ચાર્યા વિનાં જે કોઇ ભોજન કરે તે મહાપાતકી સમજવા શિવ એ પ્રકારનું પરમ માંગળીક કલ્યાણકર નામ જેની વાણીમાં રહે છે તેના કોટી કોટી મહાપા-તક ક્ષણમાત્રમાં ભસ્મ થઈ જાય છે ઇત્યાદિ વાકયથી શિવાર્ચન-પુજયાદિ પુજય અચિંત્ય મહિમાનું વર્ણન કરેલું છે અને શિવ પુજા અટકાવવા સારૂ કોઈ બળાતકારે પોતાની વિષ્ટા ખવરાવે તે ખાવી શ્રેષ્ટ છે પણ શિવ પુજાનો ત્યાગ કરવો નહી.

ઇત્યાદિક અનેક કુત્સિત વૃત્તિત્વ શિવ પુજા નહીં કરનારને માટે વર્ણવેલ છે તે વર્ણને કરીને શિવદ્રોહીઓને ગરહિત્ વૃત્તિ ત્વ દર્શાવે છે તો શિવાર્ચન નહી કરનાર અસ્પૃષ્ય છે; કે શિવ ભક્ત અસ્પૃષ્ય છે. એનું સ્ફુટિકરણ આ સ્થળમાં થઇ જાય છે આ પ્રકારે શિવાર્ચનનું નિત્યત્ર દ્રઢ કરી ભસ્મ મહાત્મ્ય પ્રતિપા-દક અધ્યાયનું પઠન પાઠનનું મહાત્મ્ય કહીને અધ્યાયની પરિ-સમાપ્તી કરી છે.

इतिश्री पद्मपुराणे पातालखंडे शिव राघव संवादे विभूति महात्म्येन वाधिक शततमोऽध्यायः

ઉપર દર્શાવ્યા પ્રમાણે પાંચમા અધ્યાયથી નવમા અધ્યાય પર્યંત નિર્ણયક લિંગ સહિત ભસ્મનો પૂજ્યાતિ પુજ્ય મહિમા અચિંત્ય શક્તિ અતિ આગ્રહ પુર્વક પ્રતિપાદન કરેલ છે (આ (पिवा वैष्णवोमर्त्यः) એ વાકયથી વૈષ્ણવ હોય વા ગમે તે દેવના ભક્ત હોય.

અને ગમે તે મતના હોય. તોપણ ભસ્મ સ્નાન કરી ભસ્મ ત્રિપુંડ્ ધારણ કર્યા વિનાં કોઈ પણ કર્મમાં અધિકારી થતા નથી. એ નીયમના વાકયથી શ્રૌત સ્માર્ત ધર્માધિકારી વર્ણાશ્રમી મનુષ્ય માત્રને સ્વવર્ણાશ્રમોચીત કર્માનુષ્ટાન અંગભુત ભસ્મ ત્રિપુંડ્ ધારણ અવશ્ય કરવુંજ જોઈએ એમ નીગમન કરેલ છે.

એ પ્રકારના અતિ વીષદ મહાત્મ્ય પુરૂષાર્થ ચતુષ્ટયનું અનન્ય સાધન ભસ્મને અગ્નિની વીષ્ટા છે ને તેની પવિત્રતા તે પ્રમાણે સમજવી એ પ્રકારની અમાનુપીય ભાષા વાપરનાર કેવી યોગ્યતાના છે અને મત દુરાગ્રહ પરાધિનતાવાળા આવા મનુષ્યો.

किं किं नकुर्या दितिवि चिन्त्यता मूतावन्नि मत्सरै [illegible]

ઉપર દર્શાવ્યા પ્રમાણે ભસ્મનું મહાત્મ્ય સંક્ષેપથી નિરૂપણ કર્યું અને ભસ્મ મહાત્મ્ય પ્રદર્શક અધ્યાયોમાં ભસ્મધારણ વિધી બહુ વિસ્તારથી લખેલ છે પરંતુ એવી વીસ્તાર વિધી વર્તમાન કાલની પ્રજા ન કરી શકે માટે સંક્ષેપ વિધી દર્શાવી છે.

अथे दानिं भस्म धारण विधी संक्षेपेन प्रदर्स्यते ॥

પદ્મપુરાણ પાતાલ ખંડ અધ્યાય ૧૧૪.

अथ भस्म समादाय आग्नेयं स्नान माचरेत् ।
प्रणवेन समामंत्र्या [illegible] मथाऽपिवा ॥२८९॥
पंचाक्षरेण मंत्रेण नाम्ना वायेन केन चित् ।
समाभि मंत्रितं भस्म दर्भ पाणिः समा [illegible]रेत् ॥२९०॥

ईशान स्सर्व विद्याना ---ल्काशिरासि पातयेत् ।
---त्पुरु---य विद्महे मुखे भस्म प्रसेचयेत् ॥२९१॥
अघोरेभ्योऽथ घोरेभ्यो भस्म वक्षसि निक्षीपेत् ।
वामदेवाय नम इति गुह्यस्थाने विनीक्षीपेत् ॥२९२॥
सद्योजातं प्रपद्यामि निक्षीपेदथ पाद्योः ।
उध्धु लयेन ममस्तांगे प्रणवेन विचक्षणः ॥२९३॥
त्रैवर्णिकाना मुदितः मंत्रानादि विधि रुत्तमः ।
शूद्रादिनां प्रवक्ष्यामि यदुक्तं गुरुणा तथा ॥२९४॥
शिवेति पदमुच्चार्य भस्म संमंत्रयेत् सुधिः ।
सप्तवार मथादाय शिवायेति शिर क्षीपेत ॥२९५॥
शंकराय मुखे प्रोक्तं सर्वज्ञाय हृदि क्षिपेत् ।
स्थाणवे नम इत्युक्त्वा गुह्ये चापि स्वयं भुवे ॥२९६॥
उच्चार्य पाद्यो क्षिप्त्वा भस्म शुद्ध मतः परम् ।
नमः शिवायत्युचार्य सर्वांगो ध्धूलनं स्मृतम् ॥२९७॥
इत्यादि

સ્નાન વિધી કર્યા પછી ભસ્મ લઈ પ્રણવથી (ॐ) અથવા પંચાક્ષરથી આઠવાર અભિ મંત્રણ કરવું પછે ગમે તે ભગવત નામથી સાતવાર અભિમંત્રણ કરવું અને તે પ્રકારે અભીમંત્રણ કરેલ ભસ્મ દર્ભ સહિત-ભસ્મવડે આગ્નેય સ્નાન કરવું (ईशानः सर्वविद्यानाम) આ પૂરો મંત્ર બોલીને મસ્તક ઉપર ભસ્મનું સિંચન કરવું (अघोरे भ्योऽथघोरेभ्यः) એ પુરો મંત્ર બોલીને મુખમાં સિં-ચન કરવું (वामदेवायनमः) એ પુરો મંત્ર બોલીને ગુહ્યસ્થાનમાં

ભસ્મ ચોળવી. (सद्योजातंप्रपद्यामि) એ પુરો મંત્ર બોલીને પાદમાં નિક્ષેપણુ કરવું ને પછી પ્રણુવ મંત્ર વડે સર્વાંગમાં ઉધ્ધુલન કરવું આ પ્રકારે ત્રણુ વર્ણુની (દ્વિજની ભસ્મ સ્નાન વિધી કહી હવે શુદ્રાદિકોની ભસ્મ સ્નાન વિધી કહું છું શિવ એ પદનો ઉચાર કરીને ભસ્મનું અભિમંત્રણુ કરવું અને પછીથી શિવાય એ પદનું ઉચારણુ કરી સાતવાર થોડી થોડી ભસ્મ હાથમાં લઈ માથા ઉપર ધારણુ કરવી શંકરાય એ પદ બોલીને મુખમાં–સર્વજ્ઞાય એ પદ બોલીને હૃદયમાં સ્થાણુવે એ પદ બોલીને ગુહ્યસ્થાનમાં સ્વયંભુવ એ પદથી પીઠમાં ભસ્મનું સેવન કરી શુદ્ધ થઈ નમઃ શિવાયઃ એ મંત્રનું ઉચારણુ કરીને શર્વાંગમાં ભસ્મનું ઉધ્ધુલન કરવું.

ઉપર પ્રમાણે ભસ્મ સ્નાન વિધી સંક્ષેપમાં દર્શાવી અને ભસ્મ ત્રિપુંડ્ ધારણુ વિધી પદ્મપુરાણુમાં પ્રદર્શાવેલા અધ્યાયોમાં વિસ્તૃત હોવાથી ભસ્મ જાબાલોપનિષદમાં કહેલી સંક્ષેપ વિધી અત્ર દર્શાવીએ છીએ.

भस्मजाबालोपनिषद्

त्रिपुंड्रं धारयेत्पश्चाद्ब्रह्म विष्णु शिवात्मकं मध्यांङ्गुलीभिरादायति मृभिर्मूल मंत्रतः अनाम मध्याङ्गुष्ठै रथवास्यात्रिपुण्ड्रकं ललाटे हृदये नाभौ गलेच मणि बंधयोः बाहु मध्ये बाहु मूले पृष्ठे चै वचाशिर्षके ललाटे ब्रह्मणे नमः हृदये हव्यवाहनाय नमः नाभौस्कंदाय नमः गले विष्णवे नमः बाहु मध्ये प्रभंजनाय नमः मणि बंधे पशुभ्यो नमः पृष्टे हरये नमः ककुदिं शंभवे नमः शिरसी परमात्मने नमः इत्यादि स्थानेषु त्रिपुंड्रं धारयेत् ॥

ઉપર પ્રમાણે ભસ્મ સ્નાન વિધી કર્યા પછી બ્રહ્મા વિષ્ણુ ને શિવ એ મુર્તિ ત્રયાત્મક ત્રિપુંડ્ ધારણ કરવું વચલી ત્રણ આંગળીથી અથવા અનામીકા મધ્યમા ને અંગુષ્ટા એ ત્રણ આંગળીથી પણ ત્રિપુંડ્ થાય. લલાટ, હ્રુદય, નાભિ, ગળે, મણીબંધ (કાંડે) બાહુ વચમાં અને બાહુના મૂલમાં પૃષ્ઠ ભાગમાં અને મસ્તકમાં ત્રિપુંડ્ ધારણ કરવાનો સંક્ષેપ વિધી છે, એના મંત્રો લલાટે બ્રહ્મણે નમઃ ઇત્યાદિ અનુક્રમે સમજવા. એ શિવાય ૩૨) સ્થાનમાં ત્રિપુંડ્ ધારણ કરવા વિસ્તાર વિધી પદ્મપુરાણમાં ને વૃહન્ જાબાલોપનિષદમાં દર્શાવેલ છે વિસ્તારના ભયથી અહીં લીધેલ નથી. જીજ્ઞાસુએ દર્શિત સ્થળે જોઇ લેવું.

इतिश्री शिवभक्ति कल्पलतायां भस्म महात्म्य नाम पंचमं प्रकरणम् समाप्तम् ॥

ॐ

शिव निवेदित भक्षण, महात्म्य. प्रकरण ६

પાંચમાં પ્રકરણમાં સંક્ષેપક્ષ, ભસ્મ મહાત્મ નીરૂપણ કર્યું, તતઃ અનુક્રમથી પ્રાપ્ત શિવ નૈવેદ્ય મહાત્મ્ય નીરૂપણ કરીએ છીએ.

विष्णु ब्रह्मादिक समस्त देव दैत्य मनुष्य तीर्यग विगेरे शिव वेदीतप्रसाद भोजी छे तेनुं प्रमाण प्रदर्शन.

अथात्र तापत्रय पापच्यमाना प्राणभ्रतां त्रिविध दुःखात्यंति कोप शमनैकनीदान पाकशासन पद्मासन पद्मनाभ पद्मालयादि संसेवितानाधियातिशय माहात्म्यशाली महेश्वर महाप्रसाद पूज्यादि पूज्य महिमा पद्मपुराणादि प्रसिद्धात संक्षेपतो निरुप्यते, तथाहि

ઉપર લખેલા સંસ્કૃત ગદ્યમાં દર્શીત સદાશિવનો મહા· પ્રસાદ મહીમા સંક્ષેપથી આ પ્રકરણમાં વર્ણન કરીએ છીએ.

પદ્મપુરાણ પાતાલખંડ. અધ્યાય ૧૧૪.

निवेदितं महेशाय अथनैवेद्यमुत्तमम् ।
सुपक्वशालीपीष्टान्नं भक्ष्यं लेह्यं च चोश्यकम् ॥ ४५८
मधुरादिरसोपेतं पंच पक्व समन्वितम् ।
अनेक पक्वशाकाढय मनेकपक्वमिश्रीतम् ॥ ४५९
पानंविंशति संयुक्तं द्राक्षारंभाफलान्वितम् ।
सुपाष्टकादि संयुक्तं युक्तं मूलफलादिना ॥ ४६०
यथा संभव संयुक्तै रन्यैरप्युपकलपीतम् ।
अग्र पुष्प समोपेतं नैवेद्यं प्रददौ मुनिः ॥ ४६१
सौवर्ण पात्रिकान्यस्त निराजन सहस्त्रकम् ।
सोपहाराय देवाय दत्वाचैव नमस्य च ॥ ४६२
यूकखंडानथग्रष्टा न्पत्राणि क्षालितानि च ।
अग्रष्ठा ग्रांणिसुस्वेव छादया वृतिकानिच ॥ ४६३
घनसारक चूर्ण च न्यस्तपत्र त्रयं शुभम् ।
सौवर्णपात्र विन्यस्त मिदंतांबुल मीश्वरे ॥ ४६४

ગૌતમ ૠષિએ અત્યુત્તમ નૈવેદ્ય મહેશને અર્થે અર્પણ કર્યું અને નૈવેદ્યમાં શું શું હતું તે કહે છે અતિ ઉતમ, ચોખાના લોટનો પકવાન, ભક્ષ્ય, લેહ્ય, ચોશ્ય, એ ત્રણ પ્રકારની સામગ્રી અને મધુરાદિ રસથી યુક્ત પાંચ પ્રકારનાં ભક્ષ્ય પદાર્થ અને અનેક

પ્રકારની શાક, ભાજી, વીશ પ્રકારનાં પેય પદાર્થ અને દ્રાક્ષા ફલને પાકેલાં કદલી ફલાદિને અનેક પ્રકારના મેવા કંદ ફલાદિ યુક્ત આઠ પ્રકારની દાળ જેજે કાલમાં જેજે વસ્તુ મળીશકે તે તમામ નૈવેદ્ય. યોગ્ય પદાર્થ અને પુંપાદિકથી સુશોભીત એ પ્રકારનાં નૈવેદ્ય, ગૌતમ મુનિએ અર્પણ કર્યા સુવર્ણના પાત્રમાં એક હજાર બતીવાળું નીરાંજન, સહિત, નૈવેદ્ય અર્પણ કરી નમસ્કાર કર્યાપછી સોપારીનો કડકો પ્રક્ષાલીત પાન કાથા ચુના વિગેરેથી ઉપલીપ્ત પાછળનો ને અગ્રભાગ જેનો કાઢી નાખેલ ઘન સારાદિકના ચુર્ણસહિત ત્રણ પાનની બીડી સુવર્ણ પાત્રમાં મૂકી કેલ, તાંબુલ મહેશ્વરને અર્પણ કરતા હવા.

આ પ્રકારે ગૌતમરૂષિનું નૈવેદ્ય પ્રકરણ ઉપક્રમ કરીને ગૌતમ રૂષિના આશ્રમમાં સમસ્ત ભક્તવૃંદ સહિત શિવજીની પ્રાદુર્ભાવ કથા. પ્રસ્તાવમાં.

सदाशिव उवाच.

संपादयान्नं सर्वेषां भोक्तुकामावयं मुने ॥

સદાશિવ ભગવાન ગૌતમ રૂષિપ્રત્યે આજ્ઞા કરે છે કે એ અમારી જમવાની ઇચ્છા છે માટે ભોજનની તૈયારી કરો એવી ભગવદ આજ્ઞાનુસાર ગૌતમરૂષિએ સમસ્ત દેવ મંડલને માટે ભોજનની તૈયારી કરી સદાશિવ સહવર્તમાન સમસ્ત દેવમંડલ ભોજન કરવા બીરાજ્યા તે પ્રસંગે.

परिहास मथोकर्तु मिएष परमेश्वरः
पश्यविष्णो हनुमंतं कथं भुक्ते सवानरः ॥ २०२
वानरं पश्यतिहरौ मंडकं विष्णु भाजने ।
चिक्षेप मुनि संघेषु पश्य स्त्रपि महेश्वरः ॥ २०३
हनुमते दत्तवांश्च सोच्छिष्टं पायसादिकम्
इत्यादि

સદાશિવજીહાસ્યવિનોદ કરતાં વિષ્ણુ ભગવાન પ્રત્યે આજ્ઞા કરી કે હે વિષ્ણો હનુમાન વાનર કેવા જમે છે તે જુઓ તો ખરા એ પ્રકારે સાંભળીને વિષ્ણુ ભગવાન હનુમાન તરફ જોવા લાગ્યા, એટલામાં વિષ્ણુ ભગવાનના ભોજન પાત્રમાં મંડક એ નામનું પકવાન પોતાના ભોજન પાત્રમાંથી સમસ્ત ૠષિની સંનીધીમાં નાખ્યું પોતાનું ઉછીષ્ટ પાયસાદિક પદાર્થ હનુમાનજીને પણ આપ્યું. એટલામાં તકરાર ઉપસ્થીત થયોકે શિવો છીષ્ટ. ભક્ષણ કરાય કે કેમ. ત્યારે શિવજીએ આજ્ઞા કરીકે (**भुक्तिवेलयम घुनातद वैरस्यं कथांतरात्**॥ ૨૦૭ આ ભોજનનો સમય છે તેમાં તમારી તકરારનો નીકાલ કરતાં વૈરસ્ય થાય માટે (**भुक्त्वातुकथ योष्यामि निर्विशंकं विभुक्ष्वतत्** । ૨૦૮) માટે ભોજન થયાપછી તમારી શંકાનું સમાધાન કરશું. તમને આપેલો મંડક નીશંક ખાઈ જાવ. ભોજન વ્યવહાર થઈરહ્યા પછી.

सदाशिव उवाच.

मद्वाक्यादखिलं शुध्येत मद्वाक्या दमृतंविषं ।
मद्वाक्या दखिलावेदा मद्वाक्या ददेवतादयः
मद्वाक्या द्धर्मविज्ञानं मद्वाक्या मोक्षउच्यते ।
पुराणा न्यागमाश्चैव स्मृत योमम वाक्यतः ॥ २२६
अतो ग्रहाण तांबुलं ममदद्याच खंडकान ॥
इत्यादि

સદાશિવજી કહે છે કે અમારા વચનથી સર્વની શુદ્ધિ છે ને અમારા વાકયથી અમૃતવિશ થાય છે અખીલ વેદ એ પણ અમારા વાકયથીજ છે, અને સર્વ દેવતાએ પણ અમારા વાકયથીજ છે, ધર્મનું વિજ્ઞાન પણ અમારા વાકયથી છે, મોક્ષ એપણ

અમારા વાકયથી છે, પુરાણુ આગળ સ્મૃતિયો એ પણુ અમારા વાકયથીજ છે. એ કારણુ માટે સંશય ત્યાગ કરી તાંબુલ ગ્રહણુ કરો ઇત્યાદિ.

વળી તેજ અધ્યયમાં.

पीतमुद्रमनीपंच समादाय महेश्वरः
पीतवस्त्रमिदंदेव त्वं गृहाण हरेः शुभं ॥ ३९०
ब्रह्मणे रक्तवसनं सर्वेषां वसुदस्तथा ।
देवर्षि दानवादिनां दत्तवान् वसुयुग्मकम् ॥ २९१

પીત અને મનોહર વસ્ત્રલઇને શિવજીએ શ્રી વિષ્ણુ ભગવાનને આજ્ઞા કરીકે આ પીત વસ્ત્ર તમે લ્યો અને બ્રહ્માને રક્ત વસ્ત્ર આંપ્યાં તેમજ દેવ રૂષિ દાનવાદિકને પણ વસ્ત્ર આપ્યાં. આપ્રકારને ઉલેખ છે, અર્થાત શિવજીનો સ્પર્શ થએલ તમામ શિવ નીર્માલ્ય કહેવાય તે બ્રહ્માદિક દેવે ધારણુ કર્યા પ્રકૃત-વૈષ્ણવોના વિષ્ણુ ભગવાને દધીવડાં શિવજીનાં ઉછીષ્ટ આરોગ્યાં. હનુમાનજીએ રામચંદ્રજીના પરમ ભક્ત વૈષ્ણવોત્તમ-હનુમાનજી એ શિવજીનું ઉછીષ્ટ પાયસાન ભક્ષણુ કર્યું એ બાબતનું પ્રમાણુ વૈષ્ણવોના પદ્મપુરાણુનું આ સ્થલે દર્શાવ્યું છે.

હવે શિવ નૈવેદ્યનો તિરસ્કાર કરનાર વૈષ્ણુવો ખરા છે કે પદ્મપુરાણુ ખરૂં છે આ એક મોટો પ્રશ્ન. આસ્થલે ઉપસ્થિત થાય છે. જો પદ્મપુરાણુ ખોટું છે તેમ કહેતો વૈષ્ણુવોનીજ રેવડી વેરાઇ જાય, માટે પદ્મમપુરાણુનેતો તેમનાથી ખોટું ઠેરાવી શકાય તેમ નથી. વૈષ્ણુવો શિવ નીર્માલ્યને તીરસ્કાર કરે છે, તેતો કેવલ શિવદ્વેશરૂપી અગ્નિની જ્વાલાથી પીત દુષિત થયા હોવાને લીધેજ,

શિવ મહાપુરાણુમાં

शंभो नीवेदीतान्नेन यष्टव्यंसर्व देवता
कल्पयेच्च गुरोर्भाग मित्ययं सततं विधिः

શિવજીને નીવેદન કરેલ અન્નથી સર્વ દેવતાનું યજન કરવું અને ગુરૂને પણ ભાગ આપવો આ નિત્યવિધી છે એમ બતાવ્યું છે.

પદ્મપુરાણ પાતાલખંડ અધ્યાય. ૧૧૪

આ સ્થલમાં શિવદ્વેષીઓ એવી શંકા કરશેકે (अनर्हंममनैवेद्यं पत्रंपुष्पं फलंतथा मह्यं नैवेद्यं सकलं कूपवत्र्विनीक्षिपेत ॥२०५॥ અમારૂં નૈવેદ્ય અનર્હ છે અર્થાત અભક્ષ્ય છે માટે પત્ર પુષ્પ ફલ જે કાંઇ અમોને નૈવેદ્ય કરેલી વસ્તુ કુવામાં નાખીદેવી. એમ શિવજીએ શ્રીમુખથી આજ્ઞા કરેલી છે તેથી અમે તેનો નિષેધ કરીએ છીએ તેમાં અમારો શું અપરાધ. તેનો ઉત્તર એ-ટલો છે કે એવો નિષેધ (अपिदीपावलोकंमे नोपभुज्यान्निवेदितम्) ભાગવત એકાદશસ્કંધ, અધ્યાય, શ્લોક. શ્રી ભગવાનના મુખાર્વીંદથી નીર્ગત આ વચન છે. તે વચનથી આજ્ઞા કરેછે કે અમારા મંદી-રના દીવાનું પણ અવલોકન કરવું નહિ અને અમોને નિવેદીત. કાંઇ પણ પદાર્થનું ભોજન ન કરવું આ પ્રકારે વિષ્ણુ નૈવેદ્યનો પણ નિષેધ વૈષ્ણવોના પરમ ઉપાસ્ય કૃષ્ણ ભગવાને શ્રીમુખથી કરેલ છે. ટીકાકાર રાગ લોભાદિકથી નૈવેદ્યનું ગ્રહણ કરવું, એમ બચાવ કરે છે તેવો બચાવ શિવજી નીર્માલ્યનો પણ થઇ શકે છે છતાં તમેતો વિષ્ણુ નૈવેદ્યનો મહીમા પહાડે ચડાવી પેટભરી ભરીને ખાઈ જાઓછો અને શિવ નૈવેદ્ય ભક્ષણનો નિષેધ આગળ કરો છો, એ શિવદ્વેશ ઉઘાડો દેખાય છે તેથી વૈષ્ણવો મોટામાં મોટા, અપરાધી છે.

હવે વૈષ્ણવો ઉપર દર્શાવેલા ૧૧૪) અધ્યાયનું ૨૦૫) શ્લો-કનું વાક્ય શિવનૈવેદ્ય નિષેધ આગળ કરી લોકોને છેતરે છે પણ ૨૦૬ ના શ્લોકનું વાક્ય.

सदाशिव उवाच.

बाणलिंगे स्वयंभुवे चंद्रकान्ते हृदि स्थिते ।
चांद्रायणसमंज्ञेयं शंभो नैवेद्य भक्षणम् ॥ २०६

બાણુલિંગ વિશે સ્વયંભુ લિંગવિષે હૃદયમાં રહેલા આત્મલિંગને વિષે શિવજીનું નૈવેદ્ય ભક્ષણુ ચાંદ્રાયણુ સમાન પાપની શુધિ કરનાર છે એમ ત્યાંજ શિવજીએ આજ્ઞા કરેલી છે.

આ પદ્મપુરાણુના ઉપર દર્શાવેલા વિધી નીષેધ વાકય બાબત શૈવ મર્ધન્યનો એવો મત છે કે આ વીધી નિષેધ સાધારણુ શિવ દીક્ષારહિત. અભક્ત પ્રજાને માટે છે અગર દધિચી. ગૌતમાદિકના શાપથી વેદ બહીષ્કૃત શિવ નીંદ કોને વિષે છે કારણુકે તેજ અધ્યાયના ત્રીજા ને ચોથા શ્લોકમાં સાક્ષાત વિષ્ણુ ભગવાનને ને હનુમાનજીને શિવજીએ સ્વઉછીષ્ટ પોતાના હાથે આપી તે નીઃશંક ભક્ષણુ કરવાની આજ્ઞા કરેલી છે જયારે સાક્ષાત્ વિષ્ણુ ભગવાને શિવજીના ઉચ્છીષ્ટ ભોજનનું ભક્ષણુ કર્યું છે તો પછી દેવ મનુષ્યાદિકોને શિવ નૈવેદ્ય ભક્ષણુ કરવુંજ જોઇએ તેમાં કાંઈ કહેવાપાણું રહેતું નથી. આવા વિષ્ણુઆદિ પરિગ્રહીત શિવ મહાપ્રસાદનો તીરસ્કાર કરનાર એ કેવલ દુરાગ્રહી છે એમજ મનાશે.

હવે શિવ નૈવેદ્ય ભક્ષણુનોજ નિષેધ છે તેમ નથી સમસ્ત દેવના નૈવેદ્ય ભક્ષણુનો નિષેધ છે તેમ વિવિધ પણુ છે તે બાબત. મહા નિબંધકાર આ પ્રકારે વ્યવસ્થા કરે છે—

देवस्यं देवता द्रव्यं नैवेद्यं च निवेदितम् ।
चंड द्रव्यं बहिः क्षिप्तं निर्मालयं षडविधं स्मृतम् ॥१
तत्रत्रिविध निर्मालय मनर्हमिति चोच्यते ।
प्रमादादुपभुंजानो भुमौसस्यादमंगलः ॥ २

देवस्य[१] देवता,[२] द्रव्य,[३] नैवैद्य-निवेदीत,[४] चंडद्रव्य[५] बहिक्षिप्त[६]

મંદીરમાંથી બહાર કાઢી નાખેલું આ છ પ્રકારનુ નીર્માલ્ય છે તેમાં દેવસ્વ દેવતા, દ્રવ્ય, નૈવેદ્ય, એ ત્રણુનાં નીર્માલ્ય અભક્ષ્યછે અને પ્રમાદથી જે કોઈ ભક્ષણુ કરે તે પૃથ્વિમાં અમંગલ રૂપ છે આપ્રકારે છ પ્રકારના નીર્માલ્યમાં ત્રણુ પ્રકારના નીર્માલ્યનો

નિષેધ કરીને દેવસ્વાદિ પદનું નીર્વચન કરી ચોથા નીવેદીત દ્રવ્ય માટે લખે છે.

शिवोपभुक्त सुगंध मन्नपादिक चयत्
निवेदिता माति प्रोक्तं सर्वपा पहरं परम ॥ ३
निवेदीतं तुय द्रव्यं भोक्तव्यं तद्विधानतः ।
तन्नचेद्भुज्ये ते मोहा द्भोक्तुमायांति देवता॥ ४

શિવજી એ ઉપભોગ કરેલ હાર ગંધ, પુષ્પ અન્ન, પાનાદિકની નીવેદીત એવી આજ્ઞાછે ને તે નીવેદીત દ્રવ્ય સર્વ પાપનું હરણ કરનાર છે આ સ્થલમાં નિવેદીત શબ્દનો એવો અર્થ સમજવાનો છે કે શિવલિંગ સન્મુખ નૈવેદ્યની સામગ્રી ધરાવી, મંત્ર, પ્રોક્ષણાદિકથી અમૃતિ કરણ કરી. (उमामहेश्वरा भ्यामिदं-हविः) એ પ્રકારે ઉત્સર્ગ કરેલ સમસ્ત દ્રવ્ય નિવેદીત કહેવાય છે. વૈદીકોમાં એવોજ પુજા વિધિ ચાલે છે કે તેઓ ગંધાદિક દ્રવ્ય મંત્ર સહિત અર્પણ કર્યા પછી (गंधनमः पुष्पंनमः । ઇત્યાદિ બને છે ત્યાં નમઃ શબ્દનો અર્થ ત્યાગ છે (त्यागोंह नमसोवाच्यः इतिभाष्योक्तेः) અર્થાત દ્રવ્યાદિ સમર્પણ પ્રકરણમાં જે નમઃ શબ્દ ભણાય છે તેનો અર્થ ત્યાગ છે આ ઉપાસના વિધિની રહસ્ય વાત છે તે ગુરૂ પારંપર્યાથી ઉપાસના તત્વ. જે નહી જાણુતા હોય તે જાણુતા નથી. માટે લોકોપકારાર્થે અહીં પ્રદર્શીત કર્યો છે.

આ પ્રકારે નિવેદીત થએલું દ્રવ્ય, વિધિ પૂર્વક અવશ્ય, ભક્ષણ કરવું જો અજ્ઞાનતાથી ભક્ષણ ન કરેતો દેવતાઓ તે નીવેદીત દ્રવ્ય ભક્ષણ કરવા આવે છે ને અર્ચકોને શ્રાપ દેછે એ પ્રકારે આગળ સંદર્ભ છે વિસ્તારના ભયથી અહીં લેવામાં આવતું નથી તેમ અનેકવાર સુચના કરી છે.

ઉપર દર્શાવેલા ચોથા વાક્યમાં (વિધાનતઃ) એ વાકયથી નીવેદીત દ્રવ્ય પણ વિધીથી ગ્રહણ કરવું તેમ જણાયું ત્યારે વિધિ શું છે એવી આકાંક્ષા થઈ ત્યાં

शतांशभाविभ्यो दत्वांश शतमुत्तमम् ।
ग्रास समात्रं तुनैवेद्य मात्मार्थे परिकिलप्यच ।
अवशिष्टं तुनैवेद्यं लिंगिभ्यो भक्तिपूर्वकं ।
दत्वानुज्ञाप्यतां पश्चात् गृह्णियात् शुद्ध भावतः ॥

સમસ્ત દેવના નિવેદીત દ્રવ્યનો સોમો અંશ અમુક દેવને અર્પણ કરવો એવો ઉપાસના શાસ્ત્રનો નિયમ છે તે પ્રમાણે પ્રથમ શતાંશ, ભાગી દેવતાઓને સોમો ભાગ આપી શુરૂ ભાગ કાઢી, એક ગ્રાસ પુરતું નૈવેદ્ય પોતાને માટે અલગ રાખી બાકી રહેલ, સમસ્ત, નૈવેદ્ય સામગ્રી તે તે દેવતાના લિંગ, (ચીન્હ) ધારણ કરનાર ભકતોને આપીને તેઓની આજ્ઞા લે છે, પોતાના માટે રાખેલ ગ્રાસ માત્ર નૈવેદ્યનો ભાગ શુદ્ધ ભાવથી ગ્રહણ કરવો અર્થાત, મધુરાદિ પદાર્થનો રાગ, અને પેટ ભરવાના લો. ભાદિવિનાં ઈષ્ટદેવની પ્રસાદ છે તે ભાવનાથી ગ્રહણ કરવી આ પ્રકરણમાં કોઈપણ દેવતાનું નીવેદીત દ્રવ્ય પેટ ભરીને ખાય કે સર્વ ખાઈ જાય તો (सर्व भक्षणे दवलगत्वं दुर्वारं) એમ લખેલું છે અર્થાત ભગવત પ્રસાદના બાનાથી ભોગ સામગ્રી પાતલ ઉ. ડાવે અને ચેન બાજી કરે તે દેવલકજ છે એમ આ પ્રકરણનો અભિપ્રાય છે.

ઉપર દર્શાવેલા દેવલક માટે, પદ્મ પુરાણ સૃષ્ટિખંડ અધ્યાય ૯૭

यज्ञार्थकादेवलका नाक्षत्र ग्राम याचकाः ।
परदाररता नित्यं पंचै ते ब्रह्मणाधमाः ॥ १२
एचैवान्येहताचारा पाखंडा धर्म निंदकाः ।
दुषकादेवभेदाना मेते ब्रह्मद्रि गोद्विजाः ॥ १३

અયાજ્ય પાજક, દેવલક. (જીવીકાથ નૈવેદ્ય ભક્ષણને દેવ. સેવા કરે છે તે) નક્ષત્રાંક ગામોટ, અથવા ગામયાચક અને નિરંતર પરસ્ત્રીયો સાથે રતિ કરનાર એ પાંચ બ્રાહ્મણોમાં અધમ

જાણુવા–વળી જે આચાર રહિત હોય. અર્થાત વર્ણાશ્રમાચાર પ્રમાણે જે વર્તતા નહોય અને શુદ્ર વિગેરેના હાથનું રાંધેલું અન્ન ભગવત પ્રસાદના બાનાથી લઇને ખાય. તેપણ આચાર રહિતજ કહેવાય, અને વૈદીક ધર્મનો નીંદક દેવતાંતરનું દુષણ કહેનારને બ્રાહ્મણદ્વેશી એટલા પ્રકારનાં મનુષ્યો પાખંડી છે તેમ સમજવું આ પ્રકારે દેવલાદિક બાબતમાં પદ્મપુરાણનો ઉલ્લેખ છે તો ઉપર દર્શાવ્યા પ્રમાણે વાકયોક્ત વ્યવહારમાં જેમાં જોવામાં આવે તેજ જન સમુહમાં અસ્પર્શ્ય ગણાય (अथोयेऽस्पसत्वानोहन्ते श्योकरन्नम:) અથ અનેતરં આ ભગવાન મહેશ્વરનો જે સાત્વીક ભક્ત છે તેઓને પણ હું નમસ્કાર કરૂં છું (सत्वनांपतये नमोनमः) સાત્વીકોના પતિ જે સદાશિવ તેમને અમે નમસ્કાર કરીએ છીએ ઈત્યાદિ મંત્ર પ્રતિપાદ્યપરં સાત્વિક શિવભકતો કદાપી અવશ્ય ગણાય નહી, હવે શત ભાગીદેવતા કોણ એ પ્રકારની આકાંક્ષા થઇ ત્યાં કહે છે,

(गणेशं वक्रतुंडाय सौरं चंडाशवेऽर्पयेत् वैष्णवं विष्वकसेनाय शैवं चंडिश्वरायतु शाक्त्युच्छिष्टं सेसिकाय दद्यादर्चन सिद्धये)

ગણેશને નીવેદીત દ્રવ્યનો સોમોભાગ વક્રતુંડ નામના અરૂણુ દેવ છે તેને અર્પણ કરવું, સૂર્યના નૈવેદ્યનો સોમો ભાગ, ચંડાશુ નામના સુર્યના આવર્ણ દેવ છે તેને અર્પણ કરવું, વિષ્ણુ ભગવાનના નૈવેદ્યનો સોમોભાગ સર્વ ગણાધ્યક્ષ વિષ્વકસેનને અર્પણ કરવું, શિવજીને નીવેદીત સોમોભાગ ચંડીશ્વર નામા ગણાધ્યક્ષને અર્પણ કરવું, હવે તત, દેવતાના લિંગ ધારીયોને નીવેદીત દ્રવ્ય આપવાનું કહ્યું ત્યારે તે લિંગધારી કોણ કોણ, એવી આકાંક્ષા થઇ ત્યાં કહેછે.

(ब्राह्मणेभ्यश्च तद्देयं ब्रह्मणे यन्निवेदितम् ॥ वैष्णवं सात्वतेभ्यश्च भस्मांगेभ्यश्च शांभवम् स्त्रिभ्यश्चदेयं यत् किंचित् मातृभ्योयन्नि वेदितम् इति संक्षेपः विस्तर भयादिहो रच्यते ।

બ્રહ્માને નિવેદીત દ્રવ્ય ઉપર દર્શાવ્યા પ્રમાણે બ્રાહ્મણોને આપીદેવું, વિષ્ણુ ભગવાનનું નિવેદીત દ્રવ્ય, સાત્વત એનામની જાત છે તેને આપીદેવું, અને શિવજીને નિવેદીત અવશીષ્ટ દ્રવ્ય, ભસ્માંગોને આપીદેવું, અર્થાત સર્વાંગમાં રૂદ્રાક્ષ ચોળે છે એવા શિવ ભકતોને આપીદેવું, દેવીને નીવેદીત દ્રવ્ય હોય તેપણ તેજ પ્રકારે સ્રીયોને આપીદેવું, આપ્રકારે સમસ્ત દેવતાઓનું નીવેદીત અન્ન ભક્ષણ બાબત વિધિ નીષેધની વ્યવસ્થા વૃહત્ નિબંધ કરોએ વિસ્તારથી કરેલી છે આ સ્થલમાં ઉપયોગ પુરતાંજ વાકયોગ્રહણ કરવામાં આવ્યાં છે.

આ પ્રકરણની સમાપ્તી કરતાં પહેલાં નીર્પક્ષપાત. સાક્ષરવર્ગ તેમજ જીજ્ઞાસુ શિવ ભકતોને સત્યવસ્તુ જણાવામાટે પદ્મપુરાણના પાતાલ ખંડનાં બે વાકયો અત્રે સંગ્રહ કરવાં ઉચીત જાણી સંગ્રહ કરીએ છીએ.

सुत उवाच.

यश्चवक्तिकथमितां सतेन सदृशो भुवि ।
गुह्यात् गुह्य तमं विप्रा शिवज्ञानं प्रदं भवेत् ॥२३९
एतद्वः कथितं विप्राः पुण्यायुष्यतमं महत् ।
यइदं श्रुणुयाद्भक्त्या शिवलोके महियते ॥ १४०

પાતાલખંડ સમાપ્તીમાં સુતપુરાણી શૌનકઆદિ રૂષિની પ્રત્યે કહે છે કે આ પાતાલ ખંડની કથા જે કહેશે તે મૃત્યુલોકમાં

શિવસમાન પુજાશે ગુહ્યથી પણ ગુહ્ય અને શિવજ્ઞાનને આપનાર પુણ્યને આયુષ્યની વૃદ્ધિકરનાર મહદાખ્યાન કથા તમોને અમે શ્રવણ કરાવી આ પાતાલખંડ ભક્તિ સહિત જે શ્રવણ કરશે તે શિવલોકમાં પુજાશે. આ પ્રમાણે આખા પાતાલખંડ શ્રવણનું ફલ શિવજ્ઞાનની પ્રાપ્તિ અને શિવલોક પ્રાપ્તીરૂપ ફલ છે એમ પુરાણના ફલ શ્રુતિ સુતપુરાણી શૌનકાદિ રૂષિપ્રત્યે કહે છે ઉપર શિવભક્તિ પ્રકરણમાં સૃષ્ટિખંડ સમાપ્તીની ફલ શ્રુતિ. (शिवभक्ति प्रदंहृयं) એ વાકય દર્શાવ્યું છે અને પદ્મપુરાણના પાતાલખંડમાં શિવલોક પ્રાપ્તિફલ દર્શાવ્યું છે.

ઉપર દર્શાવેલા વાકયોથી આખું પદ્મપુરાણ શિવપર છે એમ સિધ થાયછે ત્યારે પદ્મપુરાણના બાનાથી શિવભસ્મ, રૂદ્રાક્ષ ત્રિપુંડાદિકની નીંદા કરનાર કેવા શાસ્ત્ર જાણનારા છે તેનો વિચાર વાંચકવર્ગ કરશે ને નિંદા કરનાર જગતના અહિતકારી અત્યુ ગ્રક્રુર કર્મ કરનારા છે એમ, ભગવદ ગીતાના ૧૪, મા અધ્યાયમાં કહેલ છે.

વિષ્ણુ ભગવાનનું અવશિષ્ટ નૈવેદ્ય સત્વતોને આપીદેવું તેમ ઉપર દર્શાવ્યું ત્યારે એ સાત્વત કોણહશે એવી કોઇને શંકાથાય તે બાબત મનુસ્મૃતિ અધ્યાય ૧૦ શ્લોક ૨૩-માં.

वैष्यात्तु जायते व्रात्यात्सुधन्वाचार्य एवच ।
कारुषश्चविजन्माच मैत्रः सात्वत एवच ॥

વ્રાત્ય વૈશ્યથકી સજાતીય સ્રીમાં, સુધન્વાચાર્ય, કારૂષ વિજન્મા મૈત્ર, સાત્વત, એટલા જાતની પ્રજા થાય છે તે માંહેના સાત્વત વિષ્ણુ નૈવેદ્યના અધિકારી છે તેમ સમજવું.

વળી શિવજીને નીવેદીત અન્નાદિક ભક્ષણ નિષેધક વાકય બાબત કેટલાક આચાર્યનો મત એવો છે કે શિવ નિંદક વેદબાહ્ય મતવાળા છે તેઓને શિવનૈવેદ્ય ભક્ષણ અધિકાર નહોતાં નીષેધ છે, તે બાબત (नेक्षेत पुजावेलायं नरंत्रःसबहीष्कतम) હે વત્સ શિવપુજાના સમયમાં બહીષ્કત મનુષ્યો હોય તેના સામું જોવું-

એમ સ્કંધ કુમારપ્રત્યે સદાશિવનું વચન છે ત્યારે બહીષ્કત કોણ છે એમ સ્કંધનો પ્રશ્ન થયો તેના ઉતરમાં

दधिचीना गौतमःदशतपाये ब्राह्मणाधमाः ।
कलौ युगे भविष्यंति निंदकास्ते बहीष्कताः ॥

દધીચી રૂષિને ગૌતમ રૂષિએ શાપ આપી વેદ બહીષ્કત કરેલા બ્રાહ્મણાધમો કલીયુગમાં ઉત્પન થશે ને તે સતતશિવ નીંદા કર્યા કરશે તેવા શિવનિંદકને શિવનીવેદીત, અન્નાદિક ભક્ષણ કરવામાં નિષેધ વાકય સાવકાશ છે નિશ્વકાશ. વિધીવાકયતો વગર સંકોચે શાપદગ્ધ બહીષ્કત શિવાય સર્વને શિવ નીવેદીત ભક્ષણ કરવા બોધ કરે છે આ પ્રકારે શિવ નીવેદીત ભક્ષણ કરવાની વ્યવસ્થા અનેક વિધ આચાર્યોએ કરેલ છે.

આ વિષયતો પાખંડના પ્રચારથી શિવનીવેદીત ભક્ષણ બાબત, અબુધ પ્રજામાં ચાલતો ભ્રમના નિવારણ માટે દર્શાવ્યો વાસ્તવિકતો વિષ્ણુ બ્રહ્માદિક સમસ્ત દેવતાઓ પ્રત્યક્ષને નિઃશંક શિવજીનું ઉછીષ્ટ નૈવેદ્ય ભક્ષણ કરવાનું પ્રમાણ ઉપર દર્શાવ્યું છે તો પછી તે બાબત શંકા રહેતી નથી.

इतिश्री शिवभक्ति कल्पलतायाम् शिव नैवेद्य माहात्म्य निरुपण नाम षष्ठं प्रकरणं समाप्तम् ।

ॐ

शिवनींदा प्रकरण. ७.

शिवनींदकोनुं प्रायश्चित न होवाथी नींदको सदा अस्पृश्य छे तेनुं प्रमाण प्रदर्शन.

अये दानीं क्रमप्राप्त,
शिवनींदा प्रकरण मारभ्यते ॥

તકરારી પુષ્ટિ ભક્તિ :સુધામાં ભારતવર્ષનાં સાત કરોડ સ્માર્તી પ્રજાના ઈષ્ટ દેવ શિવજીને એટલા બધા હલકી કોટીમાં

મુકી દીધા છે કે જેના અન્ય ભક્તનાં મોઢાં જે કોઇ જુએ તેને સ્નાન કરવું પડે ત્યારે પુષ્ટિ માર્ગીયો અનન્ય ભક્તોના બાનાથી શિવ એવું નામ પણ ન લે બીજા દેવના અનન્ય ભક્ત હોય તેનું મોઢું જોવાથી નહાવું પડે તે કેવો અન્યાય તેનો ઈન્સાફ સાક્ષર વાંચકવર્ગે કરવાનો છે. અમે તો શિવનીંદકોની શાસ્ત્રમાં શું ગતિ થાય છે તે પ્રજાના જાણ ખાતર અત્રે દર્શાવીએ છીએ.

પદ્મપુરાણ પાતાલખંડ અધ્યાય. ૧૧૪.

एवं वदंति गीरिजां विष्णु प्राहाति कोपनः ॥२७१.
किमर्थं निंदसे देवि देवदेवं जगत्पतिं ।
चिक्षे प्राणा- प्रियान्भद्रे तवनुनमसंयमम् ॥ २७२
यत्रेशनींदनंभद्रे तत्रनो मरणं व्रतम् ॥ २७३

એ પ્રકારે કહેતી એવી ગીરજા પ્રત્યે અતિ કોપાયમાન થઇને વિષ્ણુ ભગવાન કહેતા હવા હે દેવિ દેવતાના પણ દેવ એવા જગતપતિ શિવજીની શા માટે અવજ્ઞા કરો છો હેભદ્રે તમારાં સંયમ વગરનાં પ્રાણનો હમણા ત્યાગ કરાવીશ. અથવા હું મરીશ કારણ કે જ્યાં શિવજીની નીંદા થાય. ત્યાં મરવું એ અમારૂં વ્રત છે આ પ્રકારે પ્રકૃત શિવનીંદકોના પરમ ઉપાસ્ય વિષ્ણુભગવાન અંબીકાએ ઉપહાસ્યથી શિવજીને કહ્યું કે તમારાં માતા પીતા જાણવામાં નથી ને વિરૂપાક્ષ તમારૂં શરીર છે એટલું હાસ્ય વચન સાંભળતાંજ મારવું મરવું એવો પ્રસંગ આવ્યો એતો હાસ્ય મશ્કરીમાં શિવનીંદા સાંભળવાથી આ સ્થિતી પ્રાપ્ત થઈ છે તો અતિ દ્વેષથી બુદ્ધિપૂર્વક શિવનીંદા કરનારની વિષ્ણુભગવાન શું દશા કરશે તેનો વિચાર કરવા ઉપરનાં વાકયો વાંચી વાંચકનેજ સોંપીએ છીએ.

હવે પરાભિમત ભાગવતમાં શિવનીંદા માટે શું લખ્યું છે તે દર્શાવીએ છીએ.

श्रीमद्भागवत चतुर्थस्कंद.

र्णोपिध यानिरगाद्य- कलपइशे धर्मावितर्य सृणिभिनृभिरस्यमाने। छिद्यात्प्रसह्य तेमसतां प्रभुश्चेत् जिह्वामसुनपिततोविसृजेतस धर्मः

ધર્મનું રક્ષણ કરનાર શિવજીને નિર્લજ લંઘીત મર્યાદા-વાળા પુરૂષો નીંદા કરે તો એકે પણ નીંદા વાક્ય શ્રવણ ન થાય તેમ કાનમાં આંગળી નાખી સમર્થ ન હોય તો ત્યાંથી જતું રહેવું સમર્થ હોય તો નીંદા કરનારની જીભ બળથી ખેંચીને કાપી નાખવી. એ બંને વાત ન બની શકે ને પરાધીનતાથી શિવનીંદા શ્રવણ થઇ જાય તો શિવનીંદા પ્રાયશ્ચિત બદલ પોતાનાં પ્રાણ ત્યાગ કરવા એમ કરવાથી પાપ થાય નહી કેમકે તે ધર્મ છે. વળી તેજ ચતુર્થસ્કંધમાં (हसन्तियस्याः चरितंहिदुर्भगाः) જે શિવજીનાં ચરિત્રને હસે છે તે દુર્ભગ છે એટલે સંકીર્ણ ભગથી ઉત્પન થએલા છે તેમ સમજવું એ સંકીર્ણ ભગોત્પતિ વ્યવહાર કોઇ એક પ્રકૃત વૈષ્ણવમાં હોવાનું .(प्रवलार्किंवदन्ति) છે અને લાયબલ કેસે પણ તેનો ટેકો આપ્યો છે. તો શિવનિંદકોએ કયા પ્રકારના જીવ છે તે ઉપર દર્શાવ્યા ભાગવત વાક્યથી સમજાશે.

હવે શિવનીંદકોને માટે વેદ શું લખે છે તે દર્શાવીએ છીએ.

ऋगवे- संहिता विष्णु सुक्त-

अंतरिच्छंति तं जने रुद्रं परो मनीषया गृहणाति जि[illegible]या ससं इति

जनेषु अंतर्यामिरुपेणावास्थितम परः परमसर्वे-

त्कृष्टं तं रुद्रं अंतः अंतरहृदये मनिषयाच्छन्तिये ध्यायंति ते ससं विकारभूतंमन्नं जिह्वया गृहणंति इति मंत्र वाच्योऽर्थ

સર્વ પ્રાણીયો માત્રના હૃદયમાં અંતર્યામિરૂપ વડે સ્થિત સર્વોત્કૃષ્ટ તે રૂદ્રનું જે હૃદયમાં ધ્યાન કરે છે તેજ પોતાની જીંહ્વાવડે અન્નને ગ્રહણ કરે છે,

આ મંત્ર પારાશર ઉપપુરાણમાં સ્પષ્ટીકરણ કરેલ છે.

अंतरिक्षतियेरुद्रं सदावंद्यमनीषया ।
ग्रहणाति जिह्वयातोहि रसंपूर्णामृतोपमम् ॥ १
अंतरनेच्छंतियेरुद्रं भवानि सहितं भवं ।
पुरिषमेवगृहणांति जीह्वयातेनसंशयः ॥ २

જે ઉતમ અધિકારી પુરૂષો સર્વ જગત વંદ્ય રૂદ્રનું પોતાના હૃદયમાં ધ્યાન કરે છે તેજ જીંહ્વા વડે કરીને અમૃતસમાન અન્ન રસનું ગૃહણ કરે છે, અને જે શિવદ્રોહિયો ભવાની સહિત પરમેશ્વરનું પોતાના હૃદયમાં ધ્યાન નથી કરતા તે જીંહ્વાથી પુરીશનુંજ ગ્રહણ કરે છે એ પ્રકારે શિવદ્વેશિયોની અતિ ગહીત વૃતિત્વ ઉપવૃહણ સહિત દર્શાવી છે. પારાશર ઉપપુરાણનાં બે વાકય શ્રીમાન અપ્પૈયાદીક્ષિત જીનાશિવતત્વ વિવેકમાં લીધાં છે વળી કુર્મ પુરાણમાં

यः सर्व भूतविनुतं विश्वेशंतुावनंति
नतस्य निष्क्रातिशक्या कर्तुं कलपशतैरपि इति ॥

સર્વ જગત વંદ્ય વિશ્વેશ્વરને જે નીંદે છે પાપનું પ્રાય. શ્ચિત કોટિકલ્પથી પણ થઇ શકે નહી એવા પાપી હોય તેતો

સર્વથા શાસ્ત્ર પ્રમાણે અવ્યવહાર્યજ છે તો હવે અસ્પર્શ્ય શિવ-ભક્ત છે કે શિવ દ્વેશી છે તેનો ઇન્સાફ સાક્ષર વર્ગ કરી લેશે.

વળી પાતાલખંડ અધ્યાય. ૧૧૪.

परात्परतरंयान्ति नारायणपरायणाः ।
नते तत्र गमिष्यन्ति येद्विशंतिमहेश्वरम् ॥ ४२४
सूर्याग्निशशिनेत्रोऽसौ महेश्यादुमायातिः ।
द्वेशोहिवैरंविज्ञेय मिश्वरे परमात्मनि ॥ ४३१

નારાયણ પરાયણ સર્વ વર્તન જેનું છે તે પરાત્પર પરમ-તત્વ સદાશિવની પ્રત્યે જાય છે અને જે નારાયણ પરાયણ છતાં શિવ દ્વેશ કરે છે તે ત્યાં જઇ શકે નહી દ્વેશ શું ને મહેશ્વર કહેને કહેવાય. એવી જીજ્ઞાસા થઇ ત્યાં સુર્ય, ચંદ્ર, અગ્નિ, એ ત્રણ છે નેત્ર જેનાં તે ઉમા ભગવતીના પતિ તે મહેશ કહેવાય છે અને પરમાત્મા પરમેશ્વર વિષે જે વૈર એટલે અપ્રીતિ તેનું નામ દ્વેશ સમજવો. અર્થાત્ જે નારાયણ ભક્ત હોય પણ શિવ પ્રત્યે અપ્રીતિ રાખતા હોય તે પરાત્પર જે સદા શિવસ્વરૂપ તે પ્રત્યે જઇ શકતા નથી.

આ પ્રકારે જ્યારે શાસ્ત્ર કહે છે ત્યારે શિવનિંદકોની શિ દશા થાય. તેનો વિચાર વાચક વર્ગને કરવાનો છે—

इति शिवम्—

इति श्री शिव भक्ति कल्प लतायां शिवनां का नाम स्पश्यत्व प्रदर्शक नाम सप्तम प्रकरणम्

॥ समाप्तम् ॥

भगवद्भक्ति प्रकरण । ८ ।

अथेदानी क्रमप्राप्तमष्टमंभगवद्भक्तिनामकंप्रकरण-मुपक्रमते ।

હવે અનુક્રમથી પ્રાપ્ત થએલ ભગવત્ ભક્તિનામ આઠમા પ્રકરણનો ઉપક્રમ કરીએ છીએ.

कायिक वाचिकने मानसिकने अध्यात्मिक वैदिक तांत्रीकने लौकीक भेदथी भगवद्-भक्ति प्रदर्शन.

पद्मपुराण पातालखंड अध्याय ८५

अंबरीष उवाच

साधुना लक्षणंब्रूहि भक्तेः साधुकृपाकर ।
यादृशि क्रियतेयेन यथायत्र यदातथा ॥ १ ॥

नारद उवाच.

अथ भक्तिंप्रवक्ष्यामि विविधां पापनाशनींम् ।
विविधा भक्तिरुद्दिष्टा मनोवाककाय संभवा । ४ ।
लौकिकी वैदिकीचापि भवेदाध्यात्मिकी तथा ।
ध्यान धारणयाबुध्या वेदानां स्मरणंहियत् ॥ ५
विष्णुःप्रीति करीचैषा मानसि भक्तिरुच्यते ।
वेद मंत्रसमुचारै रविश्रान्तविचिन्तनैः ॥ ६
जाप्यै श्चारण्य कैश्चैव वाचिकी भक्तिरुच्यते ।
व्रतोपवास नियमैः पंचेन्द्रिय जयेनच ॥ ७
कायिकी सैवनिर्दिष्टा भक्तिः सर्वार्थ साधिनि ।

भुषणै हेमरत्नांगैः श्चित्राभिवाग भिरेव च ॥ ८
नारभ्रात सरैःसूत्रे पावक व्यजनोच्छ्रितै।
नृत्यवादेत्र गीतैश्च सर्व बलयुप हारकैः ॥ ९
भक्ष्य भोज्यान्नपानैश्च यापूजाक्रीयतेनरैः।
नारायणं मनुदिश्य भक्तिः सालौकी किमता ॥ १०
कायिकी सैवनिर्दिष्टा भक्तिःसर्वार्थ साधिकि।
ऋग्यजुः सामजाप्यानि संहिताध्ययनानिच ॥ ११
क्रियन्ते विष्णुमुदिश्य साभक्ति वैदीकोच्यते।
वेद मंत्रवहिर्यागैः क्रियायावैदीकीमता ॥ १२
दर्शे च पौर्ण मास्यांच कर्तव्यंचाग्निहोत्रकम्।
माशनं दक्षिणादानं पुरोडाशंचरुक्रिया ॥ १३
इष्टि धृतिःमोमपान याज्ञेयं कर्म सर्वशः।
अग्निभूम्य नीलाकारा द्युतिःशंकर भास्करम् ॥ १४
तमुदिश्य कृतंकर्म ततसर्व विष्णुदेवतम् ॥ १४ ॥

અંબરીશ નારદઋષિ પ્રત્યે પુછે છે કે હે કૃપાનીધે મને ભગવત ભક્તિનું લક્ષણ કહો એવાં અંબરીશનાં વચન સાંભળીને શ્રીનારદમુનિ કહે છે કે પાપને નાશ કરનારી નાના પ્રકારની ભક્તિ હું કહુંછું તે તમે સાંભળો—શાસ્ત્રમાં માનસીક વાચીક-કાયીક એ પ્રકારે ત્રણ પ્રકારની ભક્તિ કહેલી છે તે વળી લૌકીકી અને વૈદીકી અને અધ્યાત્મિકી ઈત્યાદિ ભેદથી અનેક પ્રકારની ભક્તિ કહેલી છે ત્યાં ધારણા. ધ્યાનાભ્યાસનિષ્ટબુદ્ધિવડે વેદનું જે સ્મરણ કરવું તે વિષ્ણુ ભગવઃનને પ્રસન્ન કરનાર માનસિ ભક્તિ છે વેદ મંત્રનો અવિશ્રાંત ઉચ્ચાર અને આરણ્યક વિગેરેનો

અર્થાનુસંધાન પૂર્વક જપ કરવો તેનું નામ વાચીકી ભક્તિ છે ચાંદ્રાયણાદિ વ્રત એકાદશ્યાદિ ઉપવાસ–એકાહાર ને અમુક વસ્તુ ન ખાવી. વિગેરે નિયમ પંચ જ્ઞાનેન્દ્રિયને જય એ સર્વ ઇચ્છીતાર્થનું સાધનભૂત કાયિકી ભક્તિ કહેવાય છે સુવર્ણ રતનાદિકનાં આભુષણ અને નાના પ્રકારના રસ મીશ્રીત વાણી (કીર્તનાદીક) વસ્ત્ર–પવિત્ર–યજ્ઞોપવિતાદિસૂત્ર શિયાળામાં અગ્નિ, ઉનાળામાં વ્યજન એટલે પંખો અને નૃત્ય નાના પ્રકારનાં વાજીંત્ર–ગાન–અનેક પ્રકારનાં ભક્ષ્ય–ભોજ્ય–લેહ્ય–ચોશ્ય–વિગેરેથી મનુષ્યો શ્રી નારાયણને ઉદ્દેશીને જે પુજા કરે છે તેનું નામ લૌકીકી ભક્તિ કહેવાય છે તેજ સર્વાર્થને સાધનારી કાયિકી ભક્તિ છે ઋગવેદ–યજુર્વેદને સામવેદસંહિતાના મંત્રનો જપ કરવો. અને સંહિતાનું અધ્યયન વિષ્ણુભગવાનના ઉદ્દેશથી અર્થાત્ ભગવત–પ્રીત્યર્થ કરવું તેનું નામ વૈદિકી ભક્તિ કહેવાય છે અને વેદ મંત્રથી હવિર્યાગાદિક ક્રીયા કરે એ વૈદીકી ભક્તિ છે અને દર પૌર્ણમાસી ઇષ્ટિ કરવું બ્રાહ્મણ ભોજન કરવું પિતૃયજ્ઞ કરવો દક્ષિણા આપવી. પુરોડાશ ચરૂ વિગેરેની ઇષ્ટી કરવી. સોમપાન કરવું ઇત્યાદિ સર્વ પ્રકારનાં યજ્ઞ સંબંધી કર્મ કરવાં તેનું નામ વૈદીકી ભક્તિ કહેવાય છે અગ્નિ, ભૂમિ, વાયુ, આકાશ–ચન્દ્ર શંકર–સૂર્ય–એ બધાને ઉદ્દેશીને જે કાંઈ કર્મ કરે તે કર્મ વિષ્ણુદૈવત છે તેમ સમજવું.

ઉપર દર્શાવેલ અનેક પ્રકારની ભક્તિમાં જે લૌકીકીભક્તિ દર્શાવી છે તે પુષ્ટીમાર્ગમાં ચાલે છે કેમકે તેઓમાં અમુલ્ય રત્નાદિનો આભુષણથી ભગવાનને અલંકાર કરે છે અને સમય સમયનાં જુદી જુદી જાતનાં કીર્તનો ગાય છે રૂતુ રતુનાં નાના પ્રકારનાં વસ્ત્રો ધરાવે છે પવિત્રારોપણ ઉત્સવ કરે છે શિયાળામાં અગ્નિની સીગડી ભગવાન પાસે મુકે છે. અને ઉનાળામાં મોટા ઠંડા પંખા ધરાવે છે નૃત્ય–વાદીત્ર ગીતો પણ તેમના મંદીરોમાં થાય છે ભક્ષ્ય, ભોજ્ય, ચોશ્ય–લેહ્ય–ઇત્યાદી (૫૬) જાતની

ભોગસામગ્રી પણ તેઓ ધરાવે છે, તે આબેહુબ પાંચમા શ્લોકથી દશશ્લોક સુધી બતાવેલ છે અને તે ભક્તિ કાયિકી છે અને પુષ્ટિમાર્ગમાં તનુજ ને વિત્તજ એજ સેવા પ્રધાન છે અને ભગવત સ્વરૂપની અંગ સેવાર્થેજ પુષ્ટિજીવની સૃષ્ટિ છે તેમનો મોક્ષ પણ લૌકીકી છે એમ શ્રીમાનવલ્લભ દીક્ષિતજીએ બાલબોધ વિગેરે પ્રકરણમાં લેખી કબુલાત આપી છે પરંતુ તે બાબત નિહાર ભાસ્કરમાં કેટલોક ગણુગણાટ કર્યો છે એતો કેવલ-મચ્છરના ગણુગણાટ જેવો નકામો છે બાલબોધનો અર્થ સમજ્યા નહી. ભણ્યા નહી ને એનો આવો અભીપ્રાય છે વિગેરે કાશકુશાવલંબન કર્યા છે તે કેવલ અબુદ્ધ પ્રલાપ છે ઉપર દર્શાવેલાં પ્રમાણોથી તેમની ભક્તિ લૌકીક સિદ્ધ થાય છે કેમકે તેજ ભક્તિ પ્રકરણમાં કાયીક, વાચીક ને માનસીક ત્રણ પ્રકારની વૈદીકી ભક્તિ જુદી બતાવેલ છે અને આ લૌકીકી કાયીક ભક્તિ જુદી બતાવી છે તેજ પ્રકારનો વ્યવહાર પુષ્ટિમાર્ગમાં ચાલે છે એટલે તેમની ભક્તિ લૌકીકી ને મોક્ષ પણ લૌકીકી એ ન્યાય સિદ્ધ છે.

હવે વિષ્ણુભગવાનની પુજા કયા કયા સ્થાનમાં કરવી. તે બાબત પદ્મપુરાણ-પાતાલખંડ-અધ્યાય ૮૪ માં

सूर्योग्नि ब्राह्मणोगावो वैष्णव खंमरुत्‌जलं ॥ ६३
भूरात्मा सर्वभूतानि पूजास्थानानिवाहरेः ।
सूर्येतु मंत्र जाप्येन हविषाग्नौ यजेत्‌ ततः ॥ ६४
आतिथ्ये न विप्राच्ये गो ग्रासमरसादिना ।
वैष्णवेबंधुमत्‌ कृत्या हृदये ध्य नानिष्ठया ॥ ६५
वायौ ख्याधियातोये द्रव्यैस्तोयपुरस्कृतैः ।
स्थंडीले मंत्र हृदयै भोगैरात्मा मात्मानि ॥ ६६
क्षेत्रज्ञं सर्व भुतेषु समत्वेनार्च येद्धिमुं ।

धिग्णे ष्येतेषुतद्रूपं शंखचक्र गदाम्बुजैः ॥ ६७

युक्तं चतुर्भुजं शांतं ध्यायन्न चैत्समाहितः ॥

ब्राह्मणैः पूजितैरेव पुजितोयं न संशयः ॥ ६८ ॥

निर्भर्त्सि तैश्चते भूपभवे न्निर्भर्सितो विभुः ॥

निगमे धर्मशास्त्रं च यदाधारे प्रवर्तते ॥ ६९ ॥

विप्राँस्ते वैष्णवी मूर्ति पावनी परमामता ॥ ७० ॥

सर्वंशुभंजगतिधर्मत एवलभ्यं धर्मोगति र्निगमतो नृपधर्म शास्त्रात् ।

नूनंतयोरपिगतिर्भुवि भूमिदेवा स्तैरर्चितैरिह जगत्पति रर्चितः स्यात् ॥ ७१ ॥

अनेनवाक्येन नाहंवेदै रित्यत्रत्य परेषां माहात्म्यं परास्तं

नयज्ञ योगै र्न तपोभिरन्यै र्न योग युक्त्या न समर्चनेन ॥

तथा विष्णुस्तुष्याते देवदेवो यथामहीदेवत तोषणेन ॥७२॥

ब्रह्मणो ब्रह्मविद्ब्रह्मा ब्रह्मवेद प्रवर्तकः ॥

ब्राह्मणै रेवतुष्येत तोषितं ब्रह्म दैवतम् ॥ ७३ ॥

સૂર્ય, અગ્નિ, બ્રાહ્મણ, ગાય, વૈષ્ણવ, આકાશ, વાયુ, જલ, પૃથ્વી આત્મા અને સર્વ પ્રાણી માત્ર આ બધાં વિષ્ણુભગવાનનાં પુજાનાં સ્થાન છે ને સુર્યની મંત્ર જપવડે પુજા કરવાની. અગ્નિની વિષે હવિષેક કરીને યજ્ઞ કરવો ને બ્રાહ્મણવિષે ભગવત પુજા અતિથ્યવડે આવેલા બ્રાહ્મણોને તૈલાભ્યંગી સ્નાન–ઇચ્છીત ભોજન–પાદ સંવા·

હન-પ્રીય ભાષણુ વિગેરે આતિથ્ય કહેવાય તે પ્રકારના આતિથ્ય વીધીથી સમસ્ત બ્રાહ્મણુને પુજવા, ગાયોને ગોગ્રાસ તૃણુ પાણી ખવરાવવું પાવું ગુડાદીક રસ ખવરાવવું એ ગાયોવિષે ભગવત પુજા છે.

બંધુ ભાવથી સત્કાર કરવો તે વૈષ્ણુવોમાં ભગવત પુજા છે, નીરંતર ભગવત સ્વરૂપનું ધ્યાન કરવું એ હૃદયમાં ભગવત સેવા છે વાયુમાં પ્રાણુ બુધીથી સેવા કરવી. જલ, ગંધ, પુષ્પ, ધૂપ દીપ નૈવેદ્યાદિવડે કરીને સેવા કરવી તે જલવિષે ભગવત પુજા છે ને સ્થંડીલવિષે મંત્રથી આવાહન, આસન, પાદ્ય, અર્ઘ્ય, આચમનાદીકથી ષોડશોપચાર પુજા કરવી તે ધર્મથી અવીરૂધ ભોગ-સામગ્રીથી આત્માને સંતુષ્ટ રાખવો તે આત્માવિષે પુજા છે સર્વ પ્રાણીમાં ક્ષેત્રજ્ઞ એક છે એવો સમભાવ રાખવો નીંદા તીરસ્કાર ભર્ત્સના કરવી નહી. એ ભગવતપુજા છે એટલા સ્થાનમાં શંખ ચક્ર, ગદા ને કમલ ને ચતુર્ભુજ શાંત સ્વરૂપનું એકાગ્ર વૃત્તિથી ધ્યાન કરવું ને ધ્યાન કરતાંજ પુજન કરવું.

હવે નારદજી શ્રીમુખથી શ્રીભગવાનની વિષેષ પુજા શું છે. તે દર્શાવે છે. બ્રાહ્મણોની પુજાથીજ વિષ્ણુભગવાનની પુજા થાય છે હે રાજન બ્રાહ્મણોની ભર્ત્સના કરે તો વિષ્ણુભગવાનનીજ ભર્ત્સના થાય છે. વેદ ને ધર્મશાસ્ત્ર જેને આધારે જગતમાં પ્રસાર થાય છે તે બ્રાહ્મણો સાક્ષાત્ વિષ્ણુની પરમપાવન પવિત્ર મુર્તિ છે આ જગતમાં સર્વ શુભ ધર્મથીજ પ્રાપ્ત થાય છે.

એ ધર્મની ગતિ વેદ અને ધર્મશાસ્ત્ર છે વેદ અને ધર્મ-શાસ્ત્રની ગતિ બ્રાહ્મણ છે તે બ્રાહ્મણોને પુજવાથી નીશ્ચય કરીને જગતપતિની પુજા થાય છે યોગવડે, તપવડે અને કર્મ યોગાદી બીજા યોગવડે બીજા અનેક પ્રકારના પુજનવડે બ્રાહ્મણુને તોષવાથી ભગવાન જેટલા પ્રસન્ન થાય છે તેટલા પ્રસન્ન થતા નથી-બ્રહ્મણ્ય બ્રહ્મને જાણુવાવાળા ને વેદાધ્યયન કરનારા વેદનો જગતમાં પ્રચાર કરનારા એવા બ્રાહ્મણોવડેજ ભગવાન પ્રસન્ન થાય છે માટે હે રાજા અંબરીશ સર્વ પ્રકારે બ્રાહ્મણરૂપ દેવને પ્રસન્ન રાખવા.

ઉપર દર્શાવેલા વાકયોમાં સાધારણુ રીતે ભગવત અર્ચનનાં અગીયાર સ્થાન છે તેમાં ત્રીજું સ્થાન જે બ્રાહ્મણુ તે માટે આગ્રહપૂર્વક વિષેષ મહાત્મ દર્શાવે છે કે બ્રાહ્મણુનું પૂજન કર્યાથી જ ભગવાનનું પુજન થાય છે બ્રાહ્મણુનું ભર્ત્સન કરે તે ભગવત-ભર્ત્સન થાય છે જગતમાં ધર્મના પ્રવર્તક બ્રાહ્મણુ પવિત્રમાં પવિત્ર વિષ્ણુભગવાનની મુર્તિ છે તે બ્રાહ્મણુનું અર્ચન કરવાથીજ ભગવત જગતપતીનુંજ અર્ચન થાય છે આટલો આગ્રહ કરવાથી વિષ્ણુસ્વરૂપ બ્રાહ્મણુનું પુજનનું અતિવિશદ મહાત્મ પરમ ભાગવતોત્તમ નારદજી અંબરીષ રાજાની પ્રત્યે કહે છે.

આ સ્થલમાં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે જે બ્રાહ્મણુને સાક્ષાત વિષ્ણુરૂપ માની તેના પુજનનો પુજ્યાદિ પૂજ્ય મહીમાનું વર્ણુન કરેલ છે તે બ્રાહ્મણુ વૈષ્ણુવ દિક્ષા દીક્ષીત કે શ્રૌતસ્માર્ત ધર્મનિષ્ઠ રૂદ્રાક્ષ–ભસ્મધારી; આ પ્રશ્ન વૈષ્ણુવોને મુશ્કેલી ઉત્પન્ન કરનાર છે કેમકે વિષ્ણુની મુર્તિરૂપ પુજવાયોગ્ય બ્રાહ્મણુ તેતો વૈષ્ણુવ દીક્ષાદિક્ષીત છે એમ વૈષ્ણુવોથી કહેવાશે નહી કેમકે એ અગીયાર પુજાસ્થાનમાં (वैष्णवेबंधुसत्कृत्या) એ વાકયથી બ્રાહ્મણુથી વૈષ્ણુવોને જુદા ગણેલા છે અને વૈષ્ણુવોનો બંધુભાવથી સત્કાર કરવો તેજ ભગવત અર્ચન કહેલ છે વિષ્ણુની મુર્તિ રૂપે પુજા કરવા કહ્યું નહી. તેમ થાય પણુ નહી કેમકે વૈષ્ણુવ એતો ભગવત દાસ છે દાસમાં સ્વામી બુદ્ધિથી પુજન થાય નહી પરિશેષથી શ્રૌતસ્માર્ત ધર્મનિષ્ટ રૂદ્રાક્ષ ભસ્મ ધારી અને વેદવેતા ને ધર્મશાસ્ત્રાદિકના વેત્તા બ્રાહ્મણોજ ભગવત મુર્તિ રૂપે પુજવા એમ સિદ્ધ થાય છે. અને પુષ્ટિમાર્ગીયો તો એવા બ્રાહ્મણોનું મુખ જોવાઇ જાય તો સ્નાન કરવું પડે એવી ભર્ત્સના કરે છે તે ભર્ત્સના (भवेत् निर्भत्सीतो विभुः) આ વાક્યથી ભગવાનની ભર્ત્સના થાય છે તો પુષ્ટિમાર્ગીયો ભગવદીય છે કે ભગવત્નીંદક છે તેનો વિચાર નિષ્પક્ષપાતી સાક્ષરવર્ગે કરવાનો છે એટલુંજ નહીં પણુ (नाहं वेदै न तपसा न दानेन्नचेज्यया शक्य एव विधो द्रष्टुं द्रष्टवानसियन्मया भक्त्या त्वनन्य शक्य) એ ગીતાનાં બે વાકય પુષ્ટિ-

માર્ગ રૂપ વૃક્ષનું મુલ છે, કેમકે દર્શાવેલ વાકયમાં ભગવાન શ્રી મુખથી વેદોવડે, તપવડે, યજ્ઞાદીકવડે, દાનવડે, અમારા સ્વરૂપનાં દર્શન થઇ શકે નહી કે જે સ્વરૂપમાં તમને દર્શન થયાં કેવલ અનન્ય ભક્તિવડેજ અમારૂં સ્વરૂપ જાણી શકાશે ને અમારા સ્વરૂપનાં દર્શન કરી શકાશે અને અમારા સ્વરૂપમાં પ્રવેશ કરી શકાશે અને વેદાદીકથી સાધનથી હું કોઇને પ્રાપ્ત થઈ શકતો નથી. આ ભગવદ્‌વાકય પુષ્ટિમાર્ગીયો ક્ષણુ ક્ષણુમાં આગળ કરે છે આ વાકયમાં અનન્ય ભક્તિપદ છે તેનો અર્થ દેવતાંતરની નીંદા અને દ્વેષ કરવો તેવું તે સમજ્યા હોય તેમ પુષ્ટિભક્તિસુધાના લેખથી સમજાય છે. કેમકે તેઓ શ્રાવણમાસમાં શિવજીની ઘૃત પુજા કરનારનો તિરસ્કાર બતાવ્યો છે શિવ મંદીરના પગથીયાપર પગ ન મુકનારની પ્રશંસા કરી છે પણુ અનન્ય ભક્તિ શું છે તે આગળ દર્શાવશું આ સ્થલે તો જેમ ગીતા વાકયમાં વેદાદીક ભગવત પ્રાપ્તિનું સાધન નથી એમ બતાવ્યું છે તેમજ આ પદ્મપુરાણુના પાતાલખંડના ૮૪ મા અધ્યાયના ૭૨ મા વાકયમાં—

यज्ञ योग तप અને અન્ય બીજા પ્રકારનાં સાધન ને અર્ચન વિગેરેથી ભગવાન પ્રસન્ન થતા નથી કે બ્રાહ્મણુ તોષવાથી પ્રસન્ન થાય છે આ વાકયમાં યજ્ઞ યાગાદિક સાધન એ ભગવત પ્રાપ્તીનું સાધન નથી. જેમ બ્રાહ્મણુ તોષણુ તો સાધન છે એમ સ્પષ્ટ નારદજીએ કહેલું છે વળી (स्थुणानिखनन्यायथी)૭૩ મા શ્લોકમાં બ્રહ્મણ્ય દેવ ને વેદ શાસ્ત્રના પ્રવર્તક બ્રાહ્મણોથી ભગવાન પ્રસન્ન રહે છે. માટે બ્રાહ્મણુરૂપ દેવતાને તોષણુ કરવું એ પ્રકારે બ્રાહ્મણોની અનન્ય સેવા એજ ભગવત પ્રાપ્તીનું સાધન છે માટે વૈષ્ણવો એ બ્રાહ્મણોના ભક્ત છે બ્રાહ્મણો સેવ્ય છે એમ સમજાય છે એટલે બ્રાહ્મણો વૈષ્ણવ નથી પરંતુ વિષ્ણુની મુર્તિ છે એમ ધ્વનીત નીકળે છે.

એ વાતને પરાભિમત ભાગવત ચતુર્થ સ્કંધ અધ્યાય ૨૧.

ब्रह्मणयदेवः पुरुषः पुरातनो नित्यं हरेर्यच्चरणाभिवंदनात् अवापलक्ष्मी मनपायनींयशो जगत्पवित्रंच महत् तमाग्रणीः ॥ ३७

यत्सेवया शेषगुहाशय स्वराट् विप्र प्रियस्तुष्यति काममीश्वरः तदेवतद्धर्म परैर्विनीतै सर्वात्मना ब्रह्मकुलं निषव्यताम् ।

इत्यादि ॥

પૃથુરાજા પ્રજા પ્રત્યે કહે છે કે સર્વોત્તમમાં અગ્રણ્ય ને અનાદિ સર્વ પરીપૂર્ણ એવા બ્રહ્મણ્ય દેવ જે હરિનિત્ય જેના ચરણના અભિવંદનથી અનાદિ સિધ પુરણપુરૂષોત્તમ બ્રહ્મણ્ય દેવ હરિને લક્ષ્મી પ્રાપ્ત થઇ અને અવીનાશી યશ જગતમાં પ્રાપ્ત કર્યો છે સર્વ દેવતાના અગ્રણી થઇ પૂજ્ય થયા. ભગવાને જ્યારે બ્રાહ્મણચરણ વંદનથી ઉપર પ્રમાણે ઐશ્વર્ય મેળવ્યું ત્યારે તેના ભક્ત કહેવરાવનારાઓએ બ્રાહ્મણચર્ણ સેવા અવશ્ય કરવી જ જોઇએ. અને તે ન કરે તો ભગવાનને અપ્રીય કહેવાય ને જે બ્રાહ્મણની સેવાથી સર્વ પ્રાણીમાત્રના હૃદયરૂપી ગુહામાં સુપ્રકાશરૂપે બીરાજમાન જે બ્રાહ્મણ છે પ્રીય જેને એવા ઇશ્વર પ્રસન્ન થાય છે માટે ભગવત ધર્મનીષ્ટ વીનીતોએ સર્વ પ્રકારે બ્રાહ્મણ કુલની સેવા કરવી એમ પૃથુ રાજા હુકમ કરે છે એટલે વિનીત ભગવત ભક્ત હોય તેણે બ્રાહ્મણની અવશ્ય સેવા કરવી જોઈએ અવીનીતોને માટે કાંઈ પણ પ્રતિબંધ નથી આ સ્થલમાં પણ બ્રાહ્મણની સેવાથીજ ભગનાનની ઉત્કૃષ્ટતા પ્રાપ્ત થએલી છે તો વૈષ્ણવોએ બ્રાહ્મણ ભક્તિ કરવી એમાં કાંઇ કહેવાપણું રહેતું નથી.

આ ચતુર્થસ્કંધના એકવીશમા અધ્યાયમાં

सर्वत्रा स्खलीता ेशः सप्त पेक दंडधृक्
अन्यत्र ब्राह्मण दन्यत्राच्युत गा ता ॥ १२

એ બારમા શ્લોકથી પૃથુ રાજાનો સર્વત્ર અસ્ખલીત હુકમ છે ને સાત દ્વિપમાં પોતે એક દંડ ધારી છે એમ છતાં પણ બ્રાહ્મણી કુલ ઉપર ને અચ્યુત ગોત્ર ઉપર પોતાનું શાસન નથી આ વાકયથી પણ બ્રાહ્મણ ને અચ્યુત ગોત્રી વૈષ્ણવો ભીન્ન છે એમ સ્પષ્ટ સમજાય છે ત્યારે સર્વ પ્રકારના વૈષ્ણવો પોતાના ધર્મમાં વટલાવ્યા વીનાં બ્રાહ્મણોને ચપટી પણ આપતા નથી નોકર પણ રાખતા નથી દાન દક્ષિણા ને કોઇ પ્રકારે ધર્મ કૃત્ય કરાવતા નથી એ પ્રકારના વર્તનમાં દુરાગ્રહ શીવાય કોઈ શાસ્ત્રી-યતત્વનથી એટલુંજ નહી પણ બ્રાહ્મણોને શ્રોત સ્માર્ત ધર્મનું પરિ-વર્તન કરાવવું તે પાતક છે એમ આગળ સપ્રમાણ દર્શાવશું.

હવે વિષ્ણુ ભગવાન પુજામાં પુષ્પ કયાં કયાં લેવાં તે બાબત પદ્મપુરાણ પાતાલ ખંડ અધ્યાય ૮૪—

अहिंसा प्रथमंपुष्पं द्वितीयं कर्णग्रहः
तृतीयकं भूतदया चतुर्थं क्षांतिरेवच ॥ ५७
शमस्तु पंचमे पुष्पं दमःषष्टं चसप्तमम् ।
ध्यानं सत्यं चाष्ठमंच ह्येतस्तुष्यति केशवः ॥ ५८
एतैरऽवाष्ट भिपुष्प स्तुष्यत्ये वार्चितो हरिः ।
पुष्पा तराणिसंत्येव वाह्यानि मनुजोत्तम ॥ ५९

ઉપરોક્ત સ્થાનોમાં ભગવત પુજામાં આઠ પ્રકારનાં પુષ્પના રહજી ગણાવે છે તેમાં પ્રથમ અહિંસા પુષ્પ બીજું ઈન્દ્રિયની ગ્રહ ત્રીજું ભુતદયા ચોથું સાંસ્તિ (તિતીક્ષા) પાંચમું વાહ્યદ્રિંય નીગ્રહ છઠું અંતર ઇંદ્રીય નીગ્રહ સાતમું ધ્યાન આઠમું સત્ય એ આઠ પ્રકારનાં પુષ્પથી ભગવાન પ્રસન્ન થાય છે ફરીથી નારદજી

નિશ્ચયપૂર્વક કહે છે કે એ ગણાવેલાં આઠ પુષ્પ વડે પુજન કરેતો ભગવાન અવશ્ય પ્રસન્ન તુષ્ટમાન થશે હે અંબરીષ વાત્ય પુષ્પોતો ઘણાં છે પણ ઉપર ગણાવેલાં પુષ્પો મુખ્ય છે આ માંહેલા એકય પુષ્પ પ્રકૃત વૈષ્ણવોમાં સંભવતું નથી કેમકે (बहिर्गमनंनात्रकार्य) એ વાકયથી ચતુર્થાશ્રમ અને તપાદિકનો નિષેધ કરે છે અર્થાત્ તે એક આશ્રમી છે, એટલે તે એક આશ્રમી ગ્રહસ્થોને શમ દમનો સંભવ નથી અને કુટુંબ પોષણાદિ વ્યાપારમાં ગુંથાએલા હોવાથી ધ્યાન થઇ શકે નહિ ભુત દયા મનમાં રાખતા હશે તો ભલે પણ તેમના મંદીર આગળ કોઇ લુલા, લંગડા, આંધળા, અનાથ કે અતીથી. અભ્યાગત તે મુષ્ટી અન્ન આપવામાં આવતું હોય તેમ જણાતું નથી. અને ધર્મના જનુનીથી પુષ્ટિમાર્ગીયોએ હાલ જે કોલાહલ મચાવી મુકયો છે ને રાજસત્તાના દબાણથી પોતાનાં છીદ્રોની ઢાંક પછેડી કરવા હજારો રૂપૈયા ખરચાય છે તેથી તેઓએ ક્ષાંતિને તો હદ પારની સજા કરી હોય તેમ જણાય છે અહિંસાને સત્યરૂપ પુષ્પનું પણ તેમનામાં પરિપાલન થતું હોય એમ કહી શકાય નહી. કારણ કે બ્લાકટાનંદજીના પુસ્તકમાં ગરદાનથી કોઇ રાજાના ખુન કર્યા બાબત કોઇ એક પુરૂષ બેડીમાં પડયાનો ફોટો દેખાડયો છે અને બેંગી કેશથી ચોરીને લાયબલ કેશથી જારી વિગેરે બાબતો પ્રસિદ્ધ થએલ છે એટલે ભગવત સેવામાં જે આઠ પુષ્પ છે એજ મુખ્ય ગણેલાં છે તેમાંથી તેમનામાં એકેય પણ સંભવતું નથી.

આ આઠ પુષ્પ માંહેલાં કોઈ પણ પુષ્પ જેનામાં ન હોય તે ભગવત ભક્તિના અધિકારી નથી.

વળી પદ્મપુરાણ અધ્યાય. ૮૪ માં

कर्मणा मन ॑ावाचा तत्परायेहि मानवाः ॥ ४१

तेषां ॑ताने वक्ष्यामि प्रीतये भूप सत्तम ।

अ हिंसा सत्यमस्तेयं ब्रह्मचर्यमकल्कता ॥ ४२
एतानि मानसान्या वतानिहरि तुष्टये ।
एक भक्तं तथानक्तं मुपवास मयाचितम् ॥ ४३
इत्येवं कायिकं पुसां व्रतमुक्तं नरेश्वर ।
वेदस्याध्ययनं विष्णोः किर्तनं सत्य भाषणम् ॥४४
अपैशुन्यमिदं राजन् वाचिकं व्रतमुत्तमम् ।
चक्रायुधस्य नामानि सदासर्वत्र कीर्तयेत् ॥ ४५
नाशौचं किर्तने तस्य सपवित्र करोयतः
वर्णाश्रम चारवता पुरुषेणपरः पुमान् ॥ ४६
विष्णुराराध्यतेपंथा नान्यः संतोष कारणम् ।
पतिप्रिय हिताभिश्च मनोवाक्काय संयमैः ॥ ४७
व्रतैराराध्यते स्त्रिभि वासुदेवो दयानिधिः ।
आगमोक्तेन मार्गेण स्त्रिशुद्रैरपि पूजनम् ॥ ४८
कर्तव्यं कृष्णचंद्रस्य द्विजाति वररूपिणः ।
त्रयोवर्णास्तु वेदोक्तं मार्गाराधन तत्पराः ॥ ४९
स्त्रिशुद्रादएवस्युनाम्नाऽऽराधन तत्पराः ।
इत्यादि.

કર્મથી, મનથી અને વાણીથી ભગવત પરાયણ જે મનુષ્ય હોય તેઓનું વ્રત તમારી પ્રીતી માટે કહું છું તે સાંભળો એમ નારદજી અંબરીષ રાજા પ્રત્યે કહીને કહે છે. અહિંસા, સત્ય,

અસ્તેય-(ચોરી ન કરવી) બ્રહ્મચર્ય-કલુશતારહિતપણું એટલે નીષ્કપટ એ ગણાવેલાં વ્રતો ભગવાનને પ્રસન્ન માટે માનસીક વ્રત છે એ વ્રતો પ્રકૃત વૈષ્ણવોમાં સંભવતાં નથી એમ ઉપર દર્શાવ્યું ને જેમાં ન હોય તે ભગવત પરાયણ પણ ન કહેવાય. એક વાર ખાવું તેમ જ રાત્રી નક્ત ભોજન કરવું ઉપવાસ કરવો (અયાચીત) માગ્યા વીના મળે તે ખાવું એ ભગવતપરાયણોનાં કાંઇક વ્રત છે એ પણ પ્રકૃત વૈષ્ણવોમાં સંભવતું નથી. વેદનું અધ્યયન, ભગવત ગુણાનુવાદનું કીર્તન, સત્ય ભાષણ કોઈની ચુગલી ન કરવી એ ભગવતપરાયણોનાં વાચીક વ્રતો છે તેમાં વેદાધ્યયન પ્રકૃત વૈષ્ણવોમાં નથી. ચક્રાયુધ, ભગવાનના નામનાં સદાકાલ ને સર્વ સ્થલમાં કીર્તન કરવાં ભગવત નામ કીર્તન કરવામાં અશૌચનો બાધ નથી. કેમકે એ ભગવત નામ જ પવિત્ર કરનાર છે વર્ણાશ્રમ આચારવાળા પુરૂષે પર પુરૂષ વિષ્ણુનું આરાધન કરવું ને વર્ણાશ્રમાચાર વીનાનો કોઇ માર્ગ ભગવાનને સંતોષ કરનાર નથી. એટલે માર્ગમાં વર્ણાશ્રમાચાર જણાતો નથી તેથી એ માર્ગ ભગવત સંતોષ પમાડનાર નથી તેમ આ વાકયથી અર્થ થાય છે પતિના પ્રીય ને હિત એવી સ્રીયો પોતાનું મન વાણી ને શરીરને નીયમમાં રાખવારૂપી વ્રતથી દયાનીધી ભગવાન વાસુદેવનું આરાધન કરવું સ્રી શુદ્રોએ તાંત્રોક્ત વિધીવડે કરીને શ્રીકૃષ્ણનું પુજન આરાધન કરવું અને ત્રણ વર્ણને તો વેદોક્ત વીધીથી જ આરાધન કરવું આ વાકયથી પુષ્ટિ માર્ગ ત્રૈવર્ણીકને માટે નથી પરંતુ કેવળ-સ્રી શુદ્રો માટે છે તેમ સમજાય છે કેમકે તેનામાં વેદોક્ત વીધિ નથી. એ વાત આગળના વાકયથી દ્રઢ કરે છે સ્રી શૂદ્રાદિકને જ નામ મંત્રથી ભગવત આરાધન કરવું આ વાકયમાં એવ શબ્દથી ત્રૈવર્ણીકોને નામ મંત્રથી પુજા કરવા નીષેધ કરે છે ને સ્રી શુદ્રોએ જ નામ મંત્રથી પુજન કરવું એમ દ્રઢીકરણ કરેછે.

પ્રકૃત વૈષ્ણવો નામ માત્રથી પણ પુજા કરતા નથી. એતો સેવા કરે છે એટલે એ સેવા માર્ગ શ્રુતિ સ્મૃતિ પુરાણ તંત્રાદિકથી

બહીર્ભુત છે એમ કહેવું કાંઇ નવાઈ નથી. કેમકે તે તેઓએ પોતે જ કબુલ રાખેલ છે તે ઉપર દર્શાવેલ છે એટલે શ્રુતિ સ્મૃતિ પુરાણુ બહીર્ભુત જે માર્ગ હોય તેનુ નામ કપોલકલીત પંથ કહેવાય છે પરંતુ પ્રકૃત વૈષ્ણુવોના બાહ્ય ડોળથી વૈદીક ધર્મનો દગો થાય છે તેમ જ તેઓની ખોટી જાળ બાજીથી પ્રજા છેતરાય છે. અને અજાણ્યા લોકો તેમનો માર્ગ શાસ્ત્રીય છે તેમ સમજી ફસાય છે ને ફસાયને અવનતી પામે છે તેમાંથી બચાવા માટે અમારો પ્રયાસ છે માટે શ્રુતિ પુરાણાદિકમાં જે કહેલાં વૈષ્ણુવોનાં લક્ષણ પ્રકૃત વૈષ્ણુવોમાં નથી તે પ્રજાને જણાવાસારૂ

પદ્મપુરાણુ ક્રિયાયોગખંડ–અધ્યાય ૨ માં લખેલાં વચનો અત્રે દર્શાવીએ છીએ.

ब्रह्मोवाच.

के वैष्णवाः कैटभारेः किंवा तेषांच लक्षणम् ।
कथं ज्ञयास्त तेसर्वे तन्मे कथय केशव ॥ ७९

श्री भगवानुवाच.

वैष्णावानां लक्षणानि कलप कोटिशतैरपि ।
सम्यक् वक्तुं नशकनोऽस्मि संक्षेपात् शृणुसत्तम॥८०
समानं येचपश्यंति त्वांच मांच महेश्वरम् ।
कुर्वन्ति पुजनं तार्थे ज्ञेयास्ते वैष्णावाजनाः ॥ ८१
वेद विद्या ति रक्ताये एक भक्तिरताः सदाः ।
नपुंसकाः परस्त्रीषु ज्ञेयास्ते वैष्णवा जनाः ॥ ८७
देवतायतन कर्तारः तुलसो मालय धारकाः ।

पद्माक्ष धारिणोयेच ज्ञेयास्ते वैष्णव वाजनाः ॥ ८९
तुलसी ्लमृद्भिश्च तिलकानि नयंतिये ।
गंगास्न न रतायेच गंगानाम परायणाः ॥ ९२
गंगा माहात्म्य वक्त रो ज्ञेयास्ते वैष्णवाजनाः ।
देवस्य ब्राह्मण द्रव्यं परस्वंच चतुर्मुख ।
पश्यंति विशवद्येत ज्ञेयास्ते वैष्णवाजनाः ॥ १०६
पाखंड भक्तिर ता शिवभक्ति परायणाः ।
चतुर्दशा व्रतरताः ज्ञेयास्ते वैष्णवाजनाः ॥ २०७

इत्यादि अध्याय समाप्त पर्यंतं ॥

બ્રહ્માએ ભગવાન્ પ્રત્યે વૈષ્ણવ કયા છે ને તેમનાં લક્ષણ શું છે એવો પ્રશ્ન પુછયો ત્યારે શ્રીવિષ્ણુ ભગવાન શ્રીમુખથી આજ્ઞા કરે છે કે વૈષ્ણવોનાં લક્ષણ કોટી કલ્પ સુધી પણ કહી શકાય નહી. માટે સંક્ષેપથી કહુછું તો સાંભળો—

તમને (બ્રહ્માને) વિષ્ણુને ને મહેશ્વરને સમાન દૃષ્ટિથી જુએ છે ને અતિથીયોની જે પુજા કરે છે તે વૈષ્ણવ છે તેમ જાણવું; વેદ અને વિધામાં જેની અત્યંત પ્રીતી છે ને સાદા સર્વ કાલ એક અનન્ય ભક્તિમાં નિષ્ટાવાન અને પરસ્રીયોને વિષે જે નપુંસક પ્રમાણે વર્તે તે વૈષ્ણવ છે તેમ સમજવું.

ભગવત મંદીર કરાવનારી તુલસીપત્રની માલા ધારણ કરનારા, ને (પદ્માક્ષ.) કમલકાકડીની માલા ધારણ કરનાર તે વૈષ્ણવ જન છે એમ સમજવું.

તુલસીના મુલની માટીનું જે તીલક ધારણ કરે છે અને ગંગા સ્નાનમાં પ્રીતી રાખનાર અને ગંગાના નામમાં ગંગે ગંગે

નામમાં પરાયણ ને ગંગાના મહાત્મને કહેનાર હોય તે વૈષ્ણુવ જે એમ જાણવું દેવતાનું દ્રવ્ય બ્રાહ્મણનું દ્રવ્ય ને પર દ્રવ્યને જે વિષની પેઠે માને છે, તે વૈષ્ણુવ જન છે એમ જાણવું, જે વેદ વાદ્ય ભક્તિ ન કરતા હોય ને શિવભક્તિવિષે તત્પર હોય ચતુર્દશી. (શિવરાત્રી)ના વ્રતમાં જેની પ્રીતી હોય. તે વૈષ્ણુવો છે એમ જાણવું.

આ ઉપર દર્શાવેલાં વૈષ્ણુવોનાં લક્ષણ પૈકી એકેય લક્ષણ પ્રકૃત વૈષ્ણુવોમાં નથી. કારણ કે તેઓ બ્રહ્મા વિષ્ણુ ને રૂદ્ર એ ત્રણેને સમાન રીતીથી જોતા નથી. ઉલટા–શિવાદિકનો અતિ તીરસ્કાર કરે છે જેથી આ પુસ્તકનો જન્મ થવા પામ્યો છે. તેઓના મંદીરમાં અતિથીને પાવલું પાણી પણ મળવાની આજ્ઞા નથી. તેમ જ વેદ વિદ્યામાં તેઓને પ્રીતિ નથી ને અનન્ય ભક્તિ પણ તેમનામાં નથી. જુઠી રીતે અનન્ય ભક્તિના બાનાથી લોકોને છેતરે છે તે અનન્ય ભક્તિનું સ્વરૂપ બતાવીને દર્શાવીશું. તે પરસ્ત્રીયોમાં નપુંસક જેવા નથી પણ સાંઢ જેવા છે એમ લાયબલ કેશથી સાબીત છે તેનો એક જ ઉતારો અત્રે પુરાવા માટે દર્શાવીએ છીએ. (આપ અખત્યાર તા. ૨૨ મી જુન ૧૮૫૯ હિંદુઓના મહારાજાનાં મંદીર છીનાલવાડો તેઓના દીવાનખાના એક ભ્રષ્ઠ અને બેઆબરૂ કુટણીનું ઘર તેમની દરશટી (દ્રષ્ટી) એક ફાંકડી રંડીબાજી તેમના અવયવ એક બુરા હવસનું ઘર તેમના શરીરની દરેક રતી, અપવીતરાઈ, ગલીચાઇ, નજીસાઈ અને મુખ તે સરમાં તેઓ જ ઇશ્વર અવતારી ગણાય છે તેને બદલે રાક્ષસ અવતારી દેવ અને સેનાની અખલતના અને ખવાસના માલુમ પડી ચુકી છે–)

(મહારાજ લાયબલ કેશ ૪ થી આવૃતી પાને ૧૦૮ માંથી ઉતારો) અને પ્રકૃત વૈષ્ણુવોએ કોઈ દેવતાઓનાં મંદીર બનાવ્યાં હોય તે પણ જગત પ્રસિદ્ધ નથી. તેમ તુલસી પત્રની માલા કે પદ્માક્ષની માલા તેઓ ધારણ કરતા નથી. ઈત્યાદિ કોઇ વૈષ્ણુવોનાં લક્ષણ એમનામાં જોવામાં આવતાં નથી. અને ઉરટ ઉપસંહારના

૨૦૭ મા શ્લોકમાં (पाखंड भक्ति रहिता) એ વાકય છે તે માહેલા પાખંડ શબ્દનો અર્થ—

पाशब्देन त्रयीधर्मः पालनात् जगतः स्मृतः ।
तंखंडयातियो मोहात् पाखंडस्ते न [illegible]च्यते ॥

એ વાકય પ્રમાણે જગતનું પરિપાલન કરનાર વેદત્રયી પ્રતિપાદીત ધર્મ તેનું નામ પા—તેનું જે મોહ વશ થઇને અજ્ઞાનતાથી ખંડન કરે તેનું નામ પાખંડ કહેવાય છે—

પ્રકૃત વૈષ્ણવોના પુસ્તકોમાં (**कर्ममार्गो न कर्तव्यः सुरांत कलिकालतः " वेद मार्गस्येदार्नाम्यंगत्वात्सन सिध्याति नाहंवेदेनतपसा**) સ્થલ સ્થલમાં વેદનું ખંડન દેખાય છે અને પુષ્ટિ ભક્તિ એ વેદતંત્રમાં બતાવેલ નથી એમ તેમની કબુલાત ઉપર દર્શાવેલ છે અને પદ્મપુરાણના પ્રમાણથી પણ તેમની ભક્તિ લૌકીકી છે વૈદીકી નથી. એમ પણ દર્શાવેલ છે એ કારણથી તેમની ભક્તિ પાખંડી છે એમ દર્શાવેલા પદ્મપુરાણના આધારે કહે તો કાંઇ પ્રત્યવાય લાગે એમ અમને લાગતું નથી. એટલું જ નહી. પણ પ્રકૃત વૈષ્ણવો શિવ ભક્તિપરાયણ નથી શિવના અત્યંત દ્વેશી છે તેમ ઉપર સેંકડો જગ્યાએ દેખાડી આપ્યું છે, ને શિવરાત્રીનું વ્રત પણ તે કરતા નથી. ઉલટું શ્રીમાન દેવકીનંદનજીના વૈષ્ણવ નિત્યકર્મ નામના ચોપાનીયામાં શિવરાત્રી વ્રત કરવા વૈષ્ણવોને મનાય કરેલી છે, તેથી આ પદ્મપુરાણના વાકય પ્રમાણે પ્રકૃત વૈષ્ણવો ગુરૂ શિષ્ય બન્ને વૈષ્ણવો નથી એમ ઠરે છે એમ અમારી માન્યતા છે—

અનન્ય ભક્તિ કોને કહેવી.

પ્રકૃત વૈષ્ણવો શિવાદિ દેવાંતરની નીંદા કરવી. અને દેવાંતરની પુજા અર્ચા નૈવેદ્યાદિ બદલામાં કાંઇ આપવું નહિ. તેમ જ પોતાના જ પંથના મુરલીધર, બાલકૃષ્ણ, નટવરલાલ, નવનીતપ્રિય, દ્વારકાંધિશ ઇત્યાદિ દેવોના ભક્ત ાય તો એક બીજાના દેવનાં

દર્શન કરવા જવાં નહી. બાલકૃષ્ણના ભક્ત મુરલીધરનાં દર્શન કરવા જતા નથી ને તેમની સેવામાં કાંઇ અરપણ પણ કરતા નથી તેવો શિષ્ય ને ઉપદેશ કરી પ્રજાને છેતરીને માલમસાલા ઉડાવે છે તે માટે પદ્મપુરાણ ક્રિયાખંડ અધ્યાય. ૧—

यस्योपदेशतः पुण्यं पापं वा[illegible]ते जनाः ।
सतद्भागिभवेन्मर्त्य इति शास्त्रेषु निश्चितम् ॥ १६

જેના ઉપદેશથી મનુષ્યો પાપ પુણ્ય કરે છે તે પાપપુણ્યનો ભાગી–તેનો ઉપદેશ કરનાર થાય છે હવે પુષ્ટિમાર્ગના પ્રવર્તક મૂળ પુરૂષપક્ષ લઇ શ્રીમાન દેવકીનંદજીના વૈષ્ણવનિત્યકર્મ પુસ્તક સુધીમાં વૈદિક ધર્માચરણનો અટકાવ કરનાર ઉલ્લેખ દેખાય છે ને તે પ્રમાણે તેમના શિષ્યો વર્તે છે એટલે તે પાપના ભાગી પુષ્ટિમાર્ગના ઉપદેશકને શિરે શાસ્ત્ર પ્રમાણે આવે છે. અસ્તુ !

અનન્ય ભક્તિ તો (विजाति यप्रत्ययानंतरितसजातियप्रत्यय प्रवाहः) અર્થાત્ પોતાના ઉપાસ્યનો આકાર નીરંતર વૃત્તિપ્રવાહ ચાલ્યા કરે ઉપાસ્ય સ્વરૂપ શિવાય વિજાતીય વસ્તુનું સ્પુરણ નહી જ થાય. એવી રીતે પરમ પ્રેમાસ્પદ પ્રત્યેક ભિન્ન પરમાત્મા ગોચર વૃત્તિનો પ્રવાહ ચાલ્યા કરે એનું નામ અનન્ય ભક્તિ શાસ્ત્રમાં કહે છે—

यतो यतो निश्चलतिमनः चंचलमस्थिरम् ।
ततस्ततो नियम्येतदा मानंवश मानयेत् ॥
तत्रैका ग्रमनः कृत्वा नकिंचित विचींतयेत्

જ્યારે જ્યારે ચંચળ મન ચલાયમાન થાય ત્યારે તે મનને નીયમમાં રાખીને પોતાને વશ કરવું ને સ્થિર આસનમાં બેસીને કોઇ વસ્તુનું ચિંતન ન કરતાં મનને એકાગ્ર કરવું એટલે एकः ध्येयस्वरुपमयस्यसः तम) અર્થાત પરમ પ્રેમાસ્પદ ભગવત સ્વરૂપ તેજ (कुंताग्रभागशल्यवत)

વૃત્તિના અગ્ર ભાગમાં પ્રતિતિ થયા કરે ને ભગવત્ સ્વરૂપ સિવાય વિજાતીય કોઇ વસ્તુની પ્રતિતિ ન થાય :એવી વૃત્તિનું નામ એકાગ્ર કહેવાય છે તેજ અનન્ય ભક્તિ છે, કેમકે (मान्य च प्रतितिय चां भक्तौ भगवत् स्वरुपानुसंधानलक्षणायां वृतौ सा अनन्या भक्तिरीत्युच्यते) અર્થાત (प्रत्ययैकतानता ध्यानम्)એ લક્ષણુંધ્યાનની પરિપાક દશામાં ઉપાસ્ય સ્વરૂપના સાક્ષાત્કાર થવામાં ઉક્ત સમયમાં ગાઢ પ્રેમભાવથી ઉભરાઇ આવેલ જે આનંદાનુભવરૂપ નિર્મોહ દશા તેનું નામ અનન્ય ભક્તિ છે (तद्रूपं प्रत्ययैकाग्र संततिश्चान्य निष्पृहा तद् ध्यानं प्रथमै रंगैः षड्भिर्निष्पद्यते नृप) એ વિષ્ણુપુરાણુનાં વચન અનન્ય ભક્તિ વિશે પ્રમાણુ આપે છે. બીજાં ઘણાં પ્રમાણો શાસ્ત્રમાં ઉપલબ્ધ છે વિસ્તારના કારણુથી લખતા નથી. શ્રવણાદિ ત્રય સાધનથી ઉત્પન્ન થએલ અનન્ય ભક્તિના ભૂમિકા ક્રમથી મુમુક્ષુ પરમેશ્વરના પ્રિય પ્રિયતર ને પ્રિયતમ થાય છે (तेषां सतत युक्तानाम् भजतां प्रीतिपूर्वकम् ददामि बुद्धियोगं तं येन मामुपयांति ते प्रियो हि ज्ञानिनोत्यर्थम् स च मम प्रियः) એ ગીતા વાક્યમાં (सतत युक्तानां) એ પદ પ્રતિપાદિત પ્રતિક્ષણુ અનુસંધાનનો વિષય પરમેશ્વર—

(अदृष्टविग्रहो देवो भावग्राह्यो मनोमयः ।
तस्योंकारस्मृतोनाम तनाहूतः प्रसीदति ॥
प्रणव वाचकः तस्य शिवस्य परमात्मनः ।
शिवरुद्रादिशब्दानां प्रणवो हि परःस्मृतः ॥)

જે દેવનો વિગ્રહ નેત્રાદિ ઇંદ્રિયોવડે જોઇ શકાય નહી અને કેવલ ભાવમાત્રથી જ ને સમાધિસંસ્કૃતમનથી જેનું ગ્રહણુ થઇ શકે છે તે દેવનું ઓંકાર (प्रणव) એ મુખ્ય નામ છે અને તે નામથી બોલાવ્યાથી ઘણુા જ પ્રસન્ન થાય છે અર્થાત અર્થાનુસંધાન પ્રણુવ મંત્રનો જપ કરવાથી ઇશ્વર જલદી પ્રસન્ન થાય છે અને તે મુમુક્ષુનો ધ્યેય પરમાત્મા શિવજી છે. તેનો વાચક પ્રણુવછે ને

શિવ, રુદ્ર, મહેશ્વર, મહાદેવાદિ શબ્દોમાં પ્રણવ એ ઉત્કૃષ્ટ છે આ વિષ્ણુપુરાણુ વાકયથી જેવું સ્વરૂપ પ્રતિપાદન કરેલ છે, તથા (निर्दोष पूर्ण गुण विग्रह आत्म तंत्रो निश्चेतनात्मक शरीर गुणैश्च हीनः आनंदमात्र करपाद मुखोदरादि सर्वत्र च स्वगतभेद विवर्जितात्मा) એ વાકય મુમુક્ષુના ધ્યેયસ્વરૂપ સદાશિવવિગ્રહ નિર્દોષ છે અનંત કલ્યાણુ ગુણુ યુક્ત છે ને સ્વતંત્ર છે ૧ अस्ति' जायते वर्धते विपरिणमते अपक्षीयते विनश्यति॥ એવા જડ શરીરના જે ભાવ વિકાર તેથી રહિત છે. कर, चरण, मुख, उदर, આદિ જે અવયવો છે તે કેવલ આનંદૈકરસ છે ભગવદ્વિગ્રહના કોઇ સ્થલમાં પણુ આનંદ સિવાય બીજી વસ્તુ નથી. એટલે સ્વગત ભેદ નથી. જેમ કેરીમાં રસ, છાલ, ગોઠલું, રેષા, ભિન્ન ભિન્ન વસ્તુઓ છે તે ભિન્ન ભિન્ન સ્વાદીના છે એમ મુમુક્ષુધ્યેય સદાશિવવિગ્રહમાં મનુષ્યાદિકના શરીરની પેઠે અસ્તિ, માંસ, ત્વચા, રુધિર, મજ્જા, રોમાદિકના ભેદ નથી. આનંદમય એક રસ છે જેમ કોઇ કંદોઈ ખાંડની પુતળી બનાવે તો તે પુતળીનાં કર, ચરણુ, મુખ, ઉદરાદિ અવયવો પણુ ખાંડ જ છે એ પુતળીમાં સર્વત્ર મધુર રસ જ છે કોઈ પણુ જાતનો ભિન્ન રસ નથી. તેમ જ મુમુક્ષુધ્યેય સદાશિવવિગ્રહમાં કર, ચરણુ, મુખ ઉદરાદિ, અવયવો શાસ્ત્ર પ્રતિપાદન કરે છે તે સર્વ આનંદૈકરસ જ છે કાંઇ પણુ આનંદથી ભિન્ન વસ્તુ નથી. એમ આ શિવ રહસ્ય હિમવત ખંડ વાકય પ્રતિપાદીત પરમેશ્વર તે જ મુમુક્ષુ ધ્યેય વિગ્રહ છે એમ સમજવું—

વાદી વૈષ્ણુવ પરિકલ્પિત પ્રમાણેતર વિષય–પરસ્ત્રીઆલિંગન મધુપાનાદિ લીલા વિશિષ્ટ વ્યક્તિ વિશેષ એ મુમુક્ષુધ્યેય વિગ્રહ નથી એમ અમારી માન્યતા છે, કેમકે પરસ્ત્રીઆલીંગનાદિ વ્યવહાર પરમેશ્વરવિષે ત્રણુ કાલમાં પણુ સંભવે નહી.

અમે દર્શાવેલી ભક્તિ મનની ચંચલતા નિરાસદ્વારા અખંડ વાકયાર્થ જ્ઞાનનું અંતરંગ સાધન છે તેનું જ નામ નિદિધ્યાસન છે, શ્રવણાદિ ત્રય વ્યતિરિક્ત શમ દમાદિ સાધન બહીરંગ છે

કેમકે (ददामि बुद्धियोगं तम्) એ વાકયમાં પ્રેમપૂર્વક સતત અનુસ્મરણ લક્ષણ તૈલધારાવત્ અવિચ્છિન્ન પ્રત્યય ધારાભ્યાસની પરિપાકદશામાં ભગવાન પ્રસન્ન થઇને જ્ઞાન આપે છે એટલે (तावन्मात्रां मायां दूरीकृत्य दर्शनगोचरभाव) એ વાદિ વૈષ્ણવના સિદ્ધાન્ત પ્રમાણે સાક્ષાત્કાર પ્રતિબંધક મૂલ અજ્ઞાન સહીત આવરણનો ભંગ કરી નિર્વિશેષ સચ્ચિદાનંદ ધનસ્વરૂપ સાક્ષાત્‌કાર કરાવે છે તે સાક્ષાત્કારવડે પ્રત્યગભિન્ન પરબ્રહ્મ સ્વરૂપ મને પ્રાપ્ત થાય છે અહીપ્રાપ્તિ તો (कंठगतविस्मृतचामिकरवत्) સમજવું.

કહેલાં છે લક્ષણ જેનાં એવી ભક્તિ જ્ઞાનનું સાધન છે એમ વૈષ્ણવોના સાત્વિક પદ્મપુરાણ બ્રહ્મખંડ અધ્યાય. ૧—

व्यास उवाच

साधोः संगाद्‌द्विज शास्त्राणां श्रवणं प्रभोः।
हरिभक्तिर्भवेत् तस्मात् ततो ज्ञानं ततो गतिः ॥६
ज्ञातस्पष्टमुक्तः ।

હે વિપ્ર સત્પુરૂષોના સંગથી ભગવત્ સંબંધી શાસ્ત્રોનું શ્રવણ થાય, તે શાસ્ત્રના શ્રવણથી ભગવત્ વિષે ભક્તિ થાય, તે હરિભક્તિથકી જ્ઞાન થાય અને જ્ઞાનથકી મોક્ષ થાય. આ પ્રમાણે ભક્તિ એ જ્ઞાનનું સાધન છે ને જ્ઞાનથી જ મોક્ષ છે એમ ગીતા ને પદ્મપુરાણ સાથે ઘોષથી કહે છે.

આ સ્થલમાં વૈદિક પ્રક્રિયા લીધી જ નથી. કારણ કે પ્રતિસ્પર્ધિયો અવૈદિક છે એમ ઉપર તેમની કબુલાત સાથે દર્શાવેલ છે તો તેમની સામે વૈદિક પ્રમાણો આપવાં એ અમને યોગ્ય લાગતું નથી.

આ પ્રમાણે વાદી વૈષ્ણવોના અભિમત પદ્મપુરાણ ને ગીતા વાકયથી ભકિત એ જ્ઞાનનું સાધન છે એમ સ્પષ્ટ થાય

છે છતાં પોતાનો ઇપ્સિતાર્થ સાધવા માટે અસંસ્કૃત ધાતુ મૂર્તિની (कृष्णप[illegible]न यान्यसेवैव मुख्या) તનુજ વિત્તજ બાહ્ય સેવાના બાનાથી હાલીક, તૈલીક, ગોપાલીક ને અજાવીક વિગેરે અજ્ઞ પ્રજાને તત્ સમાન ધનદુર્મદઅંધોને છેતરી પૈસા કઢાવવા છપન પ્રકારનાં મિષ્ટાન્ન ભોજન, અત્તર, ફુલેલ વિગેરે વિષયિક સામગ્રીના ભોગમાં ગુલતાન રહેવા અને બ્રહ્મણ્યતા, બ્રહ્મનિષ્ટતા, શાસ્ત્રજ્ઞતા ને બ્રહ્મચર્ય આદિ આચાર્યગુણનો ગંધમાત્ર પણ જેનામાં નથી ને ઉલટો અનેકવિધ દુર્ગુણોનો ભંડાર તેવાઓની કહેલી વાત ખરી માની પત્ની, પુત્રી, ભગિની, વિત્ત, ગૃહાદીકનું અર્પણ કરવું ને મંદીર આગળ સ્ત્રીપુરૂષોના સંમર્દનથી નીતિ ભ્રષ્ટ થવું, ગોટીલા ખાવા વિગેરે કૃત્ય ભકિત નહિ.

જ્યાં એક જ પુરૂષ હોય, પુરૂષાન્તરનો જેમાં પ્રવેશ જ થઈ શકે નહી, તેવે ઠેકાણે પુરૂષ મટી જઇ સ્ત્રીજાતિ થઇ રાસક્રીડા રમવું એ ભકિતનું ફલ નથી. એ જ ભકિતનું ફલ હોય તો તે માટે ગુરૂ કરવા અને કરોડો રૂપૈયા ખરચવાનું કાંઇ જરૂર નથી. એતો વાંદરીયોને પણ સુલભ છે; સો કે બસેં કે તેથી પણ વધારે વાંદરીયોના ટોળામાં એક જ નર જાતિ વાનર રહે છે બીજો નરજાતિ વાંદર વાંદરીના ટોળામાં પ્રવેશ કરી શકતો નથી. એક જ નર જાતિ વાનર બધી વાંદરીયો સાથે રાસક્રીડા રમ્યાં જ કરે છે એવા વાનરચેષ્ટારૂપ તુચ્છ ફલ માટે અનેક જન્મ ઉપાર્જીત પુણ્ય પુંજ પરિપાકના બળથી પ્રાપ્ત થએલી ભગવદ્ભક્તિ હોય જ નહી. એમ હોય તો ભગવદ્ભક્તિનું મહાત્મ્ય શું ને કીમત શું ? એવી અમુલ્ય ભગવદ્ભક્તિ ભૌતિક વિષયેંદ્રિય સંયોગ જનિત તુચ્છ સાતિશય ક્ષણિક સાધન સાધ્ય પારતંત્ર્ય બંધક શરીર ગ્લાનિ આદી પરિણામ દુઃખરૂપ વૈષયીક સુખ માટે હોયજ નહિ છતાં તેવાં ફલ માટે સર્વસ્વ અર્પણ કરાય છે. અહો અજ્ઞ-જનોની અજ્ઞતાનું શું વર્ણન કરીએ ! હે ! કૃપાનિધે ! રમારમણ હે દયાનિધે ! ઉમારમણ ! અવિવેક અંધસમુદ્રમાં ડુબતા અંધ શ્રદ્ધાળુ

અજ્ઞાની પ્રાણિઓને કરાવલંબન થાવ, આ ભારતવર્ષની અધોગતિ પામતી પ્રજાનો ઉદ્ધાર કરો, હે ! આર્તબંધો ! સન્માર્ગથી સ્ખલિત ભારતવર્ષની પ્રજા પ્રત્યે કૃપાકટાક્ષથી અવલોકન કરો. તથાસ્તુ.

આ પ્રમાણે શાસ્રીય ભગવત ભક્તિનું સ્વરૂપ પ્રજાહિતાર્થ સંક્ષેપથી દર્શાવ્યું.

હવે શિવદ્વેષ દુષિતવાદી વૈષ્ણવના મતમાં કલ્પેલી અનન્ય ભક્તિની વિડંબના દર્શાવીએ છીએ. વાદી વૈષ્ણવો સ્વમત કલ્પિત સેવ્ય વ્યક્તિ વિશેષથી ભિન્ન શાસ્રીસિદ્ધ શિવાદિ દેવને નમસ્કાર ન કરવા, નામ ન લેવું, ઉચ્છિષ્ટ ન ખાવું, અને અતિ કુત્સિત ભાષામાં બીજા દેવોનો તિરસ્કાર કરવો તેનું નામ અનન્ય ભક્તિ છે તેમ તેમના પુસ્તકથી તથા પ્રસ્તુત પ્રસંગથી જણાય છે; પરંતુ બીજા દેવની નિંદા સિવાયની ત્રણ બાબત તેઓ પાળે તથા તેઓથી પાળી શકાશે એનો વિચાર કરીએ તો બીજા દેવને નમસ્કાર ન કરવા, નામ ન લેવું ને ઉચ્છિષ્ટ ન ખાવું એ ત્રણ બાબત તેઓ પાળતા નથી, તેમનાથી પળાશે પણ નહિ, એ વાત સપ્રમાણ દર્શાવીએ છીએ. પદ્મપુરાણ ઉત્તરખંડ—અધ્યાય. ૧૦૯

महादेव त्वया देवा रक्षिताः शत्रुजाद्भयात ।
किंचान्यं समुत्पन्नं किं तत्र करवाव . ॥ १५
वृंदालावण्यसंभ्रान्तो विष्णुस्तिष्ठति मोहितः ॥१६

હે મહાદેવ ! તમો દેવતાઓનું શત્રુના ભયથકી રક્ષણ કર્યું પરંતુ બીજું એક કાર્ય ઉત્પન્ન થયું છે તેમાં અમારે શું કરવું? વૃંદાના લાવણ્યથી ભ્રમિત થઈને વિષ્ણુ મોહિત થઈ પડયા રહ્યા છે તેનો શું ઉપાય કરવો ? એવી દેવતાની પ્રાર્થના સાંભળી શિવજીએ મહામાયાની ઉપાસના કરવા આજ્ઞા કરી ત્યારે દેવતાઓ મહા માયાને શરણે ગયા. તે મહા માયાએ પોતાની શકિત ગૌરી, લક્ષ્મી ને સરસ્વતી પાસે જવા આજ્ઞા કરી ત્યારે દેવતાઓ ગુણાધિષ્ટાત્રી દેવીયોને શરણે ગયા ત્યાં તે દેવીયો આજ્ઞા કરે છે કે ॥ ઉત્તરખંડ અધ્યાય. ૫

दे वाच.

(इमानि क्षेत्रबीजानि विष्णुर्यत्रावतिष्ठति,
निर्वपध्वं ततः कार्यं भवतां सिद्धिमष्याति ॥२९)

नारद उवाच

क्षिप्तेभ्यः तत्र बिजेभ्यो वनस्पत्यः त्रयोऽभवत् ।
धात्री च मालती चैव तुलसी नृपसत्तम, ॥ १ ॥
धात्र्युद्भवाभवेद्धात्री मा भवा मालती स्मृता ।
गोरीभवा च तुलसी तमःसत्वरजोगुणाः ॥

આ પ્રકરણમાં તુલસી સાક્ષાત ગૌરી રૂપ જ છે એમ નિઃસંશય બતાવે છે તે તુલસીને શિવની નિંદા રૂપ દાવાનલ અગ્નિથી ધગધગતા હૃદયવાળા વાદી વૈષ્ણુવો ગળામાં લટકાવીને ફરે છે ત્યારે તેમના મત પ્રમાણે અનન્ય ભકિત શી રીતે ! કેમકે અન્ય દેવતાને તે ગળામાં બાંધીને ફરે છે અને એ તુલસીનાં પુષ્પ તે ઠાકોરજીના ભોગ સામગ્રીમાં ધરાય તો જ ઠાકોરજી આરોગે ત્યાર પછી વૈષ્ણુવો તે પ્રસાદ લે છે ને કેટલાક તો તુલસી પણુ ચાવી જાય છે એટલે દેવતાંતરનું ઉચ્છિષ્ટ એ નિયમનો પણુ ભંગ થાય છે અને તુલસીને નમસ્કાર પુજા કરે છે એટલે દેવતાંતરને નમસ્કાર પુજનના નિયમનો પણુ ભંગ થાય છે.

હવે તુલસીથી ઉત્પત્તિ બીજી રીતે પણુ છે, તે પક્ષ માને તોપણુ બચાવ નથી. કેમકે—(केशवः पत्रमध्ये च पत्राग्रे च प्रजापतिः पत्रवृंदे शिवस्तिष्ठेत्तुलस्यां सर्वदैव हि, ॥ ६ । અ० ૨૪

પદ્મપુરાણુ ક્રિયાખંડ.

તુલસી પત્રના મધ્ય ભાગમાં કેશવ ભગવાન, પત્રના અગ્ર ભાગમાં બ્રહ્મા ને પત્રના મૂલમાં સદાશિવ સદા સર્વકાલ વાસ કરે છે એથી આગલ ·૧૦–શ્લોક સુધી સર્વ દેવતા ને સર્વ તીર્થ

તુલસીને આશ્રય રહેલ છે એમ કહેલ છે તેથી સર્વ દેવત્ય છે માટે તુલસી ગણપતિ શિવાય સર્વ દેવને ચડાવાય છે છેવટ યમ દૈવત્ય શ્રાદ્ધમાં પણ તુલસી લેવાય છે ત્યારે તુલસીને ને વૈષ્ણવોને કાંઈ ખાસ સંબંધ નથી. સર્વ સાધારણ છે જો તુલસી એક વિષ્ણુ દેવત્ય જ હોત તો વૈષ્ણવોનો વિશેષ સંબંધ ગણાય. પરંતુ તેમ નથી. કેવલ વિષ્ણુ દેવત્ય તુલસી છે તેમાં કશું પ્રમાણ નથી એટલે વાદી વૈષ્ણવોનો (કાષ્ટ માલા ધારણ વાદ.) તથા નિબંધ, પ્રલાપ, વિગેરે કેવલ અશુદ્ધ પ્રલાપ જ છે વળી શ્રી-શારદાપીઠના હાલ વિરાજતા આચાર્યશ્રી કંઠી તિલકનું ખંડન કરે છે એમ માની કેટલાક વ્રાત્ય અત્રૈવર્ણીકો તથા કેટલાએક સ્વધર્મભ્રષ્ટ ઉદરંભરી બ્રાહ્મણોએ કંઠી તીલક બાબત અનેકવિધ દુષ્પ્રલાપનાં ભરેલાં ચોપાનીયાં છપાવ્યાં છે ને છપાવે છે તે તો (नमस्तीति वक्तव्यं दश हस्ता हरीतकी) એ ન્યાયને અનુસરતું છે માટે તે તરફ દ્રષ્ટિ કરવા કારણ નથી.

વાસ્તવિક ભગવત્ પ્રિય એક બિલ્વ પુષ્પ જ છે કેમ કે (आदित्यवर्णस्तपसोऽधिजातो वनस्पति स्तववृक्षोऽथबिल्वः)એ ઋગ્-વેદ મંત્રથી બીલી એક લક્ષ્મી દૈવત્ય જ છે. ને લક્ષ્મી ભગવાનને અત્યંત પ્રિય છે, અને લક્ષ્મીજીને ને ભગવાનને અવિનાભાવ સંબંધ છે તેથી બીલીને ભગવાન સાથે પણ અવિનાભાવ સંબંધ હોવો જોઇએ. વળી—

(ॐ नमो बिल्विने च कवचिने च)

એ યજુર્વેદના મંત્રથી પણ બીલી જ શુદ્ધ વૈદિક છે એમ સિદ્ધ થાય છે.

પદ્મપુરાણમાં ક્રિયાખંડ અ૦ ૧૧ બિલ્વપત્રાર્ચનનો મહિમા વિશેષ વર્ણન કરેલ છે જુઓ—

बिल्वस्य ललक्ष्येन योऽर्चयेद्धविष्णमव्ययः
परमं मोक्षमाप्नोति प्रसादात् कमलापतेः ॥८५)

લક્ષ બીલીપત્રવડે જે અવિનાશી સ્વરૂપ વિષ્ણુ ભગવાનની અર્ચના કરે તે સર્વોત્કૃષ્ટ પરમપદ :મોક્ષને પ્રાપ્ત થાય છે આ પ્રકારે અત્યંત ભગવતપ્રિય ને પરમપદ પ્રાપ્તિલક્ષણ મોક્ષસાધન બીલીપત્ર સાથે વાદી વૈષ્ણુવો અતિ ગાઢ વૈમનસ્ય ધરાવે છે તેમાં અપરાધ નથી. કેમ કે– પરમ પદ પ્રાપ્તિ રૂપ મોક્ષ તેમને પ્રિય નથી ત્યારે બીલીપત્ર પ્રિય કયાંથી જ હોય. એમાં બીજું પણ કારણ એ છે કે— (भगवद्रुपसेवार्थं तत्सृष्टिर्नान्यथा भवेत् पुष्टिं कायेन सृष्टवान्)

એ પ્રકારે સૃષ્ટિ જ ભિન્ન છે એટલે જે માટે જેની સૃષ્ટિ હોય જીવોને તે જ પ્રીય હોય. આમાં કોઇનો અપરાધ નથી. ઇશ્વર સૃષ્ટિમાં પણ અનેક પ્રકારના જીવો છે જેમ :કોઇને દહીં પ્રિય છે દૂધ પ્રિય નથી. ને કોઇને દૂધ પ્રીય છે તો દહીં પ્રિય નથી ને કોઈ કોઇ પ્રાણિને શર્કરાથી વિપરીત ફલ થાય છે તેમાં શર્કરાનો અપરાધ ગણાય નહી. સૃષ્ટિ વૈચિત્ર એ જ એમનું કારણ સમજવું.

વૈષ્ણુવોની કહેવાતી અનન્ય ભક્તિ પશ્ચિમ હિંદુસ્થાનના વણિક વિગેરેથી થઇ શકે નહિ કેમકે તેઓ મૂલથી વૈષ્ણુવો નથી. થોડાક વર્ષથી વૈષ્ણુવો થએલા છે તેમાં કેટલાક તો સ્માર્ત ધર્મ છોડીને વૈષ્ણુવ ધર્મમાં વટલાયા છે અને કેટલાક તો શ્રાદ્ધ ધર્મ· માંથી વટલી વૈષ્ણુવો થયા છે એમ કહેવાય છે માટે તેમનાથી હાલમાં કહેવાય છે તે પ્રમાણે અનન્ય ભક્તિ થઈ શકે નહી. કારણ કે પ્રત્યેક વણિક કુલનો કુલદેવતા ભીન્ન ભીન્ન છે ને કડાઇ તાવણી કોના કુલદેવતા કોટર્યર્ક છે. મૂલ વણિકોના રામ· ચંદ્ર, નાગર વણિકોના હાટકેશ્વર, દીસાવળ વણિકોના સિદ્ધ માતા.

વણિકોની હીમજા દેવિ અને શ્રીમાળી વણિકોની મહા· લક્ષ્મી ને મહેશ્વરી વણીકોનો ગોત્ર ભેદ છે તેમના પ્રત્યેક કુલ દેવતા જુદા છે ને કડવા પાટીદારના કુલદેવતા ઉમૈયા છે ને લેવા પાટીદારોના શાકંભરી છે એ બધા સ્માર્ત દેવતા છે ને વિવાહાદિ પ્રસંગમાં ગોત્રજ સ્થાપન અને કન્યા વરને પગે લગાડવા લઈ

જવા અને પોતાના કુલદેવતાના સ્થાનમાં સંઘ કાઢી યાત્રા કરવા જવું વિગેરે વ્યવહાર ચાલુ છે. તેમ જ સોની, સુતાર, લુહાર, કંસારા, ખત્રી, ભાવસાર, સથવારા, કાછીયા, વિગેરે સર્વ પ્રજાના કુલદેવતા છે; તે સર્વ પ્રજા પોતાના કુલદેવતાની પૂજા કરે છે ને કરાવે છે અને નૈવેદ્ય ભક્ષણ કરે છે માટે પશ્ચિમ હિંદુસ્થાનના કહેવાતા વૈષ્ણવોમાં–તેઓના મતમાં જેવી અનન્ય ભક્તિ મનાએલી છે તેવી નથી ને તેમ થઇ શકે પણ નહી; માટે અમે ભક્તિનું જે લક્ષણ દર્શાવ્યું છે એ જ અનન્ય ભક્તિ છે એ પ્રકારની અનન્ય ભક્તિમાં કોઈ જાતનો બાધ આવવાનો નથી અને એ ભક્તિ સમસ્તસંસારબંધન છેદવામાં અકુંઠિતધારા ખડ્ગ છે. માટે તે પ્રકારની ભક્તિ કરવા મુમુક્ષુએ પ્રવર્ત થવું અને વિષયિક દુર્વાસનાની વૃદ્ધિ થાય એવા વ્યવહારથી મુમુક્ષુએ અલગ રહેવું—

(मनोहराणां भोज्यानां युवतीनां च वाससां वित्तस्यापि च सानिध्याच्चलेच्चित्तं सतामपि तस्मात्सर्वं परित्यज्य मुमुक्षुर्दूरतो वसेत्)

અનેક પ્રકારનાં પકવાનાદિ ભોજ્ય પદાર્થ અને યુવાન રૂપવતી સ્ત્રીયો ને સાલા, દુસાલા, પીતાંબર વિગેરે વસ્ત્રો ને પુષ્કળ ધનની સાનિધ્યમાં રહેવાથી સત્પુરૂષોનું ચિત્ત પણ ચલાયમાન થાય છે. માટે મુમુક્ષુએ સર્વ પદાર્થ પરિત્યાગ કરીને એ વાતથી દૂર રહેવું. આ પ્રકારે શાસ્ત્ર મુમુક્ષુને ઉપદેશ કરે છે તો તે તરફ લક્ષ રાખવું (तपसा ब्रह्म विजीज्ञा सस्वत्तपो ब्रह्मेति) આ શ્રુતિ પણ બ્રહ્મ જીજ્ઞાસુઓનું સાધન તપજ બતાવે છે. છપ્પન પ્રકારનાં મિષ્ટાન્ન, ભોજન, અત્તર, ફુલેલ, ગાનતાન વસ્ત્રાલંકારાદિ એ સર્વ મોક્ષનું સાધન શાસ્ત્રે બતાવ્યું નથી. તે મુમુક્ષુએ ખાસ ધ્યાનમાં રાખવું.

તુલસી સર્વ દૈવત્ય હોય તો (वैष्णवा वै वनस्पतयः) એ [illegible]ત વનસ્પતિ માત્રને વૈષ્ણવ કહે છે એનો શું પરિહાર. એવી

કોઈ શંકા લાવે તો એનો પરિહાર એ જ કે વૈષ્ણુવો બાવળના ને નાગફળીના કાંટા જેવા ને વછનાગ ને ધતુરા જેવા જગત્‌ને દુઃખરૂપ થઇ પડયા છે એમ જે લોકવાર્તા ચાલે છે એમાં આ શ્રુતિ ટેકો આપે છે એમ અમે પરિહાર કરશું. પરંતુ આ સ્થલમાં પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે એ બધી વનસ્પતિયો કંઠીબંધ વૈષ્ણુવો છે કે સમર્પણી વૈષ્ણુવ છે? ને સમર્પણી વૈષ્ણુવો કહે તો વનસ્પતિ યોનિદ્વારા આગાર પુત્ર વિત્તાદિ સમર્પણુ થાય છે? હા કહે તો તેની સામે અમે ટીકા કરીએ તો વૈષ્ણુવોની લાગણી તો ન દુખાય? કંઠીબંધ છે એમ કહે તો તુલસી પણુ વનસ્પતિ છે ત્યારે તુલસીને શેની કંઠી બાંધવી?

ભગવાનને જેમ તુલસી ચડાવે છે તેમ બાવળનાં પાંદડાં પણુ શા માટે ન ચડે? વનસ્પતિ માત્ર વૈષ્ણુવ છે તો તુલસીમાં અધિકતા શું? બાવળના કાષ્ટની કંઠી ને માળા શા માટે ન કરવી? વનસ્પતિ જન્મથી જ વૈષ્ણુવ છે એમ કહે તો મનુષ્યો જન્મથી વૈષ્ણુવ શા માટે નથી? બધા જન્મથી વૈષ્ણુવ છે તો તમારો પુષ્ટિ માર્ગ શા માટે ઉભો કરવામાં આવ્યો છે? વિગેરે બાબતના ખુલાસા થવાની જરૂર છે જેથી પ્રજા છેતરાતી રહે. આ પ્રકારે વાદી વૈષ્ણુવોની તુલસીની કંઠીની વિડંબના દર્શાવી.

હવે તિલક વિડંબના દર્શાવીએ છીએ—

(हरेः पादाकृतिं कुर्यादूर्ध्वपुंड्रं विधानतः मध्येछिद्रेण संयुक्तं तद्धि वै मंदिरं हरेः ॥ २२—२२६)

ભગવાનના ચરણારવિંદને આકારે ઉર્ધ્વપુંડ્ર તિલક વિધિપૂર્વક કરવું. તે તિલકના વચમાં છિદ્ર રાખવું. ઉર્ધ્વપૂંડ્ર તિલકની બે રેખાની વચમાં જે માર્ગ છે તે ભગવાનનું મંદિર છે—

વાદી વૈષ્ણુવોના મતમાં તિલકની ત્રણુ પ્રકારની ભાવના છે એમ જાણુવામાં છે પરંતુ ઉપરના પ્રમાણુવાકયમાં બે ભાવના બતાવી છે.

તિલકમાં ભગવચ્ચરણારવિંદની ભાવના કરવી, બીજી તિલકમાં ભગવન્મંદિરની ભાવના કરવી, આ રીતે બે પ્રકારની ભાવના છે એમાં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે ભકતો પોતાના લલાટ પ્રદેશમાં ભગવચ્ચરણારવિંદની ભાવના કરે અગર ભગવન્મંદિરની ભાવના કરે એતો વાત ઠીક છે; પરંતુ વાદી વૈષ્ણવો પોતાના સેવ્ય ભગવાનના લલાટમાં પણ તેઓ પોતાના જેવુંજ તિલક કરાવે છે તો ભગવાન પોતેજ પોતાનું મંદીર તથા પોતાનાં ચરણારવિંદ એ બે પોતાના લલાટપ્રદેશમાં ધારણ કરે છે? કે વાદી વૈષ્ણવો ધારણ કરાવે છે? ભગવાન પોતે જ ધારણ કરે છે એમ કહે તો પોતે પોતાનાં ચરણારવિંદ ધારણ કરે એ બની શકે નહી. અને વષ્ણવો ભગવચ્ચરણારવિંદનો આકાર ભગવાનના લલાટ પ્રદેશમાં કાઢે છે એમ કહો તો તે યોગ્ય નહી. તેમ જ મંદિરની બાબતમાં પણ સમજવું.

એટલે આવી અસંભવિત ભાવના બતાવી પ્રજાને છેતરે છે એટલુંજ નહિ પણ વૈષ્ણવો ભગવાન સાથે પણ અયોગ્ય રીતે વર્તે છે કેમકે ભગવન્મંદીર તથા ભગવચ્ચરણારવિંદનો આકાર તેઓ ભગવાનનાજ લલાટમાં કાઢે છે.

વાસ્તવિક રીતે તો—

(सृष्टा सृष्टिमिषेणाह त्रिपुंड्रस्य विधारणम् ।
ससर्ज स ललाटं हि तिर्यगूर्ध्वं न वर्तुलम् ॥१
तिर्यग्रेखाश्च दृश्यंते ललाटे सर्वदेहिनां ।
तथापि मानवा मूढा नकुर्वंति त्रिपुंड्रकम् ॥)

(સ્કંદપુરાણ શંકરસંહિતા) જયારે પરમેશ્વરે લલાટ આડું કર્યું છે અને લલાટમાં તિલકની ચિન્હ રેખાઓ પણ આડી કરી બતાવી છે ત્યારે મનુષ્ય માત્રે આડી રેખાવત્ આડું ત્રિપુંડ્ર જ કરવું એમાં કાંઈ શંકા લેવા અવકાશ જ રહેતો નથી. ઉભું તિલક

કરવાનું હોત તો પરમેશ્વર લલાટ ઉભું કરત ને રેખા પણ ઉભી કરી બતાવત. તેમ કર્યું નથી, ત્યારે સૃષ્ટિદર્શન વિરૂદ્ધ ભાવનાઓનાં બાનાં બતાવી પ્રજાને ભુલથાપ ખવરાવે છે ને વળી તેમાં બીજાં કારણ એ છે જે ભગવચ્ચરણારવિંદનો આકાર એક જ હોઇ શકે છે પણ ભિન્ન ભિન્ન વૈષ્ણવ માર્ગના તીલકના આકાર ભિન્ન ભિન્ન છે. વાદી વૈષ્ણવોના મતમાં પણ એક ગાદીવાળા બે લીંટા જ તાણે છે. આવા અનેક આકારવાળાં તિલકમાં ભગવચ્ચરણારવિંદની ભાવના થઇ શકે નહિ અને ત્રીજું કારણ એ છે કે ભાવના એટલે તિલક ભગવચ્ચરણારવિંદ છે એવું હૃદયમાં ધ્યાન ધરવું તે પણ બને નહી. કેમકે ધ્યાન તો (**ગુણોપસંહાર ન્યાયથી**) સર્વ ગુણ વિશિષ્ટ જ થઇ શકે છે ત્યારે ભગવતચરણારવિંદમાં શંખ, ચક્ર, ધ્વજા, કમળ, અંકુશ, વજ્ર, તોમર, મત્સ્ય આદિ ચિન્હ હોય છે એ સમસ્ત ચિન્હ સહિત ધ્યાન કરવું જોઇએ ને ભગવચ્ચરણારવિંદનો ચિત્રપટ હોય છે તે ઉપર દર્શાવેલાંચિન્હો સહિત જ હોય છે અને વૈષ્ણવોના તિલકમાં એવાં ચિન્હો દેખાતાં નથી. ઉલટું અનેક મતવાદીઓ કાળા પીળા રાતા વિગેરે રંજીત દ્રવ્યનાં ચિન્હો કાઢે છે તો એવાં ચિન્હોમાં ભગવચ્ચરણારવિંદની ભાવના થઇ શકે નહી. માત્ર મતમતાંતરનાં ઓળખવાનાં ચિન્હ છે એમ અમારી માન્યતા છે—

(शंखचक्रादिकं धार्यं मृदापूजांगमेव तत् तुलसीकाष्टजा माला तिलकं लिंगमेव तत्)

આ વાકય અમારા મતને ટેકો આપે છે. આ પ્રકારે તિલક ભાવનાની વિડંબના દર્શાવી. હવે મુદ્રા વિડંબનાની સમાલોચના કરીશું.

ભગવદાયુધ સુદર્શન ચક્ર ને શંખ એ બેનો મુદ્રા પ્રધાન છે અને સંપ્રદાય મુદ્રા બીજી છે તેનો વિચાર કરવા અમારે જરૂર નથી. હવે એ શંખ ચક્ર વિષ્ણુ ભગવાનનાં સ્વતઃસિદ્ધ આયુધ નથી આગંતુક છે તેમાં સુદર્શન તો જાળંધર દૈત્યને મારવા સારૂ શિવજીએ બનાવેલ છે.

જુઓ પદ્મપુરાણ ઉત્તરખંડ અધ્યાય. ૧૦૦

अथ विष्णुमुखादेवाः स्वतेजांसि ददुस्तदा ।
तान्येकत्वंगतानीशो दृष्ट्वा तेजो महत्तदा ॥ १०
तेनाकरोन्महादेवः सहसा शस्त्रमुत्तमम् ।
चक्रं सुदर्शनं नाम ज्वालामालातिभीषणम् ॥ ११
तेजःशेषेण च तदा वज्रं च कृतवान् हरः ॥१२

સમસ્ત દેવતાઓનું એકત્ર થએલ તેજ તે તેજવડે કરીને મહાદેવજીએ અતિ ભયંકર જ્વાલા માલા સ્વરૂપ સુદર્શન ચક્ર બનાવ્યું ને અવશેષ તેજ રહ્યું તેમાંથી વજ્ર બનાવ્યું.

આ સુદર્શનથી શિવજીએ જાલંધરને માર્યો છે. જુઓ પદ્મપુરાણ ઉત્તરખંડ અધ્યાય. ૧૦૫

ततः परमसंक्रुद्धो रुद्रो रौद्रवपुर्धरः ।
चक्रं सुदर्शनं वेगाच्चिक्षेपादित्यवर्चसम् ॥ ११
प्रदहद् रोदसी वेगात्तदासाद्य जलंधरं ।
जहार तच्छिरः कायान्महदायत लोचनम् ॥ १२

ત્યાર પછી રૂદ્રજીએ મહાન ક્રોધાયમાન થઇને સુદર્શન એ નામનું ચક્ર જાલંધર ઉપર ફેંક્યું તેવડે જાલંધરનું શિર ધડમાંથી જુદું કર્યું.

આ વાક્યોથી સુદર્શન ચક્ર મુલ શિવજીનું શસ્ત્ર હોવાથી શિવદૈવત્ય છે એમ સમજાય છે અને તે સુદર્શન ચક્ર વિષ્ણુ ભગવાને ઘોર તપ કરી શિવજીને પ્રસન્ન કરી મેળવ્યું છે એ વાત શિવભક્તિ પ્રકરણમાં દર્શાવેલ છે.

હવે એ શિવદૈવત્ય સુદર્શન ચક્રની મુદ્રા લેનાર શૈવ કહેવાય કે વૈષ્ણવ ?

હવે શંખ (पांचजन्यं हृषीकेशो देवदत्तं धनंजयः) એ ગીતા ભગવતકરકમલસ્થિત શંખનું નામ પાંચજન્ય છે.

એ નામનો અર્થ (पंचजनस्य इदं पांचजन्यं) એમ થાય છે. બાબત વાદી વૈષ્ણવોના શ્રીમદ્ભાગવતમાં આ પ્રમાણે લેખ છે–

दशमस्कंद अ० ४५

नैवाहर्षम, देव दैत्यः पंचजनो महान् ।
अंतर्जल चरः कृष्ण शंखरूपधरोऽसुरः ॥ ४०
आस्ते तेन हृतोनूनं तच्छ्रुत्वा सत्वरं प्रभुः ।
जलमाविश्यतं हत्वा नापश्यदुदरेऽर्भकं ॥ ४१
तदंगप्रभवं शंखमादाय रथमाविशत् ॥ ४२

આ ઉપર લખેલા વાકયોમાં શ્રીકૃષ્ણ ભગવાને શંખાસુર નામના દૈત્યને મારીને તેના શરીર માંહેલા અંગમાંથી શંખ લાવેલા છે.

ઉપર દર્શાવેલા ભાગવતના શ્લોકથી શંખ પણ આગંતુક છે સ્વતઃસિદ્ધ નથી. વળી એ શંખ ચક્રનું ચિન્હ ધારણ કરવું એ શાસ્ત્રમાં નિંદિત ગણેલ છે તે બાબત નિર્ણયસિંધુમાં કાર્તિકી એકાદશી નિર્ણયમાં (शंखचक्रेमृदायस्तुकुर्यात् तत्पायसेन वा स शूद्र वद्बहिष्कार्य सर्वस्माद्द्विज कर्मणः) એમ લખ્યું છે વાદી વૈષ્ણવો આ સ્થલમાં તકરાર લાવે છે કે પદ્મપુરાણ ઉત્તરખંડમાં શંખ ચક્રની મુદ્રા લેવા વૈષ્ણવો માટે લખ્યું છે તમે પણ પદ્મપુરાણનું પ્રમાણ માનો છો તો નિષેધ શી રીતે થઇ શકે ?

ઉત્તર ? અમે પદ્મપુરાણનું પ્રમાણ માનીએ છીએ. પરંતુ અમારા મત પ્રમાણે ઉત્તરખંડ પદ્મપુરાણ નથી તેતો વૈષ્ણવ ધર્મ રૂપી નિક્ષેપની સંદુક છે, ઉત્તરખંડ પોતાનું સ્વરૂપ શું દર્શાવે છે તે ઉત્તરખંડ. અધ્યાય. ૧.

ऋषय ऊचुः

श्रुतं पातालखंडं च त्वयाख्यातं विदांवर ।
नानाख्यानसमायुक्तं परमानंददायकम् ॥ ३
अधुना श्रोतुमिच्छामो भगवद्भक्तिवर्धनम् ।
पद्मे यच्छेशमस्तीह तद्ब्रूहि कृपया गुरो ॥ ४

ત્રીજા શ્લોકમાં શૌનકાદિ રૂષિએ હે વિદાંવર એ પ્રમાણે સુત પુરાણીકને સંબોધીને કહે છે કે નાના પ્રકારના આખ્યાન-યુક્ત પરમ આનંદને આપનાર પાતાલખંડ તમે કહ્યો તે અમે સાંભળ્યો આ પ્રમાણે પાતાલખંડની શ્રેષ્ઠતા દર્શાવી ચોથા શ્લોકથી પ્રશ્ન કરે છે કે ભગવત ભક્તિની વૃદ્ધિ કરનાર કથા પદ્મપુરાણમાં જે શેષ રહી ગઇ હોય તે સાંભળવા ઈચ્છીએ છીએ. તે કૃપા કરીને કહો. આ પ્રશ્નવાક્યથી પદ્મપુરાણ પાતાલખંડમાંજ સમાપ્ત થાય છે. ઉતરખંડ પદ્મપુરાણનો શેષ ભાગ છે એમ સિદ્ધ થાય છે, શેષ પરિશેષ ને પરિશિષ્ટ એ બધું આ એક જ અર્થવાચક છે, આમાં વિશેષ ખુબી એ છે કે પંચખંડાત્મક આખા પદ્મ-પુરાણમાં ભગવદ્દતભક્તિવર્ધનનો કથાભાગ નથી એમ કહેવું બની શકે નહી. પંચખંડાત્મક પદ્મપુરાણમાં ઘણો ભાગ ભગવદ્દ ભક્તિવર્ધક કથા ભાગ જ ભરેલો છે છતાં ભગવદ્દભક્તિ વર્ધક કથા શેષ રહી ગયેલ હોય તો કહો એમ પ્રશ્ન પુછે છે એ જ પ્રશ્ન એમ જણાવી આપે છે કે સર્વ સામાન્ય ભગવદ્દભક્તિ કહેવાઇ ગએલ છે પણ વૈષ્ણવ સંપ્રદાયોની વાત પદ્મપુરાણમાં આવી નથી. તે વાત આ ઉત્તરખંડમાં પોતપોતાની મરજી પ્રમાણે દર્શાવેલ છે ઉત્તરખંડ સિવાયના પદ્મપુરાણમાં ભગવદ્દ ભક્તિવર્ધક કથા ભાગ જ નથી. એમ કહેવામાં આવે તો (**वृद्धि मिच्छतां मुलयहानि**) એ ન્યાય પ્રાપ્ત થાય માટે ઉત્તરખંડમાં કાંઇ પરિશીષ્ટ ભાગ છે એમ જ માનવું પડશે.

આ ઉત્તરખંડ પદ્મપુરાણાંતરગત છે એમ માને તો પદ્મપુરાણ આધુનિક પ્રચલિત વૈષ્ણવ પંથ પ્રચાર થયા પછી નિર્માણ થયું છે એમ કહેવું પડશે કારણ કે । प्रपत्ति शरणागत द्वयानुसंधान વિગેરે વૈષ્ણવ માર્ગના સંકેતિક શબ્દો ઉત્તરખંડમાં આવે છે બીજા ખંડમાં આવતા નથી. તેથી ઉત્તરખંડ પદ્મપુરાણ સાથે ગણે તો પદ્મપુરાણને આધુનિત્વ કલંક ચોટશે.

तस्माद् यदत्रयुक्तं तद् विद्भिर्विवेचनीयं इति दिग.
इदानीं वैष्णवैर्महेश्वरे समारोपितानि दूषणानि निर्धूयंते

હવે વાદી વૈષ્ણવોએ શિવજી સ્મશાનમાં રહે છે, રૂંઢમાલા પહેરે છે, ચિતાભસ્મ ચોળે છે, ચામડું પહેરે છે. સાપનાં કટક કુંડલ પહેરે છે, વૃષ ઉપર બેસે છે, વિગેરે વિગેરે દુર્વચન સંભળાવી ભોળી શિવભક્ત–સ્માર્ત–પ્રજાને ભોળવી. પોતાના પંથમાં ફસાવે છે તેથી સ્માર્ત પ્રજાનો પ્રતિદિન હ્રાસ થતો જાય છે, તેનો પણ પરિહાર પ્રસંગ સંગતિથી અત્રે કરીએ છીએ.

વૈષ્ણવો જે આરોપ શિવજી ઉપર મુકે છે તે બધા તેમના સેવ્ય વિષ્ણુ ભગવાનમાં છે છતાં અજ્ઞાની સ્માર્ત પ્રજાને કર્ણ કઠોર વચન સંભળાવી શિવભક્તિમાં ગ્લાનિ ઉત્પન્ન કરી પોતાનો સ્વાર્થ સાધે છે માટે ભોળી સ્માર્ત પ્રજાની જાણ ખાતર અમારે અહીં કાંઇ લખવું પડે છે તેનો દોષ અમારે શિર નથી. શિવનિંદક વૈષ્ણવોને માથે છે કેમકે તેઓએ આવા આક્ષેપ મુકવાથી અમારે ના ઈલાજે તે આક્ષેપનો પ્રતિક્ષેપ કરવો પડે છે.

સ્મશાન વાસ. વિષ્ણુ ભગવાનને વિષે પણ સમાન છે જુઓ ઉત્તરખંડ. અધ્યાય. ૧૦૧

ततो हारस्ताम‑संस्मरन् मुहुर्वृंदाचिता भस्म-

रजोऽव ठितः । तत्रै वतस्थौ मुनिसि संघैः प्रबोध्यमानोपि ययौ न शांतिं ॥ ३१

પતિવ્રતથી ભ્રષ્ટ થયેલ વૃંદાએ ભગવત સંગદૂષિત પોતાનું શરીર યોગાગ્નિથી ભસ્મ કરી નાખ્યું. ત્યારે ભગવાન તે વૃંદાનું વારંવાર સ્મરણ કરતા વૃંદાની ચિંતા ભસ્મની રજ આખા શરીરમાં ચોળીને વૃંદાના ચિતાસ્થાનમાં જ રહ્યા ને મુનિયો ને સિદ્ધોએ જ્ઞાનોપદેશથી બોધ કરતા છતાં પણ શાંતિ ન પામતા હવા. વૈષ્ણવોએ શિવજી ઉપર મુકાએલ સ્મશાન વાસીપણાનું ને ચિતાભસ્મ લેપનનું દૂષણ વ્યાજ સાથે ચુકાવી આપ્યું કેમ કે વિષ્ણુ ભગવાન પરસ્ત્રીના રૂપ લાવણ્યથી મોહિત થઇ વૃંદાના સ્મશાન ભુમિમાં પડયા રહ્યા છે એ પ્રકારે શિવજી નથી.

બાકીનાં બધાં દૂષણોનો પરિહાર પ્રસિદ્ધ હોવાથી ગ્રંથ વિસ્તારના ભયથી પ્રમાણ લખતા નથી. શિવજી રૂંઢમાલા પહેરે છે તો વિષ્ણુ ભગવાન–પાંચજન્ય નામના દૈત્યનું અંગ શંખ હાથમાં ધારણ કરે છે ને શિવજી ચામડું પહેરે છે વિષ્ણુ ભગવાન પીતાંબર પેહેરે છે તે એક કીડાની લાલ છે, અને સર્પનાં કુંડલ શિવજી પહેરે છે તો વિષ્ણુ ભગવાને સર્પની શય્યા કરી છે—

શિવનું વાહન બેલ એ અહિંસક જીવ છે ને વાસ્તવિક વૃષ એ ધર્મની મૂર્તિ છે ત્યારે ભગવાનનું વાહન ગરૂડ સર્પને ખાનારા છે હવે વિશેષ વ્યાજ ચુકાવીએ છીએ શિવજીનું ભસ્મ લેપન નિષિદ્ધ હોય તો ભગવાનને નિરંતર કસ્તુરીનું તિલક થાય છે એટલું તો નહી. વૈષ્ણવો શિયાળામાં કસ્તુરી ભગવાનની ભોગ સામગ્રીમાં ને બીડીયોમાં નાખે છે તે કસ્તુરી શું પદાર્થ છે તેનો વિચાર કરવા વૈષ્ણવોને સોંપીએ છીએ વળી શંખ એ સમુદ્રના જંતુનુ હાડકું છે તેમાં તો જલ લઇને ભગવાનને આચમન કરાવે છે અને એ અર્ઘોદકથી નૈવેદ્યનું પ્રોક્ષણ કરે છે પણ શિવ પૂજામાં શંખના અર્ઘની મનાઈ છે, ત્યારે કહેશે કે શંખ શાસ્ત્રમાં પવિત્ર ગણેલ છે ત્યારે મૃગ ચર્મ વ્યાઘ્ર ચર્મ વિગેરે ચર્મો પણ પવિત્ર ગણેલાં

છે તેમ જ મૃગનાં શ્રૃંગ સાવર શ્રૃંગ એ બધાં પવિત્ર ગણેલ છે છતાં પોતાનું ઢાંકી અન્ય દેવની નિંદા કરવી એ વૈષ્ણવોના સંસ્કાર બંધાએલા છે માટે સ્માર્તી પ્રજા ભોળાઇ જઇ બીજા ધર્મમાં વટલે નહિ અને શિવનિષ્ટ રહે એટલા માટે જ આ પરિહાર કરવાની જરૂર પડી છે. इति शिवम् ।

ઉપર દર્શાવેલા શિવજીના વસ્ત્રાભુષણાદ્યુપકરણ બાબતના આક્ષેપનો પ્રતિક્ષેપ કરવામાં આવ્યો છે તેતો (तद्भाषयोत्तरंब्रूत) એ ન્યાયથી આક્ષેપ્તાની ભાષાને અનુસરીને કરવામાં આવ્યો છે ને વાસ્તવિક ઉપાસ્ય પરંતત્વ સદાશિવ વિગ્રહ તો બે ભુજ અને પાંચ વર્ષના વય સ્વરૂપ નિત્યાનંદઘન વિગ્રહ છે અને તે સ્વરૂપનું આયુધ ભૂષણાદિક શિવોત્કર્ષ પ્રકરણમાં વર્ણવેલાં છે તે જ સ્વરૂપ ઉપાસ્ય છે તેમ આગળ કહેલું છે ત્યારે વાદિ વૈષ્ણવોએ ઊપ સ્થાપિત દૂષણની સાથે અમારે કશો સંબંધ નથી પરંતુ અજ્ઞાની શિવભક્ત પ્રજાને ઉપર દર્શાવેલા દોષનું દૂષણ બતાવી વાદી વૈષ્ણવો પોતાના ધર્મમાં વટલાવે છે તેવા અબુદ્ધ શિવભક્ત પ્રજાને માત્ર જાણવા ખાતર પરિહાર કર્યો છે.

વાદિ વૈષ્ણવોએ ઊપસ્થાપિત કરેલા ચર્મામ્બર કપાલમાલા આદિક ઉપકરણ સાથે ઊંપાસ્ય પરમતત્વ સદાશિવજીનો કાંઈપણ સંબંધ નથી આદિ ગુણ મૂર્તિ મહારૂદ્રના, પ્રાસંગિક, અંશાવતાર, નિલલોહીત, શૂલપાણી, નિલકંઠ, કાલાગ્નિરૂદ્ર વિગેરે અવતારી રૂદ્રભેદ છે તેઓનો તે ઉપકર્ણ છે અને તેમ જ પુરાણમાં કોઇ જગ્યાએ રૂદ્રનો અપકર્ષ પ્રતિપાદન કરેલ છે તે પણ (असंख्याता-सहस्राणि ये रुद्रा अधिभूम्याम्) ઈત્યાદિ મંત્ર વર્ણ પ્રતિપાદિત અ-સંખ્યાત રૂદ્ર ગણોના અધ્યક્ષ કાર્યોપાધિક રૂદ્ર વિષય છે કારણો-પાધિક રૂદ્ર વિષય નથી પરંતુ વાદી વૈષ્ણવોના જ—

(नाममात्राच्च प्रमितव्यं) એ મત પ્રમાણે કાર્ય કારણની અભેદ દૃષ્ટિથી પુરાણમાં એકજ નામથી કાર્ય કારણનો વ્યવહાર કરેલો છે તેથી મંદ બુદ્ધિઓથી કાર્ય કારણ અને પરમ કારણનો

ભેદ જાણી શકાતો નથી અને ઉપાસ્ય તત્વવેત્તાની ગુરૂ પરંપરાથીજ જાણી શકાય.

એટલું જ નહીં પણ પરમ તત્વ—

(नते गिरित्राखिललोकपाल विरंचिवैकुंठ सुरेंद्रगम्यम्)

ઈત્યાદિ પરાભિમત પ્રમાણ વાકયોથી વિષ્ણુ આદિકને પણ દુર્વિજ્ઞેય છે તેથી કાર્યદ્વારા કારણની ઉપાસના શાસ્ત્ર બતાવે છે તે બાબત સ્કંધપુરાણમાં લખ્યું છે.

कानिचिद्वेदवाक्यानि ब्राह्मणा वेदवित्तमा विष्णु मूर्त्तिम् समाश्रित्य शिवे परमकारणे पर्यवस्यन्ति विप्रेंद्रा तथान्यानि च कानिचिद् रुद्रमूर्तिं समाश्रित्य तथा वाक्यानि कानिचिद् ब्रह्ममुर्तिं समाश्रित्य)

ઈત્યાદિ વાકયોએ કરીને વિષ્ણુ, રૂદ્ર, બ્રહ્મા, સૂર્ય, ઇન્દ્ર, અગ્નિ, આદિ મૂર્તિદ્વારા વેદ, પરમકારણ, સદાશિવ , વિશે પરિવસાન પામે છે અર્થાત્ કાર્યદ્વારા કારણ સ્વરૂપ વેદ દર્શાવે છે. સાક્ષાત્ દર્શાવી શકતા નથી આ પ્રકરણની સમાપ્તી કરતાં

(एवं मूर्त्यभिधानेन द्वारेणैव मुनिश्वराः प्रतिपाद्यो महादेवः स्थितः सर्वेषु वस्तुषु)

એ પ્રકારે સ્કંદપુરાણના પ્રકરણનો ઉપસંહાર છે અર્થાત ઉપર દર્શાવેલી તિઓના અભિધાન દ્વારાથીજ મહાદેવજી (સદાશિવજી)નું પ્રતિપાદન થઇ શકે છે સાક્ષાત વેદે પણ કહી શકતા નથી તેનું કારણ એ છે જે વેદ મહેશ્વરજીનો નિશ્વાસરૂપ છે અર્થાત મહેશ્વરજીનું કાર્ય છે તે પોતાના કારણ મહેશ્વરને સાક્ષાત શી રીતે જાણી શકે તે વાત વેદ પોતે જ કહે છે,

(कोऽद्धा वेदस क इह प्रवोचत् कुत आयाता कुत इयं विसृष्टि अर्वाग्देवा अस्य विसर्जने नाथ कोवेद यत आबभूव)

ઇત્યાદિ, (परमे व्योमन् सोऽङ्गवेद यदि वा न वेदेति)

इत्यंता ऋगुस्वयमेव परम कारणस्य दुर्विज्ञेयतां प्रतिपादयतीति नात्र कश्चिदतिशय ईतिदिक्.

॥ सदाशिवायाऽस्तु सदा शिवोनः ॥

ઇતિશ્રી શિવભક્તિ કલ્પલતાયાં ભગવદ્દભક્તિ નિરૂપણું નામ અષ્ટમં પ્રકરણું સમાપ્તં. ॥

स्वामि स्वामिनी प्रकरण ९.

આઠમા ભગવતભક્તિ પ્રકરણમાં ઉપાસનાનું નિરૂપણ કર્યું અને હવે ક્રમ પ્રાપ્ત ઉપાસ્ય સ્વરૂપનું નિરૂપણ આ નવમા પ્રકરણમાં કરીએ છીએ.

श्रीकृष्ण भगवान तथा राधिकाजोनां स्वरूप तथा चारित्र वर्णन.

આ પ્રકરણ લખવામાં પ્રકૃત વાદિઓએ મને બલાત્કારથી પ્રવૃત્તિ કરાવી છે કારણ કે પ્રકૃત વાદીઓ ઘણા દીવસથી અદ્વૈત આચાર્ય, અદ્વૈત સિદ્ધાંત સ્માર્ત પ્રજા, શિવજી, રૂદ્રાક્ષ–ભસ્મ, અને વર્તમાન અમારા શ્રી શારદાપીઠના આચાર્ય શ્રી વિગેરેને વિના કારણ અતિ કુત્સિત ભાષામાં તિરસ્કારના શબ્દના વર્ષાદ વરસાવવા માંડયા છે તે કોઈ એકેક વ્યક્તિ નથી પણ અધ્યક્ષ વિગેરેથી નિયમિત વૈષ્ણવ પરિષદમાં હજારો માણસોના સમુદાય વચ્ચે કેળવાયેલા વ્યાખ્યાતાઓના મત

દુરાગ્રહરૂપ પિત્ત પ્રકોપથી નીકળતા વિષશ્વાસ મિશ્રીત વૈખરી વાણી વિલાસ છે

નંદુરબારના વૈષ્ણવ પરિષદમાં ભારતવર્ષની બ્રહ્મ ક્ષત્રાદિ સમસ્ત સ્માર્તિ પ્રજાને પદ્મપુરાણોક્ત આસુરી જીવ ઠરાવ્યા સુરતના વૈષ્ણવ પરિષદમાં અમારા શ્રી શારદાપીઠના પૂજ્યપાદ વિદ્યમાન આચાર્યશ્રીના સામો તિરસ્કારનો ઠરાવ મિ. સુંદરદાસ સોલિસિટરે પ્રસાર કર્યો મી. રણછોડદાસ વનરાવનદાસ પટવારીએ પોતાના પુષ્ટિમાર્ગ સિદ્ધાંત નામના પુસ્તકમાં શ્રી શારદાપીઠના અમારા આચાર્યશ્રીને ઊદ્દેશી ચાંડાલ શબ્દ વાપર્યો છે મી૦ લલુભાઇ પ્રાણ-વલભદાસે વલભચરિત્ર નામના પોતાના પુસ્તકમાં શ્રી આદ્ય શં-કરાચાર્ય મહારાજને તપોધનના પુત્ર લખ્યા છે અને નિહાર ભાસ્કર આદ્ય શંકરાચાર્યને અદ્વૈત સિદ્ધાંત અને શ્રીશારદા-પીઠના શ્રીશંકરાચાર્યને ગાળ પ્રદાનથી જ ભરેલા છે.

એ બધાના લેખકો કેળવાયેલા સાક્ષર વર્ગ છે અને કાય-દાના હિમાયતી મોટા મોટા હુદ્દાદાર છે એતો હાલ વર્તમાન્ પુષ્ટિમાર્ગિઓના સ્વભાવનું વૃત્તાંત દેખાડયું.

પુષ્ટિમાર્ગના પ્રવતક શ્રીમાનવલભ દિક્ષિતજીએ એક કાલ્પ-નિક આખ્યાયિકા ઊભી કરી આચાવાદી મ્લેચ્છ ધોબીના પેટના છે એમ લખેલું છે. આવા શબ્દો ભક્તિમાર્ગના મહાપ્રભુજી અને પુરૂષોતમરાયજીજ વાપરી શકે બીજા મનુષ્યોથી એવા અસભ્ય શબ્દો એક મહાનભાવ પુરૂષને ઉદ્દેશીને વાપરી શકાય નહીં તેથી એવા શબ્દો વાપરનારની યોગ્યતા કેટલી છે તે જણાવી આપે છે ને શ્રી વિઠ્ઠલ દિક્ષિતજી તો પોતાની યોગ્યતા કાંટામાં જોખી નક્કી કરી આપે એવા શબ્દ શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય મહારાજ શ્રીને ઉદ્દેશીને પોતાના વિદ્વન મંડનમાં ને અષ્ટાક્ષર વિવરણ નામના પુસ્તકમાં વાપરેલા છે પરંતુ પ્રસ્તુત પુષ્ટિ ભક્તિસુધામાં વઠ્ઠલેશજીના સંસ્કૃત પત્ર છાપ્યા છે. તેની ને વિદ્વન મંડળની સંસ્કૃત ભાષા એક મળતી નથી એમ અમને લાગે છે તો સ્વામિ-

નારણુના સત્સંગ જીવન નામનો ગ્રંથ ધ્રાંગધરાના હવે ક્રિપાશંકર ગોપાલજી શાસ્ત્રીએ બનાવી આપ્યો છે તેમ વિદ્વન મંડનને પણ બીજાએ બનાવી આપ્યું હોય તો શ્રીમાન વિઠલેશજીનો દોષ ગણાય નહીં.

ગમે તેમ હોય પણ ભક્તિમાર્ગના મૂલ પુરૂષથી લઈ વર્તમાન ઘટી પર્યંતના ભક્તિમાર્ગિઓ નિરપરાધિ સ્માર્ત પ્રજા તેના ઇષ્ટદેવ શિવજી, અને તેમના આચાર્ય, ને રૂ ાક્ષ, ભસ્મ, વિગેરેનો જાહેર રીતે અસહ્ય તિરસ્કાર કરતા આવ્યા છે તે ઘણું સહન કર્યું પણ હવે સહન થતું નથી મગજ ફરી જાય છે માથા ઉપર પાણી આવ્યું. એટલે હવે નૌકા કર્યા વિના છટકો નથી કેમકે ભક્તિમાર્ગિઓને પરધર્મનો તિરસ્કાર કર્યા વિના રહી શકાતું નથી.

હમણાં સ્માર્ત વૈષ્ણુવના ગાળાગાળી છાપાછાપી કાંઈક શાંત હતી પરંતુ પ્રકૃત વૈષ્ણુવોના શિવ દ્વેષ રૂપિ અગ્નિના તાપથી પિત્ત બેકી ઉઠયું.

(पयःपानं भुजंगानां केवलं विषवर्धनम्)

એટલે સાપને દુધ પાય તો તે કેવળ વિષની જ વૃદ્ધિ કરનાર છે શિવાય સર્પ કાંઈ દુધ પાનારનો ઉપકાર માનનાર નથી આ વાકય ભક્તિમાર્ગિઓને પુરેપુરૂં લાગુ પડે છે કેમકે કોઈએક કલ્પિત મઢિના મહંત ભારતિ નામના દશનામી ગોસાંઇ ભક્તિમાર્ગિઓના મંદીરમાં જઈ તેમના તાંબા પીતળના વાસણુ જેવા વેદ વિહિત પ્રતિષ્ટા રહિત દેવની ધાતુ મૂર્તિને ભેટ મુકી નમસ્કાર કરી પોતે પતિત થઈ ભકિતમાર્ગને માન આપ્યું તેનો બદલો ઉપકાર માનવો તો રહ્યો—! પરંતુ ઉપર દર્શાવ્યા વાકય પ્રમાણે વિષના ભરેલા ઘડાને ઘડા પતિત થનારને ભેટ મળ્યા તેમાં અમારે કશું કહેવાનું નથી જેને જે જોઈતું હતું તે મળ્યું છે પણ પારકી શાહીથી પોતાનું મોઢું કાળું કરી બીજાને અપશુકન કરનાર દુરાચારિના કૃત્યથી આખા ભારત વર્ષની સમસ્ત

સ્માર્તિ પ્રજાને અસહ્ય અપમાન ખમવું પડયું અને સ્માર્તિ પ્રજા ખળભળી ઉઠી તે ખળભળાટનું શમન કરવા અમારે તત્કાળ આ પુસ્તક લખવું પડયું છે.

ભકિતમાર્ગિયોને આ એક નિમિત્ત મળ્યું એટલે લડાઇ ઉભી કરવા તૈયાર થઇ ગયા ને એકદમ ભારતવર્ષના ચારે ખુણે પુળો મુકી દીધો. ઓલવાશે કે નહી તેનો પણ વિચાર ન કરતાં રૂદ્રાક્ષ ત્રિપુંડ્ર ધારી આગ્રહી શિવભકતોનાં મુખ જોવાય તો નાવું પડે એવી જાહેર ખબર પ્રસિદ્ધ કરી દીધી એથી કાંઈ વધારે તિરસ્કારના શબ્દ તેમને શબ્દ કોસમાં જડયા નહી હોય.જડશે કયાંથી બીજા શબ્દ એવા હોય તો કે ભકિતમાર્ગિયો જાહેર કરે છે કે શિવજી એટલા બધા નિષિદ્ધ દેવ છે કે જેના ભક્તનાં મોઢાં જે કોઈ જુએ તેને સ્નાન કરવું પડે આ વાત કોઇ ખરો શિવભક્ત વાંચે કે સાંભળે તો તુરત જ તેના પ્રાણ નીકળી જાય અગર મારૂં મરૂં એવો પ્રસંગ આવે એ વાત શાસ્ત્રસિદ્ધ છે તે સાતમા શિવનિંદા પ્રકરણમાં દર્શાવેલ છે કે—

ઉમા ભગવતીએ શિવજીને હાસ્યમાં કાંઈ અવજ્ઞા વચન કહ્યાં તે સાંભળી--વિષ્ણુભગવાને કોપાયમાન થઇ મારૂં મરૂં એ સ્થિતિ કરી મુકી હતી.

અમારે પણ પાપી પ્રાણ જાતો નથી. એ કહેવત પ્રમાણે સ્થિતિ થઇ છે કેમકે પરા પૂર્વથી દૈત્યાવેશી પાપી પ્રાણીયોની શિવ નિંદા સાંભળવા કરતાં જલદી શરીરનો અંત–આવે તે સારૂં. આ પ્રકારે અમારા અંતઃકરણમાં અસહ્ય પીડા થઇ અને સદાકાળથી અમારા ઇષ્ટદેવ સદાશિવને આવી હલકામાં હલકી કોટીમાં મુકનારને અમે કાંઈ પણ કરી શકયા નથી હજુ કંઇ કરીએ તેમ નથી.માત્ર શિવભકતોને શાંત પમાડવા માટે શિવનીંદકોના ઉપાસ્ય દેવનાં સ્વરૂપ શું છે અને શિવનીંદકો કેવી રીતે પ્રજાને છેતરે છે ને શિવનીંદકોનો બાહેરનો ભાવ કેવો છે અને અંદરનો ભાવ શું છે તે પ્રજાને દર્શાવી. શિવનીંદકોએ પસારેલી જાલમાં ફસાતા અજ્ઞાની

પ્રાણીનો કાંઇ બચાવ થાય તેટલા પુરતું કાંઈ કરી શકીએ એમ છે.

પરંતુ અદ્વૈતાચાર્યે અને સ્માર્તિ પ્રજાએ ભકિતમાર્ગિઓનો કંઇ પણ અપરાધ કર્યો નથી અદ્વૈત સિદ્ધાંત સ્થાપન થયો તે વખત ભકિતમાર્ગના પ્રવર્તકના વૃદ્ધ પ્રપિતામહનો પણ જન્મ ભૂલોકમાં અસ્તિત્વ ધરાવતો નોહોતો અર્થાત અદ્વૈત શાસ્ત્રમાં ભકિતમાર્ગ વિરૂદ્ધ કંઇ પણ ઉલ્લેખ થવાનો સંભવ નથી ને છે પણ નહીં તેમ જ અદ્વૈતશાસ્ત્ર કોઈ એકદેશી દેવની ભક્તિ ઉપાસના પ્રતિપાદક નથી જેથી તેમનું તે તરફ કટાક્ષ કરવો પડે એટલે અદ્વૈત શાસ્ત્ર અદ્વૈતાચાર્ય એતો ભકિતમાર્ગિઓના અપરાધથી દૂરજ છે.

સ્માર્તિપ્રજા એકદેશી નથી એતો જગજાહેર જ છે ને સ્માર્તિ પ્રજાના કોઇ પણ માણસોએ ભક્તિમાર્ગનું ખંડન કર્યું ન હતું ને ઊલટા સહાય કરતા આવતા હતા ને સ્માર્તિ પ્રજાનો સહાય ન હોત તો ભકિતમાર્ગ હજુ સુધી અસ્તિત્વમાંજ ન હત.

ભકિતમાર્ગ તો શું પણ સમસ્ત કલ્પિતપંથ સંપ્રદાયને સ્માર્ત પ્રજાની સહાયતા છે સ્માર્ત પ્રજા કલ્પિતપંથવાળી પ્રજાસરખી એકદેશી હોત તો કાંઇ પણ પંથ કે સંપ્રદાય ચાલી શકત નહીં જેટલા કલ્પિત વૈષ્ણવ સંપ્રદાય છે તે બધાના પ્રવર્તક મુળ પુરૂષ સ્માર્ત છે ને તેમના ચલાવેલા પંથમાં ભરતિ થનારા એ પણ મૂળ સ્માર્તજ છે છતાં પુષ્ટિમાર્ગના બેચાર વણિક ગ્રહસ્થો ૩ાા ચોપડી ભણ્યા એટલે આવા કુત્સિત લેખ પ્રસિદ્ધ કરી સ્માર્તિ પ્રજાનો તિરસ્કાર કરવા લાગ્યા ત્યારે તે પ્રજાના ધર્માચાર્યને તે તરફ લક્ષ આપવાની જરૂર પડી હશે.

હવે એ કલ્પિત પંથવાળાઓના પુસ્તકમાં ચાંડાળ શુદ્ર પાખંડી અસ્પૃશ્ય વિગેરે અસંખ્ય કુત્સિત શબ્દો લખેલા છે તેઓના મૂળ પુરૂષોને લાગુ પડે છે તે એવા કે—

(शंखचक्रोर्ध्वपुंड्रादि रहितं ब्राह्मणाधमः
सजीवन्नेव चांडाळो मृतश्चश्वाभि जायते)

ઇત્યાદિ નારાયણ સાર સંગ્રહ શ્રી વૈષ્ણવિ—

(त्रिपुंड्रं शूद्रकल्पानाम् शूद्राणांचविधीयते
त्रिपुंड्रधारणाद्विप्रो पतत्येवनसंशयः)

ઉર્ધ્વ પુંડર માર્તંડ પુષ્ટિમાર્ગિ—અર્થ શંખ ચક્રની ગર્મછાપ, ઉભો ટીલો, અને આદી શબ્દથી નામ, મંત્ર, ને પુજા, એ પાંચ સંસ્કાર રહિત જે બ્રાહ્મણ તે અધમ સમજવા અને એતો જીવતા ચંડાળ છે તે મુવા પછી કુતરા થાય—ત્રિપુંડ્ર તિલક એ શુદ્ર જેવાને તથા શુદ્રને માટે છે ને ત્રિપુંડ્ર ધારણ કરવાથકી બ્રાહ્મણો પતિત થાય છે હવે એ તપ્ત મુદ્રાંગ તથા શીત મુદ્રાંગના મત પ્રવર્તક અને ચાલક અને તેમાં ભરતી થનાર તે તમામનો પીતા પીતામહ પ્રપિતામહ વૃદ્ધ પ્રપિતામહ વિગેરે પૂર્વજો સ્માર્ત છે તો તેમના જ વાકય પ્રમાણે ચાંડાળ ને શુદ્ર ઠરશે ચાંડાળની સંતતિ ગર્મ છાપ ને શીત છાપ વિગેરે પંચ સંસ્કાર કે સમર્પણ કરાવી બ્રાહ્મણોત્તમ થયા હશે તો ભલે થાઓ તેમાં કોઇને વાંધો લેવાનું કારણ નથી પરંતુ જે કલ્પિત પંથમાં દાખલ થઇ બ્રાહ્મણોત્તમ થનારના વડીલો મરી ગયા છે તે ઉપર દર્શાવેલા વાકય પ્રમાણે કુતરા થયા હશે કે પતિત થયા હશે તો તેઓને માટે આ બ્રહ્મ થનારાઓ કાંઇક દયા લાવશે કે નહીં: એ પ્રશ્ન છે.

પરંતુ એ પ્રશ્ન ગુંચવણ ભરેલો છે કેમકે મરી ગએલાઓને ગરમ છાપ કે શીત છાપ વિગેરે શી રીતે થઇ શકે હાય હાય ત્યારે તે મરી ગએલા ચાંડાલ જ રહેશે કે શું શ્વાનયોની તેમની મટવાની આશા નથી કેશું ને ત્રિપુંડ્રથી પતિત થએલા પૂર્વજો પતિત જ રહેશે કે આ સ્થળમાં પ્રશ્ન બીજો એ ઉપસ્થિત થાય છે કે એ કલ્પિત પંથવાળા પોતાના પૂર્વજોનાં શ્રાદ્ધ કરતા હશે કે નહી ને જો કરતા હશે તો પતિત ચાંડાળ વિગેરે જે થઇ

ગયા હોય તેમને તો શાસ્ત્ર પ્રમાણે ઘટસ્ફોટ માત્ર વિધિ થાય છે ત્યાર પછી શ્રાદ્ધ વિગેરે થતા જાણવામાં આવતું નથી ત્યારે હવે એ કલ્પિત પંથવાળાના પૂર્વજોની શી દશા એ કાંઇ પણ શાસ્ત્ર સંસ્કારવાળા હોય તેમણે તે વિચાર કરવાનો છે.

આતો સામાન્ય વાત દર્શાવી હવે પ્રકૃત વાદિ વૈષ્ણવોની વિશેષ વાત દર્શાવીએ છીએ.

શ્રીમાન વિઠલેશજીના અષ્ટાક્ષર વિવરણના ગુજરાતી ભાષાંતર છાપ્યાં છે તેમાં માયાવાદિને બ્રહ્મરાક્ષસ લખ્યા છે અને પદ્મપુરાણ-નો હવાલો આપી જેના અંગમાં રૂદ્રાક્ષ હોય તે ચાંડાળ જેવા છે અજાણમાં તેને અડકાઇ જવાય તો લુગડા શીખે સ્નાન કરવું પડે એમ લખ્યું છે શ્રી વલભાબ્દ (૪૩૯) સંવત ૧૯૯૯ આશાડ માસના પુષ્ટિભક્તિ સુધામાં શ્રીમાન ભારત માર્તંડ ગટુલાલજીના વાકયનો હવાલો આપી રૂદ્રાક્ષ ત્રિપું ધારી શિવદિક્ષાના આગ્રહી તે અસ્પૃશ્ય છે. અને તેના મુખ જોવાઈ જાય તો સ્નાન કરવું પડે એમ લખ્યું છે. જેને માટે આ ગ્રંથનો જન્મ થયો છે.

હવે પુષ્ટિમાર્ગના મુળ પુરૂષ શ્રીમાન વલ્લભદીક્ષીતજીના પૂર્વજો માયાવાદી શૈવ દિક્ષાના આગ્રહી રૂદ્રાક્ષ ત્રિપુંડૂ ધારી બ્રાહ્મણ છે એ વાત પ્રત્યક્ષ સિદ્ધ છે કેમ કે શ્રીમાન વલભ દિક્ષિતજીના પૂર્વજોનો વંશ હાલ આંધ્ર દેશમાં વિદ્યમાન છે તે માયાવાદિ રૂદ્રાક્ષ ત્રિપુંડૂધારી શુદ્ધ વૈદિક શૈવ દિક્ષા દિક્ષીત બ્રાહ્મણો છે ગાયત્રિ દિક્ષા તે જ વૈદિકી શૈવ દિક્ષા છે તે માયાવાદી રૂદ્રાક્ષ ત્રિપુંડૂધારિ શૈવ દિક્ષાવાળાના સંતાન શ્રીમાન વલભ દિક્ષતજી છે અને શ્રીમાનના સંતાન શ્રીમંત ગોસ્વામિઓ માયાવાદિ રૂદ્રાક્ષ ત્રિપુંડૂધારી તૈલંગા શૈવ બ્રાહ્મણોની કન્યા લાવે છે અને તેણીનાં સંતાના હાલના ગોસ્વામિઓ છે તે તરફ પુષ્ટિ ભક્તિસુધાના લેખકનું ધ્યાન ખેંચીએ છીએ.

વિશેષમાં પુષ્ટિ ભક્તિસુધાનાના લેખકના પોતાના પિતા, પિતામાહ, આદિ પૂર્વજો રૂદ્રાક્ષ ત્રિપુંડધારિ શૈવ હશે નિદાન

ખાન પાન કન્યા લેવડ દેવડ પણ અસ્પૃશ્ય શૈવ બ્રાહ્મણો સાથે જ હશે વારૂ એ તો હો કે ન હો પરંતુ અસ્ટાક્ષર વિવરણના લેખ પ્રમાણે રૂદ્રાક્ષ ધારી ચાંડાળ ને પુષ્ટિ ભક્તિસુધાના લેખ પ્રમાણે અસ્પૃશ્ય ત્રિપુંડ્ રૂદ્રાક્ષ ધારી શૈવ બ્રાહ્મણોના પરંપરાના સંતાન તથા માયાવાદી બ્રહ્મરાક્ષસ ત્રિપુંડ ધારી બ્રાહ્મણોના કન્યા વંશજો પુષ્ટિ ભક્તિસૂધાના લેખકનો ગુરૂ તો અવશ્ય હોવા જ જોઇએ એ વાત ખરી હોય તો પોતાના ગુરૂના ચર્ણ સ્પર્શ જુઠણ પ્રસાદ ચર્ણ તીર્થ તાંબુલ ચરવણ લેવાય કે નહીં હા કહો તો લેનાર કેવા બ્રાહ્મણોત્તમ કહેવાય અને ના કહે તો તેમના ગુરૂ કેવા પ્રકારના બ્રાહ્મણ કહેવાય એ વાતના ખુલાસા થવાની જરૂર છે કેમકે પ્રજા છેતરાતી રહે.

વળી પુષ્ટિમાર્ગના ચાલક કેટલાક શ્રીમંત ગોસ્વામિઓ શિવજીને પુષ્ટિમાર્ગના પ્રવર્તક બીજા આચાર્ય માને છે પુષ્ટિમાર્ગનો પહેલો આચાર્ય પુર્ણ પુરૂષોત્તમ વિષ્ણુ ભગવાન શૈવ દિક્ષા દિક્ષિત રૂદ્રાક્ષ ત્રિપુંડ ધારી છે એમ બીજા પ્રકરણમાં સાબીત કર્યું છે આ પ્રકારે પુષ્ટિમાર્ગના પહેલા ને બીજા આચાર્ય રૂદ્રાક્ષ ત્રિપુંડ ધારી હોવાથી એ મત ખરા હોય તો તેમને તે બંન્ને અસ્પૃશ્ય છે વળિ શ્રીમાન વલભ દિક્ષિતજીના સાક્ષાત ગુરૂ ૭૦૦ વર્ષના આયુષ્યવાન મહા તપોનિધી શ્રી બિલ્વમંગળજી પોતે પણ શૈવ છે જુવો—

(शैवावयं नखलु तत्र विचारणीयं पंचाक्षरी जपपरानितरां तथापि ॥ चेतोमदीय मतसी कुसुमाव भासम् स्मेराननं स्मरति गोपवधु किशोरं ॥)

શ્રીકૃષ્ણ કર્ણામૃત શ્રી બિલ્વમંગળ વિરચીત છે તે માંહેલા આ વાકય છે આ વાકયથી શ્રી બિલ્વમંગળ શૈવ છે અને પંચાક્ષર મંત્ર જપવામાં તત્પર છે એમ સ્પષ્ટ સિદ્ધ થાય છે એટલે પુષ્ટિ માર્ગિઓના મત પ્રમાણે માયાવાદી બ્રહ્મ રાક્ષસ અને શૈવ

દિક્ષાવાળા શ્રીમાન બિલ્વમંગળજી સાક્ષાત શ્રીમાન વલભ દિક્ષતજી-ના ગુરૂ છે આ તમ પ્રમાણે શ્રી વિષ્ણુ ભગવાન પુર્ણ પુરૂષોતમથી આરંભી શ્રી બિલ્વમંગળ પર્યંત વાદી વૈષ્ણુવોના આચાર્ય પરંપરાના પુરૂષો શ્રીમાન લક્ષમણ ભટ પર્યંત પિતૃ પરંપરાના પુરૂષો માયાવાદી શૈવ દિક્ષાવાળા રૂદ્રાક્ષ ધારી છે એટલે તેઓ બધા દર્શાવેલા પુષ્ટિ માર્ગીઓના પુસ્તકના લેખ પ્રમાણે અસ્પૃશ્ય અને ચાંડાળ કોટીમાં આવી જાય એ પ્રકારે પુષ્ટિમાર્ગિઓના કંઠી તિલક મુદ્રા મંત્ર સેવા પ્રસાદ ભક્ષણ ગુરૂ ચર્ણ સ્પર્શ ને ચર્ણ તિર્થ ગ્રહણ વિગેરે પ્રક્રિયાવાદના પુસ્તકોના લેખમાં અતિ પ્રસંગ દર્શાવ્યો છે હવે સેવ્ય સ્વરૂપ વિષયમાં જે અતિ પ્રસંગ આવે છે તે આ પ્રકરણમાં દર્શાવિશું તેમના મુખ્ય સિદ્ધાંત શુધા દ્વૈતવાદ તે બાબત અણુભાષ્ય ચૂર્ણ સમીરણ એ નામનો ગ્રંથ પૂજ્ય પાદ શ્રી તરફથી લખાય છે તેમાં વિચાર થશે.

હવે વાદી વૈષ્ણુવો કદાપી શંકા લાવશે કે શ્રીમાન લક્ષમણ ભટ્ટ પર્યંતના હમારા પ્રભુજીનો પિતૃ પરંપરા માયાવાદી શૈવ હતા તેનો કોઈ પુરાવો નથી એમ કહેવું તેમનું ભૂલ ભરેલું છે કેમકે મી. લલુભાઇ પ્રાણુવલભદાસ વિગેરે વણિક ગ્રહસ્થોના પુસ્તકોમાં વિષ્ણુ સ્વામીના વંશજો તથા શ્રીમાન વલભ દિક્ષિત-જીના વંશજો માયાવાદી જણાવેલ છે આતો એક ઉપહાસ તરીકે ઉત્તર આપ્યા છે પારમાર્થિક રીતે તો વૈદિક પ્રક્રિયાના અજ્ઞાન મુલ એ શંકા છે કારણ કે ગાયત્રિ દિક્ષા એજ શુદ્ધ વૈદિકી શૈવ દિક્ષા છે કારણ ગાયત્રિ શિવ દૈવત્ય છે શિવ દૈવત્ય અગર વિષ્ણુ દૈવત્ય મંત્રની દિક્ષા લે તે શૈવ વૈષ્ણુવ કહેવાય છે ને ગાયત્રિ મંત્ર શિવ દૈવત્ય હોવાથી જ વૈષ્ણુવો ગાયત્રિવાળા બ્રાહ્મણોને અસ્પૃશ્ય માને છે અને સૌર, શાક્ત, ગાણેશ વિગેરે નામે પણ તે તે દેવના મંત્ર દિક્ષા પ્રયુક્તજ છે એમાં કોઇનો વિવાદ નથી ત્યારે બ્રાહ્મણ માત્રને ગાયત્રિ મંત્રની દિક્ષા થાય છે તે વિના બ્રાહ્મણ થઇ શકે નહીં ગાયત્રિ શિવ દૈવત્ય છે એમાં કોઇથી

પણ તકરાર લાવી ચકાય તેમ નથી કારણ કે (भर्गोदेवस्य) એ भर्गोदेव શિવજીજ છે બીજા કોઇ નથી અને બીજા હોઈ શકે પણ નહીં.

કારણકે—हर स्मरहरोभर्गःत्र्यंबकास्त्रि पुरांत्तकः)

ઇત્યાદિ અભિધાનીકસ્મૃતિના પ્રમાણથી ભર્ગ એ નામ શિવજીમાં રૂઢ છે તેથીજ ગાયત્રિ દિક્ષાવાળા બ્રાહ્મણો શિવો-પાસક હોય છે ઘણા ખરા બ્રાહ્મણો તો શિવ પુજા કર્યા વિના અન્ન જળ લેતા નથી શિવ પુંજા કર્યા વિના કોઇથી અન્ન જળ લેવાય પણ નહીં તે વાત પ્રકરણમાં પદ્મ પુરાણના પ્રમાણથી દર્શાવેલ છે હા ગાયત્રિ દિક્ષાવાળા માત્ર શિવ દિક્ષાના આગ્રહી છે અને ગાયત્રિ દિક્ષા ભસ્મ રૂદ્રાક્ષ વિના થાય નહીં તે ચોથા તથા પાંચમાં પ્રકરણમાં સિદ્ધ કરી દેખાડયું છે.

આ પ્રકારે રૂદ્રાક્ષ ભસ્મ સહિત ગાયત્રિ દિક્ષા તેજ મુખ્ય વૈદિક શૈવ દિક્ષા છે તેથી ગાયત્રિ દિક્ષાવાળા સમસ્ત ત્રૈવર્ણિક શુદ્ધ વૈદિક શૈવ છે ને તેઓને શૈવ થવા માટે કોઈ અવૈદિક મંત્ર દીક્ષા લેવી પડતી નથિ વાદિ વૈષ્ણવો ચતુર્વેદ વિત્ દષટ કર્મનિરત હોય તોપણ

(श्री कृष्ण शरणं मम)

[सहस्त्रपरि वत्सर कालजात कृष्णवियोग जनित तापक्लेशानन्दु तिरोभावोहं भगवते कृष्णाय देह प्राणेन्द्रियान्तः करणानिततधर्माश्च दारागार पुत्राप्तवितेहा पराण्यात्मनासह समर्पयामि दासोहं कृष्ण तवास्मि]

એ બે કલ્પિત સંસ્કૃત ગદ્યની દિક્ષા આપી પોતાના ધર્મમાં વટલાયા વિના કોઈપણ કામમાં નોકરી રાખતા નથી બ્રાહ્મણ તો શું પણ પાણી ભરનારા વાસણ ઊટકનાર ઘાટી સુધી તે તેજ કલ્પિત મંત્ર દિક્ષા આપ્યા વિના કોઇપણ માણસને ઉપ-

યોગમાં લેતા નથી એટલે ગાયત્રિ દિક્ષા ને વેદાદિકનો અભ્યાસી ષટ કર્મ નિરત બ્રાહ્મણુ અને ઘાટી એ બધા એકજ કોટીમાં વૈષ્ણુવો ગણે છે એમ સમજાય.

નોકરીની વાત તો જુદી રહી પણુ કોઈ વિદ્વાન બ્રાહ્મણુને કથા પુરાણુ વાંચવી હોય અથવા દાન દક્ષણા વિગેરે લેવી હોય તથા પુષ્ટમાર્ગીને ત્યાં ભિક્ષાવૃત્તિ કરવી હોય તો પણુ તેમણે ઉપર બતાવેલો કલ્પીત મંત્રની દિક્ષા લેવી પડે છે સ્માર્તિ બ્રાહ્મણોને શૈવ મંત્રની દિક્ષા લેવા જરૂર નથી તેમજ ગાયત્રિ દિક્ષાથી વ્યતિરીકત અવૈદિક દિક્ષા લેવાનો વૈદિક પ્રજામાં વહિવટજ નથી વૈષ્ણુવો કદાપી ગાયત્રિનો અધિષ્ટાત્રિ દેવતા નારાયણુ છે શિવજી નથી એમ કેહવા માગે તો તે બને નહીં કારણ ભર્ગ એ નામ નારાયણુવાચક થૈ શકે નહીં છતાં પણુ ક્ષણુ ભર કબુલ કરીએ તો પણુ વૈષ્ણુવો તે કબુલ રાખશે નહીં કેમકે વષ્ણુવો ગાયત્રિ દિક્ષાવાંળાને વૈષ્ણુ-વમાં ગણુતા નથી જો ગાયત્રિ વિષ્ણુ દૈવત્ય હોય તો ગાયત્રિ દિક્ષા તેજ વૈષ્ણુવી દિક્ષા ગણુાય એટલે ગાયત્રિ દિક્ષા થયા પછી વૈષ્ણુવી દિક્ષા લેવાની જરૂર રેતી નથિ અને ગાયત્રિ દિક્ષાવાળા તેજ મુખ્ય વૈષ્ણુવ છે એમ બળાતકારે માનવુંજ પડશે પરંતુ કાલ્પનિક વૈષ્ણુવ મતવાલા તો ગાયત્રિ દિક્ષા વાળાને વૈષ્ણુ કેતા નથી તેમજ માનતા પણુ નથી ઊલટ તેઓને અસ્પૃશ્ય માને છે કેમકે વૈષ્ણુવ ગ્રહસ્થોના ઘરના અગર તેમના મંદીરના અગર દુકાનના કામમાં કોઇ બ્રાહ્મણુને નોકરી કરવી હોય તો ખોટાં પણુ કંઠી ટીલા ધારણુ કરવાં પડે છે અર્થાત્ વૈષ્ણુવો વેદ વેત્તા અને સદ્દવર્ત્તની બ્રાહ્મણોને દાનપાત્ર કે પુંજાપાત્ર ગણુતા નથી પોતાના ધર્મમાં વટલેલા ગમે તે પ્રકારના દુર્વર્તની હોય તેને દાનપાત્રને પુજા પાત્ર માને છે એમ તેમના પુસ્તકોથી ને તેમના કહેવા ઉપરથી હમને જણાય છે એટલેથીજ અટકતા નથી પણુ પુષ્ટિમાર્ગના જન્મ થતાં હજારો વર્ષ પેહલાં જ્યારથી વણીક

વિગેરેની જાતી થઇ ત્યારથી પોતપોતાના વંશ પરંપરાથી પુંજાતા આવેલા કુલ ગુરૂ બ્રાહ્મણને વૈષ્ણવોની યજમાન વૃત્તિ કરવી હોય તો ઉપર દર્શાવેલા કલ્પિત સંસ્કૃત ગદ્યની દિક્ષા લઇ કાષ્ટની માલાને લાલ રંગના ઉભા ટીલા કરવા પડે છે આ પ્રકારે વૈષ્ણવ મત પ્રમાણેજ ગાયત્રિ વિષ્ણુ દૈવત્ય નથી એમ સિદ્ધ થાય છે જો ગાયત્રિ મંત્ર વિષ્ણુ દૈવત્ય છે એમ વૈષ્ણવ કહે તો બ્રાહ્મણ માત્રજ વૈષ્ણવજ છે એમ સિદ્ધ થાય તો બ્રાહ્મણોને દેવ સેવા પાકાદિકમાં ઉપયોગ લેવા માટે કલ્પિત્ મંત્રની દિક્ષા આપવાની જરૂર નથી છતાં વૈષ્ણવો પોત પોતાના બનાવટી મંત્રની દિક્ષા ને કંઠી તિલક વિગેરેનું ચિન્હ ધારણ કરાવ્યા વિના કોઇપણ કામમાં ઉપયોગ લેતા નથી છતાં વૈષ્ણવો ગાયત્રિ વિષ્ણુ દૈવત્વ છે એમ કેતા હશે તો તે લોકોને છેતરવા સારૂ જુઠું બોલે છે એમ અમારો મત છે.

આ પ્રકારે વૈષ્ણવનાજ મત પ્રમાણે વેદમાતા ગાયત્રિના દેવતા વિષ્નુ ભ ગાન નથી એમ ઠરે ત્યારે વૈષ્થવો પોતેજ વિષ્ણુ ભગવાનને વેદ ાદ્કાર કરી પોત પોતાના કલ્ધિત મંત્રના અધિષ્ટાત્રી દેવતા ઠરાવે છે એટલે કલ્પિત મંત્રના દેવતા કલ્પિતજ હોય અને કલ્પિત દેવાનો માર્ગ તે પણ કલ્પિત જ હોય એમ અર્થાત સિદ્ધ થાય શિવજી તો વેદ માતા ગાયત્રિ મંત્રના અધિષ્ટાત્રી દેવતા હોવાથી શંકા કલંક રહિત કેવળ વેદ પ્રતિ પાદ્ય દેવ છે અને ગાયત્રિનું રૂપાન્તર પંચાક્ષર મહા મંત્ર તે પણ યજુર્વેદના સમસ્ત શાખાની સંહિતામાં અંતર્ગત હોવાથી તે પણ પરમ વૈદિકજ છે એ બે મંત્રના અધિદેવ એક શિવજીજ છે એ પ્રકારના શિવ મંત્રની શૈવદિક્ષ પરમ વૈદિક છે. રૂદ્રાક્ષ ભસ્મ પણ પરમ વૈદિક પુજ્યાદિ પુજ્ય મહિમાવાળા છે તે ચોથાને પાંચમાં પ્રકરણમાં દર્શાવ્યા છે અને વાદી વૈષ્ણવોના માર્ગ તેમના મંત્ર મંત્ર દેવ અને કંઠી, તિલક, માળા, મુદ્રા, વિગેરે ચિન્હ વિગેરે કલ્પિત છે એમ આ ગ્રંથના વ્યતિત પ્રકરણમાં સ્થળે સ્થળે પ્રમાણ અને યુક્તિથી દર્શાવ્યા છે.

હવે શિવદિક્ષાના આગ્રહી ત્રિપુંડ રૂદ્રાક્ષ ધારિઓના મુખ જોવાઇ જાય તો કલ્પિત વિષ્ણુ દિક્ષાના આગ્રહી અધરામૃત પાન નિષ્ઠ અને રસ વિહાર વૈદુંચ્ય સેવા નિરતોને સ્નાન કરવું પડે એપ્રકારનું દુર્વચન (શ્રી વલ્લભાબ્દ ૪૩૬ અશાડ માસના પુષ્ટિ ભક્તિ સુધામાં) પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે તેના ઉત્તર આ ગ્રંથમાં પ્રત્યેક પ્રકરણોમાં અપાયલા છે છતાં કોઇ અંશ બાકી રહેલો હોય તે વાદી વૈષ્ણવોના સેવ્યનુ તથા સ્વામિનિજીનું સ્વરૂપ અને ચારિત્ર દર્શાવી વ્યાજ સાથે લેવડદેવડનો ચુકાદો આ પ્રકરણમાં કરી એ છીએ એ ચુકાદા વાંચવાથી કોના મુખ જોવાથી સ્નાન કરવું પડે વાદી વૈષ્ણવોનો કે પ્રતિવાદી શૈવોના તે સાક્ષરવર્ગોને સહજ સમજાશે.

આ પ્રકરણમાં સ્વામિનું સ્વરૂપ ને ચારિત્ર પ્રથમ દર્શાવીએ છીએ.

પદ્મપુરાણ. પાતાલખંડ. અધ્યાય. ૭૪.

अर्जुनउवाच.

शंकराद्यैर्विरिंच्याद्यै रदृष्ट मश्रुतंचयत् ।
सर्वमेतत् कृपाम्भोधेः कृपया कथय प्रभो ॥ ७ ॥

श्रीभगवानुवाच.

तस्थानं वल्लभास्तामे वि[illegible]रस्ता द्धशोममे ।
अपि प्राणसमनानां सत्यं पुसां मगोचरः ॥ १३ ॥
उवाच परमप्रेम्णा भक्ताय भ[illegible]त्सलः ।
ततकिंतत् कथनेनात्र द्रष्टव्यंचेत् त्वयाहियत् ॥ १७
यस्यां सर्व समुत्पन्नं यस्यामद्यापि तिष्ठति ।
लयमेष्यतितां देवीं श्रीमत् त्रिपुर सुंदरिम् ॥ १८
आराध्यपरयाभक्त्या तस्मै स्वंच निवे[illegible]य ।

तांबिनतत्प: दातुं नशक्नोमि क ाचन ॥ १९

श्रुत्वैवतद्भगवद्वाक्यं पार्थोहर्षा कुलेक्षणः ।

श्रीमत्या त्रिपुरादेव्या ययौ श्री पादुकालयम् ॥२०

तदैवतत्रगत्वास स्नात्वापार्थस्त थागतः ।

आगतं तंकृतस्नानं न्यास ्द्रार्पणादिकम् ॥ ३८

कारयित्वा ततोदेव्या तस्यवैदक्षणश्रुतौ ।

सद्यः सिद्धि करीबाल विद्या निगदितापरा ॥ ३९

गतोराधा पतिस्थानं यतसिद्धै रप्यगोचरम् ।

ततश्च स उपादिष्ठो गोलोकाद्ध परिस्थितम् ॥ ४९

स्थिरं वायु घृतं नित्यं सत्यं सर्व सुखास्पदम् ।

नित्यंवृं ावनं नाम नित्यं रास महोत्सवम् ॥ ५०

मधुमाध्वीक पानं य न्नाम्नामलय निर्झरः ।

एतच्च फुल्लमुद्यानं वसंते मदनोस्सवं ॥ ५९

आश्चर्य ललनाश्रेष्टा मात्मानंच व्यलाक त ।

विसस्मरच यत्किंचि पौर्वदेहिक मेवच ॥ ७२

समुत्तिष्ठ समागच्छ कामंते साधयाम्यहम् ।

अर्जुनी सावचो ्या श्रुत्वाचात्ममनीषित ॥ १४५

चामरं व्यजनं माल्यं गंधचं नमवच्च ।

ताबूलं दर्पणं पानपात्रं चर्वित पात्र म् ॥ १८६

स्नानं कुर्व वाचैनां सचश्राता तथाकरोत् ।

जलाभ्यंतर मासासौ नरज्ञुनतां गतः ॥ १९४
उतस्थौ यत्रदेवशः श्री मद्वैकुंठ नायकः ॥ १९५

श्री कृष्णउवाच.

धनंजयत्वा माशंसे भवान् प्रियसखोमम ॥ १९६
त्वत्समो नास्तिमेकोपि रहोवेत्ता जगत्त्रये ।
यद्रहस्यं त्वयादृष्ट मनुभूतंच तत्पुनः ॥ १९७
कथ्यते यदि तत् कस्मै शपसे माम् तदार्जुन ।

सनत् कुमारउवाच.

इति प्रसाद मासाद्य शपथैर्जात निर्णयः ॥ १९८
ययौ हृष्टमनास्तस्मात् स्वधामं भूत सस्मृति ॥ १९९

ઉપર દર્શાવેલાં વાકયોનો સ્પષ્ટ અક્ષરાર્થ અત્રે કરતા નથી પણ તે વાકયોના અક્ષરાર્થને અવલંબી ઉચ્ચક ભાવાર્થ જે નીકળે છે તે દર્શાવીએ છીએ પ્રસ્તુત વિષયનાં ઉપયોગી વાકય અંક સાથે દર્શાવ્યાં છે તેમાં જે વાકયો વિસ્તારના કારણથી છોડયાં છે તેનો પૂર્વાપર સંબંધ-કોઈ કોઈ સ્થલમાં ભાષાનુવાદમાં લીધો છે તે વિસ્તૃત આખ્યાયિકા પદ્મપુરાણમાં દર્શીત સ્થલમાં જોઈ લેવું-

ઉપર દર્શાવેલા સાતમા વાકયમાં શિવ બ્રહ્માદિકે જે સાંભળ્યું નહોય ને જોયું નહોય તે મને કહો-હે ભગવન્ આહીરણીયો આપને ઘણી પ્રીય છે એમ આપે કહ્યું હતું તે શિ રીતે ને કઇ કઈ આપને પ્રીય છે વિગેરે અમને કહો એવી અર્જુનની પ્રાર્થના સાંભળી શ્રી ભગવાન આજ્ઞા કરે છે કે અમારૂં સ્થાન ને અમારો વિહાર પ્રાણથી પણ અધિક પ્રીય હોય તોપણ પુરૂષથી જાણી શકાશે નહી.

" અર્થાત સ્ત્રી શરીર પ્રાપ્ત કર્યા સિવાય અમારાં તે સ્થાનાદિક દેખી શકાય નહી માટે આવી ભાંજગડમાં તમારે પડવું નહિ એવી આજ્ઞા થઇ પણ અર્જુને જાણવા માટે આગ્રહ કર્યો ત્યારે શ્લોક ૧૭થી ભગવાન આજ્ઞા કરે છે કે તમારે જાણવાનો આગ્રહ જ હોય તો શ્રી ત્રીપુર સુંદરીને શરણે જઇ તમારો અભીપ્રાય જણાવો ને તે ત્રીપુર સુંદરી વીના એ પદ આપવા હું કદાપી પણ શક્તિવાન નથી. આ ભગવદ વાકયથી શ્રી કૃષ્ણ ભગવાન કૌલા હોવાનો ધ્વનીત થાય છે કેમકે પોતાનો રહસ્ય વિહાર દર્શાવવો એ તો ત્રીપુર સુંદરીની સત્તામા છે પોતાની સત્તામાં નથી. એમ આગળના શ્લોકમાં પોતે ૨૮ આજ્ઞ કરે છે તે પ્રકારે ભગવાનની આજ્ઞા સાંભળી શ્રીઅર્જુને ત્રીપુર સુંદરીને શરણે ગયા એમ વિશમા શ્લોકમાં દર્શાવ્યું છે.

ત્યાર પછી કુલકુંડ નામના સરોવરમાં સ્નાન કરેલા અર્જુનને ન્યાસાદિ વિધિ કરાવી અર્જુનના દક્ષિણ. કાનમાં તત્કાલ. સિધિ આપનારી બાલા વિદ્યાનો ઉપદેશ. શ્રી ત્રીપુર સુંદરીએ કર્યો એમ. ૩૮-૩૯-શ્લોકમાં દર્શાવ્યું છે—

આ સ્થલમાં કુલ કુંડ સરોવર બાલા વિદ્યાનો ઉપદેશ. વિગેરે પ્રક્રિયા કૌલ ગ્રંથને મળતી છે—પછી. ૪૯ ૫૦-એ બે શ્લોકથી. અર્જુન રાધા પતિના સ્થાન પ્રત્યે ગયા. ત્યાંથી ગૌ લોકની ઉપર વાયુના આધારે સ્થિર રહેલ નિત્ય. રાસોત્સવનું સ્થાન વૃંદાવનનાં દર્શન કર્યાં એ પ્રકારનું વર્ણન છે પછી આગળ અર્જુનનો પુરૂષ. ભાવ. મટી જઈ સ્ત્રી થયાનું. ૭૨. મા શ્લોક સુધી વર્ણન છે પછી. અર્જુનને લગતા કથા. ભાગનુ વર્ણન કરી સ્ત્રી શરીરને પ્રાપ્ત થએલા અર્જુને રાસ ગ્રહમાં પ્રવેશ કર્યો ત્યાં ૧૮૩. શ્લોકમાં રાસ મંડપમાં ગોઠવેલા પદાર્થનું વર્ણન કરતાં ચામર. વ્યજન. માલા. સુગંધી તૈલ. અંગરાગ તાબુલ. દર્પણ. પાન પાત્ર, અને ચર્વીત પાત્ર (अन्यतक्री डामवंयघदतत्सर्वंचपृथक्पृथक्) ॥ ૧૮૭ ॥ સિવાય બીજાં પણ ક્રીડાનાં ઉપયોગી વસ્તુ

ઓ જુદી જુદી ગોઠવેલાનું વર્ણન છે ત્યાં પાન પાત્રને ચર્વણુ પાત્ર બતાવ્યાં છે તે કૌલને મળતાં છે કૌલ ગ્રંથમાં મદ્યપાન કરવાનાં વાસણનું સંકેતીક નામ પાન પાત્ર છે ને મદ્યપાન વખતે જે ચાવવાનું ચવેણું હોય છે તે મુકવાના વાસણનું નામ ચર્વણુ પાત્ર કહે છે કૌલ માર્ગીઓ ચર્વણુ એ એક પદાર્થ માનેલો છે તે બાબત કૌલાર્ણવમાં કહેલ છે કે—

(एकेन शुष्कचणकेन घटंपिबामि वापिंपिवामि सहसा लवणार्द्रकेण) એટલે એક સુકા ચણ્યા સાથે એક ઘડો મદ્ય પીઉ ને એક મીઠાવાળા આદુના કટકા સાથે તો આખી વાવડી પી જાવું આતો કૌલ ગ્રંથની વાત છે આ સ્થલમાં મદ્યનું નામ નથી તેથી એ પાન· પાત્ર મધુપાન કરવાનુ સાધન છે એમ અમે કહી શકતા નથી. પણ ચર્વણુ પાત્રના સાહચર્યથી તેવું અનુમાન થાય છે એટલુંજ નહીં પણ કૌલ દીક્ષા વીનાના હોય તે ગોલોકના ઉપરી ભાગ સ્થિત–નિત્યાનંદરૂપ વૃંદાવનમાં રાસલીલામાં દાખલ થઇ શકતા નથી. અને ત્યાં દાખલ થવું એ ભગવતી ત્રીપુર સુંદરીની સત્તામાં છે વિગેરે બાબત અમારા અનુમાનને ટેકો આપનાર છે આ બાબતની વિષેષ સ્પષ્ટતા ભુલોક વૃંદાવન વિહાર પ્રકરણમાં સ્વામીનીજીના સ્વરૂપના વર્ણનમાં સ્પષ્ટ થશે ત્યાર પછી તે રાસ મંડપ અને રાસ ગ્રહ વિગેરે જોઇ મદન વિકારથી વીહ્વલ થઈ ગયેલી અર્જુની (ત્રીપુરસુંદરીની ઉપાસનાથી પાંડવ અર્જુન સ્ત્રી થઇ હતી તે અર્જુનીને જોઇને કૃષ્ણ ભગવાન–તેણીના હાથ. પકડી સમસ્ત ક્રીડ વનમાં એકાંત સ્થાનમાં રમણ કર્યું વિગેરેનું વર્ણન છે એ પ્રકારે અર્જુની સાથે રમણ કર્યા પછી તેનો શ્રમ ઉતારવા માટે પશ્ચિમ સરોવરમાં સ્નાન કરાવવા શારદા દેવીને ભગવાને આજ્ઞા કરી તે આજ્ઞા પ્રમાણે અર્જુની જલની અંદરમાં પ્રવેશ કરતાં સ્ત્રી રૂપ મટી જઈ પુરૂષ રૂપ પ્રાપ્ત થયું ને જ્યાં વૈકુંઠાધિ પતિ ભગવાન બીરાજતા હતા ત્યાં પ્રગટ થયાનું વર્ણન છે.

ત્યાર પછી અર્જુન જુદા પડતી વખત શ્રીકૃષ્ણ ભગવાન

આજ્ઞા કરે છે કે (**कथ्यते यदितत्कस्मै शापसेमान्तशार्जुन**) આવાકયથી જે તેં અમારા રહસ્ય લીલાનો અનુભવ કર્યો ને નજરે જોયું તે વાત બીજાને જો કહેતો તમને અમારા સોગન છે એવા. અર્જુનને સોગન આપી વિદાગીરી કર્યાનું વર્ણન છે આ સ્થલે આ પ્રકરણની સમાપ્તી થાય છે—

આ પ્રકરણના મુખ્ય તાત્પર્ય એટલોજ છે કે ગોલોકના ઉપરી ભાગમાં જે નીત્યાનંદમય વૃંદાવન વાયુના આધારે રહેલ છે જેમાં શ્રીકૃષ્ણ ભગવાન ગોપીકાઓ સાથે નીરંતર રાસ ક્રીડા કરે છે. તે ક્રીડામાં સ્ત્રીરૂપ થઇને દાખલ થવું એજ પુષ્ટિમાર્ગનો પરમ સિદ્ધાન્ત છે, એમ તેમના પુસ્તક ઉપરથી અમને જણાય છે. હવે તે સ્થાનમાં દાખલ થવું એ ભગવતી ત્રીપુરસુંદરીની સત્તામાં છે એમ શ્રીકૃષ્ણ ભગવાને શ્રીમુખથી આજ્ઞા કરેલી છે. અર્જુને શ્રીભગવતી ત્રીપુરસુંદરી પાસેથી કૌલ દીક્ષા લીધાનો સ્પષ્ટ ઉલ્લેખ દેખાય છે. પાનપાત્ર ચર્વણપાત્રનો પણ ઉલેખ દર્શાવેલ છે. એ બધી વાત કૌલ મતને મળતી છે તેથી ભકિતમાર્ગ એ પણ કોઈ કૌલનો જ આવાંતર ભેદ હોવો જોઇએ. એમ અમારો મત થાય છે. પરંતુ પુષ્ટિમાર્ગમાં કૌલ દ્રવ્ય વપરાતો હોય તેમ જ-ણાતું નથી. બીજો ભાગ મળતો આવે એમ જણાય છે—

બીજી એક વાત ખાસ ધ્યાનમાં રાખવાની એ છે કે (**यद्गत्वा ननिवर्ततते तद्धाम परमं मम**) એ ગીતા વાકયમાં કહેલું ધામ એ પદ્મપુરાણ પ્રતિપાદ્ય ગોલોક ઉપરનું વૃંદાવન કે ગોલોક એ બે નથી કેમકે અર્જુન પાછા ફર્યા છે તેજ જો પરમધામ હોત તો અર્જુન પાછા ફરી આવવાનો સંભવ નથી. એથી એ પર સ્ત્રીયો સાથે ગુપ્ત વિહાર કરવાનું કોઈ એકાંત વન છે એમ અમને સમજાય છે અસ્તુ—

આ પ્રમાણે સ્વામિજીનું સ્વરૂપ પદ્મપુરાણ પાતાલખંડ ૭૪ મા અધ્યાયમાં દર્શાવ્યું છે. તે ઉપર બતાવી આપ્યું.

હવે સ્વામિનિજીનું સ્વરૂપ પદ્મપુરાણમાં વર્ણવેલું છે ને દર્શાવીએ છીએ.

ततः सखिजनै स्तस्याः श्वश्रूंसंप्रार्थ्य यत्नतः ।
पक्तुमाहूयते स्वनं ससखि सा यशोदया [२९]

नारदउवाच.

कथमाहूयतेदेवी पाकार्थंतु यशोदया ।
सतोसु.क कर्त्रीषु रोहिणी प्रमुखास्वपि [३०]

॥ वृंदोवाच ॥

पूर्वं दुर्वासप्रसादत्तो वरस्तस्यै महामुने ।
इतिकात्यायनीवत्का च्छ्रुत मासन्मया पुरा ॥ ३१
त्वयायत्पच्यते देवि तदन्नं मदनुग्रहात् ॥
मिष्टंस्य द मृतस्पर्द्धि भोक्तुरायुष्करं तथा ॥ ३२
इत्य.हूय.ते तां .नि.य.शोदा पुत्रवत्सला ॥
आ.ुष्मान्मेभवेत्पुत्रः स्व दुलोभात्तथासती ॥ ३३
श्वश्र्वानुमोदितात्हष्टासापिनंदालयं व्रजेत् ।
ससखी प्रकरातत्र गत्वा पाकंकरोतिच ॥ ३४
कृष्णोऽपि दुग्ध्वागाः कश्चिद्दोहयि त्वाजनैः पराः ।
आगच्छति पितुर्वाक्यात्स्वगृहं सखिभिव्रतः ॥ ३५
अभ्यंगमर्दनं कृत्वा .सैः सस्नापितो मुदा ।
.ौतवस्त्रधरः स्रग्वी चंदनाक्त कलेवरः ॥ ३६
.फालबद्ध चिकुरैर्ग्रीवा भालो..स्फुरन् ।

चंद्रकारस्फुर द्भालतिलकालकरंजितः ॥ ३७
कंकणांगदकेयूर रत्न मुद्रालसत्करः ।
मुक्ताहार स्फुरद्धक्षोमकरा कृतिकुंडलः ॥ ३८
मुहुराकारितो मात्रा प्रविशद्भो जनालयम् ।
अवलंब्यकरं सख्युर्बलदेव मनुव्रतः ॥ ३९
भुंक्तेथ विविधान्नानि भ्रात्राच सखिभि र्वृत ः।
हासय न्विविधैर्हास्यैः सखींस्तैर्ह सतिस्वयम् ॥ ४०
इत्थंभुक्ता तथाचम्य दिव्यखट्टो परिक्षणम् ।
विश्रम्य सेवकैर्दत्त तांबूलं विभजन्नदन् ॥ ४१
गोपवेषधरः कृष्णो धेनुवृंद पुरस्सरः
व्रजवासि जनैः प्रीत्या सर्वैरनुगतः पथि ॥ ४२
पितरं मातरं नत्वा नेत्रां तेना पितंगणम् ।
यथायोग्यं तथा चान्यान्वि निवर्त्यैवनं व्रजेत् ॥ ४३
वनंप्रविश्य सखिभिः क्रीडयित्वा क्षणंततः ।
विहारै र्विविधैस्तत्रवने विक्रीडते मुदा ॥ ४४
वंचयित्वा ततः सर्वान्द्वित्रैः प्रियसखैवृतः ।
संकेतकं व्रजेद्धर्षात्प्रिया संदर्शनोत्सुकः ॥ ४५
सापिकृष्णं वनं यातंदृष्ट्वा स्वगृह मागता ।
सूर्यादि पूजाव्याजनकुसुमाहृतये तथा ॥ ४६
वंचयित्वा गुरून्याति प्रियसंगेच्छ यावनम् ॥

इत्थंतो ब यत्नन मिलित्वा कानने ततः ॥ ४७
वि रैर्विविधै स्तत्रदिनं विक्रीडतो मुदा ।
दोलयांच समारूढौ सखिभिर्दोलितौ क्वचि ॥ ४८
क्वापिवेणुं करन्नस्तं प्रिययापहृतंहरिः ।
अन्वेषयन्नु पालब्धो विप्रलब्ध प्रियागणैः ॥ ४९
हसितैर्बहुधाताभिर्हासितस्तत्र तिष्ठति ।
वसंत वायु नाजुष्टं वनखण्डं दाक्वचित् ॥ ५०
प्रविश्य चंदनां भोभिः कुंकुमादि जलैरपि ।
निषिचतोयंत्र मुक्ते स्तत्पंकैर्लिंपतोमिथः ॥ ५१
सख्योऽप्येवं निषिंचंति ताश्चतौ सिंचतः पुनः ।
बसंत वायुजुष्टेषु वनखंडे सर्वतः ॥ ५२
तत्तकालो चितैर्नाना विहारैः स्वगणैर्द्विज ।
श्रांतौक्वचिद्वृक्षमूल मासाद्य मुनिसत्तम ॥ ५३
उपविश्या सनेदिव्ये मधुपानं प्रचक्र ः ।
ततोमधु मदान्मत्तौ निद्रयामी लितेक्षणौ ॥ ५४
मिथः पार्णीसमालंब्य कामबाण वशंगतौ ॥
रिरं ावशतःकुञ्जं स्स्वलद्धा मनसोपथि ॥ ५५
क्र डतश्चततस्त करिणी युथपोयथा ।
ख्योपे मधुभिर्मत्ता । निद्रयापिमीलतक्षणाः
अभितो मंजुकुंजेषु सर्वा वापोशिश्यिरे .

पृथगेकेन वपुषा ष्णापि गपद्विभुः ॥ ५६

सर्वासांसंनिधिंगच्छेत्प्रियया प्रेरितोमुहुः ॥

रमयित्या ताः सर्वाः करीणी र्गजराडिव ॥ ५८

प्रिययाचतथा ताभिः क्रीडार्थंचसरोव्रजेत् ।

जलसेकैर्मिथस्तत्र क्रीडतः सगणौततः ॥ ५९

वासस्रक्चं नैर्दिव्यै र्भूषणैरपिं भूणितौ ।

तत्रैवसरसस्तीरे दिव्यरत्नमयेगृहे ॥ ६०

ोवफलमूलानि कल्पितानिमयामुने ।

हरिस्तु प्रथमं भुक्त्वाकांतया परिवेष्टितः ॥ ६१

द्वित्राभिः सेवितोगच्छेच्छय्यांपुष्प विनिर्मिताम् ।

तांबूलैर्व्यजनैस्तत्र पाद संवाहनादिभिः ॥ ६२

सेव्यमानोहसंस्ताभि र्मोदते प्रेयसींस्मरन् ।

राधि रोसुप्ते सगणा दितांतरा ॥ ६३

अपितत्रगत प्राणातदुच्छिष्टं भुनक्तिच ॥

किंचिदेवततो भुक्त्वा व्रजेच्छय्यानिकेतनम् ॥ ६४

दृष्टुंकांतमुखां भोजंचकोरीव निशाकरः ।

तांबूलचर्वितं तस्य तत्र स्याभिर्निवे तम् ॥ ६५

ता लान्यपिचाश्नातिविभजंती प्रियालिषु ।

कृष्णोपेता सां शुश्रूषुः स्वच्छंदंभाषितंमिथः ॥ ६६

प्राप्त निद्राइवा॰॰॰तिविदित॰ पिपटावृतः ।
ताश्चक्ष्वेलीक्षणं ॰त्वाकुतश्चिदनु मानतः ॥ ६७
विदश्यरसनांद्द्भिः पश्यंत्योऽन्योन्यमाननम् ।
विलीना॰वलज्जाब्धौ क्षणमूचुर्नकिंचन ॥ ६८
क्षणादेवततोवस्त्रंदूरी कृत्यतदंगतः ।
साधुनिद्रांगतोसीति हासयंत्योहसंतिच ॥ ६९
एवंतैर्विविधैर्हास्यै रंममाणोगणैःसह ।
अनुभूयक्षणं निद्रासुखंच मुनिसत्तम ॥ ७०
उपविश्यासने दिव्ये सगणो विस्तृतेमुदा ।
पणीकृत्यमिथोहार चुंबाश्लेषपरिच्छदान् ॥ ७१
अक्षैर्विक्रीडतःप्रेम्णानर्मालापपुरस्सरम् ।
पराजितोऽपिप्रियया जितोहामितिवैब्रुवन् ॥ ७२
हारादिग्रहणेतस्याः प्रवृत्तस्ताड्यतेतया ।
तयैवंताडितः कृष्णः करेणास्यसरोरुहे ॥ ७३
विषणमनसोभूत्वा गंतुंप्रकुरुतेमतिम् ।
जितोऽसिचेत्त्वयादे वीगृह्यतांयत्पणीकृतम् ॥ ७४
चुंबनादि मयादत्तामित्यु क्त्वासातथाचरेत् ।
कौटिल्यंतद्भ्रुवोर्द्रष्टुं श्रोतुंतद्भर्त्सनंवचः ॥ ७५
ततःसारी शुकानां च श्रुत्वा वागाहवंमिथः ॥

निर्गच्छत ततः स्थानाद्गंतुकामौगृहंप्राति ॥ ७६
कृष्णःकांतामनुज्ञाप्यगवामाभिमुखंव्रजत् ।
सातुस्वयं गृहंगच्छेत्सखो मंडल संयुता ॥ ७७

ઉપર દર્શાવેલા ઓગણીશમા શ્લોકથી ૭૭ મા વાકય સુધી શ્રીકૃષ્ણભગવાનની દૈનંદિન લીલા દર્શાવી છે ને અવિરત નિત્ય લિલા ૭૪ મા અધ્યાયમાં દર્શાવેલી છે, આ સ્થળમાં ઉપર દર્શાવેલાં વાકયોનો ભાષાનુવાદ અત્રે કરતા નથી કારણકે અતિ અશ્લિલ અને અમર્યાદિત શ્રૃંગારનું ભાષામાં સ્પુટીકરણ કરવું એ લોક જુગુપ્સીત છે એટલુંજ નહીં પણ તત્વ જીજ્ઞાસુઓને તે ઉપયોગી નથી ઉલટી મનોવૃત્તિને મદનરસ રંજીત કરી અધોગતીને પમાડનારા છે.

વાદી વૈષ્ણવો કહેશે કે તમો દૈત્યાવેશિ આસુરીજીવ હોવાથી તમારી ભગવતલિલામાં દ્વેષદ્દશ્ટિ થાય છે અમે તો દૈવિ જીવ છીએ અમારે તો એ ભગવતલિલા પરમ આનંદ પ્રદાયિ છે, એ લિલાપ્રાપ્તિ એજ અમારો પરમ પુરૂષાર્થ છે. એનો ઉત્તર એ છે કે તમોને એ પરસ્ત્રીઓ સાથેની મધુપાનાદિ સહિત જુગુપ્સીતલિલા રસાનુભવ સદાકાળ પ્રાપ્ત થાઓ એમ અમો ઇચ્છીશું. અમારે તો તે જોઈતી નથી. પણ ? આસુરી જીવો વ્યભિચાર સુખને સદા ચાહનાર કે તેને ધિક્કારનાર ? તેનું વિવેચન સાક્ષર વર્ગ કરશે.

રાસલિલામાં વ્યભિચારનો લેશમાત્ર પણ નથી એમ નિહારભાસ્કરમાં લખેલ છે તે તો મનોરથ સાધવા સારૂ પ્રજાને છેતરનારૂ છે તે દર્શાવવા પુરતું ઉપર લખેલાં કેટલાંક વાકયોનો ભાવાર્થ બતાવવો પડે છે તેમાં અમારો કાંઇ દોશ નથી. જુઠું સમજાવી પ્રજાને છેતરનારાનાં ચરિત્ર નિડરપણે ઉઘાડાં પાડી બતાવી આપવાં એ પ્રજાને અનિતીથી બચાવનાર હોવાથી ઉલટું પુણ્ય છે, કોઇ પણ રીતે દૂષણ કહેવાય નહીં તેમ અમર્યાદિત પણ

નથી એમ અમારી માન્યતા છે વ્યભિચાર તો પારકી સ્ત્રી પોતાના પતિ, સાસુ, સસરા વિગેરેને કપટથી જુઠાં બાનાં દેખાડી સમજાવી પટાવી એકાંત સ્થાનમાં જઇ પર પુરૂષ સાથે જાર કર્મ કરે તેનું નામ છે. એમાં કોઇનો વિવાદ હોઈ શકે નહીં.

ત્યારે હવે જુવો (ततः सखिजनैस्तस्याःश्वश्रूम् संप्रार्थ्यर्यत्नतः)

આ વાકયમાં રાધિકાજી સ્નાનાલંકાર કરી રહ્યા પછી યશોદાજીએ મોકલેલી સખી જનો શ્રીરાધકાજીની સાસુજીને વિનતી કરી રાંધવા માટે નંદરાયજીના ઘરમાં લાવે છે.

(श्वश्रानु मोदिता हृष्टा साऽपि नंदा लयं व्रजेत्)

સાસુજીની સંમત્તિ મળવાથી સંતુષ્ટ થઇ રાધિકાજી નંદરાયજીના ઘરમાં જઇ પાક કરે છે.

આ બન્ને વાકય રાધિકાજીની સાસુ હયાત હતાં એમ સ્પષ્ટ જણાવે છે ત્યારે શ્રીરાધિકાજી બીજાની પરણેલી હોવી જોઇએ તે વિના સાસુ હોઈ શકે નહીં જો કૃષ્ણભગવાન સાથે લગ્ન થયાં હોત તો યશોદાજી રાધિકાજીનાં સાસુ થાય પણ વસ્તુસ્થિતી ઉલટી છે કે યશોદાજી રાધિકાજીની સાસુ ને કેહેવડાવી પાક કરવા માટે રાધિકાજીને પોતાને ઘેર તેડાવે છે એ વાત ઉપર દર્શાવેલાં વાકયથી સિદ્ધ થાય છે.

ત્યાર પછી કૃષ્ણભગવાન્ ગાયો લઇ વનમાં ગયા (साऽपि कृष्णं वनंयांतम्) રાધિકાજી કૃષ્ણભગવાનને વનમાં જતા જોઇને (वंचयित्वागुरुन्याति) રાધિકાજી પણ પોતાના સાસુ સસરા વિગેરે ગુરૂ જનને સૂર્ય દેવતાની પુજા માટે પુષ્પ લાવવાં છે એવું બહાનું બતાવી વંચના કરી પોતાના પ્યારા શ્રીકૃષ્ણભગવાનના સંગની ઈચ્છાથી વનમાં જાય છે.

આ શું વ્યભિચાર નથી; જો વ્યભિચાર ન હોય તો આવી ખટપટનું કારણ અને પોતાના ગુરૂજનને ફુલ વિગેરેનું બહાનું શામાટે બતાવવું પડે એ વિચારણિય છે વળી વાદીઓ અજ્ઞજ-

નને ભૂલ ખવડાવવા માટે ગોપિકાઓ શ્રુતિ છે ગોપાલો રૂષિ મુનિઓ છે એમ સમજાવી ભોળવે છે અને શ્રુતિ રૂષિ મુનિઓને વગોવે છે કેમકે શ્રુતિ એટલે મંત્રાધિષ્ઠાત્રી દેવતા તે (અપ્રમાણુ ગોચર વાદિ ભેદ કલ્પીત બાલમૂર્ત્તિ ભગવદ્ વ્યક્તિ સાથે મદન-રસ પરવશ થઇને મધુપાનાદિ સહીત સંભોગવિલાસ કરે તો પછી ધર્મ કયાં રહેશે (धर्मो वेदाद्विनि र्बभौ) ધર્મ તો વેદથી પ્રાદુર્ભાવ થયા છે એટલે વેદનો આધારજ ધર્મની સ્થિતિ છે તે વેદ આ પ્રમાણે કરે તો ધર્મની વાતજ દુનિયામાં રહેશે નહીં.

રૂષિ મુનિઓ પ્રજનન ઇન્દ્રિય સંયોગજનિત, તુચ્છ, ક્ષણિક, પારતંત્ર્ય, સાધન સાધ્ય, શરીર આયાસ, ગ્લાનિ આદિ પરિણામ ફલવાળા સુખની ઇચ્છાથી પોતાના લાખો વર્ષના તપને અખંડ બ્રહ્મચર્યનો નાશ કરે તો તે રૂષિ મુનિ કહેવાયજ નહીં વાદિ ભેદની એ વાત ક્ષણ ભર ખરી માનીએ તો પણ તે ધર્મ કે સદાચર્ણ કહેવાય નહીં કેમકે મંત્ર દેવતા હોય કે ખુદ પરમેશ્વર પોતેજ હોય પણ અનીતિ કરે તો અવજ્ઞાને પાત્ર થાય છે.

धिक्कक् तवेदं हरेः शीलं परदाराभि गामिनः ॥
ज्ञातो सित्वं मयासम्यक् माया प्रत्यक्ष तापसः ॥ २८

उ. ख. અધ્યાય ૧૦૩ આ વાકયમાં જાલંધરની પત્નિ વૃંદા શ્રીવિષ્ણુ ભગવાનને પરદારા ગમન સ્વભાવ માટે ધિક્કાર આપે છે તો

(तरषांचका कथा)

હવે જુઓ—

(उपविष्या सनेदिव्ये मधुपानं प्रसुक्रतुः) ઈત્યાદિ.

દિવ્ય આસનમાં બિરાજીને શ્રીરાધિકાજીને કૃષ્ણભગવાન મધુપાન કરતા હવા ને મધુપાનના નિસાથી બેહાલ થઇ જવાથી એકબીજાના હાથ ઝાલી (कामबाण वशंगतौ કામ પરાધિન થઇ

જવાથી રમણ કરવાની ઇચ્છાથી વનના કુંજમાં પ્રવેશ કર્યો હવે કાંઇ બાકી રહી ગયું હોય તો કહો

(विद्वेष राग रहिता अनुतिष्ठंति यंमुने विद्धांस स्तं सदाचारं धर्म मूलं विदु र्बुधाः ॥)

દ્વેશ, રાગ, લોભ, મોહ, આદિથી રહીત ને ધર્મ બુદ્ધિથી જે મહાત્માઓ આચરણ કરે તેજ સદાચાર ધર્મનું મુળ કહેવાય

यान्यस्माकं सुचरितानी तानि त्वयोपासितव्यानि नो इतराणि

તૈતરીય શિક્ષા અધ્યાય

વેદાધ્યયન પુરૂ કરી સમાવર્તન કરી ઘેર જતાં શિષ્ય પ્રત્યે ગુરૂ કહે છે કે અમે જે સદાચરણ કર્યાં હોય તે પ્રમાણે તમારે વર્તવું ને અમોએ કાંઈ કામ ક્રોધાદિકને વશ થઇ કાંઈ અસદાચરણ કર્યું હોય તો તે તમારે ગ્રહણ કરવું નહીં એતો શ્રુતિ સ્મૃતિમાં પ્રમાણ છે પણ વાદી વૈષ્ણવોના પદ્મપુરાણમાં શું કહે છે તે જુઓ.

(**सख्योऽपिमधुमदोन्मत्ता निद्रियापीडितेक्षणाः**) સખીઓ જે ગોપીકાઓ જેને વાદી વૈષ્ણવો શ્રુતિ કહે છે તે પણ મધુપાનથી મસ્ત બની ગઇ એ કઈ શ્રુતિઓ ઔશનસ સ્મૃતિમાં કહેલા ભાગવત તંત્રાનુયાયિ વેદ શાખાની તો નહીં હોય; કેમકે અપૌરૂષેય પ્રસિદ્ધ વેદની શ્રુતિઓ એજ મધુપાન કરનાર ગોપિકાઓ છે એમ કહેવાયજ નહી એમ કહે તો જીભજ ચિરાઈ જાય (જુઓ શ્રુતિ શું કહે છે.

(नानृतं वदेत्---नसुरांपिबेत्---नकलंजंभक्षयेत् नपरस्त्रियंगच्छेत्--नस्त्रियंनिंक्ष्येत्--नपुष्पेणापी--ताडयेत्--नाहिंस्यात्सर्वा भूतान्यन्यत्र तीर्थेभ्यः)

આ પ્રમાણે હજારો માતા પિતાથી પણ અધિકતર વાત્સલ્યથી

ભગવતી શ્રુતિ જગતને ઉપદેશ આપે છે કે (અસત્ય બોલવું નહીં, સુરાપાન કરવું નહી, માંસ વિશેશ ખાવું નહીં, પરસ્ત્રી-ગમન કરવું નહીં, સ્ત્રીયોની નિન્દા કરવી નહીં, પુત્રવડે પણ સ્ત્રીઓને મારવી નહીં, તિર્થ થકી બીજા સ્થળમાં કોઇપણ પ્રાણીની હિંસા કરવી નહી આ શ્રુતિ માંહેલા સર્વ શબ્દ તૃણ, ગુલ્મ લતાદિક, છેદનનો પણ નિષેધ કરે છે આવી રીતે પ્રજા હિત ઉપદેશ કરનારી ભગવતિ શ્રુતિ પોતેજ મધુપાન કરીને પર-પુરૂષની સાથે ગમન કરે એ વાત અસંભવિતજ છે (વદતો વ્યાઘાત: આ સ્થળમાં વાદી વૈષ્ણવો તકરાર લાવશે કે પુરાણમાં ગોપિકાઓને શ્રુતિ કહેલી છે અને ગોપાળોને રૂષિમુનિ કહ્યા છે તેનું શું તેનો એ ઉત્તર છે કે તેતો—

(अपि वृंदावनरम्ये मृगालत्वं वरं मम नतुनि-र्विषयं मोक्षं कदाचिदपि गौतम)

રમણ કરવા લાયક વૃંદાવનમાં શીયાળ થાવું તે અમારે માટે હું શ્રેષ્ટ માનુંછું પણ વિષયભોગ જેમાં નથી. એવો મોક્ષ હું કદાપિ પણ શ્રેષ્ટ માનતો નથી. આવાં પુરાણ વાકયો છે તે વાકયને શાસ્ત્રકારો રાગી ગીત કહે છે એટલે વિષયાનુરાગીયોની ગાથાઓ છે એવો વેદ વિરૂદ્ધ પુરાણભાગ પ્રમાણ માનવામાં આવતો નથી એ વાત (अविरोधेत्व न पेक्षंस्यात्) ઇતિ એ વીરોધાદિકરણમાં પૂર્વ મીમાંસામાં સિદ્ધાંત કર્યો છે એટલું જ નહિ પણ—

(शमो दमस्तपरितितिक्षोऽपरति श्रधावित्तोभू-त्वाऽऽत्मन्यैवात्मानं पश्येत्)

ઈત્યાદિ શ્રુતિયો શમદમાદિક મોક્ષનું સાધન કહે છે મધ-પાન ને પરસ્ત્રી ગમન વિગેરે મોક્ષનું સાધન નથી. તેમ મોક્ષ પણ નથી એમ ઉપર નિષેધ–શ્રુતિયોમાં દર્શાવ્યું છે.

મધપાન ને પરસ્ત્રી ક્રીડાદિકને મોક્ષ (मद्यमांस चंदनपर-

तरुणिक्रिडाविलासानंदमयोमोक्षः) એ કૌલિક સિદ્ધાન્ત છે એટલે મદ્ય માંસ ભક્ષ કરી, સુગંધી દ્રવ્યનું ઉપલેપન કરી યુવાન પરસ્ત્રીઓ સાથે ક્રીડા વિલાસનો જે આનંદ એજ મોક્ષ છે.

આ પ્રકારના રાગી ગીતનો નિષેધ પણ પુરાણમાં જ છે. તે પદ્મપુરાણ ઉત્તરખંડ અધ્યાય ૧૨૮.

तावदेव नयभिर्विराजते तावदेव जनता भयं भजेत् ।
तावद्वदृढ चित्तताभृशं तावदेव गणना कुलस्य च ॥४९
तावदेव तपसः प्रल्भता तावदेव यमधारणं नृणां ।
यावदेव वनितेक्षणबाणै र्मोहयंत्युरुमदैर्न मानुषाः ॥५०
मोहयंतु मदयंतु रागीणं योषितः सुललितैर्मनोहरैः ।
मोहयंति मदयंतिमामिमां धर्मरक्षणपरं हि कैर्गुणैः ॥५१
मांस शुक्र मल मूत्र निर्मिते योषितांवपुषि नीर्घृणे शुचौ ।
कामिनश्चपरिकल्प्य चारुता मारमंतुसुविमोहचेतसः ॥५२
दारुणोहिपरिकीर्त्तितोऽगनासन्निर्धिविमलबुद्धिभिर्बुधैः ५३

મનુષ્યોમાં નીતિ બુધિ જગતનો ભય, દ્રઢ, ચીત્તતા, જાતિ, કુલ, તપનો ગર્વ, યમનિયમાદિ સાધનો એ બધાં ત્યાં સુધી રહે છે કે જ્યાંસુધી વનીતાઓ મદન વિકારના ભાવસહીત પોતાના કટાક્ષ બાણવડે કરીને પુરૂષોને મોહ પમાડતી નથી. ત્યાં સુધી; યુવાન સ્ત્રીઓ મનોહર એવા સ્ય હાસ્યવિલાસે કરીને રાગીયોને મોહ પમાડે ને મદોન્મત્ત બનાવે પણ ધર્મના રક્ષણમાં તત્પર એવા મને એ સ્રીયો કયા ગુણવડે મોહ પમાડી શકે અને કયા ગુણવડે મદોન્મત્ત બનાવી શકે અર્થાત્ મને એ સ્રીયો મોહ પમાડી શકશે નહી. તેનું કારણ બતાવે છે કે માંસ-શુક્ર મલ-

મૂત્રથી નીર્મીત અને અશુચી, નીર્દય, એવા સ્ત્રીયોના શરીરવિષે મૂઢ બુદ્ધિવાળા કામી પુરૂષો સુંદરતાની કલ્પના કરી ભલે રમણુ કરો પરંતુ અનેક જન્મકૃત પુણ્યપુંજ પરિપાકવડે નિર્મલ અંતઃકરણવાલા વિદ્વાનપુરૂષોએ સ્ત્રીયોની સન્નિધી મહા દુઃખરૂપ કહેલ છે માટે તેની સન્નિધીમાં રહેવું એ યોગ્ય નથી.

હવે ઉપર દર્શાવેલા મધુપાનની વાત એકલા પદ્મપુરાણુમાં છે એમ નથી. શ્રીમહાભારતમાં પણ એ વાત છે (उभौमध्वास-वक्षीबावुभौचंदन चर्चितौ ॥ एकशय्यास्थितौवीरौदृष्टौमे केशवार्जुनौ) ઉદ્યોગપર્વમાં ધૃતરાષ્ટ્રની પ્રત્યે સંજયનું આ વચન છે આ વાકયમાં પણ શ્રીકૃષ્ણભગવાને મધુપાન કર્યાની વાત છે અને વાદી વૈષ્ણવોના મત પ્રમાણે ભગવતપ્રસાદ અવશ્ય લેવો જોઇએ ને શુદ્રાદિકના હાથેથી પણ રાંધેલ અન્ન ભગવતપ્રસાદ હોય તો લેવામાં બાધ ગણાતો નથી. તેનું પ્રમાણ ડાકોરમાં અન્નકોટના ભાતનો ઢગલો ધારાળા કોળીઓ લુંટી લઇ જાય છે. ને તે કોળીયોના હાથનો પ્રસાદ બ્રાહ્મણો ને વણિકાદિ પણ લે છે તે જગજાહેર છે. તો ભગવતપ્રસાદ ગમે તે હોય તો પણ લેવો જોઇએ. ન લેવાય તો વાદી વૈષ્ણવના મત પ્રમાણે અવજ્ઞા થાય

આ સ્થલમાં મહાન પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે ઉપર દર્શીત વસ્તુનો ભગવતપ્રસાદ લેવાય કે નહી. ને બીજું વ્યભિચાર સંબંધથી જોડાએલી સ્ત્રી સ્વામીની કહી શકાય કે કેમ ? એ બન્ને પ્રશ્નનો ઉત્તર હકારમાં અગર નકારમાં આપો ઉભય થા. વાદી વૈષ્ણવના ગળામાં પાસો છે ત્યારે હવે કયા દેવના ભક્ત અસ્પૃશ્ય છે અને કયા દેવનો પ્રસાદ અભક્ષ એનો વિચાર ચતુર પુરૂષો સ્વતઃ કરશે.

આ સ્થલમાં બીજા પણ અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. પરંતુ પુષ્ટિમાર્ગિયોની પેઠે છેક નીચેના પગથીએ અમે ઉતરી જવા ઇચ્છતા નથી. છતાં ફરીને વળી કૃપાળે આવશે તો ન ઈલાજે લખાશે.

આ પ્રકરણમાં મુખ્ય બાબત જોવાની એ છે કેમધુમાધ્વીક પાનં યન્નામ્નામલયનિઝરઃ પાનપાત્રં "વર્ધિતપાત્રકમ્) " એ વાક્ય ગોલોકની ઉપર રહેલ વૃંદાવનમાં મધુપાનની સુચક છે અને ભુલોક વૃંદાવનમાં (મધુપાનં પ્રચક્રતુઃ) એ વાક્યથી પ્રત્યક્ષ મધુપાન દર્શાવ્યું છે ને વાદી વૈષ્ણવના માર્ગમાં મોટામાં મોટી સિદ્ધિ (કૃષ્ણાધરામૃતાસ્વાદ સિદ્ધિરત્ર ન સંશયઃ) અર્થાત્ રાસ મહોત્સવમાં કૃષ્ણભગવાનના અધરામૃતનું આસ્વાદન એજ સિધી છે, અને શ્રીકૃષ્ણભગવાનના ઓષ્ટ મદ્ય લેપવાળા છે એમ પદ્મ-પુરાણ કહે છે આવી રીતે વાદી વૈષ્ણવ માર્ગમાં પ્રામણ્ય સિદ્ધિની વિડંબના ભુમી થાય છે.

ઉપર ભાગવત શાખાની શ્રુતિ તો ન હોય ? એવો ઈસારો કર્યો છે તેમાં કોઇ શંકા કરે કે તે ભાગવતશાખા કઇ તે દર્શાવીએ છીએ.

ઔશનસંધર્મશાસ્ત્રં અધ્યાય. [૪]

शुद्रायां वैश्यतः श्चौर्यात् कटकार इतेरतः ।
वासिष्टशापात त्रेतायां केचित् पारशवा स्तथा ॥ ५५
वैखानसेन केचि केचिद् भागवतेन च ।
वेदशाखावलंबास्ते भविष्यंतिकलौयुगे ॥ ४६
कटकारस्ततः पश्चात् नारायणगणास्मृताः ।
शाखा वैखान सेनोक्ता तंत्रमार्गविधिक्रीयाः ॥ ४७
निषेकाद्या स्मशानांता क्रियापूजांगरचिकाः ।
पंचरात्रेणवा प्राप्तं प्रोक्तंधर्मं समाचरेत ॥ ४८

ઉપર દર્શાવેલ ઔશનસ સ્મૃતિવાકયોમાં શુદ્ર સ્રીમાં વૈશ્યોથી ગુપ્ત ઉત્પન્ન થએલ પ્રજા કટકાર એ નામની જાતી કહે-

વાય છે અને વસિષ્ટજીના શાપથી ત્રેતાયુગમાં પાર્શ્વ નામની જાતી થએલ છે તે કેટલાંએક વૈખાનસતંત્રોક્ત અને કેટલાક ભાગવતતંત્રોક્ત વેદ શાખાનું અવલંબન કરનાર કલીયુગમાં ઉત્પન્ન થશે. ત્યાર પછી ચટાઈ બનાવનારા કટકાર નારાયણગણ એ નામે ઓળખાવા લાગ્યા. તેમની વૈખાનસ કહેલી શાખા છે ને તેમને ગર્ભાધાનથી માંડી સ્મશાનપર્યંત ધર્મક્રિયા અને દેવ-પુજાના અંગભૂત ધર્મક્રીયા પંચરાત્રતંત્રમાં કહ્યા પ્રમાણે કરવી. આ પ્રમાણે ઉપર દર્શાવેલા વાકયોનો તાત્પર્યાર્થ છે.

હવે એ પંચરાત્રોક્ત વિધિ પ્રમાણે કરનારા અગર પંચ-રાત્રશાસ્ત્ર જાણનારાને (बृषश्रावक नि(र्गुंढा) निर्ग्रंथाः पंचरात्रविदो जनाः कापालीकाः पाशुपताः पाखंडाश्चैवतद्विधाः)

ઔશનસ સ્મૃતિ અધ્યાય ૪

આ વાકયથી પાખંડા એવું નામ આપ્યું છે અર્થાત્ કાપાલીક પાશુપત વિગેરે જેમ પાખંડીયો છે તેમ પંચરાત્ર-વેત્તા એ પણ પાખંડી છે એમ આ ઔશનસ ધર્મશાસ્ત્ર કહે છે (भगवच्छास्त्रमाम्नाय) આ નિબંધ વાકય માંહેલા ભગવતશાસ્ત્ર એ પંચરાત્ર છે એમ ટીકામાં લખે છે તેમજ શ્રીમાનદેવકી-નંદનજીના વૈષ્ણવ નિત્યકર્મના પુસ્તકમાં પણ પંચરાત્રનાં વાકય પ્રમાણમાં લીધાં છે એટલે આ શું ગોટાળો છે એની સમજ પડતી નથી ગમે તેમ હો હાલમાં કાંઇ કાગું અમને જણાય છે અસ્તુ.

આવો ગોટાળો જયારે છે ત્યારે આ માર્ગ આટલા દીવ-સથી કેમ ચાલે છે તેનો ઉત્તર એટલોજ છે કે (अज्ञानभूयिष्टं जगत्) આ જગતમાં મોટો ભાગ અજ્ઞાની છે એટલે (અંધ પંગુ ન્યાયથી) ચાલી શકે છે.

અંધપંગુ ન્યાય શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે પણ આ સ્થલમાં પ્રકૃત ઉપયોગી અર્થ અમારા મત પ્રમાણે કર્યો છે. એક અંધને બીજો લંગડો હતો તે બન્નેએ તીર્થયાત્રા જવાનો વિચાર કર્યો

આંધ દેખે નહી તેથી તે માર્ગે ચાલી શકે નહી. લંગડાને પગ નથી. ત્યારે શી રીતે તીર્થયાત્રા જાય. એવો વિચાર થતાં લંગડાએ સલાહ આપી કે હું તમારા (આંધળાના) ખંભાપર બેશી માર્ગ બતાવીશ તે પ્રમાણે તમો ચાલજો એમ સલાહ કરી લંગડો આંધળાના ખભાપર ચડી બેઠો ને પોતાના કામકાજના ઉપયોગી સ્થલે આંધળાને હાંકી જાય માર્ગમાં કોઇ ક્ષુદ્ર નદીયો આવે તો કહે કે આ જમનાંજી છે નાવ ને ભેટ મુકો ને શહેર વિગેરે આવે તો મથુરાં વૃંદાવન બતાવી ત્યાં ભેટ મુકાવે ને આંધળો તે પ્રમાણે કરે આ સ્થલમાં આંધળા એટલે શાસ્ત્ર સંસ્કાર રહિત પૂજ્યાપૂજ્ય કાર્યાકાર્ય વિવેક વિજ્ઞાન રહિત विद्याधरा मनुष्येषू वैश्याशुद्राः स्त्रियोन्त्यजा रजस्तमप्रकृतयः) એ ભાગવતોક્ત તમોગુણ પ્રધાન જીવાત્મા સમજવો પણ નેત્ર વીનાના છે તેમ સમજવું નહી. લંગડો એટલે શાસ્ત્રબલ તપોબલ ને સદ્વર્તન ઉપદેશ કુશલતાથી ધર્મપ્રચાર કરવામાં ને પોતાના પ્રતિસ્પર્ધી સામા ઉભા રહેવા. જેનામાં શક્તિ નથી એવા ધર્મગુરૂઓ સમજવા. એટલે વિવેકાંધઃ પ્રજા લંગડારૂપી પોતાના ધર્મગુરૂઓને ખભામાં લઇને ચાલે છે તે જેમ દોરાવે તેમ દોરાય છે. એટલે પંથ ચાલે એમાં કાંઈ નવાઇ નથી.

तदेवमुभयवादि संप्रतिपन्न प्रमाण वाक्यान्तर्गत पद रत्नै रुपक्रमपरामर्शोपसंहारादि तात्पर्यनिर्णायक लिंगसहकृतै रवि प्रतिपन्न स्वपदार्थ प्रद्योतकैःपद्मनाभ पद्मासन पाकशासन प्रभ्रतयः शैवदिक्षा बललब्ध विशेषविज्ञानाः भूति भूषित सर्वांगा रुद्राक्षमाला भरणा स्त्रिपुड्रांङ्कित गात्राः सदाशिव कैकर्यैक निबद्धादरा स्तदाज्ञा वशवर्त्तिन एव सन्तः सृष्ट्यादि कार्य करणे

समर्था बभूवु रित्ययमर्थः स्फुट मवगाहयन्त्य त्युच्चैरिति भोद्विजातयः यूयं महेश्वराराधन द्रोह वैश्वानर ज्वाला जटाल तांडवाडंबरा नंदितात्मनाम् दुरावेश दुर्दैव वशंगतानाम् माधुनिक दुर्मार्ग ग्रहावेश विभ्रंश चित्तानाम् शिवादि दूषण दूष्प्रलाप श्रवण जनिताम् महतीं हृदयव्यथां परित्यज्य तच्छ्रवण जनित दुरितापनुतयेऽऽधुनिक दुर्मार्गान् महेश्वरादिविद्वेष दूषताहृतो विहाय भोगीश भोगशयनादीन् परम माहेश्वरानन सुयन्तो यथाधिकारं वणाश्रमोचितधर्मानुष्ठान वर्त्मना सदाशिवाख्यं कल्पद्रुम मन वरत माभजतात्म हितायेति संप्रार्थये

एतेन (मुतलपिल्ले) इति द्राविड भाषा प्रसिद्ध जातीयकेनाऽऽरचित (निरुवामुल) संज्ञक द्राविड भाषाप्रबंध मूलकात्रैवर्णिक प्रचारितैकदोशि देवोपासनोपाधिक हरिद्रा सहभाविश्वेत मृतिका विरचित शूर्पाकारोर्ध्वपुंड्राद्युन्मान कृतलक्षण लक्षित एको मार्गः

अंजनेय देवोपाधिकाङ्गर सहकारि गोपीचंद रचितोर्ध्वपुंड्रादिरप्रामाण्य लक्षण लांदताल्वएरः ॥ कुंकुम गुलाला पलालितोर्ध्वपुंड्रभार्यादि समर्पण

रसावेशादैतृष्य मुद्राद्युपलक्षित स्त्वन्यः एवमन्येपीतरेतर प्रभिन्नाकार प्रकाराक्रान्त तिलक मुद्राद्युपादान जन्योपद्रव भुयिष्ठा अन्योन्य वैर वैश्वानर ज्वाला कराल दंष्ट्राप्रलम्भा राधारमण परिचर्योपाधिका राधैक देवतोपाधि प्रभृतयः वेदनिन्दका शिवरुद्राक्षादि विद्वेषिणो देवतान्तर दूषकाश्च प्रत्याख्यातावेदितव्याः ॥

येपुनराधुनिक मार्गवलंबन मकृत्वा विष्णोर्व्याप्तिकर्मणः इति नैरुक्तोक्तलक्षण लक्षितम् दिक्कालाद्यन वकारच्छिन्नं वेदैक वेद्यं वादिभेद परिकल्पितानन्तकराऽऽभिधानाद्य खिलोपाधि विनिर्मुक्तं भगवंतं श्रीविष्णुंवेदिकेनैव वर्त्मना जिर्व्यलीक मुपासन्ते वैष्णवोतमास्त्रैवर्णिकास्तेऽस्मदात्मीया एवेति विदांकुर्वन्तु विद्वांस इत्यलमतिविस्तरेण—

शिवेनवचसात्वागिरिशाच्छावदामसि यथानः सर्वमिज्जगदयक्ष्म सुमनाअसत्

આ રૂદ્રાધ્યાયના પ્રથમ અનુવાકના પાંચમા મંત્ર છે આ મંત્ર ગ્રંથ સમાપ્તિના મંગળાચરણના સ્થાનમાં લખેલો છે તેનો અર્થ આ પ્રકારે છે.

(હે ગિરિશ ! ગિરાં વેદાત્મનામ્ પ્રણુવાત્મનામ્ વા ઈશ્વરઃ ગિરિશઃ (પૃષોદરાદિ)છે માટે ઈકાર હ્રસ્વ છે) તેના હે ગિરિશ તમારો ગુણ સંકિર્ત્તનરૂપ અથવા પરમ કલ્યાણરૂપ અથવા તમને

પ્રસન્ન કરનાર સ્તુતિરૂપ એવી વાણીએ કરીને સમગ્ર ઐશ્વર્ય ગુણ-યુક્ત એવા તમને અભિમુખ કરવા માટે સ્તુતિ કરીએ છીએ અભિમુખ કરવાનું શું કારણ ત્યાં કહે છે કે જે પ્રકારે અમારા સમસ્ત મનુષ્ય પશુઆદિ જંગમ અને વૃક્ષ લતાદિ સ્થાવર જગત જેમ રોગરહિત અને હૃષ્ટપુષ્ટ થાય તેમ કરો—

इति ग्रन्थश्चाय मासेतोराहिमाद्रेशचप्राची प्रतिची महार्णवाभ्याम् सनातन वैदिकधर्म संगुप्तये भुयाद् इतिशम् सदाशिवायास्तु सदाशिवोनः स्वस्तिप्रजाभ्यः स्वस्तिराजभ्यः स्वस्तिपशुभ्य

इति श्री शिवभक्तिकल्पलतायाम् स्वामि स्वामिनि स्वरुप निरुपण नाम नवमं प्रकरणम् ॥

समाप्ताश्चायं ग्रन्थः ॥

सदाशिवायाऽस्तु सदाशिवोनः

श्रीमंच्छकरभगवत्पूज्यपादाचार्याणामवतार शकाब्दा ॥ २३८४ ॥

॥ इति शिवम् ॥

